વિષયાનુક્રમ

વિષય		પૃષ્ઠ
૧	મંગલાચરણ	૧
૨	સંશય : બ્રહ્મ સગુણ છે કે નિર્ગુણ ?	૩
૩	પૂર્વપક્ષ : બ્રહ્મ નિર્વિશેષ જ છે	૮
૪	સિદ્ધાંત : બ્રહ્મ સગુણ અને નિર્ગુણ પણ છે	૧૩
૫	અધ્યારોપાપવાદ (નિરાસ)	૨૧
૬	પૂર્વપક્ષ : જીવની અવિદ્યાને લીધે જગતની પ્રતીતિ થાય છે	૨૫
૭	પ્રતિબિંબવાદ અને એનું ખંડન	૨૭
૮	માયિક સિદ્ધાંત પ્રમાણે વિહિત કર્મમાં પ્રવૃત્તિ થાય નહિ	૩૧
૯	પ્રતિબિંબવાદના બીજા દોષ	૩૪
૧૦	આભાસવાદ અને એનું ખંડન	૩૭
૧૧	આવિર્ભાવ–તિરોભાવ સંબંધથી નૈયાયિકોનો પૂર્વપક્ષ	૪૩
૧૨	સિદ્ધાંત : આવિર્ભાવ અને તિરોભાવની સિદ્ધિ	૪૯
૧૩	આશ્રમવાસિક પર્વની કથાથી સમર્થન	૬૨
૧૪	પ્રપંચ–નામપ્રપંચ પણ નિત્ય છે	૭૨
૧૫	જગત બ્રહ્મે રચેલું સત્ય છે	૭૪
૧૬	પૂર્વપક્ષ : વિભુ જીવ બ્રહ્મથી અભિન્ન હોવાથી સોપાધિક બ્રહ્મ જ જગત્કર્તૃ છે	૭૭
૧૭	સિદ્ધાંત : જીવ અણુ અને બ્રહ્મનો અંશ છે	૮૧
૧૮	જીવ બ્રહ્મને તાદાત્મ્ય–સંબંધ	૮૬
૧૯	પ્રાપ્ત થયેલની હાનિ અને ન કરેલાંની પ્રાપ્તિ કરાવવારૂપ દોષ ભગવાનમાં નથી	૯૨
૨૦	જીવની પ્રવૃત્તિ નિવૃત્તિ પણ અદૃષ્ટને અધીન નહિ, પણ ભગવાનની ઇચ્છાને અધીન છે	૯૫
૨૧	જીવનું બ્રહ્મમાંથી વ્યુચ્ચરણ ઉત્પત્તિ નથી	૧૦૩
૨૨	બ્રહ્મ અપરિચ્છિન્ન હોવા છતાં એમાં જીવનો પ્રવેશ અને એમાંથી નિર્ગમન થાય છે	૧૦૮
૨૩	પૂર્વપક્ષ : જીવ વ્યાપક છે	૧૧૧
૨૪	સિદ્ધાંત : જીવ અણુ છે	૧૧૪
૨૫	જીવ માત્ર ચૈતન્ય ન હોવાથી વ્યાપક નથી, અણુ જ છે	૧૧૮
૨૬	બ્રહ્મમાં વિરુદ્ધ ધર્મો રહેલા છે	૧૨૩
૨૭	પૂર્વપક્ષ : બ્રહ્મ નિર્ગુણ જ છે	૧૨૫
૨૮	સિદ્ધાંત : બ્રહ્મ નિર્ગુણ અને સગુણ સર્વ વિરુદ્ધ ધર્મોનો આશ્રય છે	૧૩૧
૨૯	બ્રહ્મ સગુણ હોવાનું અવિદ્યાથી કલ્પેલું નથી	૧૩૮
૩૦	સવિશેષ શ્રુતિઓ ઉપાસના થઈ શકે તે માટે જ બ્રહ્મ સગુણ હોવાનું કહેતી નથી	૧૪૧
૩૧	બ્રહ્મ વિરુદ્ધ સર્વ ધર્મોવાળું હોવા છતાં એકરસ છે	૧૪૩

૩૨ બ્રહ્મનું જ્ઞાન થઈ શકે તે માટે ગુણો કહેલા નથી, પરંતુ એ ગુણો અપ્રાકૃત છે ૧૫૧

૩૩ બ્રહ્મ પ્રપંચના ગુણરહિત સહજ અનંત અપ્રાકૃત ગુણોવાળું છે ૧૫૭

૩૪ સગુણ અને નિર્ગુણ જણાવનારી શ્રુતિઓ એમ જણાવે છે કે ભગવાનની ઇચ્છાથી જ એમનાં દર્શન વગેરે વ્યવહાર થાય છે ૧૫૯

૩૫ બ્રહ્મમાં વિરુદ્ધ ધર્મો હોવાનું વેદમાં જણાવેલ હોવાથી એમાં લોક પ્રમાણે દોષ ન જોવાય ૧૬૪

૩૬ કામલીલા વગેરે લીલાઓ લોકનું અનુકરણ નથી ૧૬૮

૩૭ ઈશ્વરને સ્વાભાવિક શરીર નથી એવા ન્યાયમતનું ખંડન ૧૭૨

૩૮ બ્રહ્મના ધર્મો બ્રહ્મરૂપ અને બ્રહ્મથી ભિન્ન પણ છે ૧૮૦

૩૯ લીલાવાળું ભગવાનનું સ્વરૂપ નિત્ય છે ૧૮૪

૪૦ ભગવાનનાં નામ કર્મ અને સ્વરૂપ નિત્ય છે. નામ ઔપચારિક નથી, પણ સાર્થક છે ૧૮૭

૪૧ લીલાના નિત્યપણા સંબંધી પ્રમાણો ૧૯૨

૪૨ ભગવાનનાં કર્મો વગેરેનાં દર્શનનાં સાધન ૧૯૯

૪૩ લીલાનાં સ્થાન અને પદાર્થોનું નિત્યત્વ ૨૦૨

૪૪ આધુનિક ભક્તોનો લીલામાં સમાવેશ સંભવે છે ૨૧૩

૪૫ તર્કથી પણ લીલાનિત્યત્વની સિદ્ધિ ૨૧૮

૪૬ સામાન્ય લોકોને અનુભવ થાય છે તે પદાર્થોથી લીલાના પદાર્થો જુદા જ છે ૨૨૦

૪૭ ભગવાને પ્રભાસમાં કરેલી લીલા માયિક છે ૨૨૨

૪૮ સંહાર કરેલું યાદવકુલ માયિક અને નિત્યલીલાના કુલથી જુદું હતું ૨૨૬

૪૯ પ્રપંચ પણ સર્ગાદિ લીલા હોવાથી નિત્ય જ છે ૨૨૯

૫૦ ગ્રંથસમાપ્તિના શ્લોકો ૨૩૧

॥ श्रीकृष्णो विजयते ॥

વિદ્વન્મણ્ડન

निजमुरलिकानादाह्वानागतव्रजसुन्दरी-
निरुपमनवस्नेहाऽम्भोधेर्विचित्रतरोर्मिभिः ।
किमपि परितश्चाद्रार्द्रोऽस्तु प्रभुः प्रकटीभवन्
प्रतियुवतिसंभेदेनास्मद्दृशां विषयः सदा ॥ १ ॥

પોતાના મુરલિકાના નાદથી બોલાવવાથી આવેલી વ્રજસુંદરીઓના નિરુપમ નવીન સ્નેહરૂપી સમુદ્રના અતિવિચિત્ર (મનોરથરૂપી) તરંગોથી વર્ણન ન થઈ

પ્રારંભમાં શ્રીમત્પ્રભુચરણ મંગલાચરણ કરે છે. ગ્રંથ રચતાં કદાપિ વિઘ્ન આવે અને ગ્રંથ અપૂર્ણ રહે એવું ન થાય એ હેતુથી મંગલાચરણ પ્રારંભમાં કરવાનો આચાર છે. પૂર્વના દૂરિતથી વિઘ્ન ઉત્પન્ન થયેલાં હોય તો એનો નાશ કરવા માટે અથવા ભવિષ્યમાં વિઘ્ન ઉત્પન્ન થાય એવો સંશય રહેવાથી મંગલાચરણ ગ્રંથના પ્રારંભમાં કરવાનો આચાર છે. અત્ર એવું કોઈ પણ કારણ નથી. 'હે ભારત, જ્યારે જ્યારે ધર્મની ગ્લાનિ થાય છે અને અધર્મ પ્રસરે છે ત્યારે ત્યારે હું અવતાર લઉં છું' (ભ. ગી. ૪. ૭.) એ શ્રીમદ્ભગવદ્ગીતાવાક્ય પ્રમાણે શ્રીમદ્વિઠ્ઠલપ્રભુચરણ ભગવાનનો અવતાર છે. પ્રભુચરણ ભગવાનનો અવતાર હોવાથી એમને પૂર્વનાં દૂરિત નથી, અને સર્વજ્ઞ હોવાથી એમને સંશય નથી, તેથી જે પ્રયોજનથી મંગલાચરણ કરવાનો આચાર છે તે પ્રયોજન અહીં નથી, તથાપિ 'આ ગ્રંથનું અધ્યયન સંપૂર્ણ થાઓ' એમ અધ્યયન કરવા ઇચ્છનાર શિષ્યોની મંગળસિદ્ધિ માટે પ્રસંગ હોવાથી ગ્રંથારંભમાં પ્રભુચરણ મંગલાચરણ કરે છે:

પ્રભુ અમારાં ચક્ષુઓનો સદા વિષય હો.

કેવા પ્રકારના પ્રભુ ચક્ષુનો વિષય હો એનું પ્રથમ ત્રણ પાદમાં વર્ણન કરેલું છે. 'પોતાના મુરલિકાનાદથી બોલાવવાથી આવેલી વ્રજસુંદરીઓના નિરુપમ નવીન સ્નેહરૂપી સમુદ્રના અતિ

વિદ્વન્મંડન શ્રીમદ્વિઠ્ઠલેશ્વરપ્રભુચરણ–વિરચિત ગ્રંથ છે.

શકે એમ સર્વતઃ આર્દ્ર આર્દ્ર થઈ રહેલા, દરેક યુવતિ સાથે સંગમ માટે પ્રકટ થતા પ્રભુ અમારાં ચક્ષુઓનો સદા વિષય હો.

વિચિત્ર તરંગોથી વર્ણન ન થઈ શકે એમ સર્વતઃ આર્દ્ર આર્દ્ર થઈ રહેલા ' પ્રભુ અમારાં ચક્ષુઓનો વિષય હો. પ્રભુએ પોતાના મુરલિકાનાદથી ગોપિકાઓને બોલાવી છે. ' પોતાની મુરલિકાના નાદથી ' નહિ, પરન્તુ ' પોતાના મુરલિકાના નાદથી ' વ્રજસુંદરીને બોલાવેલી છે. ' નિજ ' નો અન્વય 'નાદ' સાથે છે, ' મુરલિકા ' સાથે નથી. ' નિજ ' નો મુરલિકા સાથે અન્વય કરીએ તો પ્રભુની મુરલિકા લઈ અન્ય ગોપ નાદ કરે તોપણ વ્રજસુંદરીને બોલાવેલી ગણાય, પરન્તુ એમ નથી. સાક્ષાત્ પ્રભુએ કરેલો નાદ જ ગોપિકાઓના આહ્વાનનો જનક છે, અન્ય ગોપે કરેલો નાદ નહિ, એવો ભાવાર્થ છે. પ્રભુએ કરેલા મુરલિકાનાદથી વ્રજ-સુંદરીઓને આહ્વાન થયું. નાદ ગાનરૂપી હોવાથી નાદ વડે આહ્વાન સુલભ જ છે. આહ્વાન થવાથી વ્રજસુંદરીઓ આવી. આ સુંદરીઓનો ઉપમા ન આપી શકાય તેવો નવીન સ્નેહ છે. ' નવીન ' અર્થાત્ આધુનિક અથવા ઉત્પન્ન થયેલો નહિ, પરન્તુ ' અતિવિલક્ષણ '. ' નવીન ' એટલે જન્ય નહિ, પરન્તુ ઇતર કોઈ સ્થલે પ્રકટ નહિ થયેલો એવો. આ સુંદરી-ઓનો પ્રેમ જન્ય નથી, પરન્તુ પ્રભુ પ્રતિ જેવો પ્રેમ પ્રકટ થાય છે તેવો ઇતર કોઇ સ્થલે પ્રકટ થતો નથી. આ પ્રેમ અથવા સ્નેહ એ જ ભક્તિ. શ્રીમદાચાર્યચરણ પણ તત્ત્વદીપ-નિબંધમાં ' સ્નેહને ભક્તિ એમ કહે છે ' એમ કહે છે. આ સ્નેહ નિરુપમ છે, કારણ કે મોક્ષ-સુખથી પણ અધિક છે. આ સ્નેહ અથવા ભક્તિ એ જ સમુદ્ર, અર્થાત્ આ સ્નેહ અતિશય અગાધ છે. એ સમુદ્રના અતિવિચિત્ર તરંગો થાય છે સમુદ્રમાં જેમ તરંગ થાય છે તેમ વ્રજસુંદરીઓને સ્નેહને લીધે અતિ વિચિત્ર મનોરથ ઉત્પન્ન થાય છે. આ અતિવિચિત્ર મનો-રથરૂપી તરંગોથી વર્ણન ન થઈ શકે એમ પ્રભુ સર્વતઃ આર્દ્ર આર્દ્ર થઈ રહે છે. આ અતિવિચિત્ર તરંગોથી (વ્રજસુંદરીઓની સંખ્યા ઘણી મોટી હોવાથી) પ્રભુ સર્વતઃ આર્દ્ર થાય છે. પ્રભુ આર્દ્ર આર્દ્ર અથવા અતિશય આર્દ્ર થાય છે. આ સ્થિતિ બહુ કાલ સુધી રહેવાથી પ્રભુ અતિશય આર્દ્ર થાય છે. આ સ્થિતિ બહુ કાલ સુધી રહે છે તેથી પ્રભુની વ્રજસુંદરીઓ પર અતિશય કૃપા છે એમ સૂચવાય છે.

વળી પ્રભુ દરેક યુવતિ સાથે સંગમ માટે પ્રકટ થાય છે, અર્થાત્ જેટલી ગોપયુવતિ છે તેટલાં પોતાનાં રૂપ ધારણ કરે છે. અને આ પ્રમાણે દરેક યુવતિ સાથે સંગમ માટે યુવતિની સંખ્યા જેટલાં રૂપ પ્રકટ થાય છે.

વ્રજસુંદરીના સ્નેહરૂપી સમુદ્રના તરંગોથી આર્દ્ર આર્દ્ર થઈ રહેલા અને દરેક યુવતિ સાથે સંગમ માટે પ્રકટ થતા પ્રભુ અમારાં ચક્ષુઓનો સદા વિષય હો. આ આશીર્વાદરૂપી મંગલાચરણ છે, કારણ કે ' પ્રભુ અમારાં ચક્ષુઓનો વિષય હો ' એ આશિષ છે. વળી આ મંગલાચરણમાં વસ્તુનિર્દેશ અર્થાત્ ગ્રંથમાં જે વિષય આવવાનો હોય તેનું નિરૂપણ પણ છે. ભગવાનની નિત્યલીલા ગ્રંથમાં સિદ્ધ કરવાની છે તેનું અહીં વર્ણન કરેલું છે. મંગલાચરણ ત્રણ પ્રકારનાં છે : (૧) આશીર્વાદરૂપ, (૨) નમનરૂપ, (૩) વસ્તુનિર્દેશરૂપ. આ ત્રણમાંથી પ્રથમ શ્લોકમાં આશીર્વાદરૂપ અને વસ્તુનિર્દેશરૂપ મંગલાચરણ થયાં.

पितृचरणान्नत्वाहं हरिरतिमार्गाम्बुजातमार्तण्डान् ।
तदनुग्रहतः किञ्चिल्लिखामि यत्नाद्यथाबुद्धि ॥ २ ॥

હરિરતિમાર્ગરૂપી કમલના સૂર્યરૂપી પિતૃચરણને નમન કરી, એમના અનુગ્રહથી યત્ન કરી યથાબુદ્ધિ કાંઈક લખું છું.

श्रुतिसूत्रादिमणिभिर्जटितं युक्तिमौक्तिकैः ।
ग्रथितं कुरुते विद्वन्मण्डनं विट्ठलः सुधीः ॥ ३ ॥

શ્રુતિ સૂત્ર વગેરે–રૂપી મણિઓથી જડેલું યુક્તિરૂપી મોતીઓથી ગ્રથેલું વિદ્વન્મણ્ડન સદ્બુદ્ધિવાળા શ્રીવિઠ્ઠલ કરે છે.

સંશય : બ્રહ્મ સગુણ છે કે નિર્ગુણ ?

આ જગતમાં વિવિધ દુઃખના તાપથી તપતા સર્વે જનના મોક્ષ માટે શ્રુતિ-પુરાણોમાં શ્રવણ વગેરેનું પ્રતિપાદન કરેલું છે; અને એઓનો (શ્રવણ વગેરેનો) વિષય બ્રહ્મ જ કહેલો છે. એ (બ્રહ્મ) નિર્ધર્મક કે સધર્મક એવી જિજ્ઞાસુની શંકા થાય છે, કારણ કે એનું ઉભયરૂપથી વર્ણન કરેલું છે.

હવે દ્વિતીય શ્લોકમાં પ્રભુચરણ નમનરૂપ મંગલાચરણ કરે છે.

હરિરતિમાર્ગ અર્થાત્ હરિમાં રતિ અથવા પ્રેમ જે માર્ગમાં છે તે માર્ગ, અથવા હરિની રતિ અથવા પ્રેમ જેમાં છે તે માર્ગ, તેથી હરિરતિમાર્ગનો અર્થ ‘પુષ્ટિમાર્ગ’ થાય છે. આ પુષ્ટિમાર્ગરૂપ કમલ છે, તેના સૂર્યરૂપ પિતૃચરણ શ્રીમદાચાર્યચરણ છે. કમલ સૂર્યથી ખીલે છે. કમલને સૂર્ય ખિલાવે છે તેમજ પુષ્ટિમાર્ગને શ્રીમદાચાર્યચરણે પ્રકટ કર્યો છે, તેથી શ્રીમદાચાર્યચરણ આ પુષ્ટિમાર્ગરૂપી કમલને ખિલાવનાર સૂર્ય છે. સૂર્યને માટે મૂલ શ્લોકમાં ‘માર્તણ્ડ’ શબ્દ છે. ‘અંડ’ એટલે ‘બ્રહ્માંડ’ મૃત થયું અથવા નાશ પામ્યું ત્યારે એમાં સૂર્ય થયો, તેથી એ ‘માર્તણ્ડ’ કહેવાય છે, એવી આ શબ્દની શ્રીભાગવતના પંચમ સ્કંધમાં વ્યુત્પત્તિ છે, તેથી શ્રીમદાચાર્યચરણે ભક્તિમાર્ગનો પ્રકાશ કર્યો તે પહેલાં આ જગત મૃત જેવું જ હતું, એવો આ ‘માર્તણ્ડ’ શબ્દનો ભાવાર્થ છે. શ્રીવલ્લભાષ્ટકમાં પણ ‘ આપ જો આવિર્ભાવ પામ્યા ન હોત’ શ્લોકમાં આ જ આશય છે. પુષ્ટિમાર્ગરૂપી કમલના સૂર્યરૂપ પિતાને (શ્રીમદાચાર્ય-ચરણને) નમન કરી એમની જ કૃપાથી બુદ્ધિ પ્રમાણે યત્નથી કાંઈ લખું છું. આ પ્રમાણે શ્રીમદ્વિઠ્ઠલેશ્વર પ્રભુચરણ પિતૃચરણને નમન કરી ગ્રંથ રચવાની પ્રતિજ્ઞા કરે છે.

શ્રુતિ સૂત્ર વગેરેરૂપી મણિઓથી જડેલું ‘ વિદ્વન્મણ્ડન ’ શ્રીમત્પ્રભુચરણ રચે છે. ‘ વગેરે ’ શબ્દથી શ્રીમદ્ભગવદ્ગીતા તથા ભાગવતનો સમાવેશ થાય છે, તેથી આ ‘ વિદ્વન્મણ્ડન ’ શ્રુતિ અથવા વેદ, વ્યાસસૂત્ર, વ્યાસજીની સમાધિભાષા શ્રીમદ્ભાગવત અને શ્રીકૃષ્ણવાક્ય શ્રીમદ્ભગવદ્ગીતા એ પ્રમાણચતુષ્ટયવાકયરૂપ મણિઓથી જડેલું છે. આભૂષણ મણિઓથી જડેલું હોય તોપણ મુક્તાફલથી અતિશય શોભે છે, તેથી મણિજડિત ‘ વિદ્વન્મણ્ડન ’માં પણ યુક્તિરૂપી મોતી ગ્રથેલાં છે. વળી આ ‘ વિદ્વન્મણ્ડન ’ રચનાર પણ ‘ શ્રીવિઠ્ઠલ ’ છે. ‘ **विदा** ’ એટલે જ્ઞાનથી, ‘ ठः ’ એટલે શૂન્ય, અને ‘ **लाति** ’ એટલે નાશ કરે છે અથવા દૂર કરે છે. જ્ઞાનથી શૂન્ય અર્થાત્ મૂર્ખને દૂર કરનાર એટલે એમને જ્ઞાન આપી એમની મૂર્ખાઇનો નાશ કરનાર,

કારણ કે, (૧) 'હવે અહીંથી નેતિ નેતિ એવો આદેશ છે' (બૃહદારણ્યક. ૨–૩–૬), (૨) 'હાથ પગ રહિત દોડનાર અને ગ્રહણ કરનાર ચક્ષુ વિના જુએ છે અને કર્ણ વિના સાંભળે છે' (શ્વે. ૩–૧૯), (૩) 'એણે કહ્યું: ગાર્ગિ, આ તે અક્ષર છે જેને બ્રાહ્મણો અસ્થૂલ, અનણુ, અહ્રસ્વ, અદીર્ઘ, અલોહિત, અસ્નેહ, અચ્છાય, અતમઃ, અવાયુ, અનાકાશ, અસંગસ્પર્શ, અગન્ધ, અરસ, અચક્ષુષ્ક, અશ્રોત્ર, અવાક્, અમનઃ, અતેજસ્ક, અપ્રાણ, અમુખ, અનામ, અગોત્ર, અજર, અમર, અભય, અમૃત, અરજઃ, અશબ્દ, અવિવૃત, અસંવૃત, અપૂર્વ, અનપર, અનન્તર, અબાહ્ય કહે છે. કોઈ એનો ભોગ

એવી 'વિઠ્ઠલ'પદની વ્યુત્પત્તિ છે. શ્રીવિઠ્ઠલ જ્ઞાનનું દાન કરી અજ્ઞાન દૂર કરે છે. જ્ઞાનનું દાન કરનાર શ્રીવિઠ્ઠલ આ 'વિદ્વન્મણ્ડન' ગ્રંથ રચે છે. આ વિદ્વન્મણ્ડન ગ્રંથના અધ્યયનરૂપ ધારણથી સભામાં વિજય થશે, તેથી આભૂષણ ધારણ કરવાથી વિજયરૂપી શોભા પ્રાપ્ત થશે, એવો ભાવાર્થ છે.

કોઈપણ વિષયમાં સંશય હોય તેનું નિવારણ કરવા ગ્રંથ રચાય તો યોગ્ય કહેવાય. કોઈ સ્થળે સંશય ન હોય તો ગ્રંથ રચવાનું કાંઈ પણ પ્રયોજન રહે નહિ. આ ગ્રંથ પણ કોઈ સંશય દૂર કરવા રચેલો હોવો જોઈએ, નહિ તો ગ્રંથ રચવામાં કાંઈ પ્રયોજન ન હોવાથી એ નિરર્થક થઈ જાય, તેથી પ્રથમ સંશય દર્શાવે છે.

આ જગતમાં વિવિધ દુઃખના તાપથી લોકો તપે છે, અનેક જન્મો સુધી દુઃસહ દુઃખથી લોકો પીડાય છે. એઓના મોક્ષ માટે શ્રુતિમાં અને પુરાણોમાં શ્રવણ મનન અને નિદિધ્યાસનનું પ્રતિપાદન કરવામાં આવેલું છે. આ લોકો શ્રવણ ઇત્યાદિ કરે તો એમને મોક્ષ પ્રાપ્ત થાય અને દુઃખ નાશ પામે, એવો વેદ અને પુરાણ ઉપદેશ કરે છે. આ શ્રવણ વગેરે બ્રહ્મનાં જ કરવાનાં કહેલાં છે. બ્રહ્મ અથવા ભગવાનનું શ્રવણ મનન અને નિદિધ્યાસન કરે, તો દુઃખથી પીડાતા લોકો દુઃખથી મુક્ત થઈ મોક્ષ પ્રાપ્ત કરે. 'આત્માનું (પરમાત્માનું) દર્શન કરવું, શ્રવણ કરવું, મનન કરવું, અને નિદિધ્યાસન કરવું' એ શ્રુતિ, અને 'વિષ્ણુનું શ્રવણ, કીર્તન, સ્મરણ, પાદસેવન, અર્ચન, વંદન, દાસ્ય, સખ્ય, અને આત્મનિવેદન' એ પુરાણવાક્ય એ જ ઉપદેશ કરે છે. બ્રહ્મનાં શ્રવણ ઇત્યાદિ કરવ નાં છે. બ્રહ્મ ધર્મવાળું છે કે ધર્મરહિત છે, બ્રહ્મને ગુણ છે કે નથી, એ સંશય થાય છે. આ સંશય દૂર કરવો એ આ ગ્રંથ રચવાનું એક પ્રયોજન છે. આ સંશય ઉત્પન્ન થવાનું કારણ એ છે કે બ્રહ્મને કેટલાંક વેદવાક્યમાં નિર્ધર્મક અથવા ધર્મરહિત કહેલું છે, અને કેટલાંકમાં સધર્મક કહેલું છે; એ જ પ્રમાણે કેટલાંક પુરાણવાક્યમાં સધર્મક અને કેટલાંકમાં નિર્ધર્મક કહેલું છે.

કઈ શ્રુતિ અને કયાં પુરાણવાક્યમાં બ્રહ્મ નિર્ધર્મક કહેલું છે, અને કયાં કયાં એને સધર્મક કહેલું છે, એ જણાવે છે. પ્રથમ નિર્ધર્મક વાક્યો જણાવે છે: (૧) 'હવે અહીંથી નેતિ નેતિ એવો આદેશ છે.' આ વાક્ય બૃહદારણ્યક ઉપનિષદમાં 'મૂર્તામૂર્ત બ્રાહ્મણ'માં છે. આ વાક્ય પ્રપંચમાં મૂર્ત અને અમૂર્ત એવાં જે બે રૂપ છે તેનો બ્રહ્મમાં નિષેધ કરે છે. મૂર્ત અર્થાત્ અમુક પરિમાણવાળું, અમુક કદવાળું અથવા ક્રિયાવાળું. મૂર્ત નહિ તે અમૂર્ત. પ્રપંચમાં મૂર્ત અને અમૂર્ત એવાં બે રૂપ છે. અમુક પદાર્થ જેવા કે વૃક્ષ પશુ મનુષ્ય વગેરે મૂર્ત છે અને અમુક પદાર્થો જેવા કે આકાશ દિશા વગેરે અમૂર્ત છે. બ્રહ્મમાં મૂર્ત અથવા અમૂર્ત રૂપ નથી એમ આ વાક્ય કહે છે. (૨) 'હાથ પગ રહિત દોડનાર અને ગ્રહણ કરનાર ચક્ષુ વિના

કરતું નથી, એ કોઈનો ભોગ કરતું નથી.' (બૃ. ૩-૮-૮), (૪) 'દિવ્ય અમૂર્ત પુરુષ સબાહ્યાભ્યન્તર અજ છે' (મુ. ૨-૨), (૫) "શરીરોમાં અશરીર, અનવસ્થમાં અવસ્થિત, મહાન વિભુ આત્માનું મનન કરી, ધીર શોક કરતો નથી." (ક. ૧-૨-૨૧), (૬) 'પ્રાણરહિત મનરહિત શુભ્ર' (મુ. ૨-૧-૨), (૭) 'આ પુરુષ અસંગ છે' (વૃ. જ્યો.) ઇત્યાદિ શ્રુતિઓ, અને (૧) 'આ અવ્યક્ત અચિન્ત્ય,' (ભ. ગી. ૨-૨૫), (૨) 'એ સત્ કે અસત્ કહેવાતું

જુએ છે અને કર્ણ વિના સાંભળે છે,' (શ્વેતાશ્વેતર ઉપનિષદ, અધ્યાય ૩). આની પછી 'એ જાણવાનું જાણે છે, એને જાણનાર કોઈ નથી, એને અગ્ર મહાન પુરુષ કહે છે' એ વાક્ય છે. અજ્ઞાનના સાક્ષી તરીકે જતો હોય એમ ભાસે છે તેથી દોડનાર છે. અજ્ઞાનના સાક્ષી તરીકે ગ્રહણ કરતો હોય એમ જણાય છે તેથી ગ્રહણ કરનાર. એ જ પ્રમાણે અજ્ઞાનના સાક્ષી તરીકે જોતો હોય અને સાંભળતો હોય એમ ભાસે છે તેથી એ 'જુએ છે' અને 'સાંભળે છે' એવો ઉપદેશ છે. વસ્તુત; એને પગ, હાથ, ચક્ષુ અથવા કર્ણ નથી તેથી એ દોડી, ગ્રહણ કરી, જોઈ અથવા સાંભળી શકે નહિ, પરંતુ અજ્ઞાનના સાક્ષી તરીકે આ કાર્ય કરતો હોય એમ ભાસે છે તેથી એ કાર્ય કરે છે એમ લખ્યું છે. (૩) 'એણે કહ્યું : ગાર્ગિ, આ તે અક્ષર છે જેને બ્રાહ્મણો...એ કોઈનો ભોગ કરતું નથી.' (બૃહદારણ્યકોપનિષદ, અધ્યાય ૨ 'ગાર્ગીબ્રાહ્મણ'). 'અસ્થૂલ' અર્થાત્ સ્થૂલથી ભિન્ન. એ સ્થૂલથી ભિન્ન છે, સ્થૂલ નથી. 'અનણુ' અણુથી ભિન્ન. 'અહ્રસ્વ' હ્રસ્વથી ભિન્ન. 'અદીર્ઘ' દીર્ઘથી ભિન્ન. આ ચાર વિશેષણ પરિમાણ અથવા કદનો નિષેધ કરે છે. એને પરિમાણ નથી. 'અલોહિત' રાતું નહિ તે. અલોહિત હોવાથી એ અગ્નિથી ભિન્ન છે અથવા અગ્નિ નથી. 'અસ્નેહ' સ્નેહરહિત. સ્નેહ જલનો ગુણ છે. લોટ અથવા બીજા કોઈ પ્રકારના ભૂકામાં જલ નાખીએ તો એના અણુઓ એકત્ર થઇ જાય છે, એનો પિણ્ડ બનાવાય છે. જલના જે ગુણને લીધે આ પ્રમાણે અણુઓ એકત્ર થાય છે તેને સ્નેહ કહે છે. એ સ્નેહ હિત હોવાથી જલ નથી. 'અચ્છાય' છાયા અથવા દીપ્તિથી ભિન્ન. 'અતમઃ' અંધકારથી ભિન્ન. 'અવાયુ' વાયુથી ભિન્ન. 'અનાકાશ' આકાશથી ભિન્ન. પ્રથમ ચાર વિશેષણથી પરિમાણનો નિષેધ કર્યો, તેથી એ મૂર્ત નથી એમ સિદ્ધ થયું. વાયુ અને આકાશથી ભિન્ન હોવાથી એ અમૂર્ત દ્રવ્ય પણ નથી. 'અસંગ' સંગથી ભિ ન. એને વાસના પણ નથી. 'અસ્પર્શ' સ્પર્શથી ભિન્ન. 'અગંધ' ગંધથી ભિન્ન. 'અરસ' રસથી ભિન્ન. આ વિશેષણો રૂપ રસ ગન્ધ વગેરે ગુણનો નિષેધ કરે છે. 'અચક્ષુષ્ક' ચક્ષુથી ભિન્ન. 'અશ્રોત્ર' કર્ણથી ભિન્ન. 'અવાક્' વાણીથી ભિન્ન. 'અમનઃ' મનથી ભિન્ન. આ વિશેષણો એ ચક્ષુ વગેરે ઇન્દ્રિય નથી એમ કહે છે. 'અતેજસ્ક' તેજ અથવા વૃત્તિરૂપ જ્ઞાનથી ભિન્ન. 'અપ્રાણ' પ્રાણથી ભિન્ન. 'અમુખ' મુખથી ભિન્ન. 'અનામ' નામ અર્થાત્ નામથી ઉપલક્ષિત શરીરથી ભિન્ન વગેરે. 'અવિવૃત' ખુલ્લું નહિ તે. 'અનન્તર' અચ્છિદ્ર. 'અસંવૃત' ઢાંકેલું નહિ તે. પ્રત્યેકનો નિષેધ કરવો અશક્ય હોવાથી, ભોક્તા અથવા ભોગ્ય તરીકે સર્વને ગણી એઓનો નિષેધ કરે છે. કોઈ એનો ભોગ કરતું નથી, એ કોઈનો ભોગ કરતું નથી, અર્થાત્ એ ભોગ્ય નથી અને ભોક્તા પણ નથી. (૪) 'એ દિવ્ય અમૂર્ત પુરુષ સબાહ્યાભ્યન્તર અજ છે' (મુંડકોપનિષદ). દિવ્ય અર્થાત્ દ્યોતનવાળો અથવા 'દિવિ' એટલે પોતામાં જ 'ભવઃ' એટલે ઉત્પન્ન થયેલો, અર્થાત્ અલૌકિક. 'અમૂર્ત' અર્થાત્ પ્રથમ મૂર્તિથી રહિત. 'પુરુષ' અર્થાત્ પૂર્ણ સબાહ્યાભ્યન્તર, અર્થાત્ બહારના અને અંદરના સાથે રહે છે તે.

નથી’ (ભ ગી. ૧૩-૧૨), (૩) ‘એ દેવ અસુર મર્ત્ય કે તિર્યક્ નથી, સ્ત્રી ષણ્ઢ પુમાન્ કે જન્તુ નથી, ગુણ કે કર્મ નથી, સત્ કે અસત્ નથી. નિષેધ-શેષ અશેષ જય પામો’ (ભા. ૮-૩-૨૪) ઇત્યાદિ પુરાણવાકયો નિર્વિશેષ બ્રહ્મનું પ્રતિપાદન કરે છે. (૧) ‘જેમાંથી આ ભૂતો ઉત્પન્ન થાય છે, જેનાથી ઉત્પન્ન થયેલાં જીવે છે, જેમાં લય પામી તન્મય થાય છે’ (તૈ. ૩-૧), ‘ખરે, આનન્દમાંથી જ આ સર્વ ભૂતો ઉત્પન્ન થાય છે’ (તૈ. ૩-૬), (૨) ‘એણે

‘અજ’ પોતાથી અન્ય કોઈ પણ નિમિત્ત નહિ હોવાથી કોઈ પણ પદાર્થમાંથી ઉત્પન્ન થતો નથી તેથી અજ. આ પદથી સર્વ ભાવવિકારનો નિષેધ થાય છે, કારણ કે સર્વ ભાવવિકાર જન્ય છે અથવા ઉત્પન્ન થાય છે, અને આ અજ અથવા અજન્ય છે. ‘અજ’ પદથી જ જરા મરણ ભય ક્ષય વગેરેનો નિરાસ થાય છે. આ પ્રમાણે આ શ્રુતિનો અર્થ માયાવાદી કરે છે. સિદ્ધાન્ત પ્રમાણે અર્થ ભિન્ન છે. ‘દિવ્ય’ અર્થાત્ અલૌકિક, ‘અમૂર્ત’—‘આટલું’ એમ પરિમાણ અથવા કદ રહિત. ‘સબાહ્યાભ્યન્તર’માંથી ‘સઃ’ પદ છૂટું છે. ‘સઃ’ તે લોક અને વેદમાં પ્રસિદ્ધ. ‘બાહ્યાભ્યન્તર’—બહાર અને અંદર રહે છે તે. (૫) ‘શરીરોમાં અશરીર, અનવસ્થમાં અવસ્થિત મહાન વિભુ આત્માનું મનન કરી ધીર શોક કરતો નથી.’ શંકરાચાર્યના મત પ્રમાણે આનો અર્થ નીચે પ્રમાણે છે: અશરીર—સ્વરૂપથી આકાશ જેવું. શરીરોમાં—દેવ, નાનાં પ્રાણી વગેરે રૂપોમાં અનવસ્થ—અવસ્થા રહિત, અથવા નશ્વર પદાર્થમાં અવસ્થિત રહેલું તેથી નિત્ય અને વિકારરહિત, એવો અર્થ થાય છે. ‘મહાન’ અને ‘વિભુ’. ‘મહત્’ (મોટું) શબ્દ લઘુની અપેક્ષા રાખનાર હોવાથી ‘વિભુ’ અર્થાત્ વ્યાપક પણ કહ્યું. પોતાનાથી ભિન્ન નથી, પોતાથી અનન્ય છે, એવું દર્શાવવા ‘આત્મા’ શબ્દનો પ્રયોગ કર્યો છે. એવા આત્માનું મનન કરીને, ‘આ હું છું’ એમ જાણીને, ધીર અર્થાત્ બુદ્ધિમાન પુરુષ શોક કરતો નથી, અર્થાત્ શોકથી મુક્ત થાય છે. સિદ્ધાન્તમાં આ જીવપ્રકરણ નથી, પરંતુ બ્રહ્મપ્રકરણ છે, કારણ કે પહેલાં ૧-૨-૧૫માં ‘સર્વ વેદો જેના પદનું ધ્યાન કરે છે’ ઇત્યાદિ કહેલું છે. અર્થ નીચે પ્રમાણે થાય છે. ‘અશરીર’—શરીર અથવા વિશરણ, એટલે નાશ પામવાનો સ્વભાવ જેમાં નથી તે, અર્થાત્ જેના ધર્મ નિત્ય છે અથવા લૌકિક શરીર જેને નથી તે. ‘મહાન’-સર્વ પ્રકારે મોટું, ‘એની સમાન કોઈ નથી’ ઇત્યાદિ શ્રુતિમાં કહ્યા પ્રમાણે સર્વપ્રકારે મોટું. ‘વિભુ’—વ્યાપક. ‘અનવસ્થ’—અવસ્થારહિત, અર્થાત્ જેનો તિરોભાવ થાય છે તેવા પદાર્થોમાં અવસ્થિત રહેલું. શંકરાચાર્યના અર્થ પ્રમાણે ‘અશરીર’ ‘મહાન’ અને ‘વિભુ’ એ ત્રણે પદ એક જ અર્થનો બોધ કરનાર હોવાથી બે પદ વ્યર્થ થાય છે. (૬) ‘પ્રાણરહિત મનરહિત શુભ્ર’ (મુંડક ઉપનિષદ). ‘શુભ્ર’-શુદ્ધ, ‘પ્રાણરહિત’ આદિ પદ કરણનો નિષેધ કરે છે. (૭) ‘આ પુરુષ અસંગ છે.’ (બૃહદારણ્યક ઉપનિષદ, જ્યોતિર્બ્રાહ્મણ). આ જીવપ્રકરણ છે. સ્વપ્નમાં સ્ત્રીનો સંગ સ્મરણ ઇત્યાદિ થાય તેના પાપથી જીવ લેપાતો નથી, એવો અર્થ છે. આ અર્થ માયાવાદમાં અને સિદ્ધાન્તમાં તુલ્ય જ છે. આ શ્રુતિઓ બ્રહ્મ નિર્ધર્મક છે એવું પ્રતિપાદન કરે છે. બ્રહ્મને નિર્ધર્મક વર્ણવનારી સ્મૃતિઓ હવે કહે છે: (૧) ‘આ અવ્યક્ત અચિંત્ય’ (ભગવદ્ગીતા). જીવપ્રકરણમાં આ વાકય છે. ‘અવ્યક્ત’—અદૃશ્ય અથવા અસ્પષ્ટ. ‘અચિંત્ય’—વિચારી ન શકાય તેવો. (૨) ‘એ સત્ કે અસત્ કહેવાતું નથી.’ (ભગવદ્ગીતા). જ્ઞેય (બ્રહ્મ) વિશે આ વાકય કહેલું છે. ‘સત્’—નામ અને રૂપથી સ્પષ્ટ થયેલું, ‘અસત્’—નામ અને રૂપથી સ્પષ્ટ

વિચાર્યું" (પ્ર. ૬-૩), 'એણે 'હું બ્રહ્મ છું' એમ આત્માને જ જોયું' (બૃ. ૧-૪-૧૦), (૩) 'સર્વને વશ રાખનાર, સર્વનો ઈશાન' (બૃ.) 'જે સર્વજ્ઞ સર્વશક્તિ' (મુ. ૧-૯), (૪) 'વિશ્વતઃ ચક્ષુવાળા, વિશ્વતઃ મુખવાળા, વિશ્વતઃ બાહુવાળા, વિશ્વતઃ પાદવાળા એક (જ) દેવ દ્યાવાપૃથિવીને ઉત્પન્ન કરતા બાહુ વડે પતત્ર વડે સંયોગ કરે છે.' (તૈ., શ્વે.), (૫) 'સર્વકામ, સર્વગન્ધ, સર્વરસ' (છાં.) ઇત્યાદિ શ્રુતિઓ અને (૧) 'સર્વત્ર પાણિ અને પાદના અન્તવાળું, સર્વત્ર અક્ષિ શિરઃ અને મુખવાળું, સર્વત્ર કર્ણવાળું, લોકમાં સર્વ ઢાંકીને રહે છે' (ભ. ગી. ૧૩-૧૩), (૨) 'નિર્દોષ અને પૂર્ણગુણવિગ્રહવાળા, આત્મતંત્ર, નિશ્ચેતન શરીરના ગુણ વિનાના, કેવલ આનંદના જ કર પાદ મુખ ઉદર વગેરે-વાળા અને સર્વત્ર સ્વગતભેદરહિત' (ના. પં.) ઇત્યાદિ સ્મૃતિઓ સવિશેષ બ્રહ્મનું પ્રતિપાદન કરે છે. આ એમાંથી યોગ્ય શું છે?

નહિ થયેલું, (૩) 'એ દેવ અસુર............નિષેધશેષ અશેષ જય પામો,' શ્રીમદ્ભાગવતમાં આઠમા સ્કંધમાં આ ગજેંદ્રનું વાક્ય છે. અહીં દેવ વગેરેના નિષેધથી એઓના રૂપનો નિષેધ કરેલો છે. અર્થાત્ એ દેવરૂપ, અસુરરૂપ વગેરે નથી. 'જન્તુ નથી' શબ્દોથી ત્રણે જાતિથી શૂન્ય સર્વ પ્રાણીઓનો નિષેધ કરેલો છે. સર્વનો નિષેધ કર્યા પછી બાકી જે રહે તે નિષેધશેષ. વળી માયાથી સર્વરૂપ પણ એ જ છે, તેથી 'નિષેધશેષ અશેષ' કહેલું છે. એવો શંકરાચાર્ય પ્રમાણે અર્થ થાય છે. સિદ્ધાન્તમાં વિરુદ્ધસર્વધર્મનો આધાર હોવાથી સર્વાત્મક છે, તેથી 'અશેષ' કહેલું છે.

એ પ્રમાણે નિર્વિશેષ બ્રહ્મનું પ્રતિપાદન કરનાર શ્રુતિ અને સ્મૃતિઓ કહી, હવે સવિશેષ બ્રહ્મનું પ્રતિપાદન કરનાર શ્રુતિ અને સ્મૃતિઓ કહે છે: (૧) 'જેમાંથી આ ભૂતો...... ઉત્પન્ન થાય છે' (તૈત્તિરીય ઉપનિષદ, ભૃગુપ્રપાઠક). આ બ્રહ્મનું લક્ષણ છે. 'આ ભૂતો' અર્થાત્ બ્રહ્માથી આરંભી તરખલાં સુધીનાં સર્વ પ્રાણીઓ, જીવે છે-પ્રાણ ધારણ કરે છે. ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય-કાલમાં પણ પ્રાણીઓ બ્રહ્માત્મતાનો ત્યાગ કરતાં નથી. શંકરાચાર્યના મતમાં ઉપહિત અર્થાત્ માયાની ઉપાધિવાળું બ્રહ્મ જ જગતનું ઉપાદાન કારણ હોવાથી આ પરબ્રહ્મનું વાસ્તવિક લક્ષણ નથી, પરંતુ તટસ્થ લક્ષણ છે. સિદ્ધાન્તમાં પરબ્રહ્મ જ જગતનું ઉપાદાન કારણ છે. જે પદાર્થની અમુક વસ્તુ બને છે તે વસ્તુનું તે પદાર્થ ઉપાદાન કારણ કહેવાય છે; જેમકે માટીનો ઘડો બને છે એમાં માટી ઘડાનું ઉપાદાન કારણ છે. (૨) 'એણે વિચાર્યું......જોયું.' (પ્રશ્નોપનિષદ). શંકરાચાર્યના મતમાં આ વિચારનાર 'એ' સંસારી છે. સિદ્ધાન્તમાં એ બ્રહ્મ જ છે. (૩) 'સર્વને વશ રાખનાર, સર્વનો ઈશાન' (બૃહદારણ્યક ઉપનિષદ, શારીરબ્રાહ્મણ). 'ઈશાન' રાજ્ય કરનાર. (૪) 'વિશ્વતઃ ચક્ષુવાળા... સંયોગ કરે છે.' (તૈત્તિરીય અને શ્વેતાશ્વતર ઉપનિષદ). બ્રહ્માથી આરંભી તરખલાં સુધીના સર્વનાં ચક્ષુ જેનાં છે તે વિશ્વતઃ ચક્ષુવાળા. આગળ પણ એ જ પ્રમાણે અર્થ કરવો. 'ચક્ષુ' વગેરે પદ સર્વ ઇંદ્રિયોનાં ઉપલક્ષક છે. સર્વ ઇંદ્રિયો માટે આ પદો યોજેલાં છે. 'પતત્ર' પતનનાં સાધન, (અ) પગો અને (આ) પાંખો. (૫) 'સર્વકામ સર્વગંધ સર્વરસ' (છાંદોગ્ય ઉપનિષદ, શાંડિલ્યવિદ્યા). આ શ્રુતિઓ બ્રહ્મને સવિશેષ કહે છે. વળી સવિશેષ બ્રહ્મનું

પૂર્વપક્ષઃ– (બ્રહ્મ) નિર્વિશેષ જ (છે) (એ યોગ્ય છે).

—કેમ ?—उपजीव्यत्वतः श्रौतवाक्यैश्चान्यपरत्वतः ।
अन्तरङ्गत्वतश्चापि निर्विशेषं निरूप्यते ॥

પ્રતિપાદન કરનારી સ્મૃતિઓ પણ છે: (૧) 'સર્વત્ર પાણિ અને પાદના અંતવાળું......સર્વ ઢાંકીને રહે છે.' (ભગવદ્ગીતા અધ્યાય ૧૩,૧૩.), 'નિર્દોષ અને પૂર્ણ ગુણ વિગ્રહવાળા... સ્વગતભેદ રહિત' (નારદપંચરાત્ર.)

આ ગ્રંથના પ્રારંભમાં બ્રહ્મસ્વરૂપનો વિચાર આરંભ્યો છે. વિચાર કરવામાં ચાર વસ્તુની અપેક્ષા છે: ૧. 'વિષય' અથવા જે વાતનો વિચાર કરવાનો હોય તે. અહીં વિષય બ્રહ્મ અર્થાત્ બ્રહ્મસ્વરૂપ છે એમ પ્રથમ કહેલું છે. ૨. 'વિશય અથવા 'સંશય.' અહીં બ્રહ્મ નિર્વિશેષ છે કે સવિશેષ છે એ સંશય છે એમ પણ કહેલું છે. આ સંશયનું મૂલ ઉભય પ્રકારની શ્રુતિ અને સ્મૃતિ છે એમ કહી, ઉભય પ્રકારની શ્રુતિ અને સ્મૃતિ કહી. હવે આ એમાંથી યોગ્ય શું છે એમ પ્રશ્ન કરી, ઉત્તરમાં પ્રથમ પૂર્વપક્ષ કરે છે: ૩. 'પૂર્વપક્ષ.' અહીં બ્રહ્મને નિર્વિશેષ માનનાર શંકરાચાર્ય પૂર્વપક્ષી છે. ૪. 'સિદ્ધાન્ત.' પૂર્વપક્ષ પૂરો થયા પછી, પૂર્વપક્ષના ખંડનપૂર્વક સિદ્ધાન્ત અથવા સ્વમતનું સ્થાપન કરવામાં આવશે.

પૂર્વપક્ષ: બ્રહ્મ નિર્ગુણ છે

(અહીં શંકરાચાર્ય પૂર્વપક્ષ કરે છે. શંકરાચાર્યનો મત કેવલાદ્વૈત કહેવાય છે. આ મતમાં માત્ર બ્રહ્મ જ સત્ય છે, અને સર્વ મિથ્યા છે. સર્પમાં જેમ રજ્જુની ભ્રાંતિ થાય છે તેમ બ્રહ્મમાં જગતની ભ્રાંતિ થાય છે. આ મતમાં આભાસવાદ, અવચ્છેદવાદ, પ્રતિબિંબવાદ વગેરે જુદા જુદા વાદ માનવામાં આવે છે, તે સર્વનો આ ગ્રંથમાં આગળ નિરાસ કરવામાં આવશે. સર્વ વાદમાં બ્રહ્મ નિર્ગુણ જ માનવામાં આવ્યું છે.)

શંકરાચાર્યના મતમાં આ પ્રમાણે બ્રહ્મ ગુણરહિત અથવા નિર્વિશેષ હોવાથી, બ્રહ્મ નિર્વિશેષ જ છે એમ પૂર્વપક્ષ કરે છે. બ્રહ્મને નિર્વિશેષ કેમ કહેવું એ હેતુ કારિકામાં આપ્યો છે: ૧. નિર્વિશેષ બ્રહ્મ સવિશેષ બ્રહ્મનું ઉપજીવ્ય છે તેથી નિર્વિશેષ કહીએ છીએ. ઉપજીવ્ય અર્થાત્ નિર્વાહ. સવિશેષ બ્રહ્મનો નિર્વાહ નિર્વિશેષ બ્રહ્મ છે. નિર્વિશેષ બ્રહ્મથી સવિશેષ બ્રહ્મનો નિર્વાહ થાય છે. નિર્વાહક અથવા નિર્વાહ કરનાર પ્રથમ હોવું જોઈએ. નિર્વાહક ન હોય તો જેનો એનાથી નિર્વાહ થતો હોય તે ક્યાંથી જ હોય? નિર્વાહક મુખ્ય હોવાથી બ્રહ્મને નિર્વિશેષ કહેવું એ જ યોગ્ય છે. ૨. શ્રૌત વાક્ય અર્થાત્ શ્રુતિનાં વાક્યો. ઉપાસનાનો બોધ કરનાર શ્રુતિનાં વાક્યો હોવાથી, ધર્મનું નિરૂપણ કરનારી શ્રુતિઓ અન્યપરક છે. ઉપાસનાનો બોધ કરનારી શ્રુતિઓ ઉપાસના માટે છે. નિર્વિશેષની ઉપાસના થઈ શકે નહિ, તેથી ઉપાસના માટે સવિશેષ બ્રહ્મ છે. અને સવિશેષ શ્રુતિઓ એનું વર્ણન કરે છે. ઉપાસના માટે સવિશેષ બ્રહ્મ છે, તેથી સવિશેષ શ્રુતિઓનું ઉપાસનામાં તાત્પર્ય હોવાથી એ વસ્તુતઃ બ્રહ્મનું નિરૂપણ કરતી નથી, તેથી બ્રહ્મ નિર્વિશેષ જ છે. ૩. નિર્વિશેષ બ્રહ્મ સવિશેષ બ્રહ્મનું અંતરંગ છે. આધાર આધેય અર્થાત્ જેનો એ આધાર હોય તેનો અંતરંગ છે. આધેયના નિરૂપણ કરતાં આધારનું નિરૂપણ વધારે મુખ્ય છે. નિર્વિશેષ બ્રહ્મ સવિશેષ બ્રહ્મનું અંતરંગ હોવાથી મુખ્ય પ્રાથમિક છે; તેથી પણ બ્રહ્મ નિર્વિશેષ જ છે.

(સવિશેષના) ઉપજીવ્યત્વને લીધે, અને શ્રૌત વાક્યો અન્યપરક છે તેથી અને (નિર્વિશેષ સવિશેષનું) અન્તરંગ છે તેથી (બ્રહ્મને) નિર્વિશેષ કહીએ છીએ, કારણ કે સવિશેષવાદીને પણ વિશેષના આધાર તરીકે બ્રહ્મસ્વરૂપનો અવશ્ય અંગીકાર કરવો પડશે; નહિ તો વિશેષ કોના વર્ણવેલા કહેવાય ? તેથી આધારનું નિરૂપણ કરનારી શ્રુતિ નિર્વાહક હોવાથી આધેય નિરૂપણ કરનારી શ્રુતિથી અન્યથા કરી શકાય નહિ. 'ધર્મી સ્વરૂપનું નિરૂપણ કરી, ધર્મનું નિરૂપણ કરવાથી ઉભય શ્રુતિ સાર્થક થશે' એમ પણ કહી શકાય નહિ, કારણ કે 'अस्थूलं' વગેરે શ્રૌતવાક્ય ધર્મનો નિષેધ કરે છે.

પૂર્વપક્ષી આ પ્રમાણે બ્રહ્મને નિર્વિશેષ કહેવાનાં કારણો ટૂંકમાં કારિકામાં વર્ણવી એનું વિસ્તારથી વિવેચન કરે છે.

૧. ઉપજીવ્યત્વને લીધે એ પ્રથમ હેતુનું વિસ્તારપૂર્વક વિવેચન કરે છે. બ્રહ્મને સવિશેષ માને તેણે બ્રહ્મના વિશેષ ક્યાં રહે છે એ અવશ્ય કહેવું જોઇએ; વિશેષનો આધાર કયો છે અથવા વિશેષ ક્યાં રહે છે એ અવશ્ય કહેવું જોઈએ. વિશેષનો આધાર બ્રહ્મના સ્વરૂપને જ કહેવું પડે. વિશેષ અર્થાત્ ગુણ દ્રવ્યમાં જ રહે. સવિશેષ બ્રહ્મના વિશેષોનો આધાર બ્રહ્મસ્વરૂપ અર્થાત્ વિશેષરહિત બ્રહ્મ જ છે એમ અવશ્ય સ્વીકારવું પડશે. જો આ પ્રમાણે બ્રહ્મસ્વરૂપ અર્થાત્ વિશેષરહિત બ્રહ્મને સવિશેષ બ્રહ્મના વિશેષનો આધાર સ્વીકારીએ નહિ, તો અન્ય કોઇ એનો આધાર હોઈ શકે એમ નથી, તેથી વિશેષ અર્થાત્ ગુણનો આધાર અમુક દ્રવ્ય હોવું જ જોઈએ એ નિયમનો બાધ થાય; તેથી વિશેષના આધાર અને તેથી જ સવિશેષ બ્રહ્મના આધાર તરીકે વિશેષરહિત અર્થાત્ નિર્વિશેષ બ્રહ્મનો સ્વીકાર કરવો જ પડશે. આધાર મુખ્ય છે. આધાર વિના આધેય (જેનો એ આધાર હોય તે) સંભવે જ નહિ. નિર્વિશેષ બ્રહ્મ સવિશેષ બ્રહ્મનો આધાર હોવાથી, નિર્વિશેષ બ્રહ્મ વિના સવિશેષ બ્રહ્મ સંભવતું જ નથી. શ્રુતિ ઉભય પ્રકારના બ્રહ્મનું નિરૂપણ કરે છે, પરંતુ ઉભય પરસ્પર અત્યંત વિરુદ્ધ હોવાથી ઉભય સંભવે નહિ. એમાંથી એક જ, બ્રહ્મનું સત્ય સ્વરૂપ હોવું જોઈએ. એમાંથી કયા બ્રહ્મને મુખ્ય માનવું અથવા એમાંથી બ્રહ્મનું કયું સ્વરૂપ સત્ય માનવું એનો નિર્ણય કરવા આપણે આધાર કયું બ્રહ્મ છે એ તપાસ્યું. આધાર નિર્વિશેષ બ્રહ્મ વિના આધેય સવિશેષ બ્રહ્મ સંભવતું જ નથી, તેથી આધાર નિર્વિશેષ બ્રહ્મને જ બ્રહ્મનું સત્ય સ્વરૂપ માનવું જોઈએ. નિર્વિશેષ બ્રહ્મ સવિશેષ બ્રહ્મનો આધાર હોવાથી, નિર્વિશેષ બ્રહ્મનું નિરૂપણ કરનારી શ્રુતિઓ મુખ્ય છે અને સવિશેષ બ્રહ્મનું નિરૂપણ કરનારી શ્રુતિઓ એને અન્યથા કરી શકે નહિ, તેથી નિર્વિશેષ બ્રહ્મ જ મુખ્ય છે અને બ્રહ્મ વસ્તુતઃ નિર્વિશેષ જ છે.

અહીં સિદ્ધાન્તી શંકા કરે છે: એ પ્રમાણે શ્રુતિઓનો અર્થ કરીએ તો સવિશેષ બ્રહ્મનું નિરૂપણ કરનારી શ્રુતિઓ નિરર્થક થઈ જાય, તેથી એ પ્રમાણે અર્થ કરવો યોગ્ય નથી, તેથી ઉભય પ્રકારની શ્રુતિ સાર્થક થાય એ માટે નિર્વિશેષ શ્રુતિઓ ધર્મીના સ્વરૂપનું નિરૂપણ કરે છે અને સવિશેષ શ્રુતિઓ ધર્મનું નિરૂપણ કરે છે એમ માનવું જોઈએ. ધર્મીનું સ્વરૂપ નિર્વિશેષ છે, બ્રહ્મ નિર્ગુણ છે, તોપણ એને વિશેષ અર્થાત્ ધર્મ અથવા ગુણ છે એમ સિદ્ધ થાય છે. ઉભય પ્રકારની શ્રુતિ સાર્થક થાય છે અને બ્રહ્મ પણ વિરુદ્ધ ધર્મનો

"પણ નિર્વિશેષ બ્રહ્મનું નિરૂપણ કરનાર શ્રુતિ ધર્મ વિના એનું નિરૂપણ કરી શકે નહિ, કારણ કે નિરૂપણ લક્ષણથી થાય, અને લક્ષણ અસાધારણ ધર્મરૂપ છે. અહીં (નિર્વિશેષ બ્રહ્મમાં) ધર્મ ન હોવાથી પ્રથમ ધર્મનું નિરૂપણ કરી, અસ્થૂલાદિ વાક્યથી (ધર્મના) અભાવથી નિરૂપણ કરનારી શ્રુતિની ધર્મનિરૂપણ કરનારી શ્રુતિ નિર્વાહક છે, કારણ કે અભાવનું નિરૂપણ પ્રતિયોગીના નિરૂપણને અધીન છે, તેથી શ્રૌતત્વ અને નિર્વાહકત્વ સમાન હોવાથી, એક પણ શ્રુતિનો બાધ યોગ્ય નથી. વિરોધથી બાધ ગણીએ, તો વર્ણવેલી યુક્તિથી ઉભયનો બાધ યોગ્ય છે; એમ કરવાથી શૂન્યવાદ થાય, એમ

આશ્રય થાય છે. નિર્ગુણ હોવા છતાં બ્રહ્મને ગુણ છે તેથી વિરુદ્ધધર્માશ્રય થાય છે, તેથી આ પ્રમાણે અર્થ કરી ઉભય પ્રકારની શ્રુતિને સાર્થક કરવી જોઈએ.

પૂર્વપક્ષી—એમ કહી શકાય નહિ. શ્રુતિઓનો અર્થ એ પ્રમાણે પણ ઘટાવી શકાય નહિ. 'અસ્થૂલ અનણુ' વગેરે શ્રુતિઓ બ્રહ્મણાં ગુણ નથી, એમ ગુણનો નિષેધ કરે છે. એ પ્રમાણે અર્થ કરીએ તો બ્રહ્મમાં ગુણ નથી એમ કહી શકાય નહિ, પરંતુ શ્રુતિ ગુણનો નિષેધ કરે છે. બ્રહ્મને વિશેષ હોય તો વિશેષ અર્થાત્ ગુણનો નિષેધ કરનારી શ્રુતિઓ અસત્ય થઈ જાય. બ્રહ્મમાં ગુણનો નિષેધ કરનારી શ્રુતિઓ હોવાથી બ્રહ્મમાં ધર્મ છે એમ કહી શકાય નહિ, તેથી એવો અર્થ ઘટતો નથી.

સિદ્ધાન્તી—નિર્વિશેષ બ્રહ્મનું નિરૂપણ કરનારી શ્રુતિ પણ ધર્મ વિના એનું નિરૂપણ કરી શકે નહિ, કારણ કે નિરૂપણ લક્ષણથી થય. અમુક પદાર્થનું નિરૂપણ કરવું એટલે એનું લક્ષણ કહેવું, એનું અન્ય સર્વ પદાર્થથી વૈલક્ષણ્ય કહેવું. આ કાર્ય એ પદાર્થનું લક્ષણ અથવા વ્યાખ્યા આપીએ તો જ થઈ શકે. લક્ષણ અથવા વ્યાખ્યા આપવી એટલે એના અસાધારણ ધર્મ કહેવા. સાધારણ ધર્મ એટલે સામાન્ય ધર્મ. એકથી વધારે પદાર્થમાં રહેલો ધર્મ તે પદાર્થોનો સામાન્ય ધર્મ કહેવાય. જે ધર્મ માત્ર એક જ પદાર્થમાં રહેલો હોય તે એ પદાર્થનો અસાધારણ ધર્મ કહેવાય. આ અસાધારણ ધર્મનું આપણને જ્ઞાન થાય તો જ એ પદાર્થનું જ્ઞાન થાય, તેથી બ્રહ્મનું નિરૂપણ કરવામાં બ્રહ્મના અસાધારણ ધર્મનું જ્ઞાન થવું જોઇએ. બ્રહ્મ નિર્વિશેષ અર્થાત્ ધર્મરહિત હોય તો એમાં અસાધારણ ધર્મ ન હોવાથી એનું જ્ઞાન થઈ શકે જ નહિ. 'ધર્માભાવ' એ જ એનો અસાધારણ ધર્મ હોય, તોપણ પ્રથમ ધર્મ શું છે એનું જ્ઞાન થાય ત્યાર પછી જ ધર્માભાવનું જ્ઞાન થાય. તેથી ધર્માભાવનું જ્ઞાન ધર્મના જ્ઞાનને અધીન છે, તેથી ધર્મ ન હોય તો ધર્માભાવનું નિરૂપણ થઈ શકે નહિ, અને ધર્માભાવનું નિરૂપણ થાય નહિ ત્યાંસુધી બ્રહ્મનું નિરૂપણ થઈ શકે નહિ. આ પ્રમાણે નિર્વિશેષ બ્રહ્મનું નિરૂપણ કરવામાં પણ ધર્મની આવશ્યકતા છે, તેથી ધર્મનું નિરૂપણ મુખ્ય અર્થાત્ ઉપજીવ્ય છે અને નિર્વિશેષ બ્રહ્મનું નિરૂપણ એને અધીન છે, તેથી ધર્મનું નિરૂપણ કરનારી શ્રુતિ અર્થાત્ સવિશેષ શ્રુતિ ધર્મના અભાવથી બ્રહ્મનું નિરૂપણ કરનારી શ્રુતિ અર્થાત્ નિર્વિશેષ શ્રુતિની નિર્વાહક છે. અમુક ધર્મના અભાવનું નિરૂપણ કરવું હોય તો એ ધર્મનું નિરૂપણ કર્યા વિના એના અભાવનું નિરૂપણ થઈ શકે નહિ, કારણ કે ઘટાભાવનું નિરૂપણ કરવું

વૃશ્ચિકની ભીતિથી પલાયન કરતાં ભયંકર ઝેરી સર્પના મુખમાં પાત થશે. ‘ બ્રહ્મને અસત્ જાણે તે અસત્ જ થાય ’ એવી (શૂન્યવાદની) નિન્દાશ્રુતિને લીધે, શૂન્યવાદનો પણ અંગીકાર કરી શકાશે નહિ. ”

એમ નહિ, કારણ કે શ્રુતિસિદ્ધ ધર્મનો નિષેધ કરવામાં આવતો નથી, પરન્તુ અનુવાદપૂર્વક લૌકિક સ્થૌલ્ય આદિ ધર્મનો નિષેધ કરેલો છે, તેથી શ્રૌતધર્મનું નિર્વાહકપણું ક્યાં રહ્યું ?—‘ નિષેધનો વિષય ભિન્ન હોવાથી વિરોધના અભાવને લીધે એક પણ શ્રુતિનો બાધ યોગ્ય નથી, તેથી બ્રહ્મ નિર્વિશેષ અને સવિશેષ ઉભય સિદ્ધ થાય છે ’ એમ કહેવું યોગ્ય નથી,

---

હોય તો ઘટનું નિરૂપણ પ્રથમ થવું જોઈએ. ઘટ શું છે એ જાણ્યા વિના ઘટાભાવનું જ્ઞાન થાય નહિ, તેથી ઘટાભાવનું નિરૂપણ એના પ્રતિયોગી ઘટના નિરૂપણને અધીન છે, તેથી નિર્વિશેષ શ્રુતિનો આધાર સવિશેષ શ્રુતિ છે.

આ પ્રમાણે સવિશેષ અને નિર્વિશેષ ઉભય પ્રકારની શ્રુતિ છે, અને ઉભય એક· બીજાની નિર્વાહક છે તેથી સમાન હોવાથી કોઈ એકબીજીનો બાધ કરવા સમર્થ નથી. એ બે પ્રકારની શ્રુતિમાં વિરોધ છે તેથી બાધ છે એમ ગણીએ, તો ઉપર કહેલા હેતુથી ઉભય પ્રકારની શ્રુતિનો બાધ થાય, અને તેથી શૂન્ય જ અવશિષ્ટ રહે, અને શૂન્યવાદનો સ્વીકાર કરવો પડે. એ તો વીંછીની બીકથી નાસતાં સર્પના મુખમાં પડવા જેવું થાય. વળી શૂન્યવાદ પણ સ્વીકારી શકાય નહિ, કારણ કે ‘ બ્રહ્મને અસત્ જાણે તે અસત્ જ થાય’ એ શ્રુતિ જ શૂન્યવાદની નિંદા કરે છે.

પૂર્વપક્ષી—એમ નથી. નિર્વિશેષ શ્રુતિ સવિશેષ શ્રુતિએ કહેલા ધર્મનો નિષેધ કરતી નથી, પરન્તુ લૌકિક સ્થૌલ્ય વગેરે ધર્મોનો અનુવાદ કરી એઓનો જ નિષેધ કરે છે, તેથી સવિશેષ શ્રુતિએ કહેલા ધર્મો નિર્વિશેષ શ્રુતિના નિર્વાહક નથી. નિર્વિશેષ શ્રુતિ સવિશેષ શ્રુતિએ વર્ણવેલા ધર્મનો જ નિષેધ કરતી હોત તો સવિશેષ શ્રુતિ એની નિર્વાહક થાત, પરંતુ લૌકિક ધર્મનો જ નિષેધ કરતી હોવાથી સવિશેષ શ્રુતિ એની નિર્વાહક નથી અને એ સવિશેષ શ્રુતિની નિર્વાહક હોવાથી એનાથી સવિશેષ શ્રુતિનો બાધ થાય છે.

સિદ્ધાન્તી—એમ હોય તો અમુક ગુણ વર્ણવી, અન્ય લૌકિક ધર્મનો બાધ વર્ણવેલો હોવાથી, વિરોધ રહેતો નથી, અને તેથી બ્રહ્મ સવિશેષ અને નિર્વિશેષ એમ ઉભય સિદ્ધ થાય છે, અને એક્કે પ્રકારની શ્રુતિનો બાધ થતો નથી.

પૂર્વપક્ષી—એમ નહિ. ‘જ્યાંથી વાણી પહોંચ્યા વિના મન સહિત પાછી ફરે છે’ વગેરે શ્રુતિઓ ‘ આત્માનું શ્રવણ કરવું ’ ઇત્યાદિ શ્રુતિએ વર્ણવેલા શ્રોતવ્યપણું વગેરે ધર્મનો પણ બાધ કરે છે. લૌકિક ધર્મનો બાધ કેટલીક શ્રુતિ કરે છે તે જ પ્રમાણે શ્રુતિએ વર્ણવેલા ધર્મનો પણ બાધ કેટલીક શ્રુતિ કરે છે, તેથી બ્રહ્મ સવિશેષ અને નિર્વિશેષ ઉભય સિદ્ધ થઈ શકે નહિ. ‘ શ્રુતિએ વર્ણવેલા ધર્મનો પણ અન્ય શ્રુતિ નિષેધ કરતી હોય તો નિષેધ કરનારી

કારણ કે શ્રોતવ્ય વગેરે શ્રૌતધર્મનો પણ 'જ્યાંથી વાણી પાછી ફરે છે' (તૈ. ૨-૪-૧) ઇત્યાદિ વાક્યથી નિષેધ કરેલો છે. નિર્વાહકત્વથી થતો બાધ પણ નથી, કારણ કે એવા પ્રકારનું નિર્વાહકત્વ અપ્રયોજક છે, નહિ તો અભાવ-નિરૂપણનો ઉચ્છેદ થઈ જાય. આ પણ યોગ્ય નથી, કારણ કે લોકમાં જે પદાર્થમાં જ્યારે જે ધર્મ છે એમ નિરૂપણ કરવામાં આવે તે જ ધર્મનો તે જ પદાર્થમાં તે જ સમયે વિરોધને લીધે નિષેધ કરી શકાય નહિ. પણ પ્રથમ શ્યામ વર્ણવેલા પાકથી રક્ત થયેલા ઘટને અશ્યામ કહીએ તેમ કાલભેદે એનો નિષેધ કરી શકાય. બ્રહ્મ સદા એકરસ હોવાથી એમાં એવું સંભવતું નથી, તેથી ધર્મનિરૂપણ કેમ સંભવે અને વળી એનો નિષેધ કેમ સંભવે? એમ મિથ્યાવાદી તપેલા સાણસામાં પડેલા છે.—એમ નહિ. ધર્મ નિરૂપણ કરનારી શ્રુતિનો વિષય અન્ય છે, કારણ કે સોપાધિ બ્રહ્મની ઉપાસનાથી ચિત્તશુદ્ધિ થાય ત્યારે નિર્વિશેષ બ્રહ્મનું જ્ઞાન થશે, એવા તાત્પર્યથી એ શ્રુતિ સોપાધિ બ્રહ્મનું નિરૂપણ કરે છે. પછી નિર્વિશેષ બ્રહ્મનું જ્ઞાન કરાવવા પૂર્વોક્ત ધર્મનો નિષેધ કરે છે, કારણ કે અવિદ્યાકલ્પિત તરીકે જ એઓનો અંગીકાર કરેલો હતો, તેથી અપવાદ કરવા માટે જ કર્તૃત્વાદિ કહી, પછી એઓનો નિષેધ કરે છે, એવી કલ્પનાથી સર્વ સમંજસ જ છે.

નિર્વિશેષ શ્રુતિની ધર્મનું વર્ણન કરનારી શ્રુતિ નિર્વાહક છે અને તેથી સવિશેષ શ્રુતિ નિર્વાહકપણાથી નિર્વિશેષ શ્રુતિનો બાધ કરે છે.' એવા પ્રકારનું નિર્વાહકપણું કાંઈ પણ કાર્ય કરી શકતું નથી, અર્થાત્ એવા નિર્વાહકપણાથી બાધ થતો નથી. એવા નિર્વાહકપણાથી બાધ થતો હોય તો અભાવનું નિરૂપણ થઈ શકે જ નહિ.

સિદ્ધાન્તી—એ પણ યોગ્ય નથી. અમુક ધર્મ બ્રહ્મમાં વર્ણવી એ જ ધર્મનો એ જ સમયે એમાં નિષેધ કરવો એ અત્યંત વિરુદ્ધ છે. એક જ પદાર્થમાં અમુક કાલે ધર્મ છે ને અન્ય સમયે એ જ નથી એમ કહીએ તો કદાચ ચાલે, કારણ કે ઘટ વગેરે પકવ્યા પહેલાં શ્યામ રંગના હોય છે અને પકવ્યા પછી લાલ રંગના થાય છે. બ્રહ્મ સદા એક જ પ્રકારનું હોવાથી એક કાલે એમાં અમુક ધર્મનો ભાવ અને બીજા કાલે અભાવ છે એમ કહી શકાય નહિ. તેથી ધર્મ વર્ણવવા અને વળી એનો નિષેધ કરવો એમ બને જ કેમ? તેથી આ પ્રમાણે મિથ્યાવાદી મહાન કષ્ટમાં આવી પડયો છે.

પૂર્વપક્ષી—એમ નથી. ધર્મનિરૂપણ કરનારી શ્રુતિનો હેતુ ભિન્ન જ છે. નિર્વિશેષ બ્રહ્મનું જ્ઞાન ચિત્તશુદ્ધિ થયા વિના સંભવતું નથી, તેથી પ્રથમ સવિશેષ બ્રહ્મનું નિરૂપણ એવા હેતુથી કરેલું છે કે એની ઉપાસના કરવાથી ચિત્ત શુદ્ધ થાય. ચિત્તશુદ્ધિ થયા પછી નિર્વિશેષ બ્રહ્મનું જ્ઞાન કરાવવા પૂર્વે વર્ણવેલા ધર્મોનો નિષેધ કરે છે. ધર્મને અવિદ્યાથી કલ્પિત જ સ્વીકારેલા છે, તેથી કર્તાપણું વગેરે ધર્મોનો આગળ ઉપર અપવાદ કરવા જ વર્ણન કર્યું છે, અને પછી એઓનો નિષેધ કરે છે, એવી કલ્પના કરવાથી કોઈ પણ પ્રકારનો વાંધો આવતો નથી. તેથી નિર્વિશેષ તિ સવિશેષ શ્રુતિનો બાધ જ કરે છે.

સિદ્ધાંત : બ્રહ્મ સગુણ અને નિર્ગુણ પણ છે.

અત્ર ઉત્તર આપીએ છીએ.

अभेदादनुपाधित्वाज्जगदप्रत्ययाप्तितः ।
सर्वाधारत्वतस्तावच्छक्तित्वान्नास्य बाधनम् ॥

(સોપાધિ બ્રહ્મ હોય તો) જગતનો પ્રત્યય થાય નહિ, તેથી (બ્રહ્મ) ઉપાધિરહિત છે, તેથી (સવિશેષ અને નિર્વિશેષ બ્રહ્મના) અભેદને લીધે, (બ્રહ્મ) વિરુદ્ધધર્માધારસાધકશક્તિયુક્ત હોવાથી સર્વાધાર છે, તેથી સવિશેષત્વનો બાધ થતો નથી.

અત્ર મિથ્યાવાદીને પૂછવું કે જગત્કર્તૃત્વ ઈશિતૃત્વ વગેરેથી વિશિષ્ટ (બ્રહ્મ) અને નિવિશેષ(બ્રહ્મ)નો ભેદ અંગીકાર કરે છે કે અભેદ ? ભેદ અંગીકાર કરતો હોય તો એ (ભેદ) તાત્ત્વિક કે અતાત્ત્વિક ? પ્રથમ પક્ષ—(તાત્ત્વિક ભેદ) 'सर्वत्र

સવિશેષ અને નિર્વિશેષ બ્રહ્મ એક જ છે, ભિન્ન નથી, તેથી સવિશેષ બ્રહ્મ ઉપાસના માટે છે, સવિશેષ શ્રુતિનો વિષય અન્ય છે એ પૂર્વપક્ષીના બીજા પ્રબલ હેતુનો નિરાસ થાય છે. સવિશેષ અને નિર્વિશેષ બ્રહ્મ એક જ છે, કારણ કે ઉપાધિ નથી, તેથી સોપાધિક અથવા ઉપાધિવાળું અને નિરુપાધિક અથવા ઉપાધિરહિત બ્રહ્મ ભિન્ન છે, એમ કહી શકાય નહિ. આમ હોવાથી નિર્વિશેષ શ્રુતિ સવિશેષ શ્રુતિની નિર્વાહક અને અન્તરંગ છે એ એ હેતુનો નિરાસ થાય છે, કારણ કે સવિશેષ અને નિર્વિશેષ બ્રહ્મ એક જ હોવાથી, ઉપાધિ ન હોવાથી, કોઈ પ્રકારની શ્રુતિ અન્ય પ્રકારની શ્રુતિની નિર્વાહક અથવા અન્તરંગ નથી. જગતના કર્તાપણું વગેરે ધર્મ જો ઔપાધિક હોત, અને વાસ્તવિક ન હોત તો જગતની પ્રતીતિ જ ન થાત. જગતની પ્રતીતિ થાય છે તેથી ઉપાધિ નથી. આ પ્રમાણે નિવિર્શેષ શ્રુતિ સવિશેષનો બાધ કરતી નથી એ સિદ્ધ કરવા સવિશેષ અને નિર્વિશેષનો ભેદ નથી એમ એક હેતુ આપી બીજો સર્વના આધારપણાનો હેતુ કહે છે. બ્રહ્મ વિરુદ્ધ ધર્મનો આશ્રય છે, સર્વ વિરુદ્ધ ધર્મનો આધાર છે અને વિરુદ્ધ ધર્મના આશ્રયપણાની સાધક અચિંત્ય શક્તિ એમાં છે, તેથી એ સવિશેષ અને નિર્વિશેષ ઉભય છે, તેથી નિર્વિશેષ શ્રુતિથી સવિશેષ શ્રુતિનો બાધ થતો નથી. આ પ્રમાણે એ હેતુથી પૂર્વપક્ષીનો નિરાસ કરી બ્રહ્મ વિરુદ્ધ સર્વધર્મનો આશ્રય છે એમ કારિકાથી કહી એનું વિસ્તારથી વિવેચન કરે છે.

સિદ્ધાન્તી—અહીં મિથ્યાવાદીને પૂછવું કે જગતનું કર્તાપણું વગેરે ગુણોથી વિશિષ્ટ અને નિર્વિશેષ બ્રહ્મમાં ભેદ અંગીકાર કરે છે કે અભેદ ? જો ભેદ સ્વીકારતો હોય તો એ ભેદ વાસ્તવિક છે કે અવાસ્તવિક ? આ પ્રમાણે ત્રણ પક્ષ થાય છે : સવિશેષ અને નિર્વિશેષ બ્રહ્મમાં (૧) તાત્ત્વિક અથવા વાસ્તવિક ભેદ છે, (૨) અતાત્ત્વિક અથવા અવાસ્તવિક ભેદ છે, અને (૩) અભેદ છે. આ ત્રણ પક્ષમાંથી મિથ્યાવાદી કયો પક્ષ સ્વીકારે છે એમ એને પૂછવું. મિથ્યાવાદી એવો તો હલકો છે કે ગ્રંથકાર પોતે એને પૂછતા નથી, પણ કોઈ મધ્યસ્થને એને પૂછવા કહે છે.

प्रसिद्धोपदेशात्' અધિકરણ (બ્ર. સૂ. ૧-૨-૧ થી ૪) થી વિરુદ્ધ હોવાથી સંભવિત નથી. 'વેદાન્તમાં સર્વત્ર પ્રસિદ્ધ બ્રહ્મનો જ ઉપાસ્ય તરીકે ઉપદેશ હોવાથી, મનોમયત્વ વગેરે વિષયવાક્યમાં વર્ણવેલા ધર્મથી વિશિષ્ટ બ્રહ્મ જ આ વાક્યનો વિષય છે' એવો આનો અર્થ છે; આ સર્વ વ્યાસસૂત્રભાષ્યમાં પિતૃચરણે વિસ્તારથી લખેલું હોવાથી અત્ર વિસ્તારની ભીતિથી હું લખતો નથી. વળી, જો એમ (સવિશેષ અને નિર્વિશેષનો તાત્ત્વિક ભેદ) હોય તો જીવમાં વિશેષ એમ થાય, તેથી 'એ તું છે' (છાં. ઉ. ૬-૮-૭) એ અભેદબોધક શ્રુતિનો વિરોધ થાય. વળી એમ તમે (પૂર્વપક્ષી) અંગીકાર કરતા નથી. જે એમ અંગીકાર કરે છે તેમના મતમાં વેદાન્તમાં એવી (જીવ બ્રહ્મના અભેદની) ભાવના માત્ર છે, પરન્તુ વસ્તુ જ એમ છે એમ નથી. એનો આગળ નિરાસ કરવામાં આવશે.

દ્વિતીય પક્ષ (સવિશેષ અને નિર્વિશેષ બ્રહ્મનો અતાત્ત્વિક ભેદ) પણ

આ ત્રણમાંથી પ્રથમ તાત્ત્વિક ભેદનો પક્ષ યોગ્ય નથી, કારણ કે બ્રહ્મસૂત્રના પ્રથમ અધ્યાયના દ્વિતીય પાદનું આરંભનું જ અધિકરણ એનો અભેદ કહે છે. આનું પ્રથમ સૂત્ર 'સર્વ સ્થલે પ્રસિદ્ધ બ્રહ્મનો જ ઉપદેશ' છે, તેથી વેદાન્તમાં સર્વ સ્થળે પ્રસિદ્ધ બ્રહ્મનો જ ઉપદેશ છે, એમ સિદ્ધ થાય છે. જો સવિશેષ અને નિર્વિશેષ બ્રહ્મમાં તાત્ત્વિક ભેદ હોત તો શ્રીવ્યાસચરણ સર્વત્ર વેદાન્તમાં પ્રસિદ્ધ બ્રહ્મનો જ ઉપદેશ છે (બ્ર. સૂ. ૧-૨-૧) એમ કહેત નહિ. તેથી આ સૂત્રના '**स क्रतुं कुर्वीत मनोमयः प्राणशरीरो भारूपः**' એ વિષયવાક્યમાં વર્ણવેલા ધર્મવાળું બ્રહ્મ જ છે. સર્વત્ર વેદાન્તમાં એ જ બ્રહ્મનો ઉપદેશ છે. આ સર્વ શ્રીમદાચાર્યચરણે શ્રીમદણુભાષ્યમાં વિસ્તારથી કહેવું છે. વળી ધારો કે નિર્વિશેષ બ્રહ્મ અને સવિશેષ બ્રહ્મમાં વાસ્તવિક ભેદ છે, તો પછી નિર્વિશેષ બ્રહ્મ અને જીવમાં એનાથી પણ વિશેષ ભેદ હોવા જોઈએ, કારણ કે જીવમાં અજ્ઞાનીપણું વગેરે ગુણો પણ છે. બ્રહ્મ અને જીવમાં આ પ્રમાણે ભેદ જ હોય તો 'એ તું છે' એ અભેદનો બોધ કરનારી શ્રુતિનો વિરોધ થાય. વળી સવિશેષ બ્રહ્મ અને નિર્વિશેષ બ્રહ્મમાં તાત્ત્વિક ભેદ હોય તો બે બ્રહ્મ થાય અને તેથી 'એક જ બ્રહ્મ છે' શ્રુતિનો વિરોધ થાય. વળી તમે પૂર્વપક્ષી માયાવાદી જ તાત્ત્વિક ભેદ સ્વીકારતા નથી. મધ્વાચાર્ય તાત્ત્વિક ભેદ સ્વીકારે છે. એમનો મત પણ વેદાન્ત અભેદની ભાવના કરે છે એવો છે. એનો આગળ જીવના સ્વરૂપનું નિરૂપણ કરતી વખતે નિરાસ કરીશું. આ પ્રમાણે નિર્વિશેષ બ્રહ્મ અને સવિશેષ બ્રહ્મમાં તાત્ત્વિક ભેદ છે એ પક્ષનો નિરાસ થાય છે.

હવે નિર્વિશેષ અને સવિશેષ બ્રહ્મમાં અતાત્ત્વિક ભેદ છે એ બીજા પક્ષનો વિચાર કરીએ. આ પક્ષ શંકરાચાર્યને સંમત છે. માયાવાદના ૧. અવચ્છેદવાદ અને ૨. પ્રતિબિંબવાદ એ બે મુખ્ય વાદમાં સવિશેષ બ્રહ્મ અને નિર્વિશેષ બ્રહ્મમાં અતાત્ત્વિક ભેદનો સ્વીકાર કરેલો છે. એ મત પ્રમાણે નિર્વિશેષ બ્રહ્મ શુદ્ધ ચૈતન્ય છે. અવચ્છેદવાદ પ્રમાણે માયાથી અવચ્છિન્ન* ચૈતન્ય સવિશેષ બ્રહ્મ કહેવાય છે અને અવિદ્યાથી અવચ્છિન્ન ચૈતન્ય જીવ કહેવાય છે. પ્રતિબિંબવાદ પ્રમાણે માયામાં ચૈતન્યનું પડેલું પ્રતિબિંબ ઈશ્વર અથવા

---

* અવચ્છિન્ન એટલે હદવાળું. માયાથી અવચ્છિન્ન એટલે જેટલી હદમાં માયા હોય તેટલી હદમાં રહેલું.

ઉચિત નથી, કારણ કે એમાં ઘટાદિ પદાર્થથી જેમ આકાશનો ભેદ થાય તેમ ઉપાધિથી થયેલો ભેદ જ સંભવે છે. પ્રકૃત વિષયમાં એવી ઉપાધિ કઈ છે ? એ પણ અનાદિ છે કે સાદિ એનો પણ વિચાર કરવાનું છે. 'અવિદ્યા જ ઉપાધિ છે અને એ પણ અનાદિ છે' એ પક્ષ યોગ્ય નથી, કારણ કે ઉભય અનાદિ હોવાથી, ઉપહિત પણ અનાદિ હોવાથી, અને એ જ તમારા મતમાં કર્તા હોવાથી, હમેશ સર્ગ થાય, પરંતુ પ્રલય કદાપિ થાય જ નહિ, કારણ કે શ્રુતિમાં ઇચ્છાવિશિષ્ટ બ્રહ્મને જ કારણ કહેલું છે, તેથી બીજા કોઈ કારણની અપેક્ષા રહેતી નથી. સ્માર્ત મતનું અવલમ્બન કરી ગુણની અપેક્ષા છે એમ

સવિશેષ બ્રહ્મ કહેવાય છે અને અવિદ્યામાં પડેલું પ્રતિબિંબ જીવ કહેવાય છે. આ ઉભય પક્ષનો નિરાસ કરવા સવિશેષ બ્રહ્મ અને નિર્વિશેષ બ્રહ્મમાં અતાત્ત્વિક ભેદ કરનાર ઉપાધિના સ્વરૂપનો વિચાર કરે છે.

અતાત્ત્વિક ભેદનો પક્ષ પણ યોગ્ય નથી, કારણ કે એવો ભેદ ઉપાધિથી જ સંભવે, આકાશ સર્વત્ર એક જ છે, પરન્તુ અમુક સ્થલે ઘટ હોય ત્યાં એને ઘટાકાશ કહી બીજા આકાશથી ભિન્ન કહીએ છીએ, એ અતાત્ત્વિક ભેદ છે અને એ ભેદ કરનાર ઘટ ઉપાધિ છે. એવી રીતે સવિશેષ બ્રહ્મ અને નિર્વિશેષ બ્રહ્મમાં અતાત્ત્વિક ભેદ હોય, તો ઉપાધિથી એ થયેલો હોવો જોઈએ. આકાશના દૃષ્ટાંતમાં જેમ ઘટ ઉપાધિ હતી તેમ અહીં કઈ ઉપાધિ છે, અને એ ઉપાધિ કયા કાળથી શરૂ થઈ અથવા અનાદિ અર્થાત્ આરંભ વિનાની, ઘણા સમયથી ચાલી આવતી, કોઈ પણ કાળે શરૂ નહિ થયેલી એવી છે ? એ વિચારવું જોઈએ.

પૂર્વપક્ષી—(અહીં માયા અને અવિદ્યા એ જ છે અને એ અનાદિ છે એમ માનનાર કેટલાક માયાવાદી પૂર્વપક્ષી છે). અવિદ્યા એક જ ઉપાધિ, અર્થાત્ અવિદ્યા ઉપાધિ સવિશેષ અને નિર્વિશેષ બ્રહ્મમાં અતાત્ત્વિક ભેદ કરે છે અને એ અનાદિ છે. સત્ત્વ રજઃ અને તમઃ એ ત્રણ ગુણવાળી અવિદ્યા ભાવરૂપ અજ્ઞાન જ છે. (વિદ્યાનો અભાવ તે અવિદ્યા અને જ્ઞાનનો અભાવ તે અજ્ઞાન એમ નહિ, પરન્તુ જેમ વિદ્યા–જ્ઞાન એ અમુક વસ્તુ છે તેમ જ અવિદ્યા–અજ્ઞાન પણ અમુક વસ્તુ છે. માત્ર અભાવ નથી, તેથી એને ભાવરૂપ કહી છે.)

સિદ્ધાન્તી—એ પ્રમાણે માનવામાં સંગતિ નથી, કારણ કે એમ માનીએ તો બ્રહ્મ અને અવિદ્યા ઉભય અનાદિ હોવાથી, બ્રહ્મ અનાદિ કાળથી ઉપાધિવાળું છે. ઉપાધિવાળું અથવા સવિશેષ બ્રહ્મ અનાદિ હોવાથી, અને એ જ તમારા મત પ્રમાણે જગતનું કર્તૃ હોવાથી નિરંતર જગત રચાયા જ કરે, પરંતુ કદાપિ પ્રલય થાય નહિ. વળી '**बहु स्याम्**' ઇત્યાદિ શ્રુતિમાં માત્ર ઇચ્છાવિશિષ્ટ બ્રહ્મને જ સર્ગ અર્થાત્ જગતની ઉત્પત્તિનું કારણ કહેલું છે, તેથી જગત રચવામાં કોઈ સહકારિ કારણની જરૂર રહેતી નથી. તેથી સહકારિ કારણ હોય ત્યારે જ સવિશેષ બ્રહ્મથી જગત રચાય અને સહકારિ કારણ સદા નહિ હોવાથી સદા જગત રચાતું નથી, એમ તમારાથી કહી શકાશે નહિ.

પૂર્વપક્ષી—માયા તરીકે જ એ ઉપાધિ નથી, પરન્તુ સત્ત્વ રજઃ અને તમઃ ગુણ તરીકે ઉપાધિ છે, અને જે ગુણ જે સમયે ઉપાધિ હોય તે ગુણને ઉચિત કાર્ય તે સમયે

કહેશો તોપણ ગુણનો અમુક અનુક્રમે આવિર્ભાવ થવાનું કારણ અવશ્ય કહેવું પડશે. એ કારણ તરીકે બ્રહ્મની એવી ઇચ્છા જ કહેવી પડશે. આમ છે ત્યારે 'એનું કારણ જ કારણ' એ ન્યાયથી ઇચ્છા જ કારણ કહો, ગુણની જરૂર નથી. તમારા મતમાં એમ પણ કહી નહિ શકાય. ઉપહિતની ઇચ્છાના ક્રમમાં હેતુની અપેક્ષા હોવાથી, એ ઉપાધિને અધીન હોવાથી, એના ગુણ જ ઇચ્છાના પણ કારણ તરીકે કહેવા જોઈશે. ગુણના ક્રમનું કારણ એનો એવો સ્વભાવ જ કહેવું પડશે. તેથી એવા સ્વભાવવિશિષ્ટ ગુણને જ કારણ કહો, એને અધીન બ્રહ્મની જરૂર નથી. એ પ્રમાણે અનીશ્વરવાદ થશે. 'સૌમ્ય, આ પ્રથમ સત્ જ હતું' (છાં. ૬–૨–૧) એ શ્રુતિનો વિરોધ થશે, કારણ કે 'જ' શબ્દથી સત્ બ્રહ્મ સિવાય બીજાનો વ્યવચ્છેદ થાય છે—કાલવાચક 'પ્રથમ' શબ્દથી

કરે છે. જ્યારે સત્ત્વગુણ ઉપાધિ હોય ત્યારે સર્ગ કરે છે, રજોગુણ ઉપાધિ હોય ત્યારે સ્થિતિ કરે છે, અને તમોગુણ ઉપાધિ હોય ત્યારે પ્રલય કરે છે.

સિદ્ધાન્તી—સ્માર્તમતનું અવલંબન કરી જગત રચવા વગેરેમાં ગુણની અપેક્ષા છે એમ કહો, તોપણ પ્રથમ સત્ત્વગુણ ઉપાધિ થાય, પછી રજોગુણ અને પછી તમોગુણ, એવો નિયમ ક્યાંથી થયો? અમુક નિયમ પ્રમાણે જ ગુણો એક પછી એક ઉપાધિ થાય એનું કારણ અવશ્ય કહેવું જોઈએ. ભગવાનની ઇચ્છા જ એનું કારણ છે એમ કહેવું પડશે, કારણ કે ગુણ જડ હોવાથી પોતે એનું કારણ થઈ શકશે નહિ. ભગવાનની ઇચ્છાથી જ ગુણો અમુક નિયમમાં જ ઉપાધિ થાય છે એમ કહો તો જગતની રચના વગેરેમાં 'એનું કારણ જ કારણ હો' એ ન્યાયથી ઇચ્છા જ જગતની રચના વગેરેનું કારણ છે એમ કહો, ગુણનું કાંઈ પ્રયોજન નથી. આ પ્રમાણે ગુણની પહેલાં જ ઇચ્છા સિદ્ધ થવાથી બ્રહ્મનું સવિશેષપણું સિદ્ધ થાય છે અને તમારા સિદ્ધાન્તનો ભંગ થાય છે, ત્યારે ગુણથી શું કાર્ય થયું? તેથી ગુણને પણ ઉપાધિ કહેવી ઉચિત નથી. વળી ગુણની ઉપાધિવાળું બ્રહ્મ જગતનું કારણ છે એમ કહેનાર તમારા મતમાં ઇચ્છાને પણ કારણ કહી શકાય નહિ, કારણ કે ઇચ્છા સામાન્ય રીતે જગતનાં ઉત્પત્તિ સ્થિતિ અને લયનું કારણ થાય, પરંતુ અવિદ્યાની પેઠે સામાન્ય રીતે જ કારણ હોવાથી, પ્રથમ સર્ગ, પછી સ્થિતિ, પછી લય થાય છે એ નિયમસર ક્રમનું કારણ થઈ શકે નહિ, તેથી આ ક્રમનું કારણ અવશ્ય હોવું જોઈએ. ઉપાધિવાળું બ્રહ્મ ઉપાધિને અધીન હોવાથી, સામાન્ય કારણ ઇચ્છા હોવા છતાં, ક્રમનું કારણ ગુણ કહેવા પડશે. ગુણમાં પણ પ્રથમ સત્ત્વ, પછી રજઃ, અને પછી તમઃ, એવા ક્રમનું કારણ શોધતાં એઓનો એવો સ્વભાવ જ ક્રમનું કારણ છે એમ કહેવું પડશે. આમ હોવાથી, અમુક ક્રમમાં આવિર્ભાવ પામવાના સ્વભાવવાળા ગુણ જ જગતનું કારણ છે એમ કહો, એઓને અધીન બ્રહ્મની કાંઈ અપેક્ષા રહેતી નથી, અને તમારો વાદ અનીશ્વરવાદ થઈ જાય છે.

પૂર્વપક્ષી—ગુણો જડ હોવાથી એઓના પ્રેરક ચૈતન્યની જરૂર છે, તેથી બ્રહ્મને પણ કારણ કહીએ છીએ.

સિદ્ધાન્તી—એમ કહો તો 'હે સૌમ્ય, આ પ્રથમ સત્ જ હતું' એ શ્રુતિનો વિરોધ થાય, કારણ કે શ્રુતિમાં રહેલો 'જ' શબ્દ સત્ અર્થાત્ બ્રહ્મથી અન્ય ગુણ, અવિદ્યા,

એનું પણ કથન હોવાથી, 'જ' શબ્દથી અન્યનો વ્યવચ્છેદ થતો નથી, પરન્તુ એ સમયે પણ બ્રહ્મ હતું જ એમ (બ્રહ્મના) અયોગનો વ્યવચ્છેદ થાય છે.—એમ નહિ. એમ તો ('પ્રથમ' શબ્દ તો) માત્ર બોધ થાય માટે જ કહેલો છે, નહિ તો 'એણે જોયું તો પોતાથી બીજા કોઈ ને જોયો નહિ' (બૃ. ઉ. ૧-૪-૧) એ શ્રુતિનો વિરોધ થાય. એ શ્રુતિનો અનુરોધ કરવા અને 'પ્રથમ' શબ્દ હોવાથી કાલ પણ બ્રહ્મ જ છે એમ જો ધારો તો અમે પણ એમ કહીએ છીએ. તેથી જ 'કાલ છુ' 'કાલરૂપે અવતરેલો' (ભ. ગી. ૧૧-૩૨) ઇત્યાદિ ભગવદ્વાક્ય છે.

વળી, આ (શ્રુતિથી) જ ઉપક્રમ કરી 'સૌમ્ય, આ પ્રજાનું મૂલ સત્ છે, સત્માં રહે છે, અને સત્માં એની પ્રતિષ્ઠા છે' (છાં. ૬-૮-૪) ઇત્યાદિ શ્રુતિઓ સત્નું જ કર્તૃત્વ વર્ણવે છે. વળી, તમારા મતમાં ઉપહિત (બ્રહ્મ) ઉપાધિને અધીન હોવાથી

ગુણસ્વભાવ વગેરે સર્વનો નિષેધ કરે છે. અર્થાત્ બ્રહ્મ સિવાય અન્ય કોઈ પણ પદાર્થ ન હતો એવો 'જ' શબ્દનો અર્થ છે.

પૂર્વપક્ષી—'જ' શબ્દનો એવો અર્થ નથી, કારણ કે 'પ્રથમ' શબ્દ કાલવાચક છે તેથી કાલની સત્તા એ શ્રુતિમાં સ્વીકારેલી છે. 'જ' શબ્દ બ્રહ્મથી અન્ય સર્વનો નિષેધ કરવા મૂક્યો હોત, તો 'પ્રથમ' શબ્દથી કાલની સત્તા સ્વીકારે નહિ; તેથી 'જ' શબ્દનો એવો અર્થ નથી, પરન્તુ બ્રહ્મ એ સમયે પણ હતું જ, એમ એ સમયે બ્રહ્મના અભાવની શંકા દૂર કરવા 'જ' શબ્દનો પ્રયોગ કરેલો છે.

સિદ્ધાન્તી—એમ નથી. 'પ્રથમ' શબ્દ તો પહેલાંની સ્થિતિનો બોધ કરવા માટે મૂક્યો છે, કાલની સત્તા સ્વીકારવા યોજેલો નથી. 'પ્રથમ' શબ્દ ન હોય તો 'બ્રહ્મ જ હતું' એ વાક્ય સંપૂર્ણ થતું નથી. કાલ સર્વનો આધાર હોવાથી કાલ વિના નિરૂપણ થઈ શકે નહિ, તેથી પહેલાંની સ્થિતિનો બોધ કરવા માટે જ 'પ્રથમ' શબ્દ યોજ્યો છે. જો 'પ્રથમ' શબ્દથી કાલની સત્તા સ્વીકારી હોય તો 'એણે જોયું તો પોતાથી બીજા કોઈને જોયો નહિ' એ શ્રુતિનો વિરોધ થાય, કારણ કે બ્રહ્મથી અન્ય કાલ વગેરે કોઈપણ ન હતું એવું એ શ્રુતિનું તાત્પર્ય છે. આ શ્રુતિ અને પ્રથમની શ્રુતિમાં 'પ્રથમ' શબ્દ એ ઉભયની સંગતિ મેળવવા, કાલ પણ બ્રહ્મ છે જ એમ માનતા હો તો, અમને પણ ઇષ્ટાપત્તિ જ છે. શ્રીમદ્ભગવદ્ગીતા વગેરેમાં 'હું કાલ છુ' 'હું કાલરૂપે અવતરેલો છુ' વગેરે વાક્યો પણ છે.

પૂર્વપક્ષી—(પણ 'એણે જોયું' શ્રુતિ અને 'સૌમ્ય, આ પ્રથમ સત્ જ હતું' શ્રુતિ જુદી જુદી શાખાની છે, તેથી એ પ્રમાણે સંગતિ કરવી આવશ્યક નથી, અને તેથી પ્રથમ શ્રુતિને દ્વિતીય શ્રુતિનો, તમે કહો છો તેવો, અર્થ કરવાની આવશ્યકતા નથી.)

સિદ્ધાન્તી—પરંતુ 'આ પ્રથમ સત્ જ હતું' એ જ વાક્યથી ઉપક્રમ કરી 'સૌમ્ય, આ પ્રજાનું મૂલ સત્ છે, સત્માં એ રહે છે અને સત્માં એની પ્રતિષ્ઠા છે' એ શ્રુતિથી સત્ જ જગતનાં ઉત્પત્તિ સ્થિતિ વગેરેનું કર્તૃ છે અને ઉપાધિવાળું બ્રહ્મ કર્તૃ નથી એમ સિદ્ધ થાય છે. તેથી પણ 'પ્રથમ સત્ જ હતું' એ શ્રુતિથી માત્ર બ્રહ્મ જ હતું એમ સિદ્ધ થાય છે. **ॐ तत्सदिति निर्देशो ब्रह्मणस्त्रिविधः स्मृतः** (શ્રીમદ્ભગવદ્ગીતા ૧૭-૨૩) એ વાક્યથી પણ સત્નો અર્થ બ્રહ્મ જ થાય છે, ઉપાધિવાળું બ્રહ્મ, એવો અર્થ થતો નથી.

સ્વતન્ત્ર નથી, તેથી કર્તા થઈ શકે નહિ. જો કદાપિ કોઈ કર્તા થાય તો ઘટક્રિયાની પેઠે ઉપાધિ જ કર્તા થાય, પરન્તુ ઉપહિત કર્તા થાય નહિ.–એમ ભલે થાય,—એમ કહેવું યોગ્ય નથી, કારણ કે તેથી 'જેમાંથી આ ભૂતો' 'સૌમ્ય, આ પ્રજાનું સત જ મૂલ છે' 'ખરે આનન્દમાંથી જ આ ભૂતો ઉત્પન્ન થાય છે' (તૈ. ઉ. ૩–૬) વગેરે, 'હું સર્વનો પ્રભવ છું' વગેરે 'આનાં જન્મ વગેરે જેમાંથી' (ભ. ગી. ૧૦–૮) (બ્ર. સૂ. ૧–૧–૨) ઇત્યાદિ શ્રુતિ સ્મૃતિ અને ન્યાયનો કોપ થાય છે.—આ સર્વત્ર ઉપચાર જ છે—એમ પણ કહેવાય નહિ, કારણ કે (અત્ર) મુખ્ય (અર્થનો) બાધ થતો નથી, અને મુખ્ય સંભવે ત્યાંસુધી એવી કલ્પના કરવી અયોગ્ય છે.

વળી, તમારા મતમાં ઉપાધિવાળું બ્રહ્મ ઉપાધિને અધીન હોવાથી સ્વતંત્ર નથી, અને સ્વતંત્ર ન હોવાથી કર્તૃ પણ થઈ શકે નહિ, કારણ કે કર્તાપણાનું પ્રયોજક સ્વાતંત્ર્ય જ છે. પાણિનિ પણ '**સ્વતન્ત્રઃ કર્તા**' (૧–૪–૫૪) અર્થાત્ સ્વતંત્ર હોય તે કર્તા એવું સૂત્ર યોજે છે. ઉપાધિવાળું બ્રહ્મ સ્વતંત્ર ન હોવાથી કર્તૃ થઈ શકે જ નહિ.

પૂર્વપક્ષી—યુદ્ધમાં ભટ રાજાને અધીન હોવા છતાં કર્તા થઈ શકે છે, તો સ્વતન્ત્ર ન હોય તે કર્તા થઈ શકે નહિ એવો નિયમ ક્યાં રહ્યો?

સિદ્ધાન્તી—પોતપોતાના કાર્યમાં ભટ વગેરે સ્વતંત્ર છે, તેથી યુદ્ધમાં સ્વતંત્ર ન હોવા છતાં કર્તા થાય એનો બાધ આવતો નથી; પરંતુ કોઈપણ કાર્યમાં સ્વતંત્ર ન હોય એવું આકાશ જેવું ઉપાધિવાળું બ્રહ્મ કર્તૃ કેમ થઇ શકે? ઉપાધિવાળા બ્રહ્મમાં જો કર્તૃત્વ હોય તો એ ઉપાધિમાં હોવું જોઈએ, બ્રહ્મમાં નહિ. ઘટાકાશમાં ક્રિયા થાય ત્યારે એ ક્રિયા વસ્તુતઃ આકાશની નથી, પરંતુ આકાશની ઉપાધિ ઘટની છે. એ પ્રમાણે ઉપાધિવાળા બ્રહ્મમાં કર્તૃત્વ હોય તો એ ઉપાધિનું હોવું જોઈએ, બ્રહ્મનું નહિ.

પૂર્વપક્ષી—એમ ભલે હો, ઉપાધિવાળા બ્રહ્મમાં કર્તૃત્વ ઉપાધિનું ભલે હો, તેથી પણ સાંખ્યની પેઠે અમારો વાદ અનીશ્વરવાદ કહી શકાય નહિ.

સિદ્ધાન્તી—એમ હોઈ શકે જ નહિ. ઉપાધિવાળું બ્રહ્મ જગતનું કારણ થઇ શકે જ નહિ એમ હોય તો 'જેમાંથી આ ભૂતો ઉત્પન્ન થાય છે, જેનાથી ઉત્પન્ન થયેલાં જીવે છે, અને જેમાં લય પામે છે' 'સૌમ્ય, આ પ્રજાનું મૂલ સત્ જ છે' 'આ ભૂતો આનંદમાંથી જ ઉત્પન્ન થાય છે' વગેરે શ્રુતિઓ, 'હું સર્વનો પ્રભવ છું' (ભ. ગી. ૧૦–૮) વગેરે સ્મૃતિઓ અને 'આનાં જન્મ વગેરે જેમાંથી' (બ્ર. સૂ. ૧–૧–૨) વગેરે બ્રહ્મસૂત્રનો વિરોધ થઈ જાય, કારણ કે આ સર્વ શ્રુતિ સ્મૃતિ અને સૂત્રો જગતનું કારણ બ્રહ્મને જ કહે છે, ઉપાધિને કહેતાં નથી.

પૂર્વપક્ષી—જેમ ભટ યુદ્ધ કરે તેને જગતમાં ઉપચારથી રાજાનું જ યુદ્ધ કહીએ છીએ, તેમ વસ્તુતઃ ઉપાધિ જ જગતને રચે છે તોપણ ઉપચારથી જ આ સર્વ શ્રુતિ સ્મૃતિ અને સૂત્રો બ્રહ્મને કર્તૃ કહે છે.

સિદ્ધાન્તી—એમ થઈ શકે નહિ. જ્યાંસુધી મુખ્યાર્થ સંભવતો હોય ત્યાંસુધી લક્ષ્યાર્થ લઈ શકાય નહિ. શુદ્ધ બ્રહ્મ જ કર્તૃ થઈ શકે છે, તો એમાં કર્તૃત્વ ગૌણ છે ને વસ્તુતઃ એ ઉપાધિનું જ છે એમ કહી શકાય નહિ. જેમ શરીરવાળો જીવલોકમાં કર્ત્તા થાય છે, તેમ 'એણે ઇચ્છ્યું : બહુ થાઉં' વગેરે શ્રુતિમાં ઇચ્છાવાળા મુખ્ય ઈશ્વરને જ કર્તા કહેલો છે. અને એમાં કર્તાપણું સંભવે છે, તેથી એનું કર્તૃત્વ ગૌણ છે, એમ કહી શકાય નહિ. તેથી જ '**ઈક્ષતેર્નાશબ્દમ્**'

તેથી જ વ્યાસજીએ ‘ગૌણ (કહો) તો નહિ, કારણ કે આત્મશબ્દ છે’ એ સૂત્ર યોજ્યું છે. શ્રુતિમાં આત્મશબ્દ પણ ઉપચારથી ઉપાધિ માટે જ યોજ્યો છે એવી શંકા થાય, તેથી ‘એમાં નિષ્ઠ હોય તેને મોક્ષનો ઉપદેશ છે તેથી’ એમ ફરીથી (સૂત્ર) યોજ્યું. જેનું આત્મશબ્દથી વર્ણન કર્યું તેમાં જે નિષ્ઠ હોય તેને જ મોક્ષ પ્રાપ્ત થાય છે એમ શ્રુતિમાં કહેલું હોવાથી આત્મશબ્દ ઔપચારિક નથી, પરન્તુ શુદ્ધ બ્રહ્મ માટે જ યોજેલો છે. વળી, તમારા મતમાં ઉપહિત જીવ હોવાથી પુત્રાદિ તુલ્ય છે, તેથી મુમુક્ષુને સાધનનો ઉપદેશ કરતાં, ‘પુત્રાદિ ત્યાગ કરવા યોગ્ય છે’ એવો ઉપદેશ કરે, પરન્તુ એની ઉપાસનાનો ઉપદેશ કરે નહિ. આ હેતુથી પણ નિર્ગુણ બ્રહ્મ જગત્કારણ છે એવા આશયથી, ‘ત્યાજ્ય કહ્યું નથી તેથી’ એમ સૂત્રકાર બીજો હેતુ કહે છે. વળી,

---

(બ્ર. સૂ. ૧–૧–૪) સૂત્રથી વ્યાસજીએ ‘જગતના કર્તાની ઇચ્છા કહેલી હોવાથી પ્રકૃતિમાં આ કર્તૃત્વ રહેલું નથી’ એમ સિદ્ધ કર્યું ત્યારે ‘ઇચ્છાનો પ્રયોગ ગૌણ છે તેથી પ્રકૃતિમાં જ કર્તૃત્વ રહેલું છે’ એવી સાંખ્યની શંકા થઈ તે દૂર કરવા **‘गौणश्चेन्नात्मशब्दात्’** (બ્ર. સૂ. ૧–૧–૫) સૂત્ર યોજ્યું છે. ઇચ્છાનો પ્રયોગ ગૌણ છે એમ કહેવાય નહિ, કારણ કે **‘सेयं देवतैक्षत हन्ताहमिमास्तिस्रो देवता अनेन जीवेनात्मनानुप्रविश्य नामरूपे व्याकरवाणि’** એ વાક્યમાં ઇચ્છા કરનારને માટે ‘આત્મ’શબ્દનો પ્રયોગ કર્યો છે. ‘આત્મ’શબ્દનો પ્રયોગ જડ પ્રકૃતિ માટે થઈ શકે નહિ.

અહીં શંકા થાય કે શ્રુતિમાં ‘આત્મ’શબ્દનો પણ ઉપચારથી પ્રકૃતિ માટે જ પ્રયોગ કર્યો છે; જેવી રીતે આપણું સર્વ કાર્ય કરનાર સેવક માટે ‘ભદ્રસેન મારો આત્મા છે’ એમ ‘આત્મ’શબ્દનો પ્રયોગ કરીએ છીએ, તેમ જ ઉપરના વાક્યમાં પ્રકૃતિ માટે ‘આત્મ’શબ્દનો પ્રયોગ ઉપચારથી કર્યો છે; તો એનો નિરાસ કરવા **‘तन्निष्ठस्य मोक्षोपदेशात्’** (બ્ર. સૂ. ૧–૧–૬) સૂત્ર યોજ્યું છે. એનો અર્થ એવો છે કે જેને માટે ‘આત્મ’શબ્દનો પ્રયોગ કર્યો છે તેમાં જે નિષ્ઠ હોય તેને મોક્ષની પ્રાપ્તિ થાય છે, એમ શ્રુતિમાં કહેલું છે, તેથી ‘આત્મ’-શબ્દનો ઉપચારથી પ્રકૃતિ માટે પ્રયોગ કરેલો નથી, કારણ કે પ્રકૃતિમાં નિષ્ઠ હોય તેને મોક્ષની પ્રાપ્તિ થાય નહિ; પરંતુ મુખ્ય રીતે બ્રહ્મ માટે જ એનો પ્રયોગ કરેલો છે, કારણ કે બ્રહ્મમાં નિષ્ઠ હોય તેને જ મોક્ષની પ્રાપ્તિ થાય.

વળી, તમારા મતમાં ઉપાધિવાળું બ્રહ્મ જીવ બરાબર હોવાથી પુત્ર વગેરે જીવનો જેમ ત્યાગ કરવાનું શાસ્ત્રમાં કહેલું છે તેમ ઉપાધિવાળા બ્રહ્મનો પણ ત્યાગ કરવાનો જ ઉપદેશ શાસ્ત્રમાં હોવો જોઇએ, પરંતુ ત્યાગ કરવાનો જ ઉપદેશ ન કરતાં એની ઉપાસના કરવાનો જ ઉપદેશ સર્વત્ર છે. તમારા મત પ્રમાણે બ્રહ્મ જીવ બરાબર જ હોય તો મુમુક્ષુના સાધનના ઉપદેશમાં એની ઉપાસના કરવાનો ઉપદેશ ન જ હોય. આ પણ એ જ સિદ્ધ કરે છે કે નિર્ગુણ બ્રહ્મ જ જગતનું કારણ છે અને ઉપાધિવાળું બ્રહ્મ જગતનું કારણ નથી. આવા જ આશયથી વ્યાસજીએ પણ ‘ત્યાજ્ય અર્થાત્ ત્યાગ કરવા લાયક કહ્યું નથી તેથી’ (બ્ર. સૂ. ૧–૧–૭) સૂત્ર યોજ્યું છે. વળી, ‘હવે બ્રહ્મનો વિચાર’ (બ્ર. સૂ. ૧–૧–૧) એમ પ્રથમ સૂત્રથી વ્યાસજીએ નિર્ગુણ બ્રહ્મનો વિચાર કરવાની પ્રતિજ્ઞા કરી, પછી દ્વિતીય ‘જેમાંથી આ જગતનાં જન્મ વગેરે થાય છે’ એ સૂત્રથી

'હવે તેથી બ્રહ્મનો વિચાર (કરીએ છીએ)' એમ નિર્ગુણ બ્રહ્મના વિચારની પ્રતિજ્ઞા કરી, એનું શું લક્ષણ, એવી આકાંક્ષા થવાથી, 'જેમાંથી આ (જગતનાં) જન્મ વગેરે થાય છે' એમ કહ્યું, એ સગુણ બ્રહ્મનું નિરૂપણ કરે છે એમ વદતાં વ્યાસજીની પ્રતિજ્ઞાહાનિ અને ઉપક્રમવિરોધ થાય છે એ જોતા નથી તેથી હૃદયશૂન્ય લાગો છો. વળી, એમ કહેતાં 'સર્વે વેદો જેના પદનું આમનન કરે છે.' (ક. ૧–૨–૧૫), 'સર્વ વેદોથી વેદાન્તકૃત હું જ વેદ્ય છુ' (ભ. ગી. ૧–૫–૧૫) ઇત્યાદિ શ્રુતિ-સ્મૃતિનો વિરોધ પણ થાય છે. તેથી (સવિશેષ અને નિર્વિશેષ બ્રહ્મનો) ભેદપક્ષ તો અયોગ્ય જ છે. દ્વિતીય (અભેદ) પક્ષ હોય—વિરોધને લીધે ન હોય —એમ કહેવાય નહિ. 'અસ્થૂલ' વગેરે વાક્યો જડ અને જીવના ધર્મનો જ બ્રહ્મમાં નિષેધ કરે છે, શ્રુતિસિદ્ધ જગત્કર્તૃત્વ વગેરે ધર્મનો નિષેધ કરતાં નથી એમ હોય તો (શ્રુતિ-

---

બ્રહ્મનું લક્ષણ કહ્યું. પ્રથમ સૂત્રમાં નિર્ગુણ બ્રહ્મનો વિચાર કરવાની પ્રતિજ્ઞા કરી તે બ્રહ્મ કયું, એવી આકાંક્ષા થાય તેથી એનો ઉત્તર આપવા દ્વિતીય સૂત્રમાં બ્રહ્મનું લક્ષણ આપ્યું. આ લક્ષણ નિર્ગુણ બ્રહ્મનું જ હોવું જોઈએ. તમે કહો છો તેમ સગુણ બ્રહ્મનું હોય તો પ્રથમ સૂત્રમાં કરેલી પ્રતિજ્ઞાની હાનિ થાય, અને બીજું સૂત્ર પ્રથમ સૂત્રથી વિરુદ્ધ થાય. વ્યાસજી આવી ચૂક કરે જ નહિ. આવી ચૂક વ્યાસજીએ કરી એમ કહેનાર હૃદયશૂન્ય જ ગણાય.

વળી, સગુણ બ્રહ્મ અને નિર્ગુણ બ્રહ્મ એવાં બે બ્રહ્મ ભિન્ન હોય તો 'સર્વે વેદો જેના પદનું આમનન કરે છે' 'સર્વ વેદોથી વેદાન્તકૃત્ હું જ વેદ્ય છું' (ભ. ગી. ૧૫–૧૫) વગેરે શ્રુતિ સ્મૃતિનો પણ વિરોધ થાય, કારણ કે એ શ્રુતિ સ્મૃતિ માત્ર એક જ બ્રહ્મ હોવાનું સૂચવે છે. વેદમાં માત્ર એક જ બ્રહ્મ વર્ણવેલું છે એવો સ્પષ્ટ ભાવાર્થ એમાંથી સ્ફુરે છે. આવા આવા દોષોથી યુક્ત હોવાથી સગુણ બ્રહ્મ અને નિર્ગુણ બ્રહ્મમાં ભેદ છે એ પક્ષ નિર્મૂલ જ છે.

બીજો 'સગુણ અને નિર્ગુણ બ્રહ્મ એક જ છે, ભિન્ન નથી' એવો પક્ષ યોગ્ય જ છે, કારણ કે આ પક્ષમાં ઉપાધિ સ્વીકારેલી નહિ હોવાથી બ્રહ્મ સ્વતંત્ર જ છે અને તેથી કેવલ ઇચ્છાથી જ જગતનાં સર્ગ સ્થિતિ અને લય કરી શકે છે. વળી, ઇચ્છાથી જ જગતનાં સર્ગ વગેરે થાય છે તેથી નિરંતર સર્ગ થયા કરે એ દોષ પણ રહેતો નથી અને જગતનું કારણ વસ્તુતઃ સ્વતંત્ર ઈશ્વર પોતે જ હોવાથી અનીશ્વરવાદમાં પર્યવસાન પણ થતું નથી. આ પ્રમાણે સર્વદોષરહિત હોવાથી આ પક્ષ યોગ્ય છે.

પૂર્વપક્ષી—એ પક્ષ પણ યોગ્ય નથી, કારણ કે એક જ બ્રહ્મ સગુણ અને નિર્ગુણ હોઈ શકે નહિ. એક જ પદાર્થને સગુણ અને નિર્ગુણ કહેવો એ પરસ્પર વિરુદ્ધ છે.

સિદ્ધાન્તી—એમ નથી, કારણ કે નિષેધનો વિષય ભિન્ન છે. જે બ્રહ્મના ગુણો સવિશેષ શ્રુતિ વર્ણવે છે તે ગુણોનો નિર્વિશેષ શ્રુતિ નિષેધ કરતી નથી, પરંતુ લૌકિક ગુણોનો જ નિષેધ કરે છે. 'અસ્થૂલ' વગેરે નિર્વિશેષ શ્રુતિઓ લૌકિક જડ અને જીવના ધર્મનો જ બ્રહ્મમાં નિષેધ કરે છે, અપ્રાકૃત ઈશ્વરના ધર્મ જગતનું કર્તૃત્વ વગેરેનો નિષેધ કરતી નથી. કદાપિ સવિશેષ શ્રુતિમાં વર્ણવેલા અપ્રાકૃત જગતનું કર્તૃત્વ વગેરે ધર્મનો પણ

સિદ્ધ ધર્મનો નિષેધ કરતા હોય તો) 'પંકમાં પડી એનું પ્રક્ષાલન કરવા કરતાં દૂરથી ત્યાગ કરવો સારો' એ ન્યાયે ધર્મનું પ્રતિપાદન જ વ્યર્થ થાય. વળી, તમારા મતમાં બ્રહ્મનિરૂપક મહાવાકયમાં સૃષ્ટિનિરૂપક વાકયની સંગતિ થતી નથી, કારણ કે એ બ્રહ્મનું નિરૂપણ કરતાં નથી.

અધ્યારોપાપવાદ

અધ્યારોપ અને અપવાદરૂપ સંગતિ છે, કારણ કે શુદ્ધ બ્રહ્મ દુર્જ્ઞેય હોવાથી એનું જ્ઞાન થાય માટે, જગજ્જનન કહી બ્રહ્મનાં કર્તૃત્વ ભોકતૃત્વનું પ્રતિપાદન કરી, એનાથી સોપાધિક બ્રહ્મનું જ્ઞાન થવાથી, શાખારુન્ધતીન્યાયે પૂર્વોક્ત

નિર્વિશેષ શ્રુતિ નિષેધ કરે છે એમ માનીએ, તો સવિશેષ શ્રુતિ વ્યર્થ થઈ જાય. **'प्रक्षालनाद्धि पङ्कस्य दूरादस्पर्शनं वरम्'** 'કીચડમાં પડી કીચડ ધોવો એ કરતાં દૂરથી એને સ્પર્શ કર્યા વિના જવું એ વધારે સારું છે' એ ન્યાયે બ્રહ્મમાં ગુણનું વર્ણન કરવું અને પછી એનો નિષેધ કરવો, એ કરતાં ગુણનું વર્ણન ન જ કરવું વધારે સારું એટલું ભાન વેદને પણ અવશ્ય હોવું જ જોઈએ. તેથી જો આગળ ગુણનો નિષેધ જ કરવો હોત તો પ્રથમથી જ વેદ ગુણનું વર્ણન કરત નહિ. તેથી જ **'यतो वाचो निवर्तन्तेऽप्राप्य मनसा सह'** 'જયાંથી વાણી મન સહિત પહોંચ્યા વિના પાછી ફરે છે' શ્રુતિ, **'आत्मा वारे द्रष्टव्यो श्रोतव्यः'** 'આત્માનું દર્શન કરવું શ્રવણ કરવું' શ્રુતિએ વર્ણવેલાં શ્રોતવ્યત્વ વગેરે ગુણોનો નિષેધ કરતી નથી. જે વાણી બ્રહ્મને પહોંચતી નથી તે લૌકિક વાણી જ છે. મન બ્રહ્મને પહોંચતું નથી એ અશુદ્ધ મન જ છે; તેથી પ્રથમ શ્રુતિ લૌકિક વાણી અને અશુદ્ધ મન બ્રહ્મને પહોંચતાં નથી એમ જ કહે છે. તેથી સવિશેષ શ્રુતિ બ્રહ્મના અપ્રાકૃત અલૌકિક ગુણનું વર્ણન કરે છે અને નિર્વિશેષ શ્રુતિ બ્રહ્મમાં પ્રાકૃત જડ જીવના ધર્મનો નિષેધ કરે છે. ઉભય શ્રુતિનો વિષય ભિન્ન હોવાથી, ઉભય પ્રકારની શ્રુતિ એક જ બ્રહ્મનું નિરૂપણ કરે છે, તેથી પણ વિરોધ નથી.

વળી, તમારા મત પ્રમાણે નિર્ગુણ બ્રહ્મ જગતનું કર્તૃ નહિ હોવાથી બ્રહ્મનિરૂપક મહાવાકયમાં સૃષ્ટિનિરૂપક વાકયોની સંગતિ થતી નથી. **'ब्रह्मविदाप्नोति परम्'** 'બ્રહ્મ જાણનાર પરને પામે છે' શ્રુતિ બ્રહ્મનું નિરૂપણ કરે છે, તેની સાથે **'तस्माद्वा एतस्मादात्मन आकाशः संभूतः'** 'આ આત્મામાંથી આકાશ ઉત્પન્ન થયું' એ સૃષ્ટિનિરૂપક શ્રુતિની સંગતિ થતી નથી.

પૂર્વપક્ષી—એ શ્રુતિઓમાં અધ્યારોપાપવાદરૂપી સંગતિ છે. પ્રથમ બ્રહ્મમાં ગુણનો અધ્યારોપ કરવામાં આવે છે, બ્રહ્મમાં ગુણનો આરોપ કરી ગુણનો અપવાદ અથવા નિષેધ કરવામાં આવે છે. આ પ્રમાણે શ્રુતિઓ બ્રહ્મમાં ગુણનો અધ્યારોપ અને પછી અપવાદ કરે છે, તેથી બ્રહ્મમાં જગતના કર્તૃત્વનો પણ અધ્યારોપ અને પછી અપવાદ કરેલો છે, તેથી બ્રહ્મનિરૂપક અને સૃષ્ટિનિરૂપક વાકયમાં અધ્યારોપાપવાદરૂપી સંગતિ છે.

આ અધ્યારોપ અને અપવાદ પણ શ્રુતિ હેતપૂર્વક કરે છે, તેથી 'કાદવમાં પડી કાદવ ધોવા કરતાં દૂરથી સ્પર્શ કર્યા વિના જવું વધારે સારું' એ ન્યાયે શ્રુતિ અધ્યારોપ અને અપવાદ કરે નહિ એમ કહી શકાય નહિ. શુદ્ધ બ્રહ્મ ઘણું દુર્જ્ઞેય છે. શુદ્ધ બ્રહ્મનું જ્ઞાન થવું અતિશય કઠિન છે. શુદ્ધ બ્રહ્મનું જ્ઞાન થાય નહિ તેથી એ જ્ઞાન થવા માટે પ્રથમ સગુણ અથવા ઉપાધિવાળા બ્રહ્મનું જ્ઞાન શ્રુતિ કરાવે છે, તેથી શ્રુતિ બ્રહ્મને કર્તૃ ભોકતૃ વગેરે કહે છે. આ ઉપાધિવાળા સગુણ બ્રહ્મની ઉપાસના કરીએ તો આપણું ચિત્ત શુદ્ધ થાય. આવા ચિત્ત શુદ્ધ કરવાના હેતુથી જ

દૂર કરી, પછી કર્તૃત્વાદિરહિત બ્રહ્મનું જ્ઞાન થાય છે.—જગતની અપ્રતીતિ થાય તેથી એમ કહેવું યોગ્ય નથી, કારણ કે જગત્પ્રતીતિ શ્રુતિસિદ્ધ નથી તેથી પ્રથમ એનો બોધ કરી પછી એનો વિષેધ કરે છે એમ કહેવાય; પરન્તુ લોકસિદ્ધ છે, એમ હોવાથી એના કર્તાની અપેક્ષા થાય તેથી કર્તાનો ઉપદેશ કરે છે એમ કહેવું યોગ્ય છે, પરન્તુ લોકસિદ્ધ જગતનો અનુવાદ કરી એના કર્તાનો બોધ કરી પછી એનો નિષેધ કરે છે એમ કહેવું યોગ્ય નથી. એમ સોપાધિક બ્રહ્મમાં કર્તૃત્વનો નિષેધ હોય, તો કાર્ય પ્રતીતિસિદ્ધ હોવાથી અને અન્ય કોઈ કર્તા ન હોવાથી જગતનો જ અસંભવ થાય, અને તેથી અનુવાદનો વિષય બાધિત થાય. સર્વ અર્થનું તત્ત્વ પ્રતિપાદન કરનાર શ્રુતિ એમ કેમ કહે ? કારણ

શ્રુતિ ઉપાધિવાળા બ્રહ્મનું નિરૂપણ કરે છે, અર્થાત્ બ્રહ્મમાં કર્તૃત્વ ભોકતૃત્વ વગેરે ગુણનો અધ્યારોપ કરે છે, આ સગુણ બ્રહ્મની ઉપાસના કરવાથી ચિત્તની શુદ્ધિ થાય છે અને ઉપાધિવાળા અર્થાત્ સગુણ બ્રહ્મનું જ્ઞાન થાય છે. સગુણ બ્રહ્મનું જ્ઞાન થયા પછી પ્રથમ વર્ણવેલા કર્તૃત્વ ભોકતૃત્વ વગેરે ગુણો દૂર કરવાથી નિર્ગુણ બ્રહ્મનું જ્ઞાન થાય છે, સગુણ બ્રહ્મનું જ્ઞાન થયા પછી આ નિર્ગુણ બ્રહ્મનું જ્ઞાન શાખારુન્ધતીન્યાયથી થાય છે. અરુન્ધતી અતિસૂક્ષ્મ નક્ષત્ર હોવાથી એકદમ દેખાતી નથી, તેથી કોઈ ને અરુન્ધતી દેખાડવી હોય તો 'વૃક્ષની આ શાખા પર અરુન્ધતી રહી' એમ કહીએ, એટલે એ વૃક્ષની શાખા પર જુએ છે ત્યારે એને અરુન્ધતી દેખાય છે. પછી અરુન્ધતી જોવામાં શાખાની આવશ્યકતા રહેતી નથી, શાખા વિના એકલી અરુન્ધતી પણ જોઈ શકે છે. એ જ પ્રમાણે દુર્જ્ઞેય નિર્ગુણ બ્રહ્મનું જ્ઞાન કરાવવા વેદ પ્રથમ બ્રહ્મને જગતનું કર્તૃ ભોક્તૃ વગેરે કહે છે. પછી સગુણ બ્રહ્મનું બરાબર જ્ઞાન થાય ત્યારે કર્તૃત્વ ભોકતૃત્વ દૂર કરવાથી કેવલ નિર્ગુણ બ્રહ્મનું જ્ઞાન થાય છે, તેથી જ બ્રહ્મમાં આ ગુણોનો અધ્યારોપ કર્યા પછી શ્રુતિ એનો અપવાદ કરે છે.

સિદ્ધાન્તી—એમ કહેવું યોગ્ય નથી. અધ્યારોપ અને અપવાદનો સ્વીકાર કરી બ્રહ્મમાં કર્તૃત્વ વગેરેનો નિષેધ કરી શકાય નહિ, કારણ કે એમ હોય તો જગત દેખાય જ નહિ. શ્રુતિ પ્રથમ જગતનો બોધ કરે છે અને પછી એનો નિષેધ કરે છે એમ કહી શકાય નહિ, કારણ કે જગતની પ્રતીતિ વેદને લીધે થતી નથી, પરંતુ લોકથી જ થાય છે. વેદ આપણને જગત દેખાડતા નથી, પરંતુ આપણે આપણી મેળે જ જગત જોઈએ છીએ. વેદ પ્રથમ જગતનો બોધ કરે છે ને પછી એનો નિષેધ કરે છે એમ કહી શકાય નહિ, કારણ કે વેદ જગતનો બોધ કરતા જ નથી, આપણે આપણી મેળે જ જગત જોઇએ છીએ. આપણી મેળે આપણે જે જગત જોઈએ છીએ તેનો કર્તા હોવો જ જોઇએ, એમ એના કર્તાની અપેક્ષા થવાથી, વેદ માત્ર એ કર્તાનો ઉપદેશ કરે છે એમ જ કહેવું યોગ્ય છે. એને બદલે આપણે જે જગત જોઈએ છીએ તે જ જગતનો અનુવાદ કરી એના કર્તાનો બોધ કરી, પછી કર્તૃત્વનો નિષેધ કરે છે એમ કહેવું એ યોગ્ય નથી. લોકસિદ્ધ જગતનો અનુવાદ કરી, એના કર્તાનો બોધ કરી, પછી વેદ કર્તૃત્વનો નિષેધ કરતા હોય, તો કાર્ય જગત માત્ર પ્રતીતિસિદ્ધ થાય. આપણે જગતને જોઇએ છીએ તે જગતના કર્તૃત્વનો વેદ બ્રહ્મમાં નિષેધ કરતા હોય તો બીજો કોઈ કર્તા ન હોવાથી, જગતની પ્રતીતિ છીપમાં રહેલા રજતની પ્રતીતિ પેઠે

કે જગતનું અસત્ત્વ હોવાથી અનુવાદ સંભવતો નથી. અન્યથાનુપપત્તિ સર્વથી બલવાન છે.—કેવલ ઉપલબ્ધિથી વસ્તુસત્ત્વ કહી શકાય નહિ, કારણ કે સ્વપ્ન વગેરેમાં (સત્ત્વનો) એવો પ્રસંગ થાય. તેથી નિષેધક શ્રુતિનો ભાવાર્થ પ્રપંચનું અસત્ત્વ જ છે—તો દેવાનાંપ્રિય, પ્રતીતિની ઉપપત્તિ કરો. વાસનાથી (એ થાય છે) એમ કહી શકાશે નહિ, કારણ કે વાસના અનુભવજન્ય છે, અને જગતનું અસત્ત્વ હોવાથી પૂર્વ અનુભવનો અસંભવ જ છે. વાસના(સન્તાન) અનાદિ

ભ્રાન્તિ ગણાય, અને જગતનો કર્તા ન હોવાથી જગત જ હોઈ શકે નહિ. જગત ન હોવાથી વેદ જગતનો અનુવાદ કરે છે, એના વિષયનો પણ બાધ થાય છે. જગત જ ન હોવાથી જગતનો અનુવાદ યોગ્ય નથી. સર્વ અર્થનું તત્ત્વ પ્રતિપાદન કરનાર શ્રુતિ બેઠેલી ડાળ કાપવા પેઠે, અથવા મા વાંઝણી છે એવું આવા પ્રકારનું કથન કેમ કરે? તેથી વેદ કર્તૃત્વનો નિષેધ કરતા નથી. જગતનો કર્તા ન હોય તો જગત જ ન હોવું જોઈએ, અને તેથી એનો અનુવાદ પણ વેદ ન કરે. આ અનુવાદની અનુપપત્તિ સર્વથી બલિષ્ઠ હોવાથી અનુવાદ ત્રુટે તે માટે પણ જગતના કર્તૃત્વનો નિષેધ કરતા નથી એમ જ કહેવું પડે.

પૂર્વપક્ષી—જગતની ઉપલબ્ધિ થાય છે તેથી જ આપણાથી એમ કહી શકાય નહિ કે જગત છે. કોઇ પણ વસ્તુની પ્રતીતિ થાય એ પરથી જ એ વસ્તુ છે એમ એના સત્ત્વનો નિર્ણય કરી શકાય નહિ, કારણ કે માત્ર પ્રતીતિથી જ વસ્તુના સત્ત્વનો નિર્ણય કરીએ તો સ્વપ્નમાં ચિત્રવિચિત્ર પદાર્થની પ્રતીતિ થાય છે તે સમયે એ પદાર્થ છે એમ આપણે કહેવું પડશે, અર્થાત્ સ્વપ્નમાં અનુભવાતા સર્વ પદાર્થ સત્ય થઇ જશે. પરંતુ '**न तत्र रथा न रथयोगाः**' 'ત્યાં રથ નથી અશ્વ નથી' એ શ્રુતિ જ સ્વાપ્નિક પદાર્થના અસત્ત્વનો નિર્ણય કરે છે. ત્યાં રથ અને અશ્વ નથી, પરંતુ સ્વપ્નમાં રથ અને અશ્વનો આપણને અનુભવ થાય છે, અને એ રથ અને અશ્વનો '**अथ रथान् रथयोगान्**' શ્રુતિ અનુવાદ કરે છે. એ જ પ્રમાણે વસ્તુતઃ જગત સત્ય નથી, પરંતુ અજ્ઞાન અવસ્થામાં જગતની પ્રતીતિ થાય છે, અને શ્રુતિ પણ એ જગતનો અનુવાદ કરે છે.

સિદ્ધાન્તી—રે મૂર્ખ! ત્યારે પ્રતીતિ કેમ થાય છે એ સમજાવ. જગત અસત્ય જ હોય, વસ્તુતઃ જગત હોય જ નહિ, તો જગતની પ્રતીતિ કેમ થાય? જગતની પ્રતીતિ થવાનું કારણ શું?

પૂર્વપક્ષી—પ્રતીતિ વાસનાથી થાય છે.

સિદ્ધાન્તી—વાસનાથી પ્રતીતિ થઈ શકે નહિ, કારણ કે પદાર્થનો આપણને અનુભવ થાય ત્યાર પછી જ વાસના થઈ શકે. અનુભવ વાસનાનું કારણ છે, વાસના અનુભવથી જ થાય છે. તમે જગત અસત્ય કહો છો. જગત કોઇ પદાર્થ છે જ નહિ, તો જગત અથવા જગતના કોઈ પદાર્થનો અનુભવ પણ હોઇ શકે જ નહિ. જે પદાર્થ હોય જ નહિ તે પદાર્થનો અનુભવ ક્યાંથી જ થાય? અનુભવ ન હોય તો અનુભવનું કાર્ય વાસના પણ ક્યાંથી જ હોય?

પૂર્વપક્ષી—વાસનાસંતાન અનાદિ છે. પ્રથમ અનાદિ વાસનાથી જગતના પદાર્થનો ભ્રમરૂપી અનુભવ થાય છે, પછી આ અનુભવ વાસનાને ઉત્પન્ન કરે છે, એ વાસનાથી પાછો

હોવાથી પણ એની ઉપપત્તિ થતી નથી, કારણ કે સર્વ અનુભવ વાસનાનું જનન કરે એવો નિયમ ન હોવાથી કદાચિત્ કોઈ અર્થની પ્રતીતિ ન થાય એવો પ્રસંગ આવે. એવો નિયમ હોય તોપણ સર્વદા એનો ઉદ્બોધ કરનાર હોય એવો નિયમ ન હોવાથી, એવો પ્રસંગ આવે. ઉદ્બોધ કરનાર દૃષ્ટ હોય નહિ, કારણ કે (એમ હોય તો) અન્યોન્યાશ્રય થાય. અદૃષ્ટ પણ ન હોય, કારણ કે એ દૃષ્ટસામગ્રીસંપાદન દ્વારા જ કારણ થાય છે. વળી, 'વૈધર્મ્યને લીધે

એ પદાર્થનો અનુભવ થાય છે, એ પ્રમાણે વાસનાસંતાન અ ાદિ છે, તેથી 'પદાર્થ ન હોવાથી એનો અનુભવ ન થાય ને તેથી વાસના સંભવે નહિ' એમ કહી શકાય નહિ. આ પ્રમાણે વાસનાસંતાન અનાદિ છે, તેથી જગતમાં આપણે પહેલવહેલો જે પદાર્થ જોઈએ તે અનાદિ વાસનાથી દેખાય છે, એનો એ પદાર્થ ફરીથી જોઈએ ત્યારે એ ભ્રમરૂપી અનુભવથી ઉત્પન્ન થયેલી વાસનાથી દેખાય એમ માનવું.

સિદ્ધાન્તી—એમ કહેવાય નહિ, કારણ કે સર્વ અનુભવો વાસનાને ઉત્પન્ન કરે એવો નિયમ નથી. પ્રથમ અનાદિ વાસનાસંતાનથી આપણે અમુક પદાર્થનો અનુભવ કર્યો, એ અનુભવથી ભ્રમરૂપી વાસના થઈ, એનાથી અનુભવ થયો; એ પ્રમાણે વારંવાર અનુભવ થાય તે દરેક સમયે અનુભવથી વાસના ઉત્પન્ન થવી જ જોઈએ એવો નિયમ નથી, તેથી જ્યારે અનુભવથી વાસના ન થાય ત્યારપછી આપણને એ પદાર્થનો કોઈ સમયે અનુભવ થઈ શકે જ નહિ, કારણ કે અનુભવના કારણ વાસનાસંતાનનો છેદ થઈ ગયો. ધારો કે જ્યારે અનુભવ થાય ત્યારે એ અનુભવથી વાસના ઉત્પન્ન થાય એવો નિયમ જ છે, તોપણ વાસનાથી જ અનુભવ થતો નથી, એને જાગ્રત કરનારની આવશ્યકતા છે. જગત અસત્ય જ હોય, જગત હોય જ નહિ, તો વારંવાર વાસના હોવા છતાં એને જાગ્રત કરનાર મળી જ આવે એવો નિયમ નથી. કોઈ સમયે ઉદ્બોધક એટલે જાગ્રત કરનાર ન મળવાથી પણ આપણને જગતનો અનુભવ થવો જોઈએ નહિ.

પૂર્વપક્ષી—કાલ એ જ ઉદ્બોધક છે. કાલ સર્વદા છે જ અને કાલરૂપી ઉપાધિ સર્વદા હોવાથી ઉદ્બોધક કોઈ સમયે ન હોય એમ બને જ નહિ.

સિદ્ધાન્તી—કાલ માત્ર સહકારિ કારણ જ છે, ઉદ્બોધક છે જ નહિ. કાલ ઉદ્બોધક હોઈ શકે જ નહિ. ઉદ્બોધક સર્વદા હોય જ, તો એ દૃષ્ટ છે કે અદૃષ્ટ? અર્થાત્ એ અનુભવી શકાય એવું છે કે અનુભવી શકાય નહિ એવું છે? દૃષ્ટ છે એમ કહી શકાય નહિ, કારણ કે અન્યોન્યાશ્રય દોષ પ્રાપ્ત થાય છે. દૃષ્ટનો અનુભવ થઈ શકે છે. વાસનાથી દૃષ્ટની પ્રતીતિ થાય છે અને અનુભવેલું દૃષ્ટ વાસનાનું ઉદ્બોધક હોવાથી વાસના ઉત્પન્ન કરે છે. એ પ્રમાણે દૃષ્ટનું કારણ વાસના અને વાસનાનું કારણ દૃષ્ટ, એ અન્યોન્યાશ્રય થાય છે. અદૃષ્ટ પણ ઉદ્બોધક થઈ શકે નહિ, કારણ કે દૃષ્ટસામગ્રીથી જ અદૃષ્ટ બંધાય છે. તેથી દૃષ્ટસામગ્રીની મારફત જ એ વાસનાનું ઉદ્બોધક થઈ શકે, અને દૃષ્ટસામગ્રીની એને આવશ્યકતા હોવાથી પ્રથમની પેઠે અન્યોન્યાશ્રય દોષ થાય. વળી દૃષ્ટથી વાસના અને વાસનાથી દૃષ્ટની પ્રતીતિ, એનાથી વાસના, એ પ્રમાણે કોઈ સ્થલે અટકાય નહિ. અનુભવનું કારણ વાસના અને વાસનાનું કારણ અનુભવ, એનું કારણ વાસના, એ પ્રમાણે કોઈ સ્થલે કારણપણાનો અંત આવશે નહિ, તેથી અનવસ્થા-દોષ પ્રાપ્ત થાય છે.

સ્વપ્નાદિ પેઠે નથી' (બ્ર. સૂ. ૨-૨-૨૯) એ તત્ત્વસૂત્રનો વિરોધ થાય છે.

પૂર્વપક્ષ : જીવની અવિદ્યાને લીધે જગતની પ્રતીતિ થાય છે.

પૂ૦—જીવની અવિદ્યા એ જ જગત્પ્રતીતિનું કારણ છે, કારણ કે જીવ અને બ્રહ્મના અભેદનો બોધ કરનાર શ્રુતિએ ત્યાં જ ભેદ જ્ઞાનનિવર્ત્ય છે એમ કહી, ભેદ અતાત્ત્વિક અજ્ઞાનકૃત છે, એમ નિરૂપણ કર્યું (એમ સમજવું), કારણ કે પરમાર્થતઃ ભિન્નનો અભેદ સંભવતો નથી, અને જ્ઞાન પણ અજ્ઞાનનું જ નિવર્તક છે. 'આનો અવિદ્યાથી બન્ધ અનાદિ છે' એ વચનને લીધે જીવ અને બ્રહ્મનો ભેદ અનાદિ છે તેથી, અનાદિ અજ્ઞાનરૂપ, 'હું અજ્ઞ છું' એમ અનુભવ-

---

પૂર્વપક્ષી—(વાસનાથી અનુભવ અને અનુભવથી વાસના એ પ્રમાણે અનાદિ કાળથી ચાલ્યું આવે છે. તેથી બીજથી વૃક્ષ અને વૃક્ષથી બીજ એ દૃષ્ટાંતમાં જેમ અનવસ્થા-દોષ નથી તેમ અહીં પણ અનવસ્થા-દોષ નથી).

સિદ્ધાન્તી—તોપણ "વૈધર્મ્યને લીધે સ્વપ્નાદિ પેઠે નથી" (બ્ર. સૂ. ૨૨-૨૯) એ તત્ત્વ-સૂત્રનો વિરોધ થાય છે. જગત સ્વપ્ન વગેરે જેવું નથી. 'વગેરે' શબ્દમાં માયા અને ભ્રમનો સમાવેશ થાય છે, તેથી જગત સ્વપ્ન માયા અથવા ભ્રમ જેવું નથી, કારણ કે જગતમાં અને સ્વપ્ન વગેરેમાં ભેદ છે. સ્વપ્નમાં અનુભવેલા પદાર્થનો પુનઃ તરત જ બીજા સ્વપ્નમાં એવો જ અનુભવ થતો નથી, પરંતુ જગતમાં અનુભવેલા પદાર્થનો એવો જ અનુભવ ઘણા સમય પછી પણ થાય છે; તેથી જગતમાં અને સ્વપ્ન વગેરેમાં ભેદ છે. વળી, સ્વપ્ન વગેરેમાં જે ફલ પ્રાપ્ત કરવાનાં સાધનોનો અનુભવ થાય તે સાધનો જાગીએ ત્યારે ઉપયોગમાં આવતાં નથી, પરંતુ જગતમાં જે સાધનોનો અનુભવ કરીએ છીએ તે મોક્ષ પ્રાપ્ત કરવામાં ઉપયોગી થાય છે; તેથી પણ જગત અને સ્વપ્ન વગેરેમાં ભેદ છે.

આ પ્રમાણે જગતની પ્રતીતિની ઉપપત્તિ કરવા કલ્પેલા અધ્યારોપાપવાદનું ખંડન થયું. હવે અવિદ્યાથી જગતની પ્રતીતિ થાય છે એ પક્ષનું ખંડન કરવા પ્રથમ પૂર્વપક્ષ કરે છે.

પૂર્વપક્ષી—જીવનું અજ્ઞાન જ જગતની પ્રતીતિનું કારણ છે. બ્રહ્મથી જીવને જુદો પાડનારું મૂલ અજ્ઞાન જ છે. આ જીવના અજ્ઞાનથી જ જગતની પ્રતીતિ થાય છે. 'હું બ્રહ્મ નથી, પણ અમુક જીવ છું' એવા પ્રકારની અવિદ્યા એ જ આ અજ્ઞાન છે. વસ્તુતઃ જીવ બ્રહ્મથી ભિન્ન નથી. '**तत्त्वमसि श्वेतकेतो**' 'હે શ્વેતકેતુ, તું એ છે' એ શ્રુતિ જ જીવ અને બ્રહ્મના અભેદનો બોધ કરે છે, તેથી પણ ભેદ અતાત્ત્વિક છે. ભેદ તાત્ત્વિક હોય તો, વસ્તુતઃ સત્ય હોય તો વસ્તુતઃ ભિન્ન પદાર્થોનો અભેદ સંભવે જ નહિ, તેથી શ્રુતિ જીવ અને બ્રહ્મના અભેદનો બોધ કરે જ નહિ. બ્રહ્મ અને જીવનો ભેદ અતાત્ત્વિક અર્થાત્ મિથ્યા છે, કારણ કે એ અજ્ઞાનથી થયેલો છે. વળી, એ ભેદ અજ્ઞાનથી જ થયેલો છે, કારણ કે જ્ઞાનથી એ દૂર થાય છે. જ્ઞાન અજ્ઞાનને જ દૂર કરે છે, અને આ ભેદ પણ જ્ઞાનથી જ દૂર થાય છે, તેથી એ અજ્ઞાનથી થયેલો જ હોવો જોઈએ. છીપમાં દેખાતા રજતની પેઠે જે જે જ્ઞાનથી દૂર થાય છે તે તે અજ્ઞાનથી જ થયેલું હોય છે.

આ અજ્ઞાન માત્ર જ્ઞાનનો અભાવ જ નથી, પરંતુ ભાવરૂપ 'હું અજ્ઞ છું' એમ અનુભવથી સિદ્ધ જીવ બ્રહ્મનો ભેદ કરનારી અવિદ્યા જ છે. એ માત્ર જ્ઞાનનો અભાવ જ નથી, પરંતુ ભાવરૂપ છે. જેમ અમિત્ર એટલે મિત્ર નહિ તે, અર્થાત્ કોઈ તટસ્થ પુરુષ

સિદ્ધ ભાવરૂપ અવિદ્યાને જ એનો (ભેદનો) અવચ્છેદ કરનાર માનવી. તેથી વિચિત્રપરિણામશીલ દોષરૂપ અવિદ્યાને જ લીધે વિચિત્ર જગતની પ્રતીતિ થાય છે. કાર્ય કારણ સજાતીય છે તેથી કાર્ય તુચ્છ હોવાથી એનું કારણ પણ એવું જ હોવું જોઈએ એ યોગ્ય જ છે. જેમ મુખના કેવલ સમ્બન્ધથી જ દર્પણાદિ (પદાર્થ) બિમ્બ પ્રતિબિમ્બ ભેદનાં નિમિત્ત થાય છે, તેમ ચિદ્રૂપ બ્રહ્મના કેવલ સંબંધથી જ એ પણ ભેદનું નિમિત્ત થાય છે. (જીવબ્રહ્મ) ભેદકૃત (પોતાના) અધ્યાસને લીધે પોતામાં અજ્ઞત્વ કર્તૃત્વ ભોક્તૃત્વ માનનાર

એમ નથી, પરંતુ આપણું અહિત કરનાર દુશ્મન જ છે, તેમ અજ્ઞાન એટલે જ્ઞાનનો અભાવ એમ નહિ, પરંતુ આપણને ભ્રમ ઉત્પન્ન કરનાર ભાવરૂપ અવિદ્યા છે. આ અવિદ્યાનાં તમઃ મોહ મહાતમઃ તામિસ્ર અને અંધતામિસ્ર એ પાંચ પર્વ છે. એમાં તમઃ અર્થાત્ સ્વરૂપનું અજ્ઞાન એ અવિદ્યાનું પ્રથમ પર્વ અન્ય સર્વનું મૂલ છે. આ અવિદ્યા અનાદિ છે. ‘જીવનો બંધ અવિદ્યાથી અનાદિ છે’ એ વચનથી જીવના બંધનું કારણ જીવ અને બ્રહ્મનો વિભાગ અનાદિ છે, અને એ વિભાગ કરનારી અવિદ્યા પણ અનાદિ છે. જીવનો બંધ અનાદિ છે તેથી એ બંધનું કારણ જીવ અને બ્રહ્મનો વિભાગ પણ અનાદિ હોવા જોઈએ, અને તેથી એ વિભાગનું કારણ અવિદ્યા પણ અનાદિ હોવી જોઈએ. જીવ અનાદિ કાળથી બદ્ધ છે, અને જીવ અને બ્રહ્મ વસ્તુતઃ એક જ છે તોપણ બ્રહ્મને બંધ થતો નથી, કારણ કે જીવ અને બ્રહ્મનો વિભાગ થયા પછી જીવને બંધ થાય છે, વિભાગ થયા પહેલાં જીવને બંધ નથી. અહીં ‘અનાદિ’ શબ્દનો ‘આદિ અર્થાત્ આરંભ રહિત’ એવો અર્થ નથી, પરંતુ અનાદિ એટલે ‘ચિરંતન અર્થાત્ ઘણા લાંબા સમયથી ચાલ્યું આવેલું’ એવો અર્થ છે.

આ વિચિત્ર રૂપે પરિણામ પામતી દોષરૂપ અવિદ્યાથી જ વિચિત્ર જગતની પ્રતીતિ થાય છે. વસ્તુતઃ જગત છે જ નહિ, પરંતુ આ અવિદ્યાથી જગતની પ્રતીતિ થાય છે. તુચ્છ જગતનું કારણ તુચ્છ અવિદ્યા હોય એ યોગ્ય જ છે. કાર્ય કારણ જેવું જ હોવું જોઈએ, તેથી કાર્ય જગત તુચ્છ હોવાથી એનું કારણ બ્રહ્મ હોઈ શકે જ નહિ, પરંતુ તુચ્છ અવિદ્યા જ એનું કારણ હોવું જોઈએ.

વળી, માત્ર મુખના સંબંધથી જ દર્પણ બિંબ પ્રતિબિંબના ભેદનું કારણ થાય છે, તેમ ચિદ્રૂપ બ્રહ્મના સંબંધથી જ અવિદ્યા જીવ અને બ્રહ્મના ભેદનું કારણ થાય છે. જેમ માત્ર દર્પણની સંનિધિથી જ બિંબ અને પ્રતિબિંબ એવા ભેદ પડે છે, તેમ માત્ર અવિદ્યાની સંનિધિ જ બ્રહ્મ અને જીવ એવા ભેદ પાડે છે. તેથી માયાનાં બે કાર્ય થાય છે: (૧) એ જીવ અને બ્રહ્મને જુદાં પાડે છે આ એનું નૈમિત્તિક કાર્ય છે. (બ્રહ્મના સંબંધમાં આવવારૂપ નિમિત્તથી આ પહેલું કાર્ય થાય છે). (૨) વિચિત્ર જગતની પ્રતીતિ કરાવવારૂપ બીજું એનું ઉપાદેય (સ્વીકારેલું) કાર્ય છે, તેથી આ પ્રતિબિંબરૂપ જીવમાં ‘હું અમુક છું’ એવો અધ્યાસ થાય છે અને એનાથી સંસાર થાય છે. આવો અધ્યાસ થવાથી જીવ પોતાને અજ્ઞ કર્તા ભોક્તા વગેરે માને છે, અને તેથી જ ‘સ્વર્ગની ઇચ્છાવાળાએ યજ્ઞ કરવો’ વગેરે વિધિથી પોતાને એ પ્રમાણે વર્તવાની આવશ્યકતા માને છે, અને ‘હું સંધ્યા આદિ નહિ કરું તો મને દોષ થશે’ એમ માને છે. ત્યાર પછી શમ દમ વગેરે સાધનોથી અને બ્રહ્મનાં શ્રવણ મનન નિદિધ્યાસન વગેરેથી અવિદ્યાના અધિષ્ઠાનરૂપ પોતાના આત્માનું અદ્વૈત કૂટસ્થ ચિદેકરસ સ્વરૂપનું જ્ઞાન થાય છે. શમ દમ વગેરે સાધનોથી ચિત્ત શુદ્ધ થાય છે, અને શુદ્ધ ચિત્તથી શ્રવણ મનન અને નિદિધ્યાસન કરવાથી અવિદ્યાના અધિષ્ઠાન પોતાના આત્માના સત્ય સ્વરૂપનું જ્ઞાન થાય છે,

જીવ વિધિનિયોજ્ય વગેરે ભાવ ધરે છે. જેમ રજ્જુસ્વરૂપજ્ઞાનથી પ્રાચીન સર્પનો અનુભવ અને એનાથી થતા ભયની નિવૃત્તિ થવાથી સ્વાસ્થ્ય થાય છે, તેમ શમ, દમ, ગુરુઉપસત્તિ, એઓનો ઉપદેશ, શ્રવણ, મનન અને નિદિધ્યાસન વડે અવિદ્યાના અધિષ્ઠાનરૂપ સ્વકીય આત્મા અદ્વૈત કૂટસ્થ ચિદેકરસ છે એમ સ્વરૂપ-જ્ઞાન થવાથી અજ્ઞાનની નિવૃત્તિ થાય છે, અને તેથી અજ્ઞાન કાર્યરૂપ પ્રપંચની પણ નિવૃત્તિ થવાથી 'બ્રહ્મ જાણનાર બ્રહ્મ જ થાય છે' ઇત્યાદિ શ્રુતિનિરૂપિત મોક્ષ થાય છે.—અવિદ્યાસંબંધ અજ્ઞ બનાવનાર હોવાથી સર્વજ્ઞ બ્રહ્મમાં સંભવે નહિ. જીવ અને બ્રહ્મનું ઐક્ય અંગીકાર કરેલું હોવાથી અવિદ્યાનો આશ્રય જીવ પણ હોઈ શકે નહિ. આથી જ જીવનું પણ અજ્ઞત્વ અનુપપન્ન છે.

પ્રતિબિંબવાદ અને એનું ખંડન

એમ નહિ, કારણ કે જપાકુસુમને લીધે અરુણ સ્ફટિકસ્તમ્ભની શ્રેણિમાં

ત્યારે 'હું અમુક જીવ છું' એવા અજ્ઞાનને સ્થાને 'હું અદ્વૈત કૂટસ્થ ચિદેકરસ બ્રહ્મ જ છું' એવું જ્ઞાન થાય છે. આ જ્ઞાનથી અજ્ઞાન દૂર થાય છે. આ જ્ઞાન અજ્ઞાનના નાશનું કારણ છે. અજ્ઞાન દૂર થવાથી અજ્ઞાનનું કારણ પ્રપંચ અર્થાત્ જગત પણ દૂર થાય છે. અજ્ઞાન દૂર થવાથી જગત પણ અસત્ય મિથ્યા છે એમ એને ભાન થાય છે, કારણ કે અજ્ઞાનનો નાશ થાય ત્યારે એના કાર્ય જગતની પણ નિવૃત્તિ થાય એ સ્વાભાવિક જ છે. જગતની નિવૃત્તિ થવાથી 'બ્રહ્મ જાણનાર બ્રહ્મ જ થાય છે' એ શ્રુતિએ વર્ણવેલો મોક્ષ થાય છે. મોક્ષ સ્વતઃ થાય છે. સાધનો માત્ર અજ્ઞાનની નિવૃત્તિ કરે છે, મોક્ષ ઉત્પન્ન કરતાં નથી, કારણ કે મોક્ષ બ્રહ્મરૂપ હોવાથી ઉત્પન્ન થતો નથી, મોક્ષ સ્વતઃ થાય છે. જેમ રજ્જુને ભ્રાંતિથી સર્પ માનીએ ત્યારે ભય ઉત્પન્ન થાય છે, પરંતુ એ રજ્જુ છે, સર્પ નથી, એવું જ્ઞાન થાય ત્યારે પ્રથમ એમાં થયેલો સર્પનો અનુભવ અને એનાથી થતો ભય દૂર થાય છે અને સ્વાસ્થ્ય પ્રાપ્ત થાય છે, તેમ જ્યાંસુધી ભ્રાંતિથી જગત સત્ય માનીએ ત્યાંસુધી જગતનાં દુઃખ વગેરે આપણને બાધ કરે છે, પરંતુ બ્રહ્મના સત્ય સ્વરૂપનું જ્ઞાન થાય ત્યારે અજ્ઞાન અને એનું કાર્ય જગત દૂર થવાથી મોક્ષ પ્રાપ્ત થાય છે

સિદ્ધાન્તી—બ્રહ્મ સર્વજ્ઞ હોવાથી એને અવિદ્યાનો સંબંધ થઈ શકે નહિ, કારણ કે જેને જેને અવિદ્યાનો સંબંધ હોય તે તે અજ્ઞ જ હોવું જોઈએ. બ્રહ્મને અવિદ્યાનો સંબંધ હોય તો એ સર્વજ્ઞ હોઈ શકે નહિ, પરંતુ અજ્ઞ થઈ જાય. તેથી બ્રહ્મને અવિદ્યાનો સંબંધ હોય જ નહિ. તેમ જીવ અને બ્રહ્મને એક માનો છો તેથી જીવને પણ અવિદ્યાનો સંબંધ હોઈ શકે નહિ. આ જ કારણથી જીવ પણ અજ્ઞ હોઇ શકે નહિ. જીવ અને બ્રહ્મને એક માનો છો તો બ્રહ્મ પણ અજ્ઞ થઈ જાય. અર્થાત્ માયા અને અવિદ્યાને એક જ માનો છો તો એક જ વસ્તુના સંબંધથી બ્રહ્મનાં સર્વજ્ઞ અને અજ્ઞ એવાં બે સ્વરૂપ ભિન્ન ભિન્ન કેમ થાય?

(આ પ્રમાણે અવચ્છેદનો આક્ષેપ થવાથી, માયા અને અવિદ્યાને ભિન્ન માની પ્રતિ-બિંબવાદથી પૂર્વપક્ષી સમાધાન કરે છે:)

પૂર્વપક્ષી—એમ નથી. જેમ જપાકુસુમને લીધે લાલ દેખાતી સ્ફટિકમણિના સ્તંભની

પડતા પુરુષપ્રતિબિંબના અરુણત્વ પેઠે જીવમાં અજ્ઞત્વનો આભાસ ઉપપન્ન છે. એના બિંબની ઉજ્જવલતા પેઠે બ્રહ્મમાં સર્વજ્ઞત્વ ઉપપન્ન જ છે. અવિદ્યા (અજ્ઞત્વનો) આશ્રય હોવાથી અભેદ અનુપપન્ન નથી.

સિ૦—અત્ર કહીએ છીએ. જીવની એ શક્તિ છે તો પ્રથમ જીવસ્વરૂપનો વિચાર કરવો જોઈએ. ત્યાં (આ વિચારમાં) જીવ બ્રહ્મનું પ્રતિબિંબ છે એ પક્ષ યુક્તિવિરુદ્ધ છે, કારણ કે બ્રહ્મ રૂપરહિત હોવાથી અને પ્રતિબિંબનો આશ્રય અજ્ઞાન અસ્વચ્છ હોવાથી, ક્યાં કોનું પ્રતિબિંબ પડે ? કારણ કે રૂપવાળા (પદાર્થ)નું જ પ્રતિબિંબ (પડે) એવો નિયમ છે. દૃષ્ટને અનુસરી કલ્પના કરવી ઉચિત છે, નહિ તો વાયુ અને કાષ્ઠ (અનુક્રમે) બિંબ અને પ્રતિબિંબાશ્રય થાય—દર્પણ વગેરેમાં આકાશનું પ્રતિબિંબ દેખાય છે-ના, એટલા પ્રદેશમાં રહેલું પ્રભામંડલ રૂપવાળું હોવાથી એનું જ (પ્રતિબિંબ) દેખાય છે. વળી, દર્પણ-રેખા પેઠે જે જ્યાં હોય તેનું ત્યાં પ્રતિબિંબ પડતું નથી; તેથી સર્વગત બ્રહ્મ

હારમાં પડતું પુરુષનું પ્રતિબિંબ લાલ દેખાય છે તેમ અવિદ્યામાં પડતા બ્રહ્મના પ્રતિબિંબમાં અજ્ઞત્વ જણાય છે. એ પ્રતિબિંબ જીવ છે અને એ આપણને અજ્ઞ જણાય છે, પરંતુ જેનું પ્રતિબિંબ લાલ સ્ફટિકમણિના સ્તંભની હારમાં પડે છે તે પુરુષ પોતે ઉજ્જવળ દેખાય છે, લાલ દેખાતો નથી; એમ બ્રહ્મ સર્વજ્ઞ રહે છે, અજ્ઞ થતું નથી. વળી અજ્ઞત્વ અવિદ્યાનો આશ્રય કરી રહેલું છે તેથી વસ્તુતઃ બ્રહ્મ અને જીવ એક જ છે.

(આ મત પ્રમાણે માયા અને અવિદ્યા ભિન્ન ભિન્ન છે. માયાના પ્રદેશમાં રહેલું ચૈતન્ય અથવા માયામાં ચૈતન્યનું પ્રતિબિંબ ઈશ્વર છે અને અવિદ્યામાં ચૈતન્યનું પડેલું પ્રતિબિંબ જીવ છે.)

સિદ્ધાન્તી—જગતનો ભ્રમ ઉત્પન્ન કરનારી અવિદ્યા જેની શક્તિ છે તે જીવના સ્વરૂપનો પ્રથમ વિચાર કરવો જોઈએ. જીવ બ્રહ્મનું અવિદ્યામાં પડેલું પ્રતિબિંબ છે એમ કહી શકાય નહિ, કારણ કે બ્રહ્મ રૂપ વગરનું છે, અને અવિદ્યા પણ સ્વચ્છ નથી. રૂપવાળા મુખ વગેરે પદાર્થનું જ પ્રતિબિંબ પડે, અને એ પણ દર્પણ વગેરે સ્વચ્છ પદાર્થમાં જ પડે. રૂપ વગરના બ્રહ્મ જેવા પદાર્થનું પ્રતિબિંબ પડે જ નહિ, તેમજ અવિદ્યા જેવા અસ્વચ્છ પદાર્થમાં પ્રતિબિંબ સંભવે જ નહિ. ધારો કે રૂપ વગરના પદાર્થનું અસ્વચ્છ પદાર્થમાં પ્રતિબિંબ પડી શકે, તો રૂપ વિનાના વાયુનું અસ્વચ્છ પદાર્થ કાષ્ઠમાં પ્રતિબિંબ પડવું જોઈએ; એ કદાપિ સંભવતું જ નથી.

પૂર્વપક્ષી—અવિદ્યા સ્વચ્છ છે. અને રૂપ વગરના પદાર્થનું પ્રતિબિંબ પડે છે, કારણ કે રૂપ વિનાના આકાશનું દર્પણ વગેરે પદાર્થોમાં પ્રતિબિંબ પડે છે.

સિદ્ધાન્તી—એમ નથી આકાશનું પ્રતિબિંબ પડતું નથી. એ પ્રતિબિંબ આકાશનું નથી, પરંતુ એ પ્રદેશમાં રહેલું પ્રભામંડલ રૂપવાળું હોવાથી એનું પ્રતિબિંબ પડે છે. વળી, દર્પણરેખા પેઠે જે જ્યાં હોય ત્યાં એનું પ્રતિબિંબ પડે જ નહિ. અવિદ્યા અને બ્રહ્મ ઉભય સર્વ સ્થળે રહેલાં છે, તેથી જ્યાં જ્યાં અવિદ્યા છે ત્યાં ત્યાં બ્રહ્મ પણ છે જ.

સર્વગત અવિદ્યામાં પણ હોવાથી (એનું ત્યાં) પ્રતિબિંબ કેમ પડે ?—ત્યાં (દર્પણરેખા દૃષ્ટાન્તમાં) (રેખા) સંયોગસમ્બન્ધથી રહેલી છે તેથી પ્રતિબિંબ પડતું નથી, અહીં ઉભય (બ્રહ્મ અને અવિદ્યા) વિભુ હોવાથી એમનો સંયોગ નથી, તેથી કાંઈ અનુપપત્તિ નથી—એમ કહી શકાય નહિ, કારણ કે પ્રભામણ્ડલ સંયુકત છે તોપણ એનું (પ્રતિબિંબ) દેખાય છે–જે અંશમાં સંયોગ હોય તે અંશમાં પ્રતિબિંબ ન પડે–એમ પણ કહેવાય નહિ, કારણ કે બિસિનીસૂત્ર જેટલા જ અંતરે રાખેલી અંગુલિના તલભાગથી પ્રભાનું પણ દર્પણમાં પ્રતિબિંબ પડે છે. વળી લોકમાં બિંબ અને પ્રતિબિંબની એકત્ર સ્થિતિ નથી, તેથી 'દ્વિસુપર્ણ સયુજ' (શ્વે. ૪–૬) 'પરમ પરાર્ધમાં ગુહામાં પ્રવેશ કરેલા' 'ગુહામાં પ્રવેશેલા (દ્વિ) આત્મા, કારણ કે એમનું પ્રતિપાદન છે' (બ્ર. સૂ. ૧–૨–૧૧) ઇત્યાદિ શ્રુતિ અને ન્યાયથી

અવિદ્યા હોય ત્યાં બ્રહ્મ પણ રહેલું હોવાથી અવિદ્યામાં બ્રહ્મનું પ્રતિબિંબ પડે જ નહિ.

પૂર્વપક્ષી—દર્પણરેખાનું દૃષ્ટાંત અહીં ઘટતું નથી, કારણ કે દર્પણરેખાને અને દર્પણને સંયોગસંબંધ છે. દર્પણરેખા દર્પણ સાથે સંયોગસંબંધથી રહેલી હોવાથી એમાં એનું પ્રતિબિંબ પડતું નથી; પરન્તુ અવિદ્યા અને બ્રહ્મ સંયોગસંબંધથી રહેલાં નથી, કારણ કે ઉભય વિભુ અર્થાત્ સર્વ સ્થળે રહેલાં છે. બે વિભુ પદાર્થમાં સંયોગસંબંધ ઘટી શકે નહિ. અવિદ્યા અને બ્રહ્મ સંયોગસંબંધથી રહેલાં ન હોવાથી, દર્પણરેખાનું દૃષ્ટાંત ઘટતું નથી. અવિદ્યામાં બ્રહ્મનું પ્રતિબિંબ પડે છે.

સિદ્ધાંતી—સંયોગસંબંધ હોય ત્યાં પ્રતિબિંબ પડે નહિ એમ કહી શકાય નહિ. દર્પણ-રેખાની પેઠે પ્રભામંડલ પણ દર્પણ સાથે સંયોગ સંબંધથી રહેલું છે, તોપણ પ્રભામંડલનું પ્રતિબિંબ દર્પણમાં પડે છે, તેથી સંયોગસંબંધને લીધે પ્રતિબિંબ પડતું નથી એમ કહેવાય નહિ.

પૂર્વપક્ષી—જેટલા અંશમાં સંયોગ હોય તેટલા અંશમાં પ્રતિબિંબ પડતું નથી. પ્રભા-મંડલનો જેટલા અંશમાં સંયોગ છે તેટલા અંશનું પ્રતિબિંબ નથી, પરન્તુ સંયોગરહિત પ્રભામંડલનો જેટલો અંશ છે તેટલાનું પ્રતિબિંબ પડે છે; તેથી સંયોગ હોય ત્યાં પ્રતિબિંબ પડતું નથી.

સિદ્ધાન્તી—એ પણ સત્ય નથી, કારણ કે દર્પણથી માત્ર કમલિનીના સૂત્ર જેટલા અંતરે આપણી અંગુલિ રાખીએ, તે અંગુલિના તળિયાની પ્રભાનો સર્વાંશે દર્પણ સાથે સંયોગ છે એમ આપણે કહેવું જ પડશે, કારણ કે કમલિનીના સૂત્ર જેટલી અંગુલિની પ્રભામાં સંયોગવાળો અને સંયોગરહિત એવા ભાગ હોઈ શકે જ નહિ. તેથી એ પ્રભાનો દર્પણ સાથે સર્વ અંશે સંયોગ છે, તોપણ એનું પ્રતિબિંબ પડે છે, તેથી સંયોગને લીધે દર્પણરેખાનું પ્રતિબિંબ પડતું નથી એમ કહેવાય નહિ, પરંતુ દર્પણરેખા ત્યાં જ હોવાથી એનું પ્રતિબિંબ ત્યાં પડતું નથી, અર્થાત્ જે વસ્તુ જ્યાં હોય ત્યાં એનું પ્રતિબિંબ પડે નહિ. અને અવિદ્યા સર્વત્ર હોવાથી અવિદ્યા જ્યાં હોય ત્યાં બ્રહ્મ પણ છે, તેથી બ્રહ્મનું અવિદ્યામાં પ્રતિબિંબ સંભવતું જ નથી, અર્થાત્ તમારા મત પ્રમાણે જીવતું જે સ્વરૂપ છે તે યથાર્થ નથી.

વળી, 'બે સુપર્ણ સાથે રહેનાર' 'ગુહામાં પ્રવેશેલા બે આત્મા, કારણ કે એમનું પ્રતિપાદન છે' ઇત્યાદિ શ્રુતિ અને સૂત્રો જીવ અને બ્રહ્મ એક સ્થળે રહે છે એમ કહે છે.

નિર્ણીત જીવ અને પરમાત્માની એકત્ર સ્થિતિની બિંબપ્રતિબિંબપક્ષમાં સંગતિ થતી નથી. વળી, 'અવિદ્યામાં બ્રહ્મનું પ્રતિબિંબ તે જીવ, અને અવિદ્યાનો નાશ તે મોક્ષ' એમ કહેતાં તમારા મતમાં જીવસ્વરૂપનો નાશ તે જ મોક્ષ એમ થાય છે, અને આત્મહાનિ અપુરુષાર્થ છે તેથી મોક્ષ અપુરુષાર્થ થાય, જીવ પણ અલીક થાય. એમ હોવાથી કોઇપણ પરલોક માટે પ્રયત્ન કરે નહિ, કારણ કે મુમુક્ષુ મોક્ષનું સ્વરૂપ અને સ્વકીય બદ્ધ સ્વરૂપ જાણીને, ઉક્ત સાધન માટે યત્ન કરે. અને એ ઉભયસ્વરૂપનું જ્ઞાન થાય ત્યારે 'સર્વ મિથ્યા છે' એમ જાણીને, અને ઐહિકી અને પારલૌકિકી પણ પ્રવૃત્તિ અવિદ્યાના અધ્યાસથી થયેલી છે એમ જાણીને, 'ઐહિક (પ્રવૃત્તિ) સારી, પરન્તુ પારલૌકિકી સ્વરૂપહાનિનું કારણ હોવાથી સારી નહિ' એમ (વિચારી), સર્વ અપ્રવૃત્ત રહે, અને નિવૃત્તિમાર્ગમાં જ ઉચ્છેદ પામે, અથવા સર્વે શાંત જ રહે; વિહિત અને નિષિદ્ધ સમાન હોવાથી, કોઈપણ (કાર્યમાંથી) નિવૃત્ત જ ન રહે; આવી રીતે સર્વ સન્માર્ગનો ઉચ્છેદ કરવા આવો મત પ્રવર્તાવનાર વેદને પણ માત્ર વ્યવહારમાં જ પ્રમાણ તરીકે સ્વીકારનાર (તું) પ્રચ્છન્ન બૌદ્ધ છે.

જીવ બ્રહ્મનું પ્રતિબિંબ હોય તો ઉભયની એક જ સ્થળે સ્થિતિ સંભવતી નથી, કારણ કે લોકમાં બિંબ અને પ્રતિબિંબ એક સ્થળે રહેલાં કદાપિ દેખાતાં નથી.

વળી, અવિદ્યામાં બ્રહ્મનું પ્રતિબિંબ એ જીવ અને અવિદ્યાનાશ એ મોક્ષ, એમ તમે માનો છો. મોક્ષસમયે અવિદ્યાનો નાશ થવાથી અવિદ્યામાં બ્રહ્મના પડેલા પ્રતિબિંબનો પણ નાશ થવાનો જ. આ પ્રતિબિંબ જીવ જ હોવાથી મોક્ષસમયે મોક્ષ પ્રાપ્ત કરનાર જીવનો નાશ થાય, તેથી જીવના સ્વરૂપનો નાશ એ જ તમારા મત પ્રમાણે મોક્ષ છે. પરંતુ આત્મહાનિ એ મહાન અપુરુષાર્થ છે, તેથી મોક્ષ અપુરુષાર્થરૂપ થાય છે, અને જીવ પણ માત્ર પ્રતિબિંબ જ હોવાથી અલીક અર્થાત્ મિથ્યા છે. આમ હોય તો કોઈ પણ પરલોક માટે પ્રયત્ન કરે જ નહિ, કારણ કે મોક્ષની ઈચ્છા રાખનાર પુરુષ મોક્ષનું સત્ય સ્વરૂપ અને પોતે બદ્ધ છે એમ જાણી, બંધનમાંથી મુક્ત થવા મોક્ષ પ્રાપ્ત કરવા પ્રયત્ન કરે; પરંતુ તમારા મત પ્રમાણે આત્માનો નાશ એ જ મોક્ષ છે, અને પોતે અલીક અથવા મિથ્યા છે, સર્વ જગત મિથ્યા છે, અને આ લોકની તેમજ પરલોક માટે કરવામાં આવતી સર્વ પ્રવૃત્તિ અવિદ્યાના અધ્યાસથી જ થાય છે એમ જાણે ત્યારે મોક્ષ માટે શું કરવા પ્રયત્ન કરે? પરલોક માટે પ્રવૃત્તિ કરવાથી સ્વરૂપની હાનિ થશે એમ જાણે, ત્યારે પરલોક માટે પ્રવૃત્તિ કરવા કરતાં લૌકિક પ્રવૃત્તિ જ કરે. અથવા ઉભય પ્રકારની પ્રવૃત્તિ સંસાર અને સ્વરૂપહાનિ એમ અપુરુષાર્થ જ પ્રાપ્ત કરાવનારી હોવાથી, એક પણ પ્રકારની પ્રવૃત્તિ કરે નહિ, અને નિવૃત્તિમાર્ગમાં જ નાશ પામે. વેદમાં કરવાનાં કહેલાં કર્મ અને વેદે નિષેધ કરેલાં કર્મમાં કાંઇપણ વિશેષ ન હોવાથી, શાસ્ત્રમાં ન કરવાનું કહેલ કોઈ પણ પ્રકારનું કાર્ય કરતાં અચકાય જ નહિ. આ પ્રમાણે હોય તો સન્માર્ગનો ઉચ્છેદ જ થઈ જાય. સન્માર્ગનો ઉચ્છેદ કરાવવા જ આવો મત પ્રવર્તાવનાર, વેદને પણ કેવલ વ્યવહારમાં જ પ્રમાણ માનનાર અને વસ્તુતઃ અસત્ય

વેદને પણ સ્વઅજ્ઞાનથી કલ્પિત કહેનાર અતિધૃષ્ટ છે.

માયિક સિદ્ધાંત પ્રમાણે વિહિત કર્મમાં પ્રવૃત્તિ થાય નહિ

'સર્વ પ્રપંચ જ એવો છે તેથી વેદને પણ એમાં આવી જવાથી એવો કહું છું.'—તારા મોઢાને ચોકડું નથી તેથી ભલે કહે; પરંતુ યુક્તિયુક્ત કહેતો નથી, કારણ કે પ્રતિબિંબ આમ્રતરુકદમ્બનાં ફલ લેવા, પ્રતિબિંબ છે એમ જાણનાર કોઈ પણ હસ્ત પ્રસારતો જોવામાં આવ્યો નથી. એ પ્રમાણે વેદને એવો (અજ્ઞાન-કલ્પિત) જાણનાર કયો (પુરુષ) એણે વર્ણવેલા સ્વર્ગ અપવર્ગ આદિ ફલવાળા, અતિશય આયાસથી સાધ્ય યાગ સંન્યાસ વગેરેમાં સર્વ બંધુનો ત્યાગ કરી સર્વસુખથી વિમુખ રહી પ્રવૃત્ત થાય ?—સ્વપ્નમાં સ્વાપ્નિક ફલ માટે પ્રવૃત્તિ જણાય છે.—ખરું એ સમયે એ સત્ય જ છે એમ જાણનારની પ્રવૃત્તિ દેખાય છે, પરંતુ સ્વપ્નમાં જ 'હું આ સ્વપ્ન જોઉં છું, પારમાર્થિક જોતો નથી' એમ જાણનારની નહિ, એ ધ્યાનમાં રાખો.—વિશેષદર્શન સ્વસજાતીય ભ્રમની જ નિવૃત્તિ કરે છે. પ્રકૃતિમાં પ્રાપંચિક

માનનાર તમે પ્રચ્છન્ન બૌદ્ધ જ છો. વળી, વેદ પણ જીવના પોતાના અજ્ઞાનથી કલ્પેલા છે એમ કહેવામાં તમે ઉદ્ધતાઈ કરો છો.

પૂર્વપક્ષી—સર્વ જગતને હું મિથ્યા કહું છું. વેદ પણ જગતની અંદર આવી ગયેલા હોવાથી એને પણ મિથ્યા કહું છું.

સિદ્ધાન્તી—ખરે, તારા મોઢાને કાંઈ અંકુશ ન હોવાથી તું એમ કહે છે, પણ એ યુક્તિપૂર્વક નથી, કારણ કે આંબાનું જલમાં પ્રતિબિંબ પડેલું જોઈ એ આંબાના પ્રતિબિંબની કેરીઓ લેવા કોઈપણ પુરુષ હાથ લાંબો કરતો કોઈ દિવસ દેખાયો નથી, કારણ કે પ્રતિબિંબ મિથ્યા છે ને એ કેરીઓ દેખાય છે, પણ વસ્તુતઃ નથી એમ એ જાણે છે. એ જ પ્રમાણે વેદને મિથ્યા જાણે, તોપણ વેદમાં કહેલાં સ્વર્ગના સાધન યજ્ઞ અને મોક્ષના સાધન સંન્યાસ વગેરેમાં—સર્વ બંધુ મિત્રનો ત્યાગ કરી, સર્વ સુખને તિલાંજલિ આપી, ઘણું કષ્ટ વેઠી—તત્પર કોણ રહે ?

પૂર્વપક્ષી—સ્વપ્નમાં જે ફલ દેખાય તેને માટે પ્રવૃત્તિ પણ થાય છે એ આપણે અનુભવીએ છીએ, તે જ પ્રમાણે જગત અસત્ય માનીએ તોપણ જગતમાં રહીએ ત્યાંસુધી ફલ માટે પ્રવૃત્તિ કરીએ એમાં શું આશ્ચર્ય ?

સિદ્ધાન્તી—સ્વપ્નમાં ફલ વગેરે માટે પ્રવૃત્તિ કરીએ છીએ એ ખરું, પણ એ ફલને એ સમયે સત્ય માનીએ છીએ તેથી જ એને માટે પ્રવૃત્તિ કરીએ છીએ. 'હું આ સ્વપ્ન જોઉં છું, સત્ય પદાર્થ જોતો નથી' એમ માનનારની સ્વપ્નમાં પણ પ્રવૃત્તિ સંભવે નહિ. એ સમયે સ્વાપ્નિક ફલને સત્ય માનીએ છીએ તેથી જ પ્રવૃત્તિ સંભવે છે, પરંતુ જગત અસત્ય છે એમ આપણે જાણીએ છીએ તો આપણી પ્રવૃત્તિ કેમ સંભવે ?

પૂર્વપક્ષી—પ્રથમ આપણે જગતને સત્ય માનીએ છીએ ત્યારે પ્રવૃત્તિ પણ કરીએ છીએ, પછી આપણને વેદમાંથી ભાન થાય છે કે જગત સત્ય નથી, પરન્તુ અસત્ય છે, તોપણ આપણને જગતની સત્ય તરીકે જ પ્રતીતિ થાય છે, કારણ કે જગતને આપણે આપણાં ચક્ષુ વગેરેથી સત્ય તરીકે અનુભવીએ છીએ. જગત પ્રત્યક્ષ છે. વેદ એને મિથ્યા કહે છે, પણ વેદ

ભ્રમ અપરોક્ષ છે તેથી શાબ્દજ્ઞાન એની નિવૃત્તિ કરવા સમર્થ નથી, તેથી પ્રવૃત્તિ થાય છે.—આ સાર નથી. પ્રતિબિંબ હોવાથી અસત્ (તરીકે) અનુમિત થયેલાં તરુઓ ચક્ષુથી પ્રતીત થાય છે, તેમ શાબ્દજ્ઞાન પછી પણ પ્રપંચપ્રતીતિ ભલે થાય, પરન્તુ પ્રવૃત્તિ ન જ થાય; નહિ તો એ (તરુના) ફલ માટે પણ પ્રવૃત્તિ થાય. વળી, પ્રથમ ઉત્પન્ન થયેલાં યાગ અને બ્રહ્મજ્ઞાન (અનુક્રમે) સ્વર્ગ અને મુક્તિ ફલવાળાં છે એ જ્ઞાનનો પછી ઉત્પન્ન થતાં એ મિથ્યા છે એ જ્ઞાનથી બાધ થઈ શકે નહિ, કારણ કે ઉભય શાબ્દ છે,—દ્વૈતપ્રતીતિ જ અનર્થરૂપ છે. એની નિવૃત્તિ અપરોક્ષ બ્રહ્મજ્ઞાન વિના થતી નથી, તેથી એ માટે પ્રવૃત્તિ (થાય છે). અહીં મિથ્યાવાદીને પૂછવું કે દ્વૈતપ્રતીતિ અનર્થ છે એનું અને આ કાર્યકારણભાવનું જ્ઞાન એને ક્યાંથી થયું? જો 'શ્રુતિમાંથી' એમ કહે, તો એને કહેવું કે

શબ્દપ્રમાણ છે. જગતનો પ્રત્યક્ષ પ્રમાણથી સત્ય તરીકે અનુભવ કરીએ છીએ, અને શબ્દપ્રમાણ એ અસત્ય છે એમ કહે છે, પરન્તુ પ્રત્યક્ષપ્રમાણ શબ્દપ્રમાણ કરતાં વધારે બલવત્ હોવાથી શબ્દપ્રમાણ એનો બાધ કરી શકતું નથી. અર્થાત્ વેદમાંથી જગત અસત્ય છે એમ જાણીએ છીએ, તોપણ જગતનો સત્ય તરીકે અનુભવ કરીએ છીએ તેથી જગતમાં પણ પ્રવૃત્તિ થાય છે.

સિદ્ધાન્તી—એ પણ યોગ્ય નથી. પ્રત્યક્ષપ્રમાણ વધારે બલવત્ હોવાથી શબ્દપ્રમાણથી એનો બાધ ન થાય, તેથી કદાચ જગતની પ્રતીતિ આપણને રહે, પરન્તુ પ્રવૃત્તિ સંભવે નહિ, કારણ કે જલમાં આપણે આંબાના વૃક્ષનું પ્રતિબિંબ જોઈએ છીએ, તે પ્રતિબિંબ હોવાથી અસત્ય છે એમ આપણે અનુમાન કરીએ છીએ. આંબાના વૃક્ષનું પ્રતિબિંબ આપણને પ્રત્યક્ષ છે, પરન્તુ એ અસત્ય છે એમ આપણે અનુમાન કરીએ છીએ. પ્રત્યક્ષપ્રમાણ અનુમાન કરતાં વધારે બલવત્ છે તેથી અનુમાનથી એનો બાધ થતો નથી, અને આપણે પ્રતિબિંબને જોઈ શકીએ છીએ છતાં એનાં ફલ લેવાની પ્રવૃત્તિ થતી નથી; એ જ પ્રમાણે જગત અસત્ય છે એમ આપણે શબ્દપ્રમાણથી જાણીએ અને પ્રત્યક્ષ તરીકે એને અનુભવીએ છીએ. પ્રત્યક્ષપ્રમાણ શબ્દપ્રમાણ કરતાં વધારે બલવત્ હોવાથી આપણને જગતની પ્રતીતિ થાય, પરન્તુ આપણી પ્રવૃત્તિ સંભવી શકે નહિ. જો આ પ્રવૃત્તિ સંભવે તો આંબાના પ્રતિબિંબની કેરી લેવા પણ પ્રવૃત્તિ થવી જોઈએ. વળી, યજ્ઞનું ફલ સ્વર્ગ છે અને બ્રહ્મજ્ઞાનથી મોક્ષ પ્રાપ્ત થાય છે એ જ્ઞાન પ્રથમ ઉત્પન્ન થાય છે, ત્યારપછી વેદનાં શ્રવણ મનન અને નિદિધ્યાસન કરવાથી યજ્ઞ સ્વર્ગ જગત વગેરે મિથ્યા છે એમ જ્ઞાન થાય છે. આ ઉભય પ્રકારનાં જ્ઞાન વેદમાંથી જ ઉત્પન્ન થાય છે તેથી ઉભયનું કારણ શબ્દપ્રમાણ છે, ઉભય જ્ઞાન શબ્દપ્રમાણથી જ થાય છે તેથી જગત મિથ્યા છે એવું પછી થયેલું જ્ઞાન પૂર્વના જ્ઞાનનો બાધ કરી શકતું નથી, તેથી સ્વર્ગ મિથ્યા છે એ જ્ઞાન કદાપિ થઈ શકે જ નહિ.

પૂર્વપક્ષી—એ જ મહાન અનર્થ છે. આ દ્વૈતની પ્રતીતિ માત્ર બ્રહ્મજ્ઞાનથી જ દૂર થાય, તેથી બ્રહ્મજ્ઞાન માટે પ્રવૃત્તિ થાય છે.

સિદ્ધાન્તી—દ્વૈતની પ્રતીતિ અનર્થ છે અને બ્રહ્મજ્ઞાનથી જ એ દૂર થાય છે એવું તમે કેમ જાણ્યું?

પૂર્વપક્ષી—શ્રુતિમાંથી જ. વેદ જ એમ કહે છે.

'આનો નિઃશ્વાસ વેદો છે' 'જે બ્રહ્માને પ્રથમ મોકલે છે અને એને વેદ મોકલે છે' 'અમે સાંભળ્યું છે કે વેદ સાક્ષાત્ સ્વયંભૂ નારાયણ છે' (ભા. ૬-૧-૪૦) 'સર્વ વેદથી વેદાન્તકૃત્ વેદ જાણનાર હું જ વેદ્ય છું' (ભ. ગી. ૧૫-૧૫) ઈત્યાદિ સ્વસ્મૃતિથી વિરુદ્ધ, લૌકિકવાક્યસમાન બનાવનાર સ્વકીય અજ્ઞાનકલ્પિતપણું શ્રુતિ કેમ કહે, એ તું જ વિચાર. વળી, પ્રથમ વેદાન્તનું પારમાર્થિક સત્ત્વ જાણીને અથવા એના વિશે ઉદાસીન રહીને એના શ્રવણમાં પ્રવૃત્ત થયેલો કોઈ પણ (પુરુષ) તમે કહી તે રીતે શ્રુતિ અને એનાં વર્ણવેલાં સાધન અજ્ઞાનકલ્પિત છે એમ સાંભળી, સ્વાપ્નિક ભોજનથી પરમાર્થ તૃપ્તિ પેઠે અસત્તુલ્ય ગુરુ અને એમનાં વાક્યોથી પરમાર્થ સદ્રૂપ બ્રહ્મરૂપી ફલ કેમ પ્રાપ્ત થાય, એવી શંકા અથવા નિશ્ચયથી પ્રવૃત્ત થાય નહિ —જેથી (અભેદબોધક શ્રુતિથી) નિશ્ચય થાય છે તેથી જ પ્રવૃત્ત થાય છે,–એમ ન કહો. પ્રથમ એવો નિશ્ચય હોય તથાપિ એવા (અજ્ઞાનકલ્પિત) શ્રુત્યુક્ત સાધનનું ભિન્ન પ્રકારનું (પરમાર્થ) બ્રહ્મરૂપી ફલ સાંભળી, ઉક્તદૃષ્ટાન્તન્યાયથી અર્થ બાધિત છે એમ જાણી શ્રુતિત્વ સમાન હોવાથી એકનો પણ બાધ અશક્ય છે એમ પણ જાણી, એના અર્થ વિશે સંદેહ થવાથી એના નિર્ણય માટે પ્રવૃત્ત થયેલા વિચારકની 'આનો નિઃશ્વાસ' 'જે બ્રહ્માને' (શ્વે ૬-૧૮) 'નામરૂપ આપું' (છાં. ૬-૩-૨) 'આ સર્વ ઐતદાત્મ્ય છે; એ સત્ય છે' (છાં. ૬-૮-૭) 'એણે પોતાને પોતાની મેળે બનાવ્યા.' 'એ સત્ય

સિદ્ધાન્તી—'આનો નિઃશ્વાસ વેદો છે' 'જે બ્રહ્માને પ્રથમ મોકલે છે' 'સર્વ વેદથી વેદાન્ત રચનાર વેદ જાણનાર હું જ વેદ્ય છું' ઈત્યાદિ શ્રુતિ અને સ્મૃતિથી વિરુદ્ધ વેદ કહે જ કેમ? વળી, શ્રુતિ સ્મૃતિથી વિરુદ્ધ આવું વચન વેદને પોતાને અજ્ઞાનથી કલ્પેલા ઠરાવે છે અને સામાન્ય લૌકિક વાક્યના જેવા ઠરાવે છે, તેથી આવું વચન વેદ કેમ કહે એમ તમે પોતે જ વિચારો.

વળી, પ્રથમ વેદને સત્ય માનીને, અથવા વેદ સત્ય છે કે અસત્ય એની દરકાર કર્યા વિના જ વેદનું શ્રવણ વગેરે કરવામાં પ્રવૃત્ત થાય, પછી તમારી કહેલી રીત પ્રમાણે વેદ અને એનાં કહેલાં સર્વ સાધન અજ્ઞાનથી કલ્પેલાં છે એમ જાણે, ત્યારે સ્વપ્નમાં કરેલા ભોજનથી ખરી તૃપ્તિ થતી નથી તે પ્રમાણે અસત્ય ગુરુ, ગુરુનાં અસત્ય વાક્ય વગેરેથી સત્ય સદ્રૂપ બ્રહ્મની પ્રાપ્તિ થાય જ નહિ એવા નિશ્ચયથી, અથવા અસત્ય વાક્યથી સત્ય બ્રહ્મની પ્રાપ્તિ કેમ થાય એવી શંકાથી, કોઈ વેદનાં કહેલાં સાધન કરવામાં પ્રવૃત્ત રહે જ નહિ.

પૂર્વપક્ષી—વેદનાં અભેદ જણાવનારાં વચનોથી શ્રવણ વગેરે અસત્ય છે એવો નિર્ણય થાય છે, અને તેથી સાધન માટે પ્રવૃત્તિ પણ વેદથી જ થાય છે.

સિદ્ધાન્તી—એમ નથી. શ્રવણ વગેરેથી બ્રહ્મજ્ઞાન થાય છે, તેથી શ્રવણ વગેરેમાં પ્રવૃત્તિ કરવી એમ પ્રથમ નિશ્ચય હોય છે; તોપણ વેદે કહેલાં અસત્ય સાધનોથી સત્ય બ્રહ્મની પ્રાપ્તિ થાય છે એમ જાણી, સ્વપ્નમાં કરેલા ભોજનથી સત્ય તૃપ્તિ થતી નથી એ દૃષ્ટાંત પ્રમાણે, અસત્ય સાધનથી સત્ય બ્રહ્મની પ્રાપ્તિ થાય નહિ એમ સમજી, સાધનો અસત્ય છે, બ્રહ્મ સત્ય છે એ સર્વ વેદ જ કહે છે તેથી, એક પણ પ્રકારના જ્ઞાનનો બાધ થઈ શકે નહિ એમ સમજી, એના અર્થ વિશે એને મહાન સંદેહ થાય છે. પછી જગત અને સાધન અસત્ય છે એ જ્ઞાનનો 'વેદ આના નિઃશ્વાસ છે' 'જે પ્રથમ બ્રહ્માને મોકલે છે' 'હું સર્વનો પ્રભવ છું'

છે એમ કહે છે' 'અસત્‌માંથી સત્ કેમ ઉત્પન્ન થાય ?' 'વેદ નારાયણ' 'સર્વ વેદ વડે' (ભ. ગી. ૧૫-૧૫) 'હું સર્વનો પ્રભવ છું' (ભ. ગી. ૧૦-૮) 'આનંદથી બ્રહ્મની સ્તુતિ કરું છું' (ભા. ૧-૧-૧) 'કેવલ આનન્દનાં જેનાં કર પાદ મુખ ઉદર વગેરે છે' 'આનાં જન્મ વગેરે જેમાંથી છે' (બ્ર. સૂ. ૧-૧-૨) 'આનન્દમય, અભ્યાસને લીધે' (બ્ર. સૂ. ૧-૧-૧૧) ઇત્યાદિ સહસ્ર શ્રુતિ સ્મૃતિ ન્યાયથી તમારી કહેલી રીત બાધિત છે એમ નિશ્ચય થવાથી એ પ્રમાણે પ્રવૃત્તિ સંભવતી નથી. પરન્તુ અધુના આસુર સર્ગમાં ઉત્પન્ન થયેલા હોવાથી ભગવાનની માયાથી મોહિત થયેલા વિચારકોને પૂર્વોક્ત બાધજ્ઞાન થતું નથી તેથી એવી જ પ્રવૃત્તિ થાય છે; તેથી જ 'જ્ઞાનીના પણ ચિત્તને એ ભગવતી દેવી મહામાયા બલથી ખેંચી મોહને અર્પે છે' એમ માર્કણ્ડેય--પુરાણમાં કહ્યું છે, કારણ કે હરીચ્છા એવી જ છે. એનું વર્ણન પદ્માદિપુરાણમાં 'કલિયુગમાં મનુષ્યાદિમાં કલા વડે ઉત્પન્ન થઈ તારા કલ્પિત શાસ્ત્રથી લોકોને મારાથી વિમુખ કર અને મને ગુપ્ત રાખ જેથી આ સૃષ્ટિ ઉત્તરોત્તર થાય' એમ કહેલું છે. 'મને પ્રાપ્ત કર્યા વિના જ' એ વચનને લીધે એમને અન્ધતમઃ જ ફલ પ્રાપ્ત થાય છે, તેથી વધારે વિસ્તારથી શું ?

પ્રતિબિંબવાદના બીજા દોષ

વળી, લોકમાં દ્રષ્ટાને જ દર્પણ આદિ દોષના સંબંધથી પ્રતિબિંબનું દર્શન થાય છે તેથી પરમાત્માનો અવિદ્યા સાથે સંબંધ ન સ્વીકારવાથી એ જીવના દ્રષ્ટા થાય નહિ એમ થવાથી (પરમાત્મા) દ્રષ્ટા અને નિયામક છે એવો બોધ કરનારી શ્રુતિનો

'આનાં જન્મ વગેરે જેમાંથી થાય છે' ઇત્યાદિ સહસ્રાવધિ શ્રુતિ સ્મૃતિ સૂત્રથી બાધ થાય છે. એઓ સાધન વગેરેને સત્ય કહે છે ને એઓના અસત્યપણાના જ્ઞાનનો બાધ કરે છે એમ નિશ્ચય થવાથી, કોઇપણ વિચાર કરનાર પુરુષની તમારી કહેલી રીતથી સાધન વગેરેને અસત્ય સમજી, સાધન કરવામાં પ્રવૃત્તિ થાય જ નહિ.

આધુનિક સમયમાં આસુર સર્ગમાં ઉત્પન્ન થયેલા માયાથી મોહ પામેલા લોકોને ઉપર વર્ણવેલી શ્રુતિ સ્મૃતિ વગેરેથી પણ સાધનોના અસત્યપણાના જ્ઞાનનો બાધ થતો નથી, અને તમારી કહેલી રીતે પ્રવૃત્ત થાય છે; તેથી જ માર્કંડેયપુરાણમાં 'જ્ઞાનીના પણ ચિત્તને ભગવતી દેવી મહામાયા બલથી ખેંચી મોહને અર્પણ કરે છે' એવું વચન છે. ઈશ્વરની ઇચ્છા જ એવી છે. ઈશ્વરની ઇચ્છા કલિયુગમાં આવી છે એ સર્વ પદ્મપુરાણમાં કહેલું છે. આવી ભગવાનની ઇચ્છા હોવાથી જ આસુરી લોકોની તમારી કહેલી રીતથી પ્રવૃત્તિ થાય છે અને એનું ફલ પણ 'કૌન્તેય, મને પ્રાપ્ત કર્યા વિના પછી અધમગતિ પામે છે' (ભ. ગી. ૧૬-૨૦) એ શ્રીમદ્‌ભગવદ્‌ગીતાન્યાયે અંધતમઃ જ એમને પ્રાપ્ત થવાનું, તેથી વિશેષ વિસ્તાર કરવાથી શું ?

પ્રતિબિંબવાદના ઉપર ત્રણ નીચે જણાવેલ દોષો દર્શાવ્યા : (૧) રૂપરહિત બ્રહ્મનું અસ્વચ્છ અજ્ઞાનમાં પ્રતિબિંબ પડે નહિ; (૨) જે જ્યાં હોય તેનું તે જ સ્થળે પ્રતિબિંબ પડે નહિ; તેથી સર્વત્ર રહેલ બ્રહ્મનું સર્વત્ર રહેલ અવિદ્યામાં પ્રતિબિંબ પડે નહિ; (૩) 'એ સુપર્ણ સાથે રહેનાર' વગેરે શ્રુતિવાક્યોમાં જણાવેલ બ્રહ્મ અને જીવની એકત્ર સ્થિતિ સંભવે નહિ. હવે પ્રતિબિંબવાદના બીજા દોષો જણાવે છે.

બાધ થાય, એ (શ્રુતિને) અનુસરી પરમાત્મા દ્રષ્ટા છે એમ સ્વીકારો તો એમને પૂર્વોક્ત ન્યાયથી અવિદ્યાનો સંબંધ થવાથી જીવતુલ્ય થઇ જાય એવું પ્રચ્છન્નનાસ્તિકનું જબરું વ્યાખ્યાનકૌશલ! વળી, 'ગુહામાં પ્રવેશ કરેલા' (ક. ૧-૩-૧) શ્રુતિમાં ગુહા જીવના અજ્ઞાનથી કલ્પિત હોવાથી પરમાત્માએ (ગુહાના) દ્રષ્ટા નહિ હોવાથી,(એમનો અને જીવનો) સાથે પ્રવેશ સંભવતો નથી, અને તેથી શ્રુતિનો બાધ થાય છે. જીવન્મુક્તિ પણ સંભવશે નહિ, કારણ કે પ્રતિબિંબ અંતઃકરણ અથવા અવિદ્યામાં પડે છે એમ તમારે કહેવું પડશે. અંતઃકરણમાં પડે છે (એમ કહો તો) જીવન્મુક્તને અંતઃકરણ હોય તો એ સંસારી જ રહે, અને એ ન હોય તો એની પરમમુક્તિ જ થાય, તેથી જીવન્મુક્તિ ક્યાં રહી? (પ્રતિબિંબ) અવિદ્યામાં પડે એ પક્ષ વધારે અસંગત છે, કારણ કે જીવન્મુક્તને અપરોક્ષ બ્રહ્મજ્ઞાન હોવાથી, એના અજ્ઞાનની નિવૃત્તિ થવાથી, અજ્ઞાનમાં પડેલા પ્રતિબિંબરૂપ જીવની પણ

વળી, લોકમાં આપણે અનુભવીએ છીએ કે દર્પણમાં જોનારને જ દર્પણના ચળકાટ વગેરે દોષથી પ્રતિબિંબનું દર્શન થાય છે, અન્ય કોઈને થતું નથી. તેથી પ્રતિબિંબ જોનારને અને દર્પણને સંબંધ થાય ત્યારે જ પ્રતિબિંબ દેખાય છે. પરંતુ બ્રહ્મને અને અવિદ્યાને સંબંધ ન હોય, તો અવિદ્યામાં પડેલા બ્રહ્મના પ્રતિબિંબ જીવને બ્રહ્મ કેમ જોઈ શકે? બ્રહ્મ જીવને જોતું નથી એમ પણ કહી શકાય નહિ, કારણ કે 'આનાથી બીજો કોઈ જોનાર નથી' વગેરે શ્રુતિઓ પરમાત્માને જીવનો દ્રષ્ટા અને નિયન્તા કહે છે એનો બાધ થાય. આ શ્રુતિઓને લીધે પરમાત્માને જીવના દ્રષ્ટા સ્વીકારો તો, ઉપર કહ્યું તેમ, પરમાત્માને અને અવિદ્યાને સંબંધ છે એમ સ્વીકારવું પડે, અને અવિદ્યાનો સંબંધ હોય તો બ્રહ્મ જીવ જેવું થઈ જાય. આ સર્વ પ્રચ્છન્નનાસ્તિકનું મહત્ વ્યાખ્યાનકૌશલ દર્શાવે છે.

પૂર્વપક્ષી—(પરન્તુ પ્રતિબિંબ જોનાર પુરુષ ભ્રાંત નથી તેમ જીવને બ્રહ્મ જુએ તોપણ ભ્રાંત કહેવાય નહિ, તેથી જીવને જોવાથી બ્રહ્મ જીવનો સમાન થતું નથી.)

સિદ્ધાન્તી—તોપણ 'ગુહામાં પ્રવેશ કરેલા (બે) આત્માઓ' એ શ્રુતિનો બાધ થાય છે. આ શ્રુતિ જીવ અને બ્રહ્મ ઉભયે સાથે ગુહામાં પ્રવેશ કરેલો છે એમ કહે છે, તેથી બ્રહ્મ ગુહાને પણ જુએ છે એમ સિદ્ધ થાય છે. બ્રહ્મ ગુહાને જુએ નહિ તો જીવ સાથે ગુહામાં પ્રવેશ કેમ કરે? ગુહા વસ્તુતઃ સત્ય નથી, પરંતુ જીવના અજ્ઞાનથી કલ્પેલી છે. જીવના અજ્ઞાનથી કલ્પેલી ગુહાને જોવાથી બ્રહ્મ પણ જીવની પેઠે ભ્રાંત સિદ્ધ થાય છે.

વળી, તમારા મત પ્રમાણે જીવન્મુક્તિ સંભવતી જ નથી, કારણ કે બ્રહ્મનું અંતઃકરણમાં અથવા અવિદ્યામાં પડેલું પ્રતિબિંબ જીવ છે એવો તમારો મત છે. બ્રહ્મનું અંતઃકરણમાં પડેલું પ્રતિબિંબ જીવ છે એમ પ્રથમ ધારીએ, જીવન્મુક્તને અંતઃકરણ છે એમ સ્વીકારીએ, તો અંતઃકરણ હોવાથી એ જીવ સંસારી જ છે. એનું અંતઃકરણ ભલે શુદ્ધ હોય, તેથી એને કામ વગેરે ભલે ન હોય, કામ વગેરે ન હોવાથી એ ભલે મમતારહિત હોય, તોપણ અંતઃકરણમાં પ્રતિબિંબરૂપ જીવ હોવાથી એની અહંતા દૂર થતી નથી. તેથી એ સંસારી જ રહે છે. જીવન્મુક્તને અંતઃકરણ ન હોવાથી એને પરમમુક્તિ જ પ્રાપ્ત થઇ. અંતઃકરણ ન હોવાથી, બ્રહ્મનું અંતઃકરણમાં પ્રતિબિંબ પણ ક્યાં રહ્યું? જીવના સ્વરૂપનો નાશ થયો, અને એને પરમમુક્તિ પ્રાપ્ત થઈ તો એ જીવન્મુક્ત છે એમ કેમ કહેવાય?

જીવ-પદનો પ્રયોગ કરવામાં આવે છે.

સિ૦—આ વિદ્વાનોએ આદર કરવા જેવું નથી, કારણ કે અવિદ્યાને લીધે બ્રહ્મ અનેક હોય એમ કોને ભાસે છે એનો વિચાર કરવો જોઈએ. બ્રહ્મને એવો ભાસ થતો નથી, કારણ કે એને ભ્રમ થતો નથી. જીવને પણ એવો ભાસ થતો નથી, કારણ કે જીવ એ ભાસનો વિષય છે. ગૃહીત ચંદ્રોની પેઠે દોષને લીધે પોતે જ અનેક છે એવો આભાસ થતો નથી, કારણ કે એને દોષનો સંબંધ જ નથી. વળી, એમ હોવાથી પરમાત્મામાં જીવોના નિયામકપણાનો અસંભવ થશે. તેથી 'જે અંદર રહી આત્માને નિયમમાં રાખે છે' ઇત્યાદિ શ્રુતિનો બાધ થશે. વળી, અવિદ્યા અને બ્રહ્મને કેવો સંબંધ છે? સંયોગ તો નહિ જ, કારણ કે ઉભય વિભુ હોવાથી એ સ્વીકારાય નહિ. અધ્યાસ પણ નહિ, કારણ કે એ પણ

સિદ્ધ થયો. જીવ અલીક હોવાથી યજ્ઞ વગેરેથી પરલોકપ્રાપ્તિ થાય એ વગેરે બોધ કરનારી શ્રુતિનો બાધ થયો, કારણ કે જીવ જ ન હોવાથી પરલોક કોણ પ્રાપ્ત કરે, મોક્ષ કોને મળે અને જીવન્મુક્ત કોણ થાય? પ્રતિબિંબવાદમાં જીવ અલીક હોવાથી જ આ સર્વ દૂષણ સંભવતાં હતાં, પરંતુ આ વાદમાં જીવ અલીક ન હોવાથી જ આ સર્વ દૂષણોનો નિરાસ થાય છે. અવિદ્યાથી દ્વિત્વ વગેરે સિદ્ધ થાય છે તેથી 'બે સુપર્ણ સાથે રહેનાર' 'ગુહામાં પ્રવેશ કરેલા બે આત્માઓ' વગેરે શ્રુતિઓનો વિરોધ થતો નથી. બ્રહ્મ રૂપવગરનું હોવાથી આભાસ સંભવે નહિ એ ખરું, પરંતુ 'આભાસથી જીવ અને ઈશ્વર કરે છે' એ શ્રુતિ જ રૂપ ન હોવા છતાં આભાસનો સ્વીકાર કરે છે, તેથી આ મતમાં જરા પણ દોષ નથી.

સિદ્ધાન્તી—આ મત પણ વિદ્વાનોએ આદર કરવા જેવો નથી, કારણ કે અવિદ્યાના સંબંધથી બ્રહ્મ અનેક કોને જણાય છે? બ્રહ્મ પોતે અવિદ્યાના સંબંધથી પોતાને અનેક જુએ છે એમ કહેવાય નહિ, કારણ કે બ્રહ્મમાં ભ્રમ સંભવતો નથી. બ્રહ્મને ભ્રમ થાય જ નહિ. જીવને અવિદ્યાના સંબંધથી બ્રહ્મ અનેક જણાય છે એમ પણ કહેવાય નહિ, કારણ કે જીવ એ આભાસનો વિષય છે. આભાસ થવાથી જીવ થાય છે. આભાસ કારણ છે, જીવ એનું કાર્ય છે. કારણ પહેલાં કાર્ય હોઈ શકે જ નહિ. આભાસ પહેલાં જીવ ન હોવાથી જીવને એ આભાસ થાય છે એમ કહી શકાય નહિ. આપણે ચંદ્રનું જ દૃષ્ટાંત લઈએ. ચક્ષુને અંગુલિના સંપર્કથી ચંદ્ર બે અથવા વધારે ભાસે છે. આ આભાસ મૂલ સત્ય ચન્દ્રને થતો નથી, કારણ કે એ ચંદ્રમાં કાંઈ દોષ નથી. દોષ ન હોવાથી એને આભાસ થાય નહિ. વળી, આ આભાસ બે અથવા વધારે મિથ્યા જે ચંદ્રો દેખાય છે તે ચંદ્રને પણ થતો નથી, કારણ કે એ ચંદ્રો અલીક છે, મિથ્યા છે. વસ્તુતઃ એ કાંઇ છે જ નહિ. વળી બીજો કોઇ જોનાર હોવાથી જ એ ચંદ્રોનું ભાન થાય છે. આ પ્રમાણે મૂલ સત્ય ચંદ્રને, અથવા અલીક ચંદ્રોને આ આભાસ થતો નથી, તે જ પ્રમાણે બ્રહ્મને અથવા જીવને આ આભાસ થઈ શકે નહિ. તેથી આ આભાસ કોને થાય છે એ પ્રશ્નનો ઉત્તર તમારાથી આપી શકાય એમ નથી.

વળી, સત્ય ચંદ્ર અલીક ચંદ્રોનો નિયામક નથી, તે જ પ્રમાણે બ્રહ્મ પણ જીવનું નિયમન કરી શકે નહિ. તેથી 'જે અંદર રહી આત્માને નિયમમાં રાખે છે' ઇત્યાદિ શ્રુતિઓ પરમાત્મા જીવના નિયામક છે એમ બોધ કરે છે, એઓનો બાધ થાય.

નથી. સ્વરૂપસંબંધ પણ નથી, કારણ કે મુક્તાત્મામાં પણ એનો સંભવ હોવાથી એ સંસારી થઇ જાય. કોઈક સંબંધ ભલે હોય, એ પણ અનાદિ છે એમ કહેવું જોઈએ તેથી બ્રહ્મ, અવિદ્યા અને એઓનો સંબંધ ત્રણે અનાદિ હોવાથી જીવવિભાગ પણ અનાદિ જ થાય, તેથી અવિદ્યાસંબંધ અને જીવવિભાગ એક-કાલીન હોવાથી એઓનો કાર્યકારણભાવ અસંગત છે.—કાર્યકારણભાવનો શ્રુતિ બોધ કરે છે.-ત્યારે એનો નિર્વાહ કરવા જીવવિભાગ અર્વાચીન છે એમ સ્વીકારો. -'આનો બન્ધ અવિદ્યાથી અનાદિ છે' વાક્યને લીધે વિભાગ પણ અનાદિ જ માનવો જોઈએ.-એમ નહિ. ત્યાં સાદિત્વનો અત્યન્ત નિષેધ કરેલો નથી, પરંતુ જેમ અમર નામથી દેવોના મરણનો નિષેધ છે, તેમ ઘટ પટ વગેરેમાં સામાન્ય સાદિત્વનો નિષેધ કરેલો છે; નહિ તો 'અવિદ્યાથી' એમ કરણનો બોધ કરનાર

નહિ, કારણ કે ઉભય વિભુ છે. બે વિભુ (સર્વત્ર રહેલા) પદાર્થમાં સંયોગ સંબંધ ઘટી શકે નહિ. અધ્યાસસંબંધ પણ નથી. તેમજ સ્વરૂપમાં સંબંધ પણ નથી, કારણ કે એક જીવની મુક્તિ થવાથી કાંઇ સર્વ જીવની મુક્તિ થતી નથી. તેથી બાકીના બદ્ધ જીવમાં અવિદ્યા છે. અવિદ્યા બ્રહ્મને સ્વરૂપસંબંધ હોય તો એ સંબંધ મુક્ત આત્મામાં પણ હોવાથી, એને પણ અવિદ્યાનો સંબંધ છે, અને તેથી એ પણ બદ્ધ જ થાય છે. તેથી અવિદ્યા અને બ્રહ્મને સ્વરૂપસંબંધ પણ નથી. આ પ્રમાણે અવિદ્યાને અને બ્રહ્મને કોઇ પણ પ્રકારનો સંબંધ સંભવતો નથી, તેથી અવિદ્યાના સંબંધથી બ્રહ્મ અનેક જણાય છે એમ તમારાથી કહી શકાય નહિ.

ધારો કે અવિદ્યાને અને બ્રહ્મને કોઇપણ પ્રકારનો સંબંધ છે. આ સંબંધ પણ અનાદિ જ હોવો જોઈએ. તેથી બ્રહ્મ અવિદ્યા અને એઓનો સંબંધ ત્રણે અનાદિ હોવાથી, જીવ-વિભાગ પણ અનાદિ જ હોવો જોઇએ. બ્રહ્મને અવિદ્યાનો સંબંધ થવાથી જીવવિભાગ થાય છે એમ તમે કહો છો, તેથી બ્રહ્મને અવિદ્યાનો સંબંધ કારણ છે અને જીવવિભાગ કાર્ય છે, એમ સિદ્ધ થાય છે; પરંતુ આ સંબંધ અને વિભાગ ઉભય અનાદિ હોવાથી, એક કારણ અને બીજું કાર્ય થઇ શકે નહિ, કારણ કે કારણ કાર્યથી પહેલાંના સમયનું હોવું જોઈએ. અહીં ઉભય અનાદિ હોવાથી એક કાળના જ છે, તેથી એક કારણ અને બીજું કાર્ય હોઇ શકે નહિ.

પૂર્વપક્ષી—આ સંબંધ અને વિભાગ કારણ અને કાર્ય છે એમ શ્રુતિ કહે છે.

સિદ્ધાન્તી—ત્યારે એ શ્રુતિના નિર્વાહ માટે જીવવિભાગ કાર્ય હોવાથી અનાદિ નથી, પરંતુ અર્વાચીન છે, એમ અંગીકાર કરો.

પૂર્વપક્ષી—'અવિદ્યાથી આનો (જીવનો) બંધ અનાદિ છે' એ વાક્યને લીધે જીવવિભાગ પણ અનાદિ જ કહેવો જ જોઈએ.

સિદ્ધાન્તી—એમ નથી. આ વાક્યમાં 'અનાદિ' શબ્દથી આરંભરહિત કહેલો નથી, પરંતુ ઘટ પટ વગેરેનો આરંભ જેમ ઘણા અલ્પ સમય પહેલાં થયો છે તેમ આ જીવના બંધનો આરંભ અલ્પ સમય પહેલાં થયેલો નથી, પરંતુ ઘણા સમય પહેલાં થયેલો છે, એમ કહેલું છે. જેમ દેવોને અમર કહીએ છીએ તેથી દેવો મરણ પામવાના જ નહિ એમ નથી, પરંતુ મનુષ્ય વગેરે પ્રાણીઓનું મરણ અલ્પ સમય પછી થાય છે તેમ દેવો અલ્પ સમયમાં મરણ પામતા નથી, એવો જ ભાવાર્થ રહેલો છે. એ જ પ્રમાણે અહીં 'અનાદિ' શબ્દથી 'એનું આદિ

તૃતીયાનો પ્રયોગ કરત નહિ. અવિદ્યાનું આ કરણપણું બન્ધરૂપી કાર્યથી એ પૂર્વકાલીન ન હોય તો સંભવે નહિ.—અવિદ્યાનો સ્વભાવ જ બન્ધન કરવાનો છે, અને જીવને આદિ છે ત્યારે અમુક સમય સુધી બન્ધ ન હોય એનું શું કારણ? એ સમયે જીવનું સ્વરૂપ કેવું છે એ પણ વિચારવાનું છે. એ મુકત છે એમ કહી શકાય નહિ, કારણ કે એણે સાધન કરેલાં નથી, અને આગળ બન્ધ થવાનો છે. એ બદ્ધ છે એમ પણ કહી શકાય નહિ, કારણ કે બન્ધ ભાવી છે. આ ઉભયથી ભિન્ન અવસ્થા અપ્રસિદ્ધ જ છે તેથી એમ કહેવું યોગ્ય નથી.--આ પણ બરાબર નથી. 'શ્રીથી પુષ્ટિથી' (ભા. ૧૦-૩૯-૫૫) વાકચમાં મુખ્ય દ્વાદશ શકિતમાં ગણેલી હોવાથી અવિદ્યા ભગવાનની શક્તિ છે અને તેથી એમની ઇચ્છાને અધીન છે; તેથી જેનો બન્ધ કરવાની ભગવાનની ઇચ્છા હોય તેનો જ એ બંધ કરે છે, અન્યનો બંધ કરતી નથી તેથી જ શુક સનક વગેરે સર્વદા મુકત જ છે, કારણ કે એઓનો બંધ

તૃતીયા વિભકિતનો પ્રયોગ કરી અવિદ્યાને એનું કરણ કહેત નહિ, કરણ એક પ્રકારનું કારણ છે. અને કારણ કાર્યની પહેલાં હોવું જ જોઈએ; તેથી અવિદ્યા આ બંધ પહેલાં હોવી જ જોઈએ, નહિ તો એ બંધનું કરણ હોઈ શકે જ નહિ. તેથી બંધને આદિ હોવું જ જોઇએ.

પૂર્વપક્ષી—અવિદ્યા અને જીવ ઉભય અનાદિ છે. અવિદ્યા સ્વભાવથી જ બંધ કરે છે. અવિદ્યાનો સ્વભાવ જ બંધ કરવાનો છે. જીવ પણ અનાદિ છે. ત્યારે અવિદ્યાથી થતો જીવનો બંધ અનાદિ ન કહીએ તો, અવિદ્યા સ્વભાવથી જ બંધન કરનારી હોવાથી, અમુક સમય સુધી જીવ બંધ વિના કેમ રહે? વળી, બંધ થયા પહેલાં જીવનું સ્વરૂપ કેવા પ્રકારનું હોઈ શકે? એ સમયે જીવ મુકત છે એમ કહી શકાય નહિ, કારણ કે મુક્ત જીવને બંધ થાય જ નહિ, અને આ જીવને તો આગળ બંધ થવાનો છે. વળી, આ જીવે સાધન પણ કર્યાં નથી તો એ મુકત કેમ હોઈ શકે? આ સમયે જીવ બદ્ધ છે એમ પણ કહેવાય નહિ, કારણ કે બંધ તો પછી થવાનો છે, તેથી આ સમયે જીવ બદ્ધ નથી તેમ મુકત પણ નથી. આ વિના તૃતીય કોઈ અવસ્થા જીવની પ્રસિદ્ધ નથી, તેથી બંધને આદિ છે એમ કહી શકાય નહિ.

સિદ્ધાન્તી—એમ કહેવું યોગ્ય નથી. **'श्रिया पुष्ट्या गिरा कान्त्या कीर्त्या तुष्ट्येल-योर्जया। विद्ययाविद्यया शक्त्या मायया च निषेवितम्'** એમ શ્રીમદ્ભાગવતમાં ભગવાનની દ્વાદશ શકિત કહેલી છે. આ શકિતઓમાં અવિદ્યાનો પણ સમાવેશ થાય છે, તેથી અવિદ્યા ભગવાનની શકિત છે. ભગવાનની શકિત હોવાથી એ ભગવાનની ઇચ્છાને અધીન છે. (જેમ રાજા સેવકથી સર્વકાર્ય પોતાની ઇચ્છા પ્રમાણે કરે છે, તેમ ભગવાન પોતાની બાર શકિતઓથી પોતાની ઇચ્છા પ્રમાણે સર્વ કરે છે. અવિદ્યા ભગવાનની શકિત હોવાથી, બંધ મોક્ષ વગેરે કોઈ જીવને અધીન નથી;) તેથી જે જીવને બંધન કરવાની ભગવાનની ઇચ્છા થાય તે જીવનો એ બંધ કરે છે, અન્ય જીવનો બંધ કરતી નથી. તેથી જ શ્રીશુકદેવજી સનક વગેરેને બંધ થયો જ નથી. આ જીવો સદા મુકત રહે એવી ભગવાનની ઇચ્છા હોવાથી, અવિદ્યા એમનો બંધ કરતી નથી.

પૂર્વપક્ષી—(ભગવાનની ઇચ્છા પ્રમાણે જ બંધ અને મોક્ષ થતા હોય તો સાધનનો ઉપદેશ વ્યર્થ છે, કારણ કે જીવને સાધન કરવાની આવશ્યકતા રહેતી નથી.)

સિદ્ધાન્તી—જે જીવને મોક્ષ કરવાની ભગવાનની ઇચ્છા થાય તેને સાધન કરાવી મોક્ષ

કરવાની ભગવાનની ઇચ્છા નથી. તેથી જ જેનો આ લોકમાંથી ઉદ્ધાર કરવાની ઇચ્છા હોય તેની પાસે આ જ (પ્રભુ જ) સારાં કર્મ કરાવે છે; જેનો આ લોકમાંથી અધઃપાત કરવાની ઇચ્છા હોય તેની પાસે આ જ ખરાબ કર્મ કરાવે છે' (કૌ. ૩-૯) એ શ્રુતિ પણ (સર્વ) ભગવાનની ઇચ્છાને જ અધીન છે એમ કહે છે. જીવસ્વરૂપનું આગળ નિરૂપણ કરીશું. અવિદ્યાના સંબંધ માત્રથી જીવભાવ થાય છે અને શુદ્ધ બ્રહ્મને જ અવિદ્યાસંબંધ થાય છે એમ કહેનાર તમારા મતમાં, (બ્રહ્મ) જીવ ન થઈ જાય તેવું કાંઈ કારણ નહિ હોવાથી નિરવયવ હોવાથી અંશ ભેદથી એવું રહે એમ પણ કહી શકાય નહિ, તેથી સર્વજ્ઞત્વ વગેરેથી વિશિષ્ટ પરમાત્માની સિદ્ધિ થતી નથી, તેથી સર્વ શ્રુતિનો ઉપપ્લવ થાય છે. વળી, જીવ અને પરમાત્માનો ભેદ અનાદિસિદ્ધ છે એમ કહો છો ત્યારે પારમાર્થિક છે એમ કેમ કહેતા નથી?—કારણ કે શ્રુતિ એમના અભેદનો બોધ કરે છે. પરમાર્થતઃ ભિન્નનો

પ્રાપ્ત કરાવે છે. 'જેનો આ લોકમાંથી ઉદ્ધાર કરવાની ઇચ્છા હોય તેની પાસે સારાં કર્મ કરાવે છે' એ શ્રુતિ આ જ ઉપદેશ કરે છે. ભગવાન સાધન કરાવી પ્રાપ્ત કરાવે છે, તેથી સાધનનો ઉપદેશ નિરર્થક નથી, કારણ કે સાધન અને મોક્ષ, કારણ અને કાર્ય થાય છે. શ્રીશુક વગેરે જીવો સાધન વિના જ ભગવાનની ઇચ્છાથી સદા મુક્ત જ છે. સાધન પણ ભગવાનની ઇચ્છાનું ઉલ્લંઘન કરતાં નથી.

આ ઉપરથી જણાશે કે જીવવિભાગ થયા પહેલાં જીવનું સ્વરૂપ બ્રહ્મરૂપ જ છે. વિભાગ થયા પછી એની ચાર અવસ્થા થઈ શકે છે: ૧. કોઈ જીવ સદા મુકત જ હોય છે; ૨. કોઈ વિભાગ પછી તરત મુકત હોય, પરંતુ અવિદ્યાથી એમને બંધ થવાનો હોય, આ બંધયોગ્ય મુકત અવસ્થા છે; ૩. બદ્ધ અવસ્થા; ૪. બંધ પછીની મુકત અવસ્થા.

પૂર્વપક્ષી—('**न स आवर्तते**' 'એ (મુકત જીવ) પાછો આવતો નથી' એ શ્રુતિથી મુકતને કદાપિ બંધન સંભવતું નથી, તો આ ચારમાંથી દ્વિતીય અવસ્થા કેમ સંભવે?)

સિદ્ધાન્તી—એ શ્રુતિમાં '**સઃ**' 'એ' શબ્દનો અર્થ 'બંધન થયા પછી સાધનથી મોક્ષ પામેલો જીવ' થાય છે. દ્વિતીય અવસ્થાના જીવને પ્રથમ બંધન પ્રાપ્ત થયું જ નથી, તેથી દ્વિતીય અવસ્થા પણ સંભવે છે. વિશેષ જીવસ્વરૂપનું વર્ણન આગળ કરીશું.

વળી, બ્રહ્મને અવિદ્યાનો સંબંધ થાય છે અને અવિદ્યાના માત્ર સંબંધથી જ જીવ થાય છે એમ તમે સ્વીકારો છો, તેથી બ્રહ્મ જીવ જ થઈ જવું જોઈએ, કારણ કે એને અવિદ્યાનો સંબંધ છે. બ્રહ્મ જીવ ન થઈ જવાનું કાંઇ પણ કારણ નથી. વળી, બ્રહ્મને અમુક અંશમાં જ અવિદ્યાનો સંબંધ થાય છે ત્યાં જીવ થઈ જાય છે અને બીજા અંશમાં બ્રહ્મ રહે છે, એમ પણ તમારાથી કહેવાય નહિ, કારણ કે બ્રહ્મને અવયવ નથી. બ્રહ્મનો વિભાગ થઈ શકે નહિ. અવિદ્યા પણ વિભુ હોવાથી બ્રહ્મ સાથે સર્વત્ર સંબંધ ધરાવતી હોવી જોઈએ. અવિદ્યાનો સંબંધ હોવાથી બ્રહ્મ અલ્પજ્ઞ થઈ જાય છે, તેથી સર્વજ્ઞ પરમાત્મા તમારા મત પ્રમાણે હોઈ શકે જ નહિ, અને સર્વ શ્રુતિનો વિપ્લવ થઈ જાય. વળી, જીવ અને બ્રહ્મનો ભેદ અનાદિ છે એમ કહો છો, ત્યારે પારમાર્થિક છે એમ કેમ કહેતા નથી?

પૂર્વપક્ષી—જીવ અને બ્રહ્મનો ભેદ પારમાર્થિક નથી, કારણ કે શ્રુતિ એમના અભેદનો

અભેદ સંભવતો નથી, તેથી ભેદને અહીં અવાસ્તવિક કહેવો જોઈએ. લોકમાં આવો ભેદ બિંબ અને પ્રતિબિંબમાં આભાસ અને એના આશ્રયમાં દેખાય છે તેથી એવો અહીં પણ કહું છું. તેથી જ મહાવાકયમાં ભાગત્યાગલક્ષણા પણ (કહું છું).- ઠીક કહો છો, પરન્તુ પૂર્વ અપરનું આલોચન કર્યા વિના (કહો છો), કારણ કે 'એ તું છે' એટલું જ જો મહાવાકય હોત તો એમ થાત; પરન્તુ એમ નથી; સંપૂર્ણ પ્રપાઠક (મહાવાકય છે.) ત્યાં પ્રારંભમાં 'જેનાથી શ્રવણ નહિ કરેલું થાય, એ આદેશ તેં પૂછ્યો છે?' એમ એકવિજ્ઞાનથી સર્વવિજ્ઞાનની પ્રતિજ્ઞા કરેલી છે. જેમ સુવર્ણના કટકા અને સુવર્ણના ઘાટ સર્વ સુવર્ણ જ છે તેથી સુવર્ણના જ્ઞાનથી એઓનું જ્ઞાન થાય છે, તેમ એક જ સર્વ થાય તો એ પ્રતિજ્ઞા પૂરી

બોધ કરે છે. જો એમનો ભેદ પારમાર્થિક હોય, તો એમનો અભેદ કદાપિ સંભવે જ નહિ, અને શ્રુતિનો બાધ થાય, તેથી એમનો ભેદ અવાસ્તવિક જ હોવો જોઈએ. આવો અવાસ્તવિક ભેદ લોકમાં પણ દેખાય છે. બિંબ અને પ્રતિબિંબમાં અવાસ્તવિક ભેદ છે. તેમજ દર્પણમાં સૂર્યનો પ્રકાશ પડે છે ત્યારે ભીંત પર એનો આભાસ પડે છે. એ આભાસ અને એનો આશ્રય દર્પણમાં પડેલો પ્રકાશ એ એનો ભેદ પણ વાસ્તવિક છે. આ પ્રમાણે વાસ્તવિક ભેદ લોકમાં જોઈએ છીએ, અને બ્રહ્મ અને જીવના અભેદનો બોધ કરનારી '**तत्त्वमसि**' શ્રુતિ છે તેનો એમનામાં વાસ્તવિક ભેદ હોય તો બાધ થાય છે, તેથી એમના ભેદને અવાસ્તવિક કહું છું. તેથી જ '**तत्त्वमसि**' શ્રુતિમાં ભાગત્યાગલક્ષણા છે એમ પણ કહું છું. એ શ્રુતિમાં **तत्** =સર્વજ્ઞપણું વગેરેથી યુક્ત સચ્ચિદાનંદ પરમાત્મા, **त्वम्** =બુદ્ધિ પ્રાણ અહંકાર વગેરેથી યુક્ત પ્રત્યગ્ આત્મા, એવો શબ્દનો મુખ્યાર્થ છે. ઉભયમાં આત્મા વિશેષ્ય છે અને બાકીનાં વિશેષણ છે. એમાં વિશેષણનો ઉભયમાંથી ત્યાગ કરું છું, એટલે એક જ વિશેષ્ય રહે છે. વિશેષણનો ત્યાગ કરું છું, કારણ કે એ વિશેષણનો ભેદ માત્ર અવાસ્તવિક જ છે. વિશેષણભાગનો ત્યાગ કરું છું તેથી ભાગત્યાગલક્ષણા થઈ. વિશેષ્ય એક જ અવશિષ્ટ રહેવાથી જીવ અને બ્રહ્મનો અભેદ સિદ્ધ થાય છે. તેથી જીવ અને બ્રહ્મ વસ્તુતઃ એક જ છે, અને એમનો ભેદ અવાસ્તવિક જ છે.

સિદ્ધાન્તી—તમે પૂર્વાપર સંબંધ જોતા નથી. ગ્રંથનો પૂર્વાપર સંબંધ જુઓ તો તમારો કરેલો આ શ્રુતિનો અર્થ સંભવતો નથી. આ શ્રુતિ છાંદોગ્ય ઉપનિષદમાં શ્વેતકેતુના ઉપાખ્યાનમાં છે. જો '**तत्त्वमसि**' એટલું જ મહાવાકય હોત તો તમે કહ્યું તેમ કદાચ બ્રહ્મ અને જીવનો ભેદ અવાસ્તવિક થાત, અને ભાગત્યાગલક્ષણાનો એનો અર્થ કરવામાં ઉપયોગ થાત, પરંતુ એટલું જ મહાવાકય નથી, સંપૂર્ણ પ્રપાઠક મહાવાકય છે. આ ઉપાખ્યાનના આરંભમાં જ 'જેનાથી શ્રવણ નહિ કરેલું શ્રવણ કરેલું થાય...એ આદેશ તેં પૂછ્યો છે?' એમ શ્વેતકેતુને પ્રશ્ન કર્યો છે. આથી માત્ર એકના વિજ્ઞાનથી સર્વનું વિજ્ઞાન થાય છે એવી પ્રતિજ્ઞા કરેલી છે: એક જ પદાર્થ સર્વ થતો હોય, તો જ આ પ્રતિજ્ઞા પૂરી થાય. એક જ પદાર્થ સર્વ થાય નહિ તો એકના જ્ઞાનથી સર્વનું જ્ઞાન થાય નહિ, અને આ પ્રતિજ્ઞા વ્યર્થ થાય. જેમ સુવર્ણના ખંડ અને સુવર્ણનાં કાર્ય સર્વનું જ્ઞાન માત્ર સુવર્ણના જ્ઞાનથી થાય છે, તેમ આ

પડે; તેથી બ્રહ્મજ્ઞાનથી સર્વનું જ્ઞાન થાય છે એમ કહેવા, 'સૌમ્ય, આ સર્વ પહેલાં સત્ જ હતું 'થી આરંભી સર્વ બ્રહ્મરૂપ જ છે એમ નિરૂપણ કરેલું છે. ત્યાં 'આ સર્વ ઐતદાત્મ્ય છે' એમ સર્વ જડ બ્રહ્માત્મક છે એમ કહ્યું. પછી જડ વિનાશી હોવાથી એ બ્રહ્મરૂપ હોઈ શકે નહિ એમ શંકા થાય, તેનો નિરાસ કરવા 'એ સત્ય (છે)' એમ કહ્યું; તેથી શ્રુતિને આવિર્ભાવ અને તિરોભાવ જ અભિમત છે. નાશ અને ઉત્પત્તિની પ્રતીતિ ભ્રાન્તિ છે એમ (સમજવું.) એમ જ વિષ્ણુપુરાણના પ્રથમ અંશમાં પણ 'તેથી હે મુનિવર ! જન્મ અને નાશના વિકલ્પ થાય તેવા આવિર્ભાવ અને તિરોભાવવાળું આ અખિલ જગત નિત્ય અને અક્ષય છે' એમ (કહેલું છે).

આવિર્ભાવ-તિરોભાવ સંબંધથી નૈયાયિકોનો પૂર્વપક્ષ

પૂ૦—આવિર્ભાવ અને તિરોભાવ નિત્ય છે કે અનિત્ય ? પ્રથમ નહિ, કારણ કે (એમ હોય તો) સતત ઘટના ઉપલમ્ભ અથવા અનુપલમ્ભના પ્રસંગથી

સર્વ એક જ પદાર્થના અંશ અને એનાં જ કાર્ય હોય તો જ એ પદાર્થના જ્ઞાનથી આ સર્વનું જ્ઞાન થાય, એ પ્રતિજ્ઞા સફલ થાય. એ જ પ્રમાણે આ સર્વ માત્ર એક જ પદાર્થ બ્રહ્મનાં અંશ અને કાર્ય છે અને તેથી સર્વ બ્રહ્મરૂપ છે એમ દર્શાવવા, 'સૌમ્ય, આ પ્રથમ સત્ જ હતું' વગેરે **'ऐतदात्म्यमिदं सर्वं, तत्सत्यं, स आत्मा, तत्त्वमसि श्वेतकेतो'** (છાં. ૬–૮–૭) ઉપદેશ આ સર્વ બ્રહ્મનાં અંશ અને કાર્ય જ છે એમ સિદ્ધ કરે છે. **'ऐतदात्म्यमिदं सर्वम्'** = 'આ સર્વ ઐતદાત્મ્ય છે,' અર્થાત્ સર્વ જડનો આ જ આત્મા છે, તેથી જેમ સુવર્ણના સર્વ ઘાટ સુવર્ણાત્મક છે તેમ સર્વ જડ બ્રહ્માત્મક છે. 'આ પ્રમાણે જડ સર્વ બ્રહ્માત્મક હોય તો વિનાશી હોવું ન જોઈએ, પંતુ એનાં ઉત્પત્તિ અને નાશ થાય છે તેથી સર્વ વિનાશી છે અને બ્રહ્માત્મક હોઈ શકે નહિ,' એવી શંકા દૂર કરવા **'तत्सत्यम्'** વાક્ય યોજેલું છે. જડ સર્વ સત્ય છે, વિનાશી નથી, સત્ય હોવાથી બ્રહ્માત્મક છે. ઉત્પત્તિ અને નાશ જણાય છે એ ભ્રાંતિ છે. વસ્તુતઃ ઉત્પત્તિ અને નાશ થતાં નથી, પરંતુ આવિર્ભાવ અને તિરોભાવ થાય છે. જડ સર્વ બ્રહ્માત્મક છે તેથી સત્ય અર્થાત્ અવિનાશી છે. અવિનાશી હોવાથી એની ઉત્પત્તિ અથવા નાશ થતાં નથી, પરંતુ આવિર્ભાવ અને તિરોભાવ જ થાય છે. આ જ આ શ્રુતિનો ભાવાર્થ છે; તેથી વિષ્ણુપુરાણમાં પણ 'જન્મ અને નાશની જેમાં શંકા થાય તેવા આવિર્ભાવ અને તિરોભાવવાળું આ અખિલ જગત નિત્ય અને અક્ષય છે' એમ કહેલું છે. આવિર્ભાવ થાય ત્યારે જન્મ અર્થાત્ ઉત્પત્તિની ભ્રાંતિ થાય છે અને તિરોભાવ થાય ત્યારે નાશની ભ્રાંતિ થાય છે, વસ્તુતઃ જગત સત્ય જ છે.

[આ સ્થળે જગતના આવિર્ભાવ અને તિરોભાવનો સિદ્ધાન્ત ઇષ્ટ નહિ હોવાથી નૈયાયિક પૂર્વપક્ષ કરે છે.]

પૂર્વપક્ષી—આવિર્ભાવ અને તિરોભાવ નિત્ય છે કે અનિત્ય ? એ નિત્ય છે એ પ્રથમ પક્ષ યોગ્ય નથી, કારણ કે આવિર્ભાવ નિત્ય હોવાથી ઘટની સદા ઉપલબ્ધી થવી જોઈએ. ઘટ આપણને સદા દેખાવો જોઈએ, કારણ કે ઘટ અને ઘટનો આવિર્ભાવ ઉભય નિત્ય છે. એ જ પ્રમાણે તિરોભાવ નિત્ય હોવાથી, ઘટ આપણને દેખાવો જોઈએ નહિ. પરંતુ આ ઘટની સદા ઉપલબ્ધિ થાય છે, અને એ જ ઘટ અનુપલબ્ધ પણ છે એમ કહી શકાય નહિ, તેથી સર્વ પદાર્થ અનિર્વાચ્ય થઇ જાય, અર્થાત્ કોઈપણ પદાર્થનું 'આ આવો છે' એવું સત્ય સ્વરૂપ આપણે જાણી શકીએ નહિ.

અનિર્વાચ્યતા થશે. એ વિરુદ્ધ ધર્મ હોવાથી એવા ધર્મીની અસિદ્ધિથી, એ છે એમ પણ કહી શકાય નહિ, તેથી શૂન્યવાદ થશે. સાધનમાં પ્રવૃત્તિ પણ ઉપપત્તિરહિત થશે. વળી, એ વર્તમાન વસ્તુની દર્શનયોગ્યતા અથવા અયોગ્યતારૂપ છે. એમ હોવાથી (એઓનું) ભગવચ્છક્તિપણું ક્યાં રહ્યું ? એમ જ (વસ્તુધર્મ) હોવાથી, પટના ઉપલંભ અને અનુપલંભ કાદાચિત્ક છે એનું કારણ શોધતાં, એઓના કારણના સ્તોમની પરંપરાનું કારણ એ એનું કારણ એમ કહેવું પડશે. એમ ઈશ્વરેચ્છાપર્યન્ત શોધતાં એ પણ નિત્ય હોવાથી પૂર્વોક્ત દૂષણનો ઉદ્ધાર

વળી, આવિર્ભાવ અને તિરોભાવ ધર્મ અર્થાત્ ગુણ છે. એક જ પદાર્થનાં ઉત્પત્તિ અને નાશ થતાં આપણે જોઈએ છીએ. આ વસ્તુતઃ આવિર્ભાવ અને તિરોભાવ જ છે, એવો તમારો સિદ્ધાન્ત છે, તેથી એક જ પદાર્થમાં આવિર્ભાવ અને તિરોભાવ ધર્મ રહેલા છે, પરંતુ આ ધર્મ પરસ્પર વિરુદ્ધ હોવાથી એક પદાર્થમાં રહી શકે નહિ. અમુક કાળે આવિર્ભાવ રહે છે અને બાકીના કાળે તિરોભાવ રહે છે એમ પણ કહેવાય નહિ, કારણ કે ઉભય નિત્ય હોવાથી એમાં સદા રહેવા જોઈએ. પરંતુ આવિર્ભાવ અને તિરોભાવ ઉભય ધર્મવાળો એક પણ ધર્મી આપણને મળતો નથી, તેથી એવો ધર્મી છે જ નહિ. ધર્મી ન હોવાથી ધર્મ પણ નથી, એમ માનવું જોઈએ, કારણ કે ધર્મી વિના ધર્મ ક્યાં રહે? ધર્મ અને ધર્મી ઉભય ન હોવાથી શૂન્ય જ અવશિષ્ટ રહે છે, અને નાસ્તિક વૈનાશિમતમાં પ્રવેશ થાય છે.

વળી, સર્વ વસ્તુ નિત્ય છે એમ તમે માનો છો, તેથી યજ્ઞ વગેરે સાધનનાં ફલ પણ નિત્ય જ છે. ફલ નિત્ય હોવાથી એને માટે પ્રવૃત્તિ કરવાની અપેક્ષા રહેતી નથી, કારણ કે જે પદાર્થ હોય તે પ્રાપ્ત કરવા કોઈ પ્રયાસ કરે જ નહિ; તેથી યજ્ઞ વગેરે સાધન કરવામાં પ્રવૃત્તિ પણ સંભવે નહિ.

વળી, વર્તમાન વસ્તુની દેખાવાની યોગ્યતા એ આવિર્ભાવ, અને વર્તમાન વસ્તુની દેખાવાની અયોગ્યતા એ તિરોભાવ. જે વસ્તુનું રૂપ ઉદ્‌ભૂત હોય તે દેખાય અને જેનું રૂપ ઉદ્‌ભૂત ન હોય તે ન દેખાય; તેથી જેનું રૂપ ઉદ્‌ભૂત હોય તેની દેખાવાની યોગ્યતા છે અને જેનું રૂપ ઉદ્‌ભૂત ન હોય તેની દેખાવાની અયોગ્યતા છે. આ પ્રમાણે દેખાવાની યોગ્યતા અને અયોગ્યતા અર્થાત્ આવિર્ભાવ અને તિરોભાવ વસ્તુના જ ધર્મ છે. વસ્તુના જ ધર્મ હોવાથી એ ભગવાનના ધર્મ નથી, તેથી આવિર્ભાવ અને તિરોભાવ ભગવાનની શક્તિ છે એમ કહી શકાય નહિ. આવિર્ભાવ અને તિરોભાવ વસ્તુના જ ધર્મ હોવાથી ઘટ વગેરે પદાર્થની અમુક સમયે ઉપલબ્ધિ થાય છે અને અમુક સમયે અનુપલબ્ધિ હોય છે એનું કારણ શું ? અર્થાત્ ઘટની ઉપલબ્ધિ અને અનુપલબ્ધિ નિત્ય નથી, પરંતુ કાદાચિત્ક જ છે એનું કારણ શું ? ઉપલબ્ધિનું કારણ ચક્ષુ અને રૂપવાળા ઘટ વગેરે પદાર્થનો સંયોગ કાદાચિત્ક હોવાથી, ઉપલબ્ધિ પણ કાદાચિત્ક છે એમ કહો, તોપણ ચક્ષુ અને ઘટના સંયોગના કાદાચિત્કપણાનું કારણ શું ? આ સંયોગનું કારણ ચક્ષુનો અને મનનો સંયોગ, એનું કારણ આત્મા અને મનનો સંયોગ વગેરે કાદાચિત્ક છે તેથી ઘટની ઉપલબ્ધિ કાદાચિત્ક છે એમ કહો, તોપણ આ કારણો કાદાચિત્ક હોવાનું કારણ શું ? એમ અંતે સર્વ કારણોનું કારણ ભગવાનની ઇચ્છા સુધી જઈએ તો ભગવાનની ઇચ્છા પણ નિત્ય છે તેથી એનું કાર્ય, એનું કાર્ય, એ પ્રમાણે સર્વ

થતો નથી. વળી અપસિદ્ધાન્ત (થાય છે).–ઇતર સહકારીના અભાવથી એ દૂષણ લાગતાં નથી,–એમ કહેવાય નહિ, કારણ કે ઉપર કહ્યું તેવી રીતે (કારણસ્તોમથી ભિન્ન) સહકારીનું જ નિરૂપણ થવું અશકય છે. વળી ઉપર વર્ણવેલી યોગ્યતારૂપી એ છે એમ પણ કહી શકાય નહિ, કારણ કે એ (આવિર્ભાવનું લક્ષણ) વાયુ આદિમાં વ્યાપક નથી.–'દર્શન' પદ અનુભવ અર્થમાં યોજ્યું છે એમ પણ કહી શકાય નહિ, કારણ કે ભૂત અને ભવિષ્યને પણ ચાક્ષુષ થવાનો પ્રસંગ આવે, અને એમ થવાથી તિરોભાવનો ઉચ્છેદ થઇ જાય. વળી એ પ્રતિવ્યક્તિ

કાર્ય નિત્ય હોવાં જોઈએ; તેથી ઘટની ઉપલબ્ધિ અને અનુપલબ્ધિ પણ હોવાં જોઇએ; પરંતુ એ કાદાચિત્ક જ છે એનું કારણ તમારાથી કહી શકાતું નથી, તેથી ઘટની ઉપલબ્ધિ અને અનુપલબ્ધિ કાદાચિત્ક નથી, પરંતુ નિત્ય જ એમ સ્વીકારો તો પ્રથમ દર્શાવ્યું તેમ સર્વ પદાર્થ અનિર્વાચ્ય થાય છે અને શૂન્યવાદમાં પ્રવેશ થાય છે. વળી, સર્વ વસ્તુ નિત્ય હોવાથી સદા છે, તેથી '**યદ્ભૂતં યચ્ચ ભાવ્યમ્**' (ઋ. ૧૦-૯૦-૨) એવો વ્યવહાર થવો જોઈએ નહિ. એનાથી આ પુરુષસૂક્તની શ્રુતિનો બાધ થાય છે, તેથી તમારો સિદ્ધાંત ખોટો છે.

'ઘટની ઉપલબ્ધિનાં કારણનાં કારણ જોતાં, અંતે ઈશ્વરની ઇચ્છા નિત્ય છે તેથી ઘટની ઉપલબ્ધિ નિત્ય હોવી જોઈએ, તોપણ બીજાં સહકારી કારણનો અભાવ હોય ત્યારે ઉપલબ્ધિ થતી નથી, તેથી ઉપલબ્ધિ કાદાચિત્ક છે' એમ પણ કહી શકાય નહિ, કારણ કે જે સહકારી કારણ હોય તેનો જ આવિર્ભાવ વગેરે કાદાચિત્ક હોવાનું કારણ કહી શકાશે નહિ.

વળી, વર્તમાન વસ્તુની દેખાવાની યોગ્યતા એ આવિર્ભાવ એમ પણ કહી શકાય નહિ, કારણ કે વાયુ આકાશ વગેરેનો આવિર્ભાવ થાય છે, પરંતુ એઓમાં આવી દેખાવાની યોગ્યતા નથી, તેથી આ આવિર્ભાવના લક્ષણમાં એનો સમાવેશ થતો નથી; તેથી એ લક્ષણમાં અવ્યાપ્તિનો દોષ છે.

"વર્તમાન વસ્તુની દેખાવાની યોગ્યતા, એમાં 'દેખાવાની'નો અર્થ 'અનુભવ થવાની' કરવાનો છે, તેથી વર્તમાન વસ્તુની અનુભવ થવાની યોગ્યતા એ 'આવિર્ભાવ' એમ લક્ષણ થયું. આ યોગ્યતા વાયુ વગેરેમાં પણ છે જ, તેથી અવ્યાપ્તિ દોષ નથી."—એમ પણ ન કહેવાય, કારણ કે વર્તમાન વસ્તુની અનુભવ થવાની યોગ્યતા એવું આવિર્ભાવનું લક્ષણ હોય તો ભૂતકાળમાં થયેલા ઘટ વગેરેનો અનુભવ થાય છે, અને એ વસ્તુ પણ નિત્ય હોવાથી વર્તમાન છે, તેથી ઘટ વગેરે વર્તમાન વસ્તુની અનુભવ થવાની યોગ્યતા એવું આવિર્ભાવનું લક્ષણ હોય તો ભૂતકાળમાં થયેલા ઘટ વગેરેનો અનુભવ થાય છે, અને એ વસ્તુ પણ નિત્ય હોવાથી વર્તમાન છે તેથી 'ઘટ વગેરે વર્તમાન વસ્તુની અનુભવ થવાની યોગ્યતા' એ લક્ષણમાં ભૂતમાં થઇ ગયેલા ઘટ વગેરેનો પણ સમાવેશ થાય છે, તેથી એઓનો આવિર્ભાવ છે; તેથી દર્શન પણ અમુક પ્રકારનો અનુભવ જ હોવાથી, કોઇ સમયે એઓનું દર્શન પણ થવું જોઇએ.

વળી, ભૂતમાં થઇ ગયેલી વસ્તુ પણ અનુભવયોગ્ય છે તેથી એનો પણ આવિર્ભાવ જ છે, કારણ કે સર્વ વસ્તુ નિત્ય હોવાથી એ વર્તમાન પણ છે અને અનુભવયોગ્ય પણ છે; તેથી ભૂતમાં થયેલી, ભવિષ્યમાં થનારી, દૂર રહેલા સર્વ વસ્તુનો આવિર્ભાવ જ છે એમ કહેવું પડે; એનાથી તિરોભાવનો ઉચ્છેદ થઈ જાય.

ભિન્ન છે કે અભિન્ન ? અભિન્ન હોઈ શકે નહિ, કારણ કે (એમ હોય તો) સર્વનો યુગપત્ જ ઉપલમ્ભ થાય.–અવચ્છેદકનો ભેદ હોવાથી એમ થતું નથી. એ યુક્તિ સામે ટકી શકતું નથી એમ પણ કહેવાય નહિ, કારણ કે અવચ્છેદક ઘટ આદિ છે, અને તે તે (પદાર્થથી) અવચ્છિન્ન આવિર્ભાવ છે એમ થયું. અવચ્છેદક નિત્ય હોવાથી સદા ઉપલંભ થાય, અથવા અનુપલંભ થાય–એને કાલોપાધિરૂપી અવચ્છેદનો ભેદ હોવાથી એમ થાય નહિ.–એમ પણ કહેવાય નહિ, કારણ કે તમારા મતમાં એ પણ ઘટતુલ્ય છે, કારણ કે એક વાર ઉપલબ્ધ થાય તેનું નિત્યત્વ અનુપપન્ન નથી–તે તે અવચ્છેદથી આવિર્ભાવનો આવિર્ભાવ થાય છે–એમ કહી

વળી, આવિર્ભાવ અને તિરોભાવ દરેક પદાર્થના ભિન્ન ભિન્ન છે કે સર્વ પદાર્થના એક જ છે ? સર્વ પદાર્થનો એક જ આવિર્ભાવ ને સર્વનો એક જ તિરોભાવ છે એમ કહી શકાય નહિ, કારણ કે એમ હોય તો સર્વ પદાર્થ એકસાથે જ રખાવા જોઈએ. સર્વ પદાર્થનો એક જ આવિર્ભાવ હોવાથી, આવિર્ભાવ થાય ત્યારે સર્વનો આવિર્ભાવ સાથે જ થવો જોઈએ, તેથી સર્વની ઉપલબ્ધિ સાથે થવી જોઈએ; પરંતુ સર્વ પદાર્થની ઉપલબ્ધિ એકસાથે થતી નથી.

"ઘટ પટ વગેરે આવિર્ભાવના અવચ્છેદક (હદ બાંધનાર નિશ્ચય કરાવનાર) ભિન્ન ભિન્ન હોવાથી સર્વનો આવિર્ભાવ સાથે થતો નથી. જેનો અવચ્છેદક હોય તેનો આવિર્ભાવ થાય છે અને જેનો અવચ્છેદક ન હોય તેનો આવિર્ભાવ થતો નથી. જેમ તમારા મતમાં સમવાય એક જ હોવા છતાં, તંતુમાં ઘટનો સમવાય ન હોવાથી તંતુથી સમવેત ઘટ છે એવી પ્રતીતિ થતી નથી, તેમ જ આવિર્ભાવ એક જ હોવા છતાં, એના અવચ્છેદક ઘટ પટ વગેરે ભિન્ન ભિન્ન હોવાથી, સર્વ પદાર્થની સાથે ઉપલબ્ધિ થતી નથી."

—એમ પણ કહી શકાય નહિ. અવચ્છેદક ઘટ પટ વગેરે પદાર્થ છે અને આવિર્ભાવ એઓનાથી અવચ્છિન્ન છે એમ તમે કહો છો, તો ઘટ પટ વગેરે અવચ્છેદક નિત્ય હોવાથી એઓનો સદા આવિર્ભાવ થવો જોઈએ; ઘટ પટ વગેરે અવચ્છેદક અને આવિર્ભાવ ઉભય નિત્ય હોવાથી સદા આપણને એઓની પ્રતીતિ થવી જોઈએ. એ જ પ્રમાણે ઘટ પટ વગેરે અવચ્છેદક તિરોભાવથી અવચ્છિન્ન હોય તો અવચ્છેદક ઘટ પટ વગેરે અને તિરોભાવ ઉભય નિત્ય હોવાથી આપણને એ સદા અનુપલબ્ધ જ હોવા જોઈએ.

"અવચ્છેદક અને આવિર્ભાવ ઉભય નિત્ય છે, પરંતુ કાલ ઉપાધિ અનિત્ય હોવાથી ઘટ પટ વગેરેની સદા ઉપલબ્ધિ થતી નથી. આવિર્ભાવનો અન્ય અવચ્છેદક કાલ ઉપાધિ અનિત્ય છે અને તેથી ઘટ પટ વગેરેની ઉપલબ્ધિ પણ કાદાચિત્ક થાય છે. અમુક કાલ ઉપાધિમાં ઘટની અનુભવ થવાની યોગ્યતા હોય છે ત્યારે એ ઉપલબ્ધ થાય છે. અન્ય કાલ ઉપાધિમાં એમ થતું નથી, તેથી ઘટ વગેરેની સદા ઉપલબ્ધિ થતી નથી."

—એમ પણ કહી શકાય નહિ, કારણ કે કાલ ઉપાધિ પણ તમારા મતમાં નિત્ય જ હોવી જોઈએ. એક વાર પણ જે પદાર્થની ઉપલબ્ધિ થાય તે ઘટની પેઠે નિત્ય જ હોવો જોઈએ, તેથી કાલ ઉપાધિ પણ નિત્ય હોવાથી ઘટ વગેરેની સદા ઉપલબ્ધિ થવી જ જોઈએ; પરંતુ ઘટ વગેરેની સદા ઉપલબ્ધિ થતી નથી અને તેથી પ્રત્યક્ષનો બાધ થાય છે.

શકાશે નહિ, કારણ કે એમાં (આવિર્ભાવનો આવિર્ભાવ સ્વીકારવામાં) ઉક્ત વિકલ્પોથી અનવસ્થા થશે. આથી તિરોભાવનું પણ વ્યાખ્યાન થઈ ચૂક્યું. પ્રથમ (પ્રતિવ્યક્તિ ભિન્ન) પણ નથી, કારણ કે એનાથી 'આવિર્ભાવ અને તિરોભાવ મુરવૈરીની શક્તિ છે' એ વાક્યનો વિરોધ થશે. (મુરવૈરી) અનેક શક્તિ-વાળા હોવાથી પણ એની ઉપપત્તિ થશે નહિ, કારણ કે એક જાતીય કાર્ય કર-વામાં એક (શક્તિથી) સંભવતું હોય ત્યારે એવી અનેકની કલ્પના કરવામાં પ્રમાણ નથી અને ગૌરવ છે. ઉકત રીતિથી કાદાચિત્કપણાનું કારણ પણ દર્શાવી

"આપણે આ દૂષણ દૂર કરવા આવિર્ભાવના આવિર્ભાવની કલ્પના કરવી જોઈએ. જ્યારે જ્યારે ઘટ વગેરે ઉપલબ્ધ થતા હોય ત્યારે ત્યારે એઓના આવિર્ભાવનો આવિર્ભાવ છે, તેથી જ એઓનો આવિર્ભાવ થાય છે એમ માનવું. આવિર્ભાવનો આવિર્ભાવ જે સમયે ન હોય ત્યારે એ વસ્તુનો આવિર્ભાવ થતો નથી, તેથી એ અનુપલબ્ધ રહે છે."

—એવી રીતે આવિર્ભાવના આવિર્ભાવની પણ કલ્પના કરી શકાય નહિ, કારણ કે આ આવિર્ભાવનો આવિર્ભાવ નિત્ય છે, સર્વ પદાર્થનો એક જ છે, એનો અવચ્છેદક કાલ નિત્ય છે, એ પૂર્વના વિકલ્પથી જ, દોષનું નિવારણ એનાથી થઇ શકશે નહિ; તેથી એનો પણ આવિર્ભાવ માનવો જોઇશે. એનાથી પણ એ જ પ્રમાણે દોષનું નિવારણ ન થવાથી એનો પણ આવિર્ભાવ માનવો જોઈશે. એ પ્રમાણે અનવસ્થા થશે.

તિરોભાવ પણ આ જ પ્રમાણે સિદ્ધ થતો નથી, કારણ કે તિરોભાવ પણ નિત્ય હોવાથી એની પણ સદા ઉપલબ્ધિ હોવી જોઈએ, પરંતુ તિરોભાવ પણ કાદાચિત્ક જ છે. આ દોષનું નિવારણ કરવા તિરોભાવના તિરોભાવની કલ્પના કરવી પડશે. આ તિરોભાવનો તિરોભાવ પણ નિત્ય છે, સર્વ પદાર્થનો એક જ છે, એનો અવચ્છેદક કાલ નિત્ય છે, વગેરે વિકલ્પથી આ દોષનું નિવારણ થઈ શકશે નહિ; તેથી આવિર્ભાવ પેઠે તિરોભાવની પણ સિદ્ધિ થતી નથી.

વળી, આવિર્ભાવ અને તિરોભાવ દરેક વસ્તુના ભિન્ન ભિન્ન છે એમ પણ કહી શકાય નહિ, કારણ કે 'આવિર્ભાવ અને તિરોભાવ મુરવૈરીની શક્તિ છે' એ વાક્યનો વિરોધ થશે. આ વાક્યમાં આવિર્ભાવ અને તિરોભાવને મુરવૈરીની શક્તિ કહેલી હોવાથી એ ભગવદ્ધર્મ છે, વસ્તુધર્મ નથી. આવિર્ભાવ અને તિરોભાવ ભગવાનના ધર્મ છે, વસ્તુના ધર્મ નથી; તેથી દરેક વસ્તુનો ભિન્ન આવિર્ભાવ અને ભિન્ન તિરોભાવ હોઈ શકે નહિ, કારણ કે એમ હોય તો એ વસ્તુના ધર્મ થઇ જાય, ભગવાનના ધર્મ રહે નહિ.

"મુરવૈરી અનંતશક્તિવાળા છે. સર્વ પદાર્થના ભિન્ન ભિન્ન આવિર્ભાવ અને સર્વ પદાર્થના ભિન્ન ભિન્ન તિરોભાવ સર્વ ભગવાનની શક્તિ છે એમ કહેવામાં કાંઈ બાધ નથી, તેથી સર્વ પદાર્થના ભિન્ન હોવા છતાં આવિર્ભાવ અને તિરોભાવ ભગવાનની શક્તિ થઈ શકે છે."

—એમ પણ ન કહેવાય, કારણ કે એક જાતનું કાર્ય એક શક્તિથી થઇ શકે ત્યાં અનંત શક્તિની કલ્પના કરવામાં પ્રમાણ નથી, વળી ગૌરવ થાય છે, તેથી આવિર્ભાવ અને તિરોભાવ સર્વ પદાર્થના ભિન્ન ભિન્ન છે ને એ સર્વ ભગવાનની શક્તિ છે એમ કહેવું ઉચિત નથી.

વળી, ભિન્ન ભિન્ન આવિર્ભાવ અને તિરોભાવને ભગવાનની શક્તિ ગણીએ તોપણ ઘટ વગેરેની ઉપલબ્ધિ અને અનુપલબ્ધિ નિત્ય નથી, પરંતુ કાદાચિત્ક છે એનું કારણ કહી

શકાશે નહિ. દ્વિતીય (અનિત્યપક્ષ) પણ ભગવદ્ધર્મ નિત્ય હોવાથી વિરોધને લીધે સંભવતો નથી. એમ હોય તો એઓની ઉત્પત્તિ કહેવી જોઇએ. ત્યારે ઘટાદિની જ ઉત્પત્તિ સ્વીકારો, વચ્ચે આ એઓનું શું કામ ? વળી અપસિદ્ધાન્ત પણ થાય છે. વળી એનાં ઉત્પાદક દંડ મુદ્ગર આદિ કહેવાં પડશે. એ ઘટ અને એના ધ્વંસનાં જ ઉત્પાદક છે. ઘટાદિનો તિરોભાવ પણ કહી શકાય નહિ. એમ હોય તો વસ્તુ હોવાથી, લૌકિક પ્રત્યક્ષનો વિષય ન હોય તોપણ ધ્વસ્ત ઘટનો યોગીઓને ઉપલંભ થાય, કારણ કે રૂપવાળા અસ્તિત્વ ધરાવનાર (સત્ પદાર્થ) યોગિપ્રત્યક્ષના વિષય છે એવો નિયમ છે; પરન્તુ એમ નથી, કારણ કે એમાં પ્રમાણ નથી અને શ્રીમદ્ભાગવતમાં પણ 'તુલ્યકાલીન પ્રજા આધુનિક કાલમાં નથી' એવું વાક્ય છે.

શકાશે નહિ. આ સર્વ કારણોથી આવિર્ભાવ અને તિરોભાવ નિત્ય નથી.

આવિર્ભાવ અને તિરોભાવ અનિત્ય પણ હોઈ શકે નહિ, કારણ કે અનિત્ય હોય તો તમે ભગવાનના સર્વ ધર્મ નિત્ય છે એમ માનો છો એનો વિરોધ થાય. ભગવાનના સર્વ ધર્મ નિત્ય છે તો આવિર્ભાવ અને તિરોભાવ પણ ભગવાનના ધર્મ હોવાથી અનિત્ય કેમ હોઇ શકે?

આવિર્ભાવ અને તિરોભાવ અનિત્ય હોય તો એઓનાં ઉત્પત્તિ અને નાશ થાય છે એમ કહેવું જોઈએ. ત્યારે ઘટ પટ વગેરે પદાર્થનાં જ ઉત્પત્તિ અને નાશ થાય છે એમ કેમ ન સ્વીકારવું ? ઉત્પત્તિ અને નાશ સ્વીકારવામાં શી હાનિ છે? ઘટ વગેરેનાં ઉત્પત્તિ અને નાશ સ્વીકારવાથી આવિર્ભાવ અને તિરોભાવની આવશ્યકતા પણ નહિ રહે

વળી, તમારા મતમાં સર્વ બ્રહ્માત્મક હોવાથી નિત્ય છે. આવિર્ભાવ અને તિરોભાવ અનિત્ય હોય તો અબ્રહ્મ થાય, તેથી 'સર્વ બ્રહ્માત્મક છે' એ તમારા સિદ્ધાન્તનો ભંગ થાય.

વળી, ઘટ વગેરેના આવિર્ભાવની ઉત્પત્તિ કરનાર દંડ વગેરે છે અને એઓના તિરોભાવની ઉત્પત્તિ કરનાર હથોડો વગેરે છે એમ તમારે કહેવું પડશે. વસ્તુતઃ દંડ ઘટની ઉત્પત્તિ કરે છે અને હથોડો ઘટધ્વંસની ઉત્પત્તિ કરે છે, તેથી આવિર્ભાવ અને તિરોભાવરૂપી ભગવાનની શક્તિ સ્વીકારવાનું કાંઈ પણ પ્રયોજન નથી.

વળી, ઘટ વગેરે પદાર્થનો તિરોભાવ થાય છે એમ પણ કહી શકાય નહિ, કારણ કે ઘટ નિત્ય હોવાથી છે અને એ રૂપવાળો પદાર્થ છે. સાધારણ માણસથી ભૂતકાળમાં થઈ ગયેલા અથવા ભવિષ્યમાં થનાર ઘટ જોઈ ન શકાય તોપણ એ ઘટ રૂપવાળો પદાર્થ હોવાથી યોગીઓ એને જોઈ શકતા હોવા જોઈએ. રૂપવાળા અસ્તિત્વ ધરાવનાર સર્વ પદાર્થોને યોગીઓ જોઇ શકે એવો નિયમ છે. આ પ્રમાણે ભૂત અને ભાવી ઘટ પણ યોગીઓને દેખાતા હોવા જોઇએ; પરંતુ યોગીઓ ભૂત અને ભાવી ઘટ જોઈ શકે છે એમ કહી શકાય નહિ, કારણ કે એવું કાંઈ પ્રમાણ નથી. ઊલટું, ધ્વંસ થયા પછી પદાર્થ રહેતો જ નથી એવું પ્રમાણ 'એ સમયની પ્રજા આ સમયમાં નથી' (ભા. ૧૦-૪૮-૧૮) એ શ્રીમદ્ભાગવતના વાક્યમાં પણ મળી આવે છે. (તેથી વાંઝણીના પુત્રની પેઠે આવિર્ભાવ અને તિરોભાવ છે જ નહિ).

સિ૦—अत्रोच्यते तत्स्वरूपं तच्छ्रुत्वाऽपास्य संशयान् ।
ब्रह्मवादे कृतात्मानः प्राप्नुवन्ति हरिं बुधाः ॥

સિદ્ધાંત: આવિર્ભાવ તિરોભાવની સિદ્ધિ

અત્ર એઓનું સ્વરૂપ કહેવામાં આવે છે, જે સાંભળી ડાહ્યા પુરુષો સંશય દૂર કરી બ્રહ્મવાદમાં બુદ્ધિ રાખી હરિની પ્રાપ્તિ કરે છે.

અનુભવનો વિષય થવાની યોગ્યતા એ આવિર્ભાવ. અનુભવનો વિષય ન થવાની યોગ્યતા એ તિરોભાવ. એઓનો અવચ્છેદક વસ્તુનું સત્ત્વ જ છે, કારણ કે એ ધર્મ હોવાથી આશ્રય વિના રહી ન શકવાથી અલીકમાં સંભવતા નથી. વળી, 'ભાવી' 'ભૂત' એમ જેનો વ્યવહાર કરો છો તે વસ્તુની સત્તા તમારે પણ સ્વીકારવી પડશે, કારણ કે એ ઘટાદિના ધર્મ હોવાથી ઘટાદિનો અભાવ હોય તો નિરાશ્રિત થઈ જાય છે. આથી 'વર્તમાન પ્રાગભાવનું પ્રતિયોગીપણું ભાવી-

સિદ્ધાન્ત—આ પ્રમાણે પૂર્વપક્ષી આવિર્ભાવ અને તિરોભાવની સત્તાનો નિરાસ કરી એને ખપુષ્પસમાન સિદ્ધ કરે છે. તેથી પ્રથમ એઓના ખપુષ્પપણાનો નિરાસ કરવા શ્રીમદ્વિઠ્ઠલેશ કારિકાથી એઓના સ્વરૂપના નિરૂપણની પ્રતિજ્ઞા કરે છે: હવે આવિર્ભાવ અને તિરોભાવનું સ્વરૂપ કહીએ છીએ. આ સ્વરૂપ સાંભળી ડાહ્યા પુરુષો પોતાના સંશય દૂર કરી, બ્રહ્મવાદમાં પોતાની બુદ્ધિ સ્થિર કરી હરિની પ્રાપ્તિ કરે છે.

સિદ્ધાન્તી—અનુભવનો વિષય થવાની યોગ્યતા એ આવિર્ભાવ. અનુભવનો વિષય ન થવાની યોગ્યતા એ તિરોભાવ. અનુભવ એટલે સાક્ષાત્કાર, તેથી સાક્ષાત્કારનો વિષય થવાનો ગુણ એ આવિર્ભાવ અને સાક્ષાત્કારનો વિષય ન થવાનો ગુણ એ તિરોભાવ. આ આવિર્ભાવ અને તિરોભાવનો અવચ્છેદ કરનાર વસ્તુની સત્તા જ છે. વસ્તુ હોય તો જ એના આવિર્ભાવ અને તિરોભાવ થાય; અલીકના આવિર્ભાવ અને તિરોભાવ થાય જ નહિ. અલીકમાં આવિર્ભાવ અને તિરોભાવનો સંભવ જ નથી, કારણ કે ઉભય ધર્મ છે. ધર્મ ધર્મીમાં જ રહે. ગુણ દ્રવ્યનો આશ્રય કરીને જ રહે છે. દ્રવ્યના આશ્રય વિના ગુણ અર્થાત્ ધર્મ રહી શકે જ નહિ, તેથી અલીકમાં આવિર્ભાવ અને તિરોભાવ સંભવતા નથી.

વળી, તમે જે પદાર્થને ભૂત અને ભાવી કહો છો તેઓની સત્તા તમારે પણ સ્વીકારવી પડશે. ભૂત ઘટ, ભાવી ઘટ વગેરે વાક્યો ઉચ્ચારતાં, ભૂત અને ભાવી એ ઘટના ધર્મ છે એમ કહેવું પડશે. આ ઘટની સત્તા ન હોય તો એઓના ધર્મ ભૂતપણું ભાવીપણું ક્યાં રહે? આ ધર્મનો આશ્રય ઘટ ન હોય તો એઓનો આશ્રય કોણ? આશ્રય વિના ગુણ રહી શકે નહિ. ભૂતપણું ભાવીપણું ગુણ છે. ગુણ હોવાથી એઓને દ્રવ્યનો આશ્રય અવશ્ય જોઈએ. આપણે 'ભાવી ઘટ' કહીએ છીએ. આ ઘટની સત્તા ન હોય તો ભાવીપણું ક્યાં રહે? ભાવીપણાનો આશ્રય કોણ? 'ઘટનું કારણ કપાલ ભાવીપણાનો આશ્રય છે' એમ કહેવાય નહિ, કારણ કે એમ કહીએ તો કપાલ વર્તમાન છે તેમાં ભાવીપણાનું ભાન થાય. કપાલ વર્તમાન છે, પરંતુ એને ભાવીપણાનો આશ્રય માનીએ છીએ, તેથી 'એ ભાવી' છે એમ આપણને ભાન થવું જોઈએ.

પણું વર્તમાન ધ્વંસનું પ્રતિયોગીપણું ભૂતપણું ' એનો નિરાસ થાય છે.–કાલરૂપ ઉપાધિ જ એઓનો આશ્રય છે–એમ કહેવાય નહિ, કારણ કે એમ હોય તો કાલ ઉપાધિમાં ભૂતત્વાદિની પ્રતીતિ દુર્નિવાર છે.–જેમ તન્તુ અધિકરણવાળા પટનિરૂ-

પૂર્વપક્ષી—(ભાવીપણું નિત્ય છે. ઘટ જાતિ જેમ નિત્ય છે અને ઘટ કાર્યની સાથે જ એનો સંબંધ થાય છે, તેમ ભાવીપણું નિત્ય છે અને ઘટ કાર્યની સાથે જ એનો સંબંધ થાય છે; કારણની સાથે એનો સંબંધ થતો નથી.)

સિદ્ધાન્તી—ભાવીપણું નિત્ય હોય અને ઘટ કાર્ય સાથે સંબંધ રાખતું હોય તો ઘટનો સાક્ષાત્કાર થાય ત્યારે પણ એમાં ભાવીપણું હોવાથી 'ઘટ છે' એવું ભાન આપણને થાય નહિ, પરંતુ 'ભાવી ઘટ' એમ જ ભાન થાય. વળી ભાવીપણું નિત્ય હોવાથી એનો કદાપિ નાશ થાય નહિ, તેથી સર્વકાળે 'ભાવી ઘટ' એમ જ પ્રતીતિ થાય. કોઈ સમયે ઘટની સત્તા હોઈ શકે જ નહિ. આ પ્રમાણે શૂન્યવાદ પ્રાપ્ત થાય, અને પ્રત્યક્ષનો પણ વિરોધ થાય, કારણ કે ઘટનો આપણને સાક્ષાત્કાર પણ થાય છે; તેથી ઘટની સત્તા અમુક કાળે તો સ્વીકારવી જ પડે. ઘટની સત્તા સ્વીકારીએ તો ભાવીપણું અનિત્ય થયું. ભાવીપણું અનિત્ય હોવાથી જન્ય છે, અને જન્ય હોવાથી પૂર્વના કાળમાં નહોતું એમ સિદ્ધ થાય છે. આ પ્રમાણે પૂર્વકાળમાં ભાવીપણું ન હતું ત્યારે ઘટની સત્તા હતી એમ સ્વીકારવું જ પડે; તેથી કારણના વ્યાપાર પહેલાં અર્થાત્ તમે જેને ઉત્પત્તિકાળ કહો છો તે પહેલાં પણ ઘટ વગેરે પદાર્થની સત્તા હતી એમ સિદ્ધ થાય છે. એ જ પ્રમાણે 'ભૂત ઘટ' વગેરે પ્રયોગમાં ભૂતપણું એ ઘટનો ધર્મ છે. એ કારણ સાથે સંબંધ રાખતું હોય, તો વર્તમાન કપાલમાં 'ભૂત કપાલ' એવી પ્રતીતિ થાય; કાર્ય ઘટ સાથે સંબંધ રાખતું હોય, તો ઘટનો સાક્ષાત્કાર થતો હોય ત્યારે પણ 'ભૂત ઘટ' એવી પ્રતીતિ થાય; તેથી એ પણ અનિત્ય જ છે. અનિત્ય હોવાથી એનો અંત પણ આવવો જોઈએ, તેથી જ્યારે ભવિષ્યમાં એનો અંત આવે ત્યારે ઘટની સત્તા છે એમ સ્વીકારવું પડે; તેથી જે કાળમાં પ્રાગભાવ અને ધ્વંસ છે, એમ તમે કહો છો, તે કાળમાં પણ વસ્તુની સત્તા તમારે સ્વીકારવી પડશે. આ પ્રમાણે વસ્તુની સત્તા ત્રણે કાળમાં સિદ્ધ થાય છે, તેથી 'વર્તમાન પ્રાગભાવનું પ્રતિયોગીપણું* એ ભાવીપણું' અને 'વર્તમાન ધ્વંસનું પ્રતિયોગીપણું એ ભૂતપણું' એમ કહી શકાય નહિ.

પૂર્વપક્ષી—તમે કહો છો તે યોગ્ય નથી, કારણ કે ભૂતપણું અને ભાવીપણું ઘટના કારણ કપાલનો અથવા ઘટનો આશ્રય કરી રહેતાં નથી, પરંતુ કાળ ઉપાધિનો આશ્રય કરી રહે છે.

સિદ્ધાન્તી—ભૂતપણું અને ભાવીપણું કાળ ઉપાધિનો આશ્રય કરી રહ્યાં છે એમ માનીએ, તો એમાં ઘટના ભાવીપણાની એટલે ભાવી ઘટની પ્રતીતિ થવી જોઈએ; એ જ પ્રમાણે ભવિષ્યમાં 'ભૂત ઘટ' એમ આપણે કહીએ, તેથી ભવિષ્યકાળ ભૂતપણાનો આશ્રય છે એમ માનીએ, તો એ કાળમાં ઘટના ભૂતપણાની એટલે ભૂતઘટની પ્રતીતિ થવી જોઈએ; વર્તમાનકાળમાં સૂર્યના ઉત્તર પરિસ્પંદનો અર્થાત્ આવતી ક્ષણનો પ્રાગભાવ છે, અને સૂર્યના પૂર્વ પરિસ્પંદનો અર્થાત્ ગઈ ક્ષણનો ધ્વંસ છે, અને વર્તમાનક્ષણ સૂર્યના ઉત્તર પરિસ્પંદના

* જે વસ્તુનો અભાવ હોય તે વસ્તુ એ 'અભાવની પ્રતિયોગી' કહેવાય.

પિત સમવાયનું કાલમાં અસ્તિત્વ હોવા છતાં પટ કાલસમવેત હોય એવી પ્રતીતિ થતી નથી, કારણ કે એ સંબંધથી એ કાલમાં રહેલું નથી, તેમ પ્રાગ-ભાવાદિના અધિકરણ કાલમાં પ્રાગભાવાદિ પ્રતિયોગિત્વ ન હોવાથી એવી પ્રતીતિ થતી નથી,–એમ નહિ, કારણ કે પ્રતિયોગીપણું અમુક પ્રકારનો સ્વરૂપસંબંધ છે એમ અંગીકાર કરેલું છે. એનાં બે સ્વરૂપ છે અને એ આ કાલ પણ છે.

પ્રાગભાવવાળી ક્ષણ હોવાથી, આવતી ક્ષણની ભૂત ક્ષણ હોવાથી એમાં ભૂતપણાનો આશ્રય હોવાથી એમાં ઘટના ભૂતપણાની પ્રતીતિ થવી જોઈએ અને એ સૂર્યના પૂર્વ પરિસ્પંદના ધ્વંસવાળી ક્ષણ હોવાથી, ગઈ ક્ષણની ભાવી ક્ષણ હોવાથી, ભાવીપણાનો આશ્રય હોવાથી એમાં ઘટના ભાવીપણાની પ્રતીતિ થવી જોઈએ. આ પ્રમાણે વર્તમાન ક્ષણમાં ભૂત ઘટ અને ભાવી ઘટ એવી પ્રતીતિ થવી જોઇએ; પરંતુ એમ થતું નથી, તેથી કાળ ઉપાધિ ઘટના ભૂતપણા અને ભાવીપણાનો આશ્રય છે એમ કહી શકાય નહિ.

પૂર્વપક્ષી—અવયવ અને અવયવી સમવાયસંબંધથી રહેલા છે. તંતુ અવયવ છે અને પટ અવયવી છે. આ ઉભય સમવાયસંબંધથી રહેલા છે, તેથી પટનો તંતુ સાથે સમવાય-સંબંધ છે, તેથી પટ તંતુથી સમવેત અર્થાત્ તંતુમાં સમવાયસંબંધથી રહેલો છે એવી પ્રતીતિ છે. આ સમવાય જેમ તંતુમાં છે તેમ કાલમાં પણ છે, કારણ કે કાલ સર્વનો આધાર છે. કાલ સર્વનો આધાર હોવાથી આ સમવાયનો પણ આધાર છે, તેથી આ સમવાય જેમ તંતુમાં છે તેમ કાલમાં પણ છે તોપણ તંતુમાં સમવાયસંબંધથી પટ રહેલો છે એવી પ્રતીતિ થાય છે, પરંતુ કાલમાં સમવાયસંબંધથી પટ રહેલો છે એવી પ્રતીતિ થતી નથી. આનું કારણ એ છે કે જેમ તંતુમાં પટ સમવાયસંબંધથી રહેલો છે તેમ કાલમાં સમવાયસંબંધથી રહેલો નથી. એ જ પ્રમાણે ઘટના પ્રાગભાવવાળા કાલમાં ભાવિત્વ રહેલું છે. પ્રાગભાવવાળો કાલ ભાવિત્વનો આશ્રય છે એ ખરું, પરંતુ ઘટના પ્રાગભાવનું પ્રતિયોગીપણું જેમ ઘટમાં છે તેમ પ્રાગભાવવાળા કાલમાં એ રહેલું નથી. પ્રાગભાવનું પ્રતિયોગીપણું ઘટમાં રહેલું હોવાથી 'ભાવી ઘટ' એવી પ્રતીતિ થાય છે, પરંતુ પ્રાગભાવવાળા કાલમાં એ રહેલું નથી, તેથી એ કાલમાં 'ભાવી ઘટ' એવી પ્રતીતિ થતી નથી; તેથી એ કાલ ભાવિત્વનો આશ્રય છે તોપણ 'ભાવી ઘટ' એવી પ્રતીતિ એમાં થતી નથી.

સિદ્ધાન્તી—એ બરાબર નથી. તમે પ્રતિયોગીપણાને અમુક પ્રકારનો સ્વરૂપસંબંધ જ માનો છો. આ અમુક પ્રકારના સ્વરૂપસંબંધરૂપી પ્રતિયોગીપણાનાં બે સ્વરૂપ છે: ૧. પ્રાગ-ભાવાદિસ્વરૂપ, ૨. પ્રતિયોગિસ્વરૂપ. પ્રતિયોગિસ્વરૂપને લીધે પ્રાગભાવના પ્રતિયોગી ઘટ વગેરે સાથે સંબંધ સિદ્ધ થાય છે તેમ જ પ્રાગભાવાદિસ્વરૂપને લીધે પ્રાગભાગવાળા કાલ સાથે સંબંધ સિદ્ધ થાય છે, તેથી પ્રતિયોગીપણું જેમ ઘટમાં સ્વરૂપસંબંથી રહેલું છે તેમ કાલમાં પણ સ્વરૂપસંબંધથી જ રહેલું છે; તેથી પ્રાગભાવવાળા કાલમાં પણ 'ભાવી ઘટ' એવી પ્રતીતિ થવી જોઈએ.

પૂર્વપક્ષી—પ્રાગભાવનું પ્રતિયોગીપણું પણ કાલમાં સ્વરૂપસંબંધથી જ રહેલું છે,

એ છે, પરંતુ એ વિશેષ નથી.–અરે! એ કયો વિશેષ, જેમાં તમારી આવી શ્રદ્ધા છે? એ દૃષ્ટ નથી, કારણ કે કાંઈ પ્રમાણ નથી. એ ઉભય છે તોપણ વિશિષ્ટ અપ્રતીતિની અન્યથાનુપપત્તિ હોવાથી, અન્ય સંબંધ વિના વિશિષ્ટ પ્રત્યય ઉત્પન્ન કરનાર એવો કલ્પવામાં આવે છે,–એમ નહિ. એવા (વિશેષની) પણ

પરંતુ અમુક વિશેષ અહીં નથી, તેથી પ્રાગભાવવાળા કાલમાં ભાવીપણાની પ્રતીતિ થતી નથી; અને એ વિશેષ હોવાથી ઘટમાં 'ભાવી ઘટ' એવી પ્રતીતિ થાય છે. પ્રાગભાવનું પ્રતિયોગીપણું પ્રતિયોગી ઘટમાં પ્રતિયોગિસ્વરૂપસંબંધથી રહેલું છે અને કાલમાં પ્રાગભાવસ્વરૂપસંબંધથી રહેલું છે. ઉભયમાં સ્વરૂપસંબંધ ભિન્ન ભિન્ન પ્રકારનો છે. પ્રાગભાવનું પ્રતિયોગીપણું કાલમાં જે સ્વરૂપસંબંધથી રહેલું છે તે સ્વરૂપસંબંધથી પ્રતિયોગી ઘટમાં રહેલું નથી, અને પ્રતિયોગી ઘટમાં એ જે સ્વરૂપસંબંધથી રહેલું છે તે સ્વરૂપસંબંધથી કાલમાં રહેલું નથી, તેથી કાલમાં જે વિશેષ છે તે પ્રતિયોગી ઘટમાં નથી અને પ્રતિયોગી ઘટમાં જે વિશેષ છે તે કાલમાં નથી.

સિદ્ધાન્તી—એવો કયો વિશેષ છે જેમાં તમે આવી શ્રદ્ધા રાખો છો? એ 'વિશેષ' દૃષ્ટ છે કે કલ્પિત છે? દૃષ્ટ વિશેષ નથી, કારણ કે પ્રતિયોગી ઘટ વગેરે સિવાય કાંઈ દૃષ્ટ નથી, તેથી એ 'વિશેષ' દૃષ્ટ છે એમ કહેવામાં કાંઈ પ્રમાણ નથી.

પૂર્વપક્ષી—આ વિશેષ દૃષ્ટ નથી, પરંતુ કલ્પેલો છે. ઘટાભાવનો પ્રતિયોગી ઘટ જ્યાં હોય ત્યાં ઘટનો અભાવ હોવાની બુદ્ધિ થતી નથી. સામાન્ય રીતે ઘટ ઉત્પન્ન થયા પછી આ અનુભવથી સિદ્ધ થાય છે. જ્યારે ઘટ ઉત્પન્ન થયા પહેલાં પણ તમે ઘટ હોવાનો સ્વીકાર કરો છો ત્યારે ત્યાં ઘટ પણ છે અને કાલ પણ છે, તેથી ઘટ અને કાલ (એવા ઘટાભાવના) અને પ્રતિયોગી હોવા છતાં ભૂતલ સાથે સંયોગસંબંધવાળા અને કપાલ સાથે સમવાય-સંબંધવાળા ઘટનું ભાન થતું નથી એમ અવશ્ય સ્વીકારવું પડશે. આવી રીતે ઘટની અપ્રતીતિની 'વિશેષ' ન કલ્પીએ તો અનુપપત્તિ જ રહે છે. આ અપ્રતીતિની ઉત્પત્તિ કરવા વિશેષ કલ્પવાની આવશ્યકતા છે. આ વિશેષ ઘટમાં છે, પરંતુ આ પ્રાગભાવવાળા કાલમાં નથી. આ વિશેષ અન્ય સંબંધ વિના 'આ ભૂતલપર ઘટ રહ્યો' એમ સંયોગસંબંધથી ભૂતલ સાથે, અને 'કપાલમાં ઘટનો સમવાય છે' એમ કપાલ સાથે સમવાયસંબંધથી ઘટનું ભાન કરાવે છે. ઘટની ઉત્પત્તિ પહેલાં આ વિશેષ ન હોવાથી, ભૂતલ સાથે સંયોગસંબંધથી અને કપાલમાં સમવાયસંબંધથી ઘટનું ભાન થતું નથી, પરંતુ ઘટમાં આવો વિશિષ્ટ પ્રત્યય ઉત્પન્ન કરનાર 'વિશેષ' રહેલો હોવાથી ઘટની ઉત્પત્તિ પછી ભૂતલ સાથે સંયોગસંબંધથી અને ક ાલમાં સમવાયસંબંધથી ઘટનું ભાન થાય છે. આવી વિશિષ્ટ પ્રતીતિ ઉત્પન્ન કરવા યોગ્ય 'વિશેષ' ઘટમાં રહેલો છે, પરંતુ પ્રાગભાવવાળા કાલમાં નથી તેથી એ સમયે 'ભાવી ઘટ' એવી પ્રતીતિ થતી નથી.

સિદ્ધાન્તી—આ વિશેષ કલ્પી શકાય નહિ, કારણ કે આ વિશેષ ક્યાં કલ્પો છો? પ્રાગભાવના પ્રતિયોગી ઘટમાં આ વિશેષ કલ્પી શકાય નહિ, કારણ કે પ્રતિયોગીની સત્તા જ તમારા મત પ્રમાણે એ સમયે અર્થાત્ પ્રાગભાવવાળા કાલમાં નથી. પ્રતિયોગી જ ન હોય ત્યારે પ્રતિયોગીનો વિશેષ ક્યાંથી જ હોય? ભવિષ્યમાં વિશેષ થશે એમ કહેવાથી આ કાલમાં ઘટ અને કાલમાં કાંઈ ભેદ સિદ્ધ થતો નથી. ઘટના પ્રાગભાવમાં પણ આ વિશેષ કલ્પી શકાય

કાલમાં જ સત્તા છે એમ કહેવું પડશે. તેથી ઉક્ત દૂષણની ભીતિથી એના સમવાયનું પ્રયોજક કહેવું પડશે, અને એ સમયે સમવાયીના અભાવથી એ સમવાય કોઈ સ્થલે કહી શકાશે નહિ. એનાથી કાલાશ્રયની પણ સિદ્ધિ થતી નથી, કારણ કે અન્યત્ર સમવેત જન્યભાવનો જ આધાર કાલ હોઈ શકે; અન્યથા કાલને અસત્‌નો પણ આશ્રય સ્વીકારવો પડશે. અન્યધર્મની માત્ર કાલના

નહિ, કારણ કે આ વિશેષ ભાવીપણાનો અભાવ એમાં સિદ્ધ કરવા કલ્પ્યો છે, તેથી એ ગુણ છે. ઘટનો આ વિશેષ (ગુણ) ઘટના પ્રાગભાવમાં પણ સંભવતો નથી. હવે માત્ર કાલ અવશિષ્ટ રહે છે, તેથી આ વિશેષ કાલમાં જ રહે છે, અર્થાત્ કાલમાં જ એની સત્તા છે એમ તમારે કહેવું પડશે. વળી, આ વિશેષ નશ્વર અર્થાત્ નાશવંત છે, કારણ કે એ ઘટમાં ભાવીપણું સિદ્ધ કરવા કલ્પ્યો છે. ઘટ ઉત્પન્ન થાય ત્યારે એનું ભાવીપણું નષ્ટ થાય છે, તેથી એ વિશેષનો પણ નાશ થાય છે, તેથી ઘટકાલ અને ઘટધ્વંસકાલમાં આ વિશેષ નથી, તેથી આ વિશેષ નાશવંત છે. નાશવંત હોવાથી એ જન્ય છે, કારણ કે જે જે નાશવંત છે તે તે જન્ય છે. આ વિશેષ નાશવંત હોવાથી જન્ય પણ છે. સર્વ જન્ય પદાર્થ અન્ય કોઈ પદાર્થમાં સમવાયસંબંધથી રહ્યા હોય તો જ કાલ એનો આશ્રય થઈ શકે; તેથી આ વિશેષ કાલમાં રહે છે, અર્થાત્ કાલ એનો આશ્રય છે એમ માનવું હોય, તો એ અન્ય પદાર્થમાં સમવાયસંબંધથી રહેલો હોવો જોઈએ; એનો કોઈ સમવાયી કોઈ ન હોય તો કાલ પણ એનો આશ્રય થઇ શકે નહિ, અને કોઈ આશ્રય નહિ હોવાથી 'વિશેષ' સિદ્ધ ન થાય, અને તેથી પ્રાગભાવવાળા કાલમાં ' ભાવી ઘટ ' એવી વૈશિષ્ટ્યની પ્રતીતિ થતી નથી, એ વૈશિષ્ટ્યની અપ્રતીતિની અનુપપત્તિ દૂર થાય નહિ. આ દૂષણની ભીતિથી આ વિશેષનો સમવાયી અવશ્ય કહેવો જોઈએ; પરંતુ એનો એ સમયે અર્થાત્ પ્રાગભાવવાળા કાલમાં કોઈ સમવાયી નહિ હોવાથી કાલ પણ એનો આશ્રય થઈ શકે નહિ, કારણ કે જન્ય પદાર્થ અન્ય પદાર્થમાં સમવેત હોય તો જ કાલ એનો આશ્રય થઈ શકે.

પૂર્વપક્ષી—જેમ નિત્ય અર્થાત્ અજન્ય પદાર્થ અન્ય પદાર્થમાં સમવેત ન હોય તોપણ એનો આશ્રય કાલ થઈ શકે છે, તેમ જન્ય પદાર્થ પણ અન્ય પદાર્થમાં સમવેત ન હોય તોપણ કાલ એનો આશ્રય થઈ શકે છે એમ માનવું જોઈએ. કાલ અમુક પદાર્થનો આશ્રય થાય તે માટે એ પદાર્થ અન્ય પદાર્થમાં સમવેત હોવાની જરૂર નથી. કોઈ પણ પદાર્થમાં સમવેત ન હોય તેવા પદાર્થનો પણ કાલ આશ્રય થઈ શકે છે. આ પ્રમાણે માનવાથી આ 'વિશેષ' સિદ્ધ થશે, અને વૈશિષ્ટ્યની અપ્રતીતિની અનુપપત્તિ દૂર થશે.

સિદ્ધાન્તી—પરંતુ એમ માની શકાય નહિ, કારણ કે એમ માનીએ તો શશશૃંગ જેવા અસત્ પદાર્થનો પણ કાલ આશ્રય છે એમ સ્વીકારવું પડે. શશશૃંગ આદિ અસત્ પદાર્થ પણ બીજા કોઈ પદાર્થમાં સમવાયસંબંધથી રહેલા નથી; પરંતુ બીજા કોઈ પદાર્થમાં સમવાયસંબંધથી રહ્યા ન હોય તેવા પદાર્થનો પણ કાલ આશ્રય છે એમ તમે માનો, તો શશશૃંગ આદિ અસત્ પદાર્થનો પણ કાલ આશ્રય છે એમ તમારે અવશ્ય સ્વીકારવું પડે; તેથી આ વિશેષનો આધાર કાલ છે એમ પણ કહી શકાય નહિ. અન્ય પદાર્થના ધર્મનો

આશ્રયથી જ સિદ્ધિ કોઈ સ્થળે જોઈ નથી. એમ તો એ અન્યનો ધર્મ જ રહે નહિ. એનાથી ભાવી અથવા ભૂતનો વ્યવહાર થાય તે સમયે પણ ઘટાદિની સત્તાનો સ્વીકાર કરવો પડશે. વળી, તમે કહેલી યોગ્યતાનો અવચ્છેદ કયા પદાર્થ-થી થાય છે, એમ અમે પૂછીએ છીએ. ‘જ્યારે ત્યારે વસ્તુસત્તાથી જ એનો અવચ્છેદ થાય છે’ એમ જો કહો, તો ‘જ્યારે ત્યારે’નો ત્યાગ કરો, કારણ કે

આશ્રય કાલ છે એમ કહેવાથી એ પદાર્થના ધર્મની સિદ્ધિ કદાપિ થતી નથી. જો અન્ય પદાર્થ-ના ધર્મનો આશ્રય કાલ છે એમ કહેવાથી જ એ ધર્મની સિદ્ધિ થતી હોય તો એ ધર્મ અન્ય પદાર્થનો કહેવાય જ નહિ, તેથી આવો ‘વિશેષ’ કલ્પી શકાતો નથી; તેથી પ્રાગભાવવાળા કાલમાં ભાવીપણાનું ભાન કેમ થતું નથી એ પણ તમે કહી શકતા નથી. તેથી ભાવીપણાનો આશ્રય કાલ છે એમ કહેવાય નહિ. તેથી ‘ભાવી ઘટ’ ‘ભૂત ઘટ’ એવો વ્યવહાર થાય તે સમયે પણ ભાવીપણા અન ભૂતપણાના આશ્રયની સિદ્ધિ કરવા ઘટની સત્તાનો સ્વીકાર અવશ્ય કરવો પડશે.

પૂર્વપક્ષી—(ઘટ નિત્ય છે એમ સ્વીકારીએ તોપણ પ્રાગભાવવાળા કાલમાં ‘ભાવી ઘટ’ એવો વ્યવહાર સંભવે જ નહિ, કારણ કે ભાવીપણાનો આશ્રય કોણ થાય? ઘટ તો નિત્ય માન્યો, તેથી એ અજન્ય છે; એ ભાવી સંભવી શકે નહિ. આ પ્રમાણે ઘટને નિત્ય માનવાથી પણ કાંઇ વળે એમ નથી.)

સિદ્ધાન્તી—ત્યારે તમે ઘટમાં ભાવીપણું સિદ્ધ કરવા વિશેષ કલ્પ્યો તેનો આશ્રય* કોણ છે? આ યોગ્યતા ઘટનો ધર્મ છે. ઘટ વ્યાપ્ય છે, તેથી આ યોગ્યતા વ્યાપ્ય પદાર્થનો ધર્મ છે. વ્યાપ્ય પદાર્થના ધર્મનો આશ્રય અવશ્ય હોવો જોઈએ. આ યોગ્યતાનો આશ્રય કોણ છે એ તમારે અવશ્ય કહેવું જોઇએ.

પૂર્વપક્ષી—જ્યારે ત્યારે એ વસ્તુની સત્તા જ એનો આશ્રય થાય છે, વસ્તુ ઉત્પન્ન થાય તે પહેલાં સત્તાનો અભાવ હોવાથી ‘જ્યારે ત્યારે’ પદનો પ્રયોગ કરવો પડે છે; તેથી જ્યારે ત્યારે વસ્તુસત્તા જ એનો આશ્રય થાય છે.

સિદ્ધાન્તી—ઘટમાં ભાવીપણું સિદ્ધ કરનારી યોગ્યતાનો આશ્રય વસ્તુસત્તા છે એમ તમે માનો છો, તેથી તમારા માનવા પ્રમાણે પણ ‘ભાવી ઘટ’ એવી પ્રતીતિ ઘટની સત્તા હોય ત્યારે થઈ. ‘ભાવી’ એવી પ્રતીતિ ઉત્પન્ન કરાવનાર યોગ્યતા અથવા વિશેષ હોય ત્યારે ‘ભાવી ઘટ’ એવી પ્રતીતિ થવી જોઇએ. આવી પ્રતીતિ થાય તે સમયે આ યોગ્યતાના આશ્રય ઘટની સત્તા પણ હોવી જોઈએ, તેથી તમારા માનવા પ્રમાણે પણ ઘટની સત્તા હોય ત્યાર ‘ભાવી ઘટ’ એવી પ્રતીતિ થાય છે.

વળી, જ્યારે ઘટની સત્તા હોય ત્યારે ‘ભાવી ઘટ’ એવો વ્યવહાર થતો નથી, તેથી ઘટમાં ભાવીપણું સિદ્ધ કરનારી યોગ્યતા પણ હોઈ શકે નહિ; તેથી જ્યારે ઘટની સત્તા હોય ત્યારે ઉપર કહેલી યોગ્યતા હોઇ શકે નહિ. તેથી (વસ્તુ) ઘટ યોગ્યતાનો આશ્રય કેમ સંભવા

* ‘અવચ્છેદક’ એટલે હદ બાંધનાર, નિર્ણય કરાવનાર—ગંગાધરભટ્ટી ટીકામાં ‘આશ્રય’ અર્થ કરેલ છે તે સહેલાઇથી સમજવામાં ઉપયોગી થાય તેવો હોવાથી લીધેલ છે.

એનું પ્રયોજન નથી, અને ગૌરવ થાય છે. 'અન્ય સંબંધ વિના' એમાં સ્વરૂપ-સંબંધ છે એમ સિદ્ધ થાય તો 'અન્ય સંબંધ' પદ સાર્થક થાય. એમ હોય તો આત્માશ્રય થાય.–ષટ્ પ્રકારના સંનિકર્ષના અભાવમાં પણ વિશિષ્ટ પ્રત્યય ઉત્પન્ન કરનાર એવો 'અન્ય સંબંધ વિના'નો અર્થ છે–એમ પણ કહેવાય નહિ, કારણ કે

શકે ? આશ્રય ઘટની સત્તા છે; પરંતુ આશ્રય કરનાર યોગ્યતા નથી. આશ્રય કરનાર ન હોય ત્યારે આશ્રય કેમ થાય ? વળી ઘટની ઉત્પત્તિ પહેલાં 'ભાવી ઘટ' એવી પ્રતીતિ થાય છે, અર્થાત્ ભાવીપણું સિદ્ધ કરનારી યોગ્યતા છે, પરંતુ વસ્તુસત્તા નથી. ઘટસત્તા ન હોવાથી આ સમયમાં યોગ્યતાનો આશ્રય કોણ થાય ? આ પ્રમાણે 'જ્યારે ત્યારે વસ્તુસત્તા જ એનો આશ્રય થાય છે' એમ કહેવામાં અનુકૂલ તર્ક નથી. અનુકૂલ તર્ક ન હોવાથી 'જ્યારે ત્યારે' પદનું કાંઈ પ્રયોજન નથી તેથી એનો ત્યાગ કરો. પ્રયોજન નથી, એટલું જ નહિ, પરંતુ ગૌરવ દોષ થાય છે. 'જ્યારે ત્યારે' પદનું અનુસંધાન કરવાથી કાંઇ સિદ્ધિ થતી નથી. વળી, 'વિશેષ'ની કલ્પના કરવા છતાં, વસ્તુસત્તા હોય ત્યારે પણ 'ભાવી ઘટ' એવી પ્રતીતિ થાય છે એમ તમારે અંગીકાર કરવું પડે છે, તેથી નિરાશ્રયપણું બાધક છે, કારણ કે ગુણ આશ્રય વિના રહી શકે નહિ.

વળી, 'અન્ય સંબંધ વિના અમુક પ્રકારની પ્રતીતિ ઉત્પન્ન કરનારી યોગ્યતા' એવું વિશેષનું લક્ષણ કહ્યું. પરંતુ સ્વરૂપ પોતે જ સંબંધ સિદ્ધ થાય, અર્થાત્ આ યોગ્યતા અથવા વિશેષ પોતે જ સંબંધ છે એમ સિદ્ધ થાય, તો જ 'અન્ય સંબંધ' પદ સાર્થક થાય. સ્વરૂપ-સંબંધને માત્ર સ્વરૂપ જ તમે માનો છો. સ્વરૂપસંબંધ સ્વરૂપથી જરા પણ ભિન્ન નથી. વિશેષનું જ્ઞાન થવા પ્રથમ એના લક્ષણનું જ્ઞાન થવું જોઈએ. લક્ષણનું જ્ઞાન થવામાં સ્વરૂપ-સંબંધ અર્થાત્ સ્વરૂપના જ્ઞાનની આવશ્યકતા છે, કારણ કે અન્ય સંબંધ વિના અર્થાત્ સ્વરૂપસંબંધથી અર્થાત્ સ્વરૂપથી જ અમુક પ્રકારની પ્રતીતિ કરનારી યોગ્યતા છે તેથી વિશેષના લક્ષણમાં પણ સ્વરૂપના જ્ઞાનની આવશ્યકતા રહે છે. આ પ્રમાણે વિશેષનું જ્ઞાન થવામાં એના જ જ્ઞાનની આવશ્યકતા રહે છે, અર્થાત્ આત્માશ્રય દોષ છે.

પૂર્વપક્ષી—અન્ય સંબંધ વિના એટલે સ્વરૂપસંબંધથી જ અમુક પ્રકારની પ્રતીતિ ઉત્પન્ન કરનારી યોગ્યતા એવું 'વિશેષ'નું લક્ષણ કહ્યું છે. સ્વરૂપસંબંધથી એટલે ૭ પ્રકારના સંનિકર્ષ (સંબંધ) વિના. સંયોગ, સંયુક્તસમવાય, સંયુક્તસમવેતસમવાય, સમવાય, સમવેત-સમવાય, અને વિશેષણવિશેષ્યભાવ એ ૭ સંનિકર્ષ છે. આ છમાંથી એક પ્રકારનો સંનિકર્ષ થવાથી આપણને અમુક પદાર્થ પ્રત્યક્ષ થાય છે. આપણી ઇંદ્રિય અને પદાર્થમાં આ ૭ સંનિકર્ષમાંથી એક પ્રકારનો સંનિકર્ષ થાય ત્યારે આપણને એ પદાર્થ પ્રત્યક્ષ થાય છે. સ્વરૂપ-સંબંધથી એટલે આ ૭ સંનિકર્ષમાંથી એક પણ સંનિકર્ષ વિના. આ ૭ સંનિકર્ષમાંથી એક પણ સંનિકર્ષ ન હોય તોપણ ભૂતલ સાથે સંયોગસંબંધથી અને કપાલમાં સમવાયસંબંધથી ઘટની પ્રતીતિ ઉત્પન્ન કરનારી યોગ્યતા, એવું આ 'વિશેષ'નું લક્ષણ કહ્યું છે.

સિદ્ધાન્તી—એમ પણ કહી શકાય નહિ. 'વિશેષ'ના લક્ષણનો આવો અર્થ કરો તો

યોગજ ધર્મમાં એની અતિવ્યાપ્તિ થાય છે.—લૌકિક વિશિષ્ટ પ્રત્યય ઉત્પન્ન કરનાર એમ કહેવાનો ભાવાર્થ હતો,—એમ પણ કહેવાશે નહિ, કારણ કે વ્યાપ્તિસહિત વિશિષ્ટ જ્ઞાન ઉત્પન્ન કરનાર સામાન્ય પ્રત્યાસત્તિમાં અતિવ્યાપ્તિ થશે. (—જન્ય લૌકિક પ્રત્યાસત્તિ વિના વિશિષ્ટ પ્રત્યય ઉત્પન્ન કરનાર એવો એનો અર્થ છે—એમ પણ સંભવતું નથી, કારણ કે યોગજ ધર્મમાં અતિવ્યાપ્તિ થાય છે)—સામાન્ય

યોગજ ધર્મમાં એની અતિવ્યાપ્તિ થાય છે. યોગીઓ યોગજ ધર્મથી અતીત અને અનાગત ઘટ આદિ પદાર્થનો અનુભવ કરે છે, એમાં છમાંથી એક પણ પ્રકારનો સન્નિકર્ષ નથી. સંનિકર્ષ ન હોવા છતાં યોગીઓને ભૂતલ સાથે સંયોગસંબંધથી અને કપાલમાં સમવાય-સંબંધથી ઘટની પ્રતીતિ યોગજ ધર્મથી થાય છે; તેથી તમારા 'વિશેષ'ના લક્ષણની યોગજ ધર્મમાં અતિવ્યાપ્તિ થાય છે.

પૂર્વપક્ષી—યોગીઓને યોગજ ધર્મથી ઘટનો વિશિષ્ટ પ્રત્યય થાય છે, પરંતુ એ અલૌકિક છે. અમે તો 'વિશેષ'ના લક્ષણમાં 'લૌકિક વિશિષ્ટ પ્રત્યય' કહીએ છીએ. યોગીઓને અલૌકિક પ્રત્ય થાય છે, તેથી યોગજ ધર્મ અલૌકિક પ્રત્યય ઉત્પન્ન કરાવનાર હોવાથી, 'વિશેષ'ના અમે કહેલા લક્ષણની એમાં અતિવ્યાપ્તિ થતી નથી.

સિદ્ધાન્તી—તોપણ તમારા વિશેષના લક્ષણની સામાન્ય પ્રત્યાસત્તિમાં અતિવ્યાપ્તિ થાય છે. આ સામાન્ય પ્રત્યાસત્તિ (ગાઢ સંબંધ) વ્યાપ્તિસહિત વૈશિષ્ટ્યજ્ઞાનની ઉત્પત્તિ કરે છે. 'જ્યાં જ્યાં ધૂમ છે ત્યાં ત્યાં વહ્નિ છે' એ વ્યાપ્તિ છે. ધૂમ વ્યાપ્ય છે અને વહ્નિ વ્યાપક છે. વહ્નિની વ્યાપ્તિથી વિશિષ્ટ ધૂમ છે. ધૂમમાં ધૂમત્વ સામાન્ય રહેલું છે. આ સામાન્ય સર્વ ધૂમમાં અર્થાત્ અતીત વર્તમાન અને અનાગત સર્વ ધૂમમાં રહેલું છે. સ્થલે સ્થલે ધૂમ જોઈ અગ્નિનો અનુભવ કર્યા પછી 'જ્યાં જ્યાં ધૂમ છે ત્યાં ત્યાં વહ્નિ છે' એવી વ્યાપ્તિનું જ્ઞાન થાય છે. આ જ્ઞાન ધૂમત્વ સામાન્યના જ્ઞાનને લીધે થાય છે. સર્વ ધૂમનો અનુભવ કર્યો નથી, તોપણ સર્વ ધૂમમાં ધૂમત્વ સામાન્ય હોવાથી 'જ્યાં જ્યાં ધૂમ છે ત્યાં ત્યાં વહ્નિ છે' એમ આપણે સામાન્યને લીધે ઉદ્ભવતી પ્રત્યાસત્તિથી કહી શકીએ છીએ, તેથી આ સામાન્ય પ્રત્યાસત્તિ વ્યાપ્તિ સહિત ધૂમત્વનું વૈશિષ્ટ્યજ્ઞાન ઉત્પન્ન કરે છે. આ સામાન્ય-પ્રત્યાસત્તિથી વહ્નિવ્યાપ્ય અનાગત ધૂમના ધૂમત્વનું વૈશિષ્ટ્યજ્ઞાન થાય છે તેમાં છમાંથી એક પણ પ્રકારનો સંનિકર્ષ નથી. વળી, આ સામાન્ય પ્રત્યાસત્તિથી થતું જ્ઞાન અલૌકિક પણ નથી, પરંતુ લૌકિક છે. જેમ આધુનિક ધૂમના ધૂમત્વનું જ્ઞાન આપણને થાય છે તે જ પ્રમાણે અનાગત ધૂમના ધૂમત્વનું જ્ઞાન થાય છે. આધુનિક ધૂમના ધૂમત્વના જ્ઞાનપ્રકારમાં અને અનાગત ધૂમના ધૂમત્વના જ્ઞાનપ્રકારમાં સાદૃશ્ય છે, તેથી આધુનિક ધૂમના ધૂમત્વનું જ્ઞાન જેમ લૌકિક છે તેમ આ પણ લૌકિક છે; તેથી આ જ્ઞાન ઉત્પન્ન કરનારી સામાન્ય-પ્રત્યાસત્તિમાં તમારા 'વિશેષ'ના લક્ષણની અતિવ્યાપ્તિ થાય છે.

પૂર્વપક્ષી—'વિશેષ'ના લક્ષણમાં 'અન્ય સંબંધ વિના'નો અર્થ 'જન્ય લૌકિક પ્રત્યાસત્તિ વિના' એવો કરવો, તેથી આ સામાન્યપ્રત્યાસત્તિમાં પણ અતિવ્યાપ્તિ થશે નહિ તેથી આ 'સામાન્યપ્રત્યાસત્તિ તથા છ પ્રકારના સંનિકર્ષનો અભાવ હોવા છતાં વિશિષ્ટ પ્રત્યય ઉત્પન્ન કરનાર' એવું 'વિશેષ'નું લક્ષણ થશે; તેથી સામાન્યપ્રત્યાસત્તિમાં એની અતિવ્યાપ્તિ થશે નહિ.

યોગજ ધર્મ અને જ્ઞાનનાં કારણ ષોઢા પ્રત્યાસત્તિના અભાવમાં પણ વિશિષ્ટ પ્રત્યય ઉત્પન્ન કરનાર એવો એનો અર્થ છે,—એમ પણ અસિદ્ધિને લીધે સંભવશે નહિ. ઉક્ત પદાર્થના અભાવમાં એવું કોઈ સ્થલે સિદ્ધ થયું નથી. વિવાદના આસ્પદ ભાવિત્વ વગેરે પૂર્વોક્ત યુકિતથી નિરાશ્રય હોવાનો પ્રસંગ દુર્નિવાર હોવાથી એ સમયે પણ ધર્મીની સિદ્ધિ થવાથી, અનુમાન આદિથી એનું જ્ઞાન થવાથી, એમાં સમવેત ઉક્ત પ્રતિયોગિત્વનું પણ જ્ઞાન થાય છે; તેથી ઉકત પ્રત્યાસત્તિનો અભાવ પણ નથી એમ સર્વ અનવદ્ય છે.

સિદ્ધાન્તી—તોપણ યોગજ ધર્મમાં એની અતિવ્યાપ્તિ થશે.

પૂર્વપક્ષી—ત્યારે સામાન્ય અર્થાત્ સામાન્યપ્રત્યાસત્તિ, યોગજ ધર્મ, અને જ્ઞાનના કારણ-રૂપ ૭ પ્રકારની પ્રત્યાસત્તિ અથવા સંનિકર્ષ એ સર્વના અભાવમાં વિશિષ્ટ પ્રત્યય ઉત્પન્ન કરવાની યોગ્યતા એમ 'વિશેષ'નું લક્ષણ ગ્રહણ કરવું, તેથી કોઈ પણ પ્રકારની અતિવ્યાપ્તિ રહેશે નહિ.

સિદ્ધાન્તી--એવું કાંઈ છે જ નહિ. એવું કાંઈ પણ કદાપિ સિદ્ધ થયું નથી તેથી એવું 'વિશેષ'નું લક્ષણ ગ્રહણ કરાય નહિ. એ સર્વના અભાવમાં વિશિષ્ટ પ્રતીતિ કદાપિ થતી જ નથી. વળી, વિવાદનું કારણ ભૂતપણા અને ભાવીપણાનું નિરાશ્રયપણું ઉપર કહેલી યુક્તિઓને લીધે તમારાથી દૂર થઈ શકતું નથી, તેથી પ્રાગભાવવાળા કાલમાં પણ ધર્મી ઘટ વગેરેની સાંખ્યમત પ્રમાણે અનુમાનથી સિદ્ધિ થાય છે. આ અનુમાન નીચે પ્રમાણે યોજાય છે. ભાવી ઘટ 'ભાવી' એવા વ્યવહારસમયે પણ છે, કારણ કે એના ધર્મ ભાવીપણાનો એ સમયે અનુભવ થાય છે. જેના ધર્મનો જે સમયે અનુભવ થાય તે સમયે તે વસ્તુ છે, વર્તમાન ઘટ પેઠે. આ પ્રમાણે અન્વયવ્યાપ્તિથી અનુમાન કરી ધર્મીની સિદ્ધિ થાય છે. વળી, વ્યતિરેકવ્યાપ્તિથી પણ એ અનુમાન કરી શકાય છે. વ્યતિરેકવ્યાપ્તિ નીચે પ્રમાણે કરવી. જો ઘટની ઉત્પત્તિ પહેલાં ઘટ ન હોત તો ભાવીપણું નિરાશ્રય હોવાથી 'ભાવી ઘટ' એવો વ્યવહાર ન થાત. આ પ્રમાણે પ્રાગભાવ-વાળા કાલમાં પણ ઘટની સિદ્ધિ થાય છે. પ્રાગભાવવાળા કાલમાં પણ ઘટ હોવાથી એનું જ્ઞાન થાય છે અને તેથી એની અંદર સમવાયસંબંધથી રહેલા પ્રાગભાવના પ્રતિયોગીપણાનું પણ જ્ઞાન થાય છે. ઘટનું જ્ઞાન સંયોગસંબંધથી થાય છે, કારણ કે ઘટ અને ચક્ષુનો સંયોગ થવાથી ઘટજ્ઞાન થાય છે, તેથી ઘટજ્ઞાનમાં સંયોગ સંનિકર્ષ છે. 'ભાવી ઘટ'નું જ્ઞાન સંયુક્તસમવાયથી થાય છે, કારણ કે ઇંદ્રિયને અને ઘટને સંયોગ થાય ત્યારે ઘટજ્ઞાન થાય, અને ઘટમાં ભાવીપણું સમવાયસંબંધથી રહેલું છે તેથી ઇંદ્રિય અને ભાવી ઘટમાં સંયુક્તસમવાયસંબંધ છે. આ ભાવી ઘટમાં પ્રાગભાવનું પ્રતિયોગીપણું સમવાયસંબંધથી રહેલું છે, તેથી પ્રાગભાવના પ્રતિયોગીપણાનું જ્ઞાન સંયુક્તસમવેતસમવાયસંબંધથી થાય છે, કારણ કે ઇંદ્રિયને અને ભાવી ઘટને સંયુક્તસમવાયસંબંધ છે અને ભાવી ઘટને અને પ્રાગભાવના પ્રતિયોગીપણાને સંમવાયસંબંધ છે; તેથી ઇંદ્રિયને અને ભાવી ઘટના પ્રાગ-ભાવના પ્રતિયોગીપણાને સંયુક્તસમવેતસમવાયસંબંધ છે; તેથી તમે કહ્યું તેમ પ્રત્યાસત્તિનો અભાવ નથી, પરંતુ સંયુક્તસમવેતસમવાય પ્રત્યાસત્તિ છે.

[નૈયાયિક અસત્કાર્યવાદી છે, અર્થાત્ એઓનો મત એવો છે કે કાર્ય નવું જ ઉત્પન્ન થાય છે; ઉત્પત્તિ પહેલાં કાર્ય હતું જ નહિ, અસત્ અથવા અવિદ્યમાન એવા કાર્યની ઉત્પત્તિ

થાય છે એમ એઓ માને છે, તેથી એઓ 'અસત્કાર્યવાદી' કહેવાય છે. અસત્કાર્યવાદી હોવાથી એઓ ચાર પ્રકારના અભાવ પણ માને છે: ૧. પ્રાગભાવ, ૨. પ્રધ્વંસાભાવ, ૩. અત્યંતાભાવ, ૪. અન્યોન્યાભાવ. ઘટની ઉત્પત્તિ પૂર્વે ઘટ નથી, એનો અભાવ છે. આ અભાવ પ્રાગભાવ કહેવાય છે. ઘટની ઉત્પત્તિ થયા પછી ઘટનો નાશ થાય ત્યાંસુધી ઘટની સત્તા છે. ઘટનો નાશ થાય ત્યારે ઘટનો અભાવ થાય છે, એને પ્રધ્વંસાભાવ કહે છે. પ્રાગભાવને આદિ નથી, પરંતુ અંત છે, કારણ કે ઘટની ઉત્પત્તિ પહેલાં સર્વદા પ્રાગભાવ હતો. અમુક સમયે પ્રાગ-ભાવનો આરંભ થયો એમ કહી શકાય નહિ, કારણ કે એ સમય પહેલાં પણ ઘટની સત્તા ન હોવાથી અને ઘટ 'ભાવી' જ હોવાથી, એનો પ્રાગભાવ જ હતો એમ કહેવું પડે. પ્રધ્વંસા-ભાવને આદિ છે, કારણ કે ઘટનો નાશ થાય ત્યારથી એનો આરંભ થાય છે; પરંતુ અંત નથી, કારણ કે ઘટનો નાશ થયા પછી સર્વદા એનો અભાવ જ રહેવાનો. અત્યંતાભાવ અને અન્યોન્યાભાવનું લક્ષણ અહીં આપવાની આવશ્યકતા નથી.

માયાવાદીઓ એમ માને છે કે એક જ સત્ પદાર્થ છે, કેવલ બ્રહ્મ જ સત્ છે, સર્વ પ્રકારનાં કાર્ય એના વિવર્તથી થાય છે. એ સત્ નથી, પરંતુ મિથ્યા છે. અર્થાત્ એક બ્રહ્મ જ સત્ છે, કાય સર્વ મિથ્યા છે.

બાહ્ય એમ માને છે કે અસત્ અર્થાત્ અલીકમાંથી સર્વ ઉત્પન્ન થાય છે; પરંતુ આ યોગ્ય નથી, કારણ કે કારણ અને કાર્યનું લોકમાં તાદાત્મ્ય જણાય છે, તેથી કારણ અને કાર્ય એક પ્રકારનાં જ હોવાં જોઈએ. સર્વ કાર્યનું અલીકમાં તાદાત્મ્ય સંભવતું નથી.

એ જ પ્રમાણે માયાવાદીનો મત પણ યોગ્ય નથી, કારણ કે સત્ કેવલ એક જ હોય તો નાનાપણું સંભવે નહિ. વળી, એમના મત પ્રમાણે જગતની પ્રતીતિ ભ્રમરૂપ થઈ જાય છે. પ્રપંચની પ્રતીતિનો કોઈ બાધ કરનાર નહિ હોવાથી એ ભ્રમ હોય એમ સંભવે નહિ.

સાંખ્ય સત્કાર્યવાદી છે. સત્માંથી જ સત્ થાય છે એમ એઓ માને છે. કાર્ય કારણના વ્યાપાર પહેલાં પણ હતું એમ એઓ પણ માને છે. કારણના વ્યાપાર પહેલાં કાર્ય હતું, તોપણ કારણના વ્યાપારથી એની અભિવ્યક્તિ થાય છે, તેથી કારણવ્યાપાર નિષ્ફલ નથી. કારણના વ્યાપાર પૂર્વે અપ્રકટ અવસ્થામાં રહેલું કાર્ય કારણના વ્યાપારથી પ્રકટ અથવા અભિવ્યક્ત થાય છે. અભિવ્યક્તિ અર્થાત્ પ્રાકટ્ય. એ કારણથી કાર્યને ભિન્ન દર્શાવે છે, અર્થાત્ કાર્યને લૌકિક પ્રત્યક્ષનો વિષય બનાવે છે. એ જ આવિર્ભાવ છે.

બીજમાંથી અંકુર ઉત્પન્ન થાય છે ત્યારે બીજનો ધ્વંસ થાય છે. એમાં બીજ વગેરે અવયવ જ અંકુરનાં કારણ છે, બીજનો વિનાશ માત્ર સહકારી છે, અને પૂર્વે નહોતો તેવો અંકુર ઉત્પન્ન થાય છે એમ જે કણાદ વગેરે માને છે તેનો સાંખ્ય લોકો નીચે પ્રમાણે નિરાસ કરે છે:

असदकरणादुपादानग्रहणात्सर्वसंभवाभावात् ।
शक्तस्य शक्यकरणात् कारणभावाच्च सत्कार्यम् ॥

(સાંખ્યકારિકા, ૯)

કાર્ય ઉત્પત્તિ પહેલાં પણ હતું જ, કારણ કે અસત્ અર્થાત્ નહોતું એવું કાંઈપણ આ લોકમાં કોઈ કરતું નથી. રેતીમાં તેલ નથી તેથી રેતીમાંથી કોઈ તેલ કાઢતું નથી. અસત્ની કોઈ ઉત્પત્તિ કરતું નથી તેથી ઉત્પત્તિ પહેલાં પણ કારણમાં કાર્ય અવ્યક્ત રહેલું હતું.

મારી તો જેમ તેમ કોઈ ગતિ થશે, પરન્તુ તમારી કોઈ ગતિ થશે નહિ, કારણ કે તમારા મતમાં ઘટાદિની સદા સત્તા હોવાથી એ ભાવી છે એમ કહી શકાય

વળી, કાર્ય ઉત્પન્ન કરવા ઇચ્છનાર માણસ યોગ્ય ઉપાદાનનું ગ્રહણ કરે છે. જેને દધિ જોઈએ તે ક્ષીર લે છે, જલ લેતું નથી. તેથી પણ ઉત્પત્તિ પહેલાં કારણમાં કાર્ય અવ્યક્ત રહેલું હતું.

વળી, સર્વ કાર્યનો સંભવ નથી. સુવર્ણ રજતમાંથી ઉત્પન્ન થતું નથી તેમ જ ઘાસ ધૂળ અથવા રેતીમાંથી ઉત્પન્ન થતું નથી; તેથી પણ ઉત્પત્તિ પહેલાં કારણમાં કાર્ય અવ્યક્ત રહેલું હતું.

વળી, જે કાર્ય કરવા જે શક્તિમાન હોય તે જ કાર્ય તે કરે છે. ઘટ રચવામાં કુલાલ શક્તિમાન છે, અને માટી દંડ ચક્ર ચીવર રજ્જુ જલ વગેરે શક્તિમાન છે, તેથી કુંભાર જ માટીમાંથી જ એ ઉપકરણોથી જ ઘટ રચે છે; તેથી પણ ઉત્પત્તિ પહેલાં કારણમાં કાર્ય અવ્યક્ત રહેલું હતું.

વળી, જેવા લક્ષણનું કારણ હોય છે તેવા જ લક્ષણનું કાર્ય પણ હોય છે. યવમાંથી યવ જ ઉત્પન્ન થાય છે, વ્રીહિમાંથી વ્રીહિ જ ઉત્પન્ન થાય છે. જો કારણમાં કાર્ય રહેલું ન હોત તો યવમાંથી વ્રીહિ ઉત્પન્ન થાત, કોદરામાંથી શાલિ ઉત્પન્ન થાત, પરંતુ એમ થતું નથી; તેથી પણ ઉત્પત્તિ પહેલાં કારણમાં કાર્ય અવ્યક્ત રહેલું હતું, તેથી પૂર્વે હતું તેવું જ કાર્ય ઉત્પન્ન થાય છે.

તેથી કાર્ય પ્રથમ ન હતું અને કારણવ્યાપારથી ઉત્પન્ન થાય છે એમ નથી. કાર્ય પ્રથમ પણ હતું, પરંતુ અવ્યક્ત દશામાં હતું, કારણના વ્યાપારથી એ વ્યક્ત થયું. આ પ્રમાણે કાર્ય વ્યક્ત થાય ત્યારે 'એનો આવિર્ભાવ થયો' એમ કહીએ છીએ.

વળી, કાર્યની ઉત્પત્તિ માનીએ અર્થાત્ પ્રથમ ન હતું તેવા કાર્યની કારણના વ્યાપારથી ઉત્પત્તિ થાય છે એમ માનીએ, તો ઉત્પત્તિ સિદ્ધ કરવી પડે. ઉત્પત્તિ પૂર્વે હતી કે ન હતી? પૂર્વે ઉત્પત્તિ હોય તો કારણની કાંઈ પણ આવશ્યકતા રહે નહિ; કાર્ય ઉત્પન્ન થયું તે પહેલાં પણ જો એની ઉત્પત્તિ હોય તો કારણની કાંઈ પણ આવશ્યકતા રહે જ નહિ. ઉત્પત્તિ પૂર્વે ન હતી, પણ કારણના વ્યાપારથી ઉત્પન્ન થઈ એમ કહીએ તો ઉત્પત્તિની પણ ઉત્પત્તિ હોવી જોઇએ. ઉત્પત્તિની ઉત્પત્તિ સ્વીકારીએ તો એની પણ ઉત્પત્તિ હોવી જોઈએ. એ પ્રમાણે અનવસ્થા દોષ પ્રાપ્ત થશે. કાર્યની ઉત્પત્તિ સદા વિદ્યમાન છે તેથી ઉત્પત્તિની અપેક્ષા રહેતી નથી એમ માનીએ તો ઉત્પત્તિ સદા રહેતી હોવાથી કારણની આવશ્યકતા રહેતી નથી અને કારણ વ્યર્થ થઈ જાય છે. વળી, પટ વગેરે કાર્ય જ ઉત્પત્તિ છે તેથી કાર્યની ઉત્પત્તિ થતી નથી, પણ કાર્ય એ જ ઉત્પત્તિ છે એમ માનીએ તો, 'પટ ઉત્પન્ન થાય છે' એવો વ્યવહાર સંભવે નહિ, કારણ કે પટ જ ઉત્પત્તિ હોવાથી એ વાક્યમાં પુનરુક્તિ દોષ આવે છે.—ઇત્યાદિ રીતિથી ઉત્પત્તિ પણ સિદ્ધ થઈ શકતી નથી.

[સાંખ્યની સત્કાર્ય સિદ્ધ કરવાની રીતનું પ્રસંગ હોવાથી નિરૂપણ કર્યું છે. હવે અસત્કાર્યવાદી વિતંડાવાદ કરી અસત્કાર્યવાદ સિદ્ધ કરવા પ્રયાસ કરે છે.]

પૂર્વપક્ષી–મારી ગતિ ગમે તે રીતે થશે; મારો મત અહીં સિદ્ધ કરવાની આવશ્યકતા નથી, પરંતુ તમારી કોઈ ગતિ છે જ નહિ. તમારો મત કોઈ રીતે યોગ્ય કહી શકાય નહિ. તમે ઘટ વગેરે પદાર્થ નિત્ય માનો છો. ઘટ વગેરે પદાર્થો નિત્ય હોવાથી એઓની સર્વદા સત્તા

નહિ; શ્રુતિ સ્મૃતિ અને લૌકિક વ્યયવહારથી સિદ્ધ હોવાથી ઇષ્ટાપત્તિ પણ કરી શકાય નહિ. ભાવિત્વ લૌકિક પ્રત્યક્ષનો વિષય હોવાથી ઘટાદિમાં એનો ઉપચાર થાય છે એમ પણ કહેવાય નહિ, કારણ કે ઘટની સમાન જ એનો પણ યોગક્ષેમ છે; એ કાંઈ પ્રપંચથી અતિરિકત નથી. સ્વોકત દૂષણની ભીતિથી પણ એમ કહી શકાય નહિ. એમ હોય ત્યારે ઘટનો શો અપરાધ એ જણાતું નથી. આ પ્રમાણે જીર્ણ તૃણના પર્ણથી આકીર્ણ વિવિધમતરૂપી ભવનવાળા વર્ણપુરમાં પોતે રહી, દૂષણરૂપી દહનથી ઉદ્ભાવના કરો છો, પરંતુ નિજભવનના દાહનું અનુસંધાન કેમ રહેતું નથી?

વત્સ, યુકિતરૂપી કનકપંકથી જોડેલા વિવિધ નિગમરૂપી મહામણિથી નિર્મિત મારા બ્રહ્મવાદભવનનું તને જ્ઞાન નથી? કારણ કે 'એ આટલા હતા' (બૃ. ૧–૪–૩) 'આ સર્વ ઐતદાત્મ્ય છે. (છાં. ૬–૮–૭) 'એ સત્ય છે' 'આ સર્વ જે ભૂત અને ભાવી છે તે પુરુષ જ છે' (શ્વે. ૩–૧૫) ઇત્યાદિ શ્રુતિઓથી પ્રપંચ બ્રહ્માત્મક છે એમ સિદ્ધ થાય છે. અત્ર અસંકુચિતવૃત્તિવાળા 'સર્વ' પદમાં ભૂત અને ભાવીનો સમા-

---

છે. પદાર્થની સદા સત્તા હોવાથી 'ભાવી ઘટ' એવો વ્યવહાર સંભવી શકે નહિ. 'એવો વ્યવહાર ભલે ન સંભવે' એમ કહી શકાય નહિ, કારણ કે એ વ્યવહાર શ્રુતિ સ્મૃતિ અને લૌકિક વ્યવહારથી સિદ્ધ છે. ત્યારે 'ભાવી ઘટ' એવો વ્યવહાર તમારે અવશ્ય સિદ્ધ કરવો પડે.

સિદ્ધાન્તી—ઘટ વગેરે પદાર્થની સત્તા સદા છે, પરંતુ એ પદાર્થ કારણના વ્યાપાર પહેલાં લૌકિક પ્રત્યક્ષનો વિષય નથી. પદાર્થના લૌકિક પ્રત્યક્ષનું વિષયપણું કારણના વ્યાપાર પહેલાં ભાવી છે, તેથી ઉપચારથી પદાર્થ ભાવી છે એમ કહીએ છીએ; તેથી 'ભાવી ઘટ' એવો વ્યવહાર થાય છે.

પૂર્વપક્ષી—એમ પણ કહેવાય નહિ, કારણ કે લૌકિક પ્રત્યક્ષનું વિષયપણું પણ પ્રપંચ અર્થાત્ જગતથી ભિન્ન નથી, તેથી જગત નિત્ય હોવાથી એ પણ નિત્ય જ હોવું જોઈએ. એ પણ પ્રપંચમાં આવી જવાથી ઘટની સમાન જ છે, તેથી એને પણ ભાવી કહી શકાય નહિ. વળી, એને કારણવ્યાપાર પહેલાં ભાવી કહીએ તો એ સમયે એ ભાવીપણાનો આશ્રય કોણ થાય? ભાવીપણાનો આશ્રય નહિ હોવાથી ભાવીપણું નિરાશ્રય થઈ જાય, એ તમારા જ કહેલા દૂષણની ભીતિથી લૌકિક પ્રત્યક્ષનું વિષયપણું ભાવી છે એમ તમારાથી કહેવાય નહિ. વળી, લૌકિક પ્રત્યક્ષનું વિષયપણું અનિત્ય હોઈ ભાવી થઈ શકે, તો ઘટ વગેરે પદાર્થનો શો અપરાધ? તેથી જીર્ણ થઈ ગયેલા ઘાસના પર્ણથી આકીર્ણ વિવિધમતરૂપી ભવનવાળા વર્ણપુરમાં તમે પણ રહો છો, અને સર્વનાં ભવન જીર્ણ તૃણના પર્ણથી આકીર્ણ હોવાથી બળી જશે એવી ઉદ્ભાવના કરો છો, તોપણ તમારું ભવન બળશે એવું અનુસંધાન તમને કેમ થતું નથી?

સિદ્ધાન્તી—રે વત્સ! યુક્તિરૂપી કનકપંકથી જોડેલા વિવિધ નિગમરૂપી મહામણિથી ચણેલા મારા બ્રહ્મવાદભવનનું તને ભાન નથી? સાંખ્ય મતમાં એવા પ્રકારના તર્ક ઊદ્ભવે ખરા, પરંતુ મારા મતમાં એવી શંકા થઈ શકે નહિ, કારણ કે મારો મત વેદને અનુસરે છે. 'એ આટલા હતા' 'આ સર્વ ઐતદાત્મ્ય છે, એ સત્ય છે' 'આ સર્વ જે ભૂત અને ભાવી છે તે પુરુષ જ છે' ઇત્યાદિ શ્રુતિઓ પ્રપંચ બ્રહ્માત્મક છે એમ કહે છે. અહીં 'આ સર્વ જે

વેશ થાય છે તોપણ એનું વર્ણન કર્યું છે, એ પુરુષ નિત્ય હોવાથી તદાત્મકની વર્તમાનદશા જ સંભવે છે, અને તેથી ભાવિત્વ ભૂતત્વ વ્યવહાર અપ્રામાણિક છે એવી શંકાનો નિરાસ કરવા જ એમ જણાય છે. તેથી જ ધર્મ પણ બ્રહ્મરૂપ હોવાથી ઘટાદિમાં બ્રહ્માત્મક ભાવિત્વાદિની સત્તા સ્વતઃસિદ્ધપ્રામાણ્ય શ્રુતિવાક્યના બલથી વિરુદ્ધ નથી.–'(ઘટાદિ) દર્શન સમયે પણ ભાવિત્વાદિ વ્યવહાર થશે, તેથી વિપરીત થશે; અને વિરોધનો ઉચ્છેદ થશે. '–એમ નહિ. જેમ પૃથિવ્યાત્મક બ્રહ્મમાંજ જ ગંધાત્મક બ્રહ્મસત્તા છે, બીજામાં નથી તેમ, જ્યારે જેમાં જે પ્રકારના વ્યવહારના અભાવનો નિયમ હોય ત્યારે તેમાં જ તે

ભૂત અને ભાવી છે, એ શ્રુતિમાં 'સર્વ' પદની વૃત્તિ જરા પણ સંકુચિત નથી. 'સર્વ' પદની અસંકુચિત વૃત્તિ હોવાથી ભૂત અને ભાવીનો પણ એમાં સમાવેશ થાય છે. 'સર્વ' પદમાં ભૂત અને ભાવીનો પણ સમાવેશ થાય છે, તોપણ 'જે ભૂત અને ભાવી' એમ ભૂત અને ભાવીનું પુનઃ વર્ણન કર્યું છે એનું કારણ એ છે કે સર્વ પ્રપંચ બ્રહ્માત્મક છે, અને બ્રહ્મ અર્થાત્ પુરુષ નિત્ય હોવાથી સર્વ પ્રપંચ નિત્ય સિદ્ધ થાય છે. સર્વ પ્રપંચ નિત્ય હોવાથી ભૂતપણા અને ભાવીપણાનો વ્યવહાર અપ્રામાણિક થઈ જાય, તેથી ભૂતપણા અને ભાવીપણાનો વ્યવહાર અપ્રામાણિક છે એવી શંકા દૂર કરવા, 'સર્વ' પદમાં ભૂત અને ભાવીનો પણ સમાવેશ હોવા છતાં, શ્રુતિ પુનઃ ભૂત અને ભાવીનું કથન કરે છે. તેથી સર્વ પદાર્થ નિત્ય છે તોપણ ભૂતપણા અને ભાવીપણાનો વ્યવહાર પ્રામાણિક છે એવું શ્રુતિનું તાત્પર્ય છે. પ્રપંચ બ્રહ્મરૂપ હોવાથી સર્વ પદાર્થ અને સર્વ ધર્મ પણ બ્રહ્મરૂપ જ છે, તેથી ઘટ વગેરે બ્રહ્માત્મક પદાર્થમાં બ્રહ્માત્મક ભાવીપણું વગેરે ધર્મો હોય એમાં સ્વતઃસિદ્ધપ્રામાણ્યવાળી શ્રુતિના વાક્યને લીધે કાંઈ પણ વિરોધ નથી, કારણ કે તુલ્ય બલવાળાં પ્રમાણોમાં જ વિરોધ સંભવે. પ્રત્યક્ષ વગેરે પ્રમાણ અવિદ્યા વગેરે આપણા દોષોથી દુષ્ટ હોવાથી સ્વતઃસિદ્ધપ્રામાણ્યવાળી શ્રુતિ પાસે નિર્બલ જ છે, તેથી ઘટ વગેરે પદાર્થ નિત્ય હોવા છતાં ભૂતપણા અને ભાવીપણાનો વ્યવહાર થાય છે.

પૂર્વપક્ષી—એમ એક જ પદાર્થ ભૂતપણા ભાવીપણા અને વર્તમાનપણાનો આધાર હોય એમાં પણ વિરોધ નથી એમ કહીએ, તો ઘટ વગેરે પદાર્થનો અનુભવ કરીએ તે સમયે પણ એનો ભૂત અને ભાવી તરીકે વ્યવહાર થાય; અને એનાથી ઊલટું, પ્રાગભાવવાળા આ કાલમાં પણ એનો ભૂત અને વર્તમાન તરીકે વ્યવહાર થાય અને ભૂતપણું વર્તમાનપણું અને ભાવીપણું ત્રણે એકસાથે અનુભવાતાં હોવાથી ત્રણના વિરોધનો ઉચ્છેદ થઈ જાય.

સિદ્ધાન્તી—એમ નથી. જે પૃથ્વીરૂપી બ્રહ્મમાં જ ગન્ધ રહેલો છે, બ્રહ્મના અન્ય રૂપમાં રહેલો નથી, તેમ જ જ્યારે જે પદાર્થમાં જે પ્રકારના વ્યવહારના અભાવનો નિયમ હોય ત્યારે તે જ પદાર્થમાં તે પ્રકારના વિરોધરૂપી બ્રહ્મની સત્તા એ વિરોધ. પૃથ્વી જલ વગેરે સર્વ બ્રહ્મનાં જ રૂપ છે, પરંતુ પૃથ્વીમાં ગંધ રહેલો છે, જલમાં રહેલો નથી, કારણ કે ઈશ્વરની એવી ઇચ્છા છે. એ જ પ્રમાણે અમુક સમયે અમુક પદાર્થમાં અમુક પ્રકારનો વ્યવહાર ન થાય એવો નિયમ હોય, તે જ સમયે એ જ પદાર્થમાં એ જ પ્રકારનો વ્યવહાર એ વિરોધરૂપી બ્રહ્મની સત્તા એ વિરોધ; અર્થાત્ જ્યારે જે પદાર્થમાં જે પ્રકારનો વ્યવહાર ન થવાનો નિયમ

પ્રકારના વિરોધાત્મક વ્યવહારની સત્તા એ વિરોધ. તેથી ઉકત દૂષણની ગંધ પણ નથી એમ જાણ. જ્યાં એવા નિયમનો અભાવ હોય ત્યાં એમ નથી.

આશ્રમવાસિક પર્વની કથાથી સમર્થન

આ આશ્રમવાસિક પર્વમાં ગાન્ધારીને બાદરાયણે કહેલું છે. 'દેવો દાનવો અને શુદ્ધ બ્રહ્મર્ષિઓ એ કુરુક્ષેત્રના સંગ્રામમાં મરણ પામ્યા' એમ ઉપક્રમ કરી, ધૃતરાષ્ટ્રથી ભીષ્મ સુધી સર્વનાં સ્વરૂપ કહી, ગાન્ધારીના દુઃખનું નિવારણ કરવા 'તમે સર્વ ભાગીરથી નદીએ જાઓ. ત્યાં સંગ્રામમાં જે હણાયા છે તેમને જોશો' એમ કહ્યું. પછી ધૃતરાષ્ટ્ર પાણ્ડવ વગેરે સ્ત્રીઓ સહિત ત્યાં જઈ સ્નાન કરી,

હોય ત્યારે જ તે જ પદાર્થમાં તે જ પ્રકારનો વ્યવહાર થાય તો વિરોધ થાય; તેથી એક જ પદાર્થ ભૂતપણા ભાવીપણા વગેરેનો આધાર થાય એમાં કાંઈ પણ વિરોધ નથી. એક જ પદાર્થ ભૂતપણા વર્તમાનપણા અને ભાવીપણાનો આધાર છે, પરંતુ એનો એક એક જ ગુણ ઉદ્‌ભૂત થાય છે, એક સમયે જ ત્રણે ગુણ ઉદ્‌ભૂત થતા નથી; તેથી વિરોધ નથી. વિરોધનો ઉચ્છેદ પણ થતો નથી, કારણ કે એક જ પદાર્થમાં વિરુદ્ધ ધર્મ એક જ સમયે ઉદ્‌ભૂત થાય ત્યારે વિરોધ થાય છે. અત્ર ત્રણે ગુણ એકી સાથે ઉદ્‌ભૂત થતા નથી, તેથી જ્યારે આપણે ઘટને જોતા હોઈએ ત્યારે 'ભૂત ઘટ' અથવા 'ભાવી ઘટ' એવો વ્યવહાર થતો નથી; તેથી જ પ્રાગભાવવાળા કાલમાં 'ભૂત ઘટ' અથવા 'વર્તમાન ઘટ' એવી પ્રતીતિ થતી નથી. તેથી જ વિરોધનો પણ ઉચ્છેદ થતો નથી. પરંતુ કોઈ કોઈ સ્થળે ભગવદિચ્છાથી એવો નિયમ હોતો નથી. જે સમયે જે પદાર્થમાં અમુક પ્રકારના વ્યવહારના અભાવનો નિયમ ન હોય, અર્થાત્ જે સમયે જે પદાર્થમાં અમુક પ્રકારનો વ્યવહાર થાય એવી ભગવદિચ્છા હોય, તે જ સમયે તે જ પદાર્થમાં એ જ પ્રકારના વિરોધાત્મક બ્રહ્મની સત્તા અર્થાત્ વિરોધાત્મક વ્યવહાર થાય એમાં પણ વિરોધ નથી. અર્થાત્ ભગવદિચ્છાથી વિરુદ્ધ વ્યવહાર અમુક સ્થળે થાય છે, પરંતુ એમાં વિરોધ અથવા પરસ્પર બાધ નથી; જેમકે શ્રીમદ્‌ભગવદ્‌ગીતામાં વિશ્વરૂપદર્શન સમયે અર્જુન પોતાની સામે યુદ્ધ કરવા તત્પર થયેલા કૌરવોના યોદ્ધાઓને અક્ષત જુએ છે, અને એ જ સમયે એ જ યોદ્ધાઓને શ્રીકૃષ્ણના વિશ્વરૂપના દંતના અંતરમાં એઓના ચૂરેચૂરા થયેલા, ઉત્તમ અંગથી ચોંટી રહેલા પણ જુએ છે (ભ. ગી. ૧૧-૨૬-૨૭). આ ઉભય અર્જુનને પ્રત્યક્ષ છે. ઉભય સ્થિતિ પરસ્પર વિરુદ્ધ છે, પરંતુ એકનો પણ બાધ થતો નથી, અને જ્યારે યોધાઓને અક્ષત સ્થિતિમાં જુએ તે જ સમયે એમને દાંતના અંતરમાં ચૂરેચૂરા થયેલા, ઉત્તમ અંગથી ચોંટેલા જુએ, એવી ઈશ્વરેચ્છા હોવાથી એમાં વિરોધ પણ નથી. માત્ર અર્જુનને જ આવો અનુભવ થયો છે એમ નથી, પરંતુ શ્રીમદ્‌વ્યાસે ધૃતરાષ્ટ્ર ગાન્ધારી પાંડવ અને એમની સ્ત્રીઓ સર્વને એકસમયે આવો અનુભવ કરાવ્યો છે, એ કથા મહાભારતના આશ્રમવાસિક પર્વમાં પ્રસિદ્ધ છે. 'દેવો દાનવો અને શુદ્ધ બ્રહ્મર્ષિઓ એ કુરુક્ષેત્રના રણસંગ્રામમાં મરણ પામ્યા' એમ કથાનો આરંભ થાય છે. પછી વ્યાસજી ધૃતરાષ્ટ્રથી ભીષ્મ પર્યંત સર્વના સ્વરૂપનું નિરૂપણ કરી, ગાન્ધારીના દુઃખનું નિવારણ કરવા મરણ પામેલા યોધાઓનું એમને પુનઃ દર્શન વગેરે કરાવવા કહે છે કે 'તમે સર્વે ભાગીરથી નદી તરફ જાઓ. જે જે રણસંગ્રામમાં મરણ પામ્યા છે તે સર્વને તમે જોશો.' પછી ધૃતરાષ્ટ્ર પાંડવ વગેરે સર્વ સ્ત્રીઓ સાથે ભાગીરથીએ ગયા. ત્યાં સ્નાન કર્યા પછી રાત્રિ થઈ ત્યારે વ્યાસજી પાસે

નિશા થઈ ત્યારે વ્યાસજીની સમીપે ગયા. પછી મહાતેજવાળા મહામુનિ વ્યાસજીએ પવિત્ર ભાગીરથીના જલમાં અવગાહન કરી સર્વ લોક, જે પાંડવોના અને કૌરવોના યોદ્ધાઓ હતા અને જુદા જુદા દેશમાં વસનાર મહાભાગ નૃપતિઓ હતા તેમને સર્વશઃ બોલાવ્યા. હે જનમેજય! પછી જેવો પહેલાં કુરુપાંડવ સૈન્યનો શબ્દ થયો હતો તેવો સુતુમુલ અવાજ જલમાં થયો. પછી ભીષ્મદ્રોણને આગળ રાખી એ સર્વ રાજાઓ સૈન્ય સહિત એ જલમાંથી સંખ્યાબંધ બહાર નીકળ્યા.' એમ કહી સર્વનું નામપૂર્વક નિરૂપણ કરી, 'એ વીરો અને એ સ્ત્રીઓ એક રાત્રિ વિહાર કરી, અન્યોન્ય આમન્ત્રણ અને આશ્લેષ કરી જેમ આવ્યાં હતાં તેમ ગયાં.' ઇત્યાદિ કહ્યું. આ સાંભળી, 'મરણ પામેલાનું પુનઃ દર્શન કેમ થાય?' એમ જનમેજયે પૂછ્યું, ત્યારે વૈશમ્પાયને 'સર્વ કર્મનો અવિપ્રણાશ છે એવો નિશ્ચય છે. હે નૃપ, શરીર કર્મજ છે અને આકૃતિઓ પણ એવી જ છે. ભૂતાધિપતિના સંશ્રયને લીધે મહાભૂતો નિત્ય છે' વગેરે કહ્યું.

આવ્યા. પછી અતિશય તેજવાળા વ્યાસજીએ પુણ્ય ભાગીરથીના જલમાં સ્નાન કર્યું અને પાંડવના યોધાઓ, કૌરવોના યોધાઓ, મહાભાગ્યશાળી જુદા જુદા દેશમાં વસનારા રાજાઓ વગેરે સર્વ લોકને બોલાવ્યા. પછી જેમ પ્રથમ કૌરવ અને પાંડવના સૈન્યનો તુમુલ શબ્દ થયો હતો તેવો તુમુલ શબ્દ જલમાં થયો, અને પછી ભીષ્મ અને દ્રોણને આગળ કરી સર્વ રાજાઓ પોતાના સૈન્ય સહિત એ જલમાંથી સંખ્યાબંધ બહાર નીકળ્યા.' આ પ્રમાણે જનમેજયને કથા કહી, જે નૃપતિઓ જલમાંથી બહાર નીકળ્યા તે સર્વનાં નામ કહી, આગળ કથામાં કહે છે કે 'એ યોધાઓ અને એમની સ્ત્રીઓએ એક રાત્રિ વિહાર કર્યો અને પછી અન્યોન્ય આમન્ત્રણ કરી આશ્લેષ કરી જેમ આવ્યાં હતાં તેમ ગયાં' વગેરે. આ કથા સાંભળી જનમેજયને સંશય થવાથી એણે પ્રશ્ન કર્યો કે 'મરણ પામેલાંઓનું પુનર્દર્શન કેમ થયું?' ત્યારે વૈશમ્પાયન એનું સમાધાન કરવા 'સર્વ કર્મનો અવિપ્રણાશ છે એવો નિશ્ચય છે' વગેરે કહે છે. આ કથામાં મરણ પામેલાંઓ જલમાંથી પુનઃ નીકળ્યાં એમ કહેલું હોવાથી, એ યોધાઓનો સામયિક અર્થાત્ અમુક સમય સુધી જ રહે તેવો અત્યન્તાભાવ અથવા તિરોભાવ થયો હતો એમ બોધ કરેલો છે, પરંતુ નૈયાયિક પેઠે જનમેજયને એવું જ્ઞાન નહિ હોવાથી એણે આવો પ્રશ્ન કર્યો છે. જનમેજયના પ્રશ્નનો એવો ભાવાર્થ છે કે સામયિક અત્યન્તાભાવ પ્રતિયોગી અર્થાત્ વસ્તુ (યોધાઓ વગેરે) નિત્ય હોય તો જ સંભવે; પરંતુ પ્રતિયોગી અનિત્ય છે એ તો ગોપાલથી પંડિત સુધી સર્વ લોકમાં પ્રસિદ્ધ જ છે, તેથી સામયિક અત્યન્તાભાવ કેમ સંભવે? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રતિયોગી નિત્ય છે એમ સિદ્ધ કરવા, પ્રતિયોગીનાં કારણ સર્વ નિત્ય છે એમ વૈશમ્પાયન 'સર્વ કર્મનો અવિપ્રણાશ' વગેરે દોઢ શ્લોકથી કહે છે. અહીં ઉપર ઉપરથી નાશની પ્રતીતિ થાય છે, પરંતુ વસ્તુતઃ નાશ થતો નથી એવો 'અવિપ્રણાશ' શબ્દનો ભાવાર્થ છે. સર્વ કર્મનો અવિપ્રણાશ છે. મહાભૂતો નિત્ય છે. મહાભૂતો શરીરનાં સમવાયિકારણ છે, કર્મ નિમિત્તકારણ છે, તેથી શરીરનાં સમવાયિકારણ અને નિમિત્તકારણ ઉભય નિત્ય છે, તેથી શરીર અને આકૃતિઓ પણ નિત્ય જ છે. કર્મ અને મહાભૂત કેમ નિત્ય છે એનું કારણ 'ભૂતાધિપતિના સંશ્રયને લીધે' એમ કહે છે.

આનાથી આગળ ‘ ક્ષેત્રજ્ઞ અવિનાશી અને નિત્ય છે એમ નિશ્ચય છે. ભૂતોનું આત્મતત્વજ્ઞાન વિદ્વાનોમાં ધ્રુવ છે ’ ઇત્યાદિ અનેક કહી, ‘ અદર્શનમાંથી ઉત્પન્ન થયેલો, પુનઃ અદર્શનમાં લીન થયો. હું એને (શરીરરૂપ) જાણતો નથી, એ મને જાણતો નથી, અને મને વૈરાગ્ય નથી ’ એમ કહ્યું. આ વ્યાસજીએ માયાથી

કર્મ અને મહાભૂત ઉભય ભગવાનનાં આશ્રિત હોવાથી ભગવાનના ધર્મ છે. ભગવાનના ધર્મ હોવાથી એ નિત્ય છે, એઓનાં કાર્ય શરીર અને આકૃતિ પણ નિત્ય છે, તેથી નષ્ટ શરીર પણ ભાગીરથીના જલમાંથી બહાર નીકળે એમાં કાંઇ અનુપપત્તિ નથી. પછી વિહાર વગેરે ક્રિયા થઈ તેની ઉપપત્તિ દર્શાવવા શરીરોમાં જીવનો પ્રવેશ થાય છે એમ કહેવા, પ્રથમ ‘ જીવ નિત્ય છે ’ એમ કહે છે : ‘ક્ષેત્રજ્ઞ અવિનાશી અને નિત્ય છે એમ નિશ્ચય છે.’ પછી જીવનો શરીરમાં પ્રવેશ થાય છે એનો હેતુ ‘ ભૂતોનું આત્મતત્વજ્ઞાન વિદ્વાનોમાં ધ્રુવ છે’ એમ કહે છે. ભૂતોનું એટલે શરીરોનું શરીરને આત્મા કરીને જાણવો એવું જ્ઞાન વિદ્વાનોને દૃઢ હોય છે, કારણ કે વામદેવ પેઠે જ્ઞાનીઓ સર્વને આત્મા તરીકે જ જાણે છે. વામદેવની પેઠે જ્ઞાનીઓને સર્વમાં આત્માનું જ ભાન થાય છે, તેથી શરીરોમાં આત્માનું જ્ઞાન જ્ઞાનીને થાય છે તે ધ્રુવ અર્થાત્ દૃઢ હોય છે, પરંતુ અજ્ઞાની અવિદ્વાન લોકો શરીરને આત્મા જાણે છે તે જ્ઞાન અભિમાનીપણાથી ઉત્પન્ન થયેલું હોવાથી અધ્રુવ છે. આ પ્રમાણે વિદ્વાન અને અવિદ્વાનને સાધારણ દેહમાં પ્રવેશ કરવાનો હેતુ કહ્યો. પ્રથમ દેહનાં કારણ નિત્ય કહ્યાં. પછી દેહ નિત્ય કહ્યો. તેથી નષ્ટ દેહ પણ ભાગીરથીના જલમાંથી બહાર નીકળે એ સંભવિત છે. પછી આત્મા અર્થાત્ જીવ નિત્ય કહ્યો. પછી જીવનો દેહમાં પ્રવેશ કરવાનો હેતુ પણ કહ્યો. તેથી વિહાર વગેરે ક્રિયા પણ ઉપપન્ન જ છે એમ સિદ્ધ થાય છે.

દેહ જીવ સર્વ નિત્ય હોય તો જ્ઞાનીઓ પણ ‘ મરણ પામ્યો ’ એવો વ્યવહાર કેમ કરતા હશે એવી શંકા થાય તેનો નિરાસ કરવા આગળ વૈશમ્પાયન કહે છે. એ સંઘાત અદર્શનમાંથી અર્થાત્ અક્ષરમાંથી ઉત્પન્ન થયેલો છે. જેનું દર્શન નથી તે અદર્શન અર્થાત્ મૂલકારણ અક્ષર. આ ભૂતસંગ્રામ અર્થાત્ મહાભૂતો અક્ષરમાંથી આવેલાં છે. શ્રીમદ્ભગવદ્‌ગીતામાં પણ ‘ **अव्यक्तादीनि भूतानि व्यक्तमध्यानि भारत । अव्यक्तनिधनान्येव तत्र का परिदेवना** ’ (૨–૨૮) ‘ હે ભારત, ભૂતોનું આદિ અવ્યક્ત છે, મધ્યમાં એ વ્યક્ત અથવા અનુભવયોગ્ય થાય છે, અને એઓનો લય અવ્યક્તમાં થાય છે; એમાં શોક કરવા જેવું શું છે ? ’ એ સ્થલે આ જ સિદ્ધાન્તનું પ્રતિપાદન કરેલું છે. આ ભૂતસંગ્રામ અક્ષરમાંથી આવેલો છે, વળી એ પુનઃ અક્ષરમાં જાય છે, અર્થાત્ એનો અક્ષરમાં જ લય થાય છે. આ પ્રમાણે ભૂતગ્રામ અને એનાં કાર્ય શરીર વગેરે અક્ષરમાં લય પામે છે તેથી જ્ઞાનીઓ પણ ‘ અમુક મરણ પામ્યો ’ વગેરે વ્યવહાર કરે છે. આ પ્રમાણે વૈશમ્પાયન બોધ કરે છે. બોધ કરનાર પોતે પણ જ્ઞાની છે એમ જનમેજયને એના કરેલા બોધ પર વિશ્વાસ આવે તે માટે કહે છે કે ‘ હું એને અર્થાત્ ભૂતગ્રામને શરીર તરીકે જાણતો નથી, કારણ કે હું બ્રહ્મવિદ અર્થાત્ બ્રહ્મને જાણનાર છું; તેથી હું એને ભૂતગ્રામ તરીકે જાણતો નથી, પરંતુ બ્રહ્મ તરીકે જ જાણું છું. એ ભૂતગ્રામ પણ મને જાણતો નથી. ભૂતગ્રામમાં ચિદંશનો તિરોભાવ હોવાથી, એને જ્ઞાન હોય જ નહિ, તેથી એ મને જાણે નહિ. વળી, મને વિરાગતા નથી. રાગ અર્થાત્ પ્રેમ-રહિત હોય તે ‘ વિરાગ ’ કહેવાય. એનો ભાવ વિરાગતા. વૈશમ્પાયનને વિરાગતા નથી, અર્થાત્

દર્શાવ્યું' એમ કહેવાય નહિ, કારણ કે એવું વચન નથી. અને 'એ મુનિના પ્રસાદથી' એમ વાક્ય છે. પ્રતિવ્રતાનો સ્વસ્વપતિ સાથે વિહાર કહેલો છે. વળી, (એમ હોય તો) ગંગાસ્નાન આદિ સાધનનો ઉપદેશ અનુપપન્ન થાય. 'અ-દર્શનમાંથી ઉત્પન્ન થયેલો' એમાં લ્યબ્લોપથી પંચમી વિભક્તિ છે તેથી, અને 'પુનઃ' શબ્દથી, દર્શનપૂર્વે પણ વસ્તુની સત્તા સિદ્ધ થાય છે. એમ હોવાથી જે જે દેશકાલના અવચ્છેદથી જેની જેની પ્રતીતિ ભગવાને ઇચ્છાનો વિષય કરી છે તે તે દેશકાલના અવચ્છેદથી એવી પ્રતીતિ થાય છે, એમ સિદ્ધ થયું. આ જેમ

એ પ્રેમરહિત નથી, કારણ કે વૈશમ્પાયન બ્રહ્મવિદ્ હોવાથી સર્વને આત્મા તરીકે જુએ છે, અને તેથી સર્વ એમને પ્રિય છે. સર્વ પ્રિય હોવાથી એ પ્રેમરહિત નથી, અને તેથી એમને વિરાગતા નથી, કારણ કે અમુક પદાર્થમાં દોષ જુએ ત્યારે એ દુષ્ટ પદાર્થમાં પુરુષની વિરાગતા થાય; પરંતુ સર્વ બ્રહ્મ છે એમ જાણનારને કોઈ સ્થલે દોષ દેખાય નહિ, તેથી એને વિરાગતા થાય નહિ. આ પ્રમાણે વૈશમ્પાયનને વિરાગતા નહિ હોવાથી એ પૂર્ણ જ્ઞાની છે એમ બોધ થાય છે. વૈશમ્પાયન પૂર્ણ જ્ઞાની હોવાથી, જનમેજયને પ્રશ્નનો એમણે આપેલો ઉત્તર પણ સત્ય જ છે; તેથી શરીર વગેરે પદાર્થનો નાશ નથી, પરંતુ એ નિત્ય છે, અને અક્ષરમાંથી એનો આવિર્ભાવ થાય છે અને પુનઃ એમાં જ લય અથવા તિરોભાવ થાય છે.

પૂર્વપક્ષી—એ તો સર્વ વ્યાસજીએ માયાથી દર્શાવ્યું છે.

સિદ્ધાન્તી—એમ કહેવાય નહિ, કારણ કે (૧) આ સર્વ માયાથી દર્શાવ્યું છે એમ ત્યાં કહેલું નથી, પરંતુ (૨) એનાથી ઊલટું, 'એ મુનિના પ્રસાદથી' એવો અનુભવ થયો એમ કહેલું છે. વળી, (૩) સર્વ પતિવ્રતા સ્ત્રીઓએ પોતપોતાના પતિ સાથે વિહાર કર્યો એમ કહેલું છે આ યોદ્ધાઓ જલમાંથી બહાર નીકળ્યા તે માયિક હોય તો પતિવ્રતા સ્ત્રીઓ એમની સાથે વિહાર કરે નહિ. વળી, (૪) આ અનુભવરૂપી ફલ જો માયિક જ હોય તો ગંગાસ્નાન વગેરે સાધનનો ઉપદેશ અનુપપન્ન થાય. ગંગાસ્નાન વગેરે સાધન કરવાથી કદાપિ માયિક ફલ થાય જ નહિ, તેથી આ સર્વ માયાથી વ્યાસજીએ દર્શાવ્યું એમ કહી શકાય નહિ. 'અદર્શનમાંથી ઉત્પન્ન થયેલો' એમાં લ્યબ્ના લોપથી પંચમી વિભક્તિ છે, તેથી અદર્શન અથવા અક્ષરને પામીને આવેલો એવો અર્થ થાય છે, તેથી એનું દર્શન થયું તે પૂર્વે પણ એની સત્તા હતી એમ સિદ્ધ થાય છે. 'પુનઃ' શબ્દથી પણ એ જ સિદ્ધ થાય છે. પુનઃ અર્થાત્ ફરીથી. 'પુનઃ અદર્શનમાં લીન થયો' એમ કહેલું છે એ આની પહેલાં પણ અક્ષરમાં લીન થયો હોય તો જ કહી શકાય, તેથી એનું દર્શન થયું તે પહેલાં પણ એ અક્ષરમાં લીન થયો હતો, અર્થાત્ એ પહેલાં પણ એની સત્તા હતી.

આમ હોવાથી જે જે દેશ અને કાલના અવચ્છેદથી જેની જેવા પ્રકારની પ્રતીતિ ભગવાનની ઇચ્છાનો વિષય હોય તે તે દેશ અને કાલના અવચ્છેદથી તેની તેવા પ્રકારની પ્રતીતિ થાય છે એમ સિદ્ધ થયું, અર્થાત્ અમુક પદાર્થની અમુક સમયે અમુક દેશમાં અમુક પ્રકારની પ્રતીતિ થાઓ એવી ભગવાનની ઇચ્છા હોવાથી એ પદાર્થની એ સમયે એ દેશમાં એવા પ્રકારની પ્રતીતિ થાય છે.

પૂર્વપક્ષી—(પ્રતીતિ ભલે ભગવદિચ્છાને અધીન હોય, પરંતુ ક્રિયા ચેતન જીવને જ

છે તેમ 'પરથી (જીવનું કર્તૃત્વ છે), કારણ કે એવી શ્રુતિ છે' એ અધિકરણમાં નિરૂપણ કરીશું. આનાથી 'ઘટના ઉપલંભ અને અનુપલંભનું કાદાચિત્કત્વ અનુપપન્ન છે, કારણ કે એનો હેતુ કહી શકાય નહિ' નો નિરાસ થયો. 'લૌકિક પ્રત્યક્ષનો વિષય ન હોય તોપણ વસ્તુની સત્તા હોવાથી યોગિપ્રત્યક્ષનો વિષય થાય' એનો પણ નિરાસ થયો, કારણ કે એમાં ભગવદિચ્છા એવા પ્રકારની નથી, કારણ કે એ ફલના બલથી કલ્પાય છે. અથવા યોગિપ્રત્યક્ષનો વિષય ભલે હોય, કારણ કે બાધક નથી, અને ઉકત પ્રમાણોથી વસ્તુસત્ત્વ સિદ્ધ થવાથી એ ન્યાયથી પ્રાપ્ત થાય છે, અને 'અનાગત અતીત અને વર્તમાન અતીંદ્રિય વિપ્રકૃષ્ટ અને વ્યવહિતને યોગીઓ સારી રીતે જુએ છે' (ભા. ૧૦-૫૮-૨૧) એવું વાક્ય છે. એમ હોવાથી 'આ કાલમાં આ દેશમાં આ કાર્ય આમ થાઓ એવી ઇચ્છાનું વિષયપણું' એ આવિર્ભાવ.' 'ત્યારે ત્યાં એ એમ ન થાઓ, એવી ઇચ્છાનું

અધીન છે, તેથી વિહાર વગેરે ક્રિયા તે તે યોધાને જ અધીન હોવાથી એમણે પોતાની સ્ત્રીઓ સાથે વિહાર કર્યો તો એમને બંધ કેમ પ્રાપ્ત ન થયો ?)

સિદ્ધાન્તી—વ્યાસજીએ જીવનું કર્તૃત્વ પણ બ્રહ્મને જ અધીન છે એમ પ્રતિપાદન કરેલું છે તેથી જીવની ક્રિયા પણ બ્રહ્મને જ અધીન છે, તેથી જીવો અમુક પ્રકારની અમુક સમયે ક્રિયા કરે એ પણ ભગવાનની ઇચ્છાનો જ વિષય છે, તેથી એ યોધાઓને બંધની પ્રાપ્તિ થઈ નહિ. જીવનું કર્તૃત્વ બ્રહ્મને અધીન છે એ વ્યાસજીએ '**परात्तु तच्छ्रुतेः**' એ અધિકરણમાં (બ્ર. સૂ. ૨-૩-૪૧, ૪૨) કહેલું છે અને અમે પણ એ સ્થલે એનું નિરૂપણ કરીશું. 'ઘટના ઉપલંભ અને અનુપલંભનું કાદાચિત્કપણું અનુપપન્ન છે, કારણ કે એવો હેતુ કહી શકાતો નથી' એમ જે તમે કહેતા હતા તેનો આથી નિરાસ થાય છે, કારણ કે એ કાદાચિત્કપણાનો હેતુ ભગવદિચ્છા સિદ્ધ થાય છે. વળી, 'ભૂત અને ભાવી પદાર્થો લૌકિક પ્રત્યક્ષના વિષય ન હોય તોપણ વસ્તુની સત્તા હોવાથી યોગીને પ્રત્યક્ષ થવા જોઇએ' એનો પણ આથી નિરાસ થાય છે, કારણ કે ભૂત અને ભાવી પદાર્થ યોગીઓને પ્રત્યક્ષ થાય એવી ભગવાનની ઇચ્છા ન હોવાથી એ યોગીઓને પ્રત્યક્ષ થતા નથી. ફલના બલથી જ ઇચ્છા કલ્પાય છે, તેથી યોગીઓને ભૂત અને ભાવી પદાર્થ પ્રત્યક્ષ થતા ન હોય તો ભગવાનની ઇચ્છા એવી નથી એમ જણાય છે. અથવા ભૂત અને ભાવી પદાર્થો યોગીઓને પ્રત્યક્ષ થાય છે જ, કારણ કે એ પદાર્થો યોગીઓને પ્રત્યક્ષ થાય એમાં કોઈ પ્રકારનો બાધ નથી. ઉપર કહેલાં પ્રમાણોથી ભૂત અને ભાવી વસ્તુની સત્તા સિદ્ધ થાય છે તેથી એ વસ્તુ યોગીઓને પ્રત્યક્ષ થાય એ ન્યાય્ય જ છે. વળી, ભૂત અને ભાવી પદાર્થો યોગીઓને પ્રત્યક્ષ થાય છે એમ 'અનાગત અતીત અતીંદ્રિય વર્તમાન વિપ્રકૃષ્ટ અને વ્યવહિતને યોગીઓ સારી રીતે જુએ છે' વગેરે શાસ્ત્ર પણ ઉપદેશ કરે છે.

આ પ્રમાણે હોવાથી 'આ કાલમાં આ દેશમાં આ કાર્ય આ પ્રમાણે થાઓ' એવી ઇચ્છાનું વિષયપણું તે આવિર્ભાવ, અને 'એ કાલમાં એ દેશમાં એ કાર્ય એ પ્રમાણે ન થાઓ' એવી ઇચ્છાનું વિષયપણું તે તિરોભાવ, એવાં પણ આવિર્ભાવ અને તિરોભાવનાં લક્ષણ સિદ્ધ થાય છે. આ પ્રમાણે લક્ષણ કરીએ તેમાં 'આ દેશમાં આ કાલ થાઓ' 'આ કાલમાં આ

વિષયપણું એ તિરોભાવ' એમ પણ કહી શકાય, કારણ કે આ જ ઉકતયોગ્યતારૂપ છે. 'તે તે દેશકાલ પણ નિત્ય હોવાથી એકસાથે જ સર્વનો ઉપલંભ અથવા અનુપલંભ થાય '–એમ પણ કહેવાય નહિ, કારણ કે આ સૃષ્ટિકાલાત્મક સ્થૂલ કાલોપાધિમાં એના અવયવરૂપ તે તે ક્રમિક કાલોપાધિમાં તે તે પુરુષને તે તે (વસ્તુનો) ઉપલંભ થાઓ એવી ઇચ્છાનું વિષયપણું તે આવિર્ભાવ છે. અત્ર ક્રમિક ઇચ્છાના

દેશ થાઓ ' એનો પણ સમાવેશ થાય છે. આનું ઉદાહરણ શ્રીમદ્ભાગવતના પંચમ સ્કન્ધમાં મળી આવે છે. ત્યાં કયા કયા દેશમાં કયા કયા કાલ છે એમ જણાવ્યું છે. કૃતયુગ ત્રેતા-યુગ દ્વાપરયુગ અને કલિયુગ એવા ચાર યુગ માત્ર ભારતવર્ષમાં જ છે, બાકીના આઠ વર્ષને માટે પંચમ સ્કન્ધમાં જણાવેલું છે કે ત્યાંના લોકોને ત્રેતાયુગસમાન કાલ સદા છે. (ભા. ૫–૭–૧૨) તેથી 'અમુક દેશમાં અમુક કાલ થાઓ ' એ ભગવાનની ઇચ્છાનો વિષય હોવાથી એ દેશમાં એ કાલનો આવિર્ભાવ થાય છે. એ જ પ્રમાણે અમુક કાલમાં અમુક દેશ પણ રહે છે, કારણ કે અવાન્તર પ્રલયકાલમાં સાત લોકમાંથી ત્રણ લોકનો નાશ થાય છે અને ઉપર રહેલા ચાર લોકની સ્થિતિ હોય છે, તેથી 'આ કાલમાં આ દેશ થાઓ' એ ભગવાનની ઇચ્છાનો વિષય હોવાથી એ કાલમાં એ જ દેશ હોય છે એમ સિદ્ધ થાય છે.

પ્રથમ આવિર્ભાવ અને તિરોભાવનું લક્ષણ કહ્યું, એમાં એ અમુક પ્રકારની યોગ્યતા છે એમ કહ્યું, અહીં પુનઃ લક્ષણ કહ્યું ત્યારે એ ભગવાનની ઇચ્છાનો વિષય છે એમ કહ્યું. પરંતુ એ બે લક્ષણ એક જ છે, વિરુદ્ધ નથી, કારણ કે આ પ્રમાણે ભગવાનની ઇચ્છાના વિષય થવું એ જ એ યોગ્યતા છે. યોગ્યતા બાધના અભાવરૂપી છે. બાધ ન થાય એ માટે એ યોગ્યતા છે, અને બાધ ન થવાનું કારણ ભગવાનની ઇચ્છા જ છે; તેથી ભગવાનની ઇચ્છાનો વિષય થવું એ જ એ પ્રકારની યોગ્યતા છે. અને આ લક્ષણ પ્રથમના લક્ષણથી વિરુદ્ધ નથી.

પૂર્વપક્ષી—તમોએ આવિર્ભાવ અને તિરોભાવનાં લક્ષણ કહ્યાં તેમાં જે દેશ અને કાલ આવ્યા તે અનિત્ય છે કે નિત્ય ? અનિત્ય હોય તો તમારા સિદ્ધાન્તનો ભંગ થાય, તેથી એ અનિત્ય છે એમ તમે કહી શકો નહિ; તેથી એ નિત્ય છે એમ તમારે કહેવું જ પડશે. દેશ કાલ વગેરે સર્વ નિત્ય હોવાથી દરેક કાર્યના આવિર્ભાવ માટે જે જે સામગ્રીની આવશ્યકતા છે તે તે સર્વ સામગ્રી છે, તેથી ભૂત ભવિષ્ય અને વર્તમાન સર્વ કાલનાં સર્વ કાર્યોનો આવિ-ર્ભાવ એકસાથે જ થવો જોઈએ. ' તિરોભાવ બાધ કરે છે તેથી સર્વનો આવિર્ભાવ એક-સાથે થતો નથી ' એમ કહેવાથી એ દોષની નિવૃત્તિ થવાની નથી, કારણ કે તિરોભાવ બાધ કરે તો સર્વ આવિર્ભાવનો બાધ કરે, તેથી સર્વ કાર્યનો એકસાથે જ તિરોભાવ થવો જોઈએ; તેથી અમે પૂર્વે કહેલાં સર્વ દૂષણ તમારા મતમાં છે અને તમારા આવિર્ભાવ અને તિરો-ભાવનાં લક્ષણ નિરર્થક છે.

સિદ્ધાન્તી—એમ નથી, કારણ કે 'આ સૃષ્ટિકાલરૂપી સ્થૂલ કાલની ઉપાધિમાં એના અવ-યવરૂપી ક્રમવાર આવતી તે તે કાલની ઉપાધિમાં તે તે પુરુષને તે તે વસ્તુનો ઉપલંભ થાઓ' એવી ઇચ્છાનું વિષયપણું તે અવિર્ભાવ છે; અર્થાત્ ઉપર જે આવિર્ભાવનું લક્ષણ કહ્યું તેમાં 'આ કાલમાં' શબ્દોનો અર્થ 'આ સૃષ્ટિકાલરૂપી સ્થૂલ કાલની ઉપાધિના અવયવરૂપી ક્રમવાર આવતી અમુક કાલની ઉપાધિ' એવો થાય છે; તેથી 'આ કાલ' એટલે અમુક સૃષ્ટિ-

પ્રકારરૂપ થયેલ તે તે દેશકાલાદિ આવિર્ભાવાત્મક ભગવદિચ્છાના વિષય હોવાથી એવું જ આવિર્ભાવપણું એઓનું પણ જાણ. ભગવદાવિર્ભાવ ભગવાનની શકિત છે, એમાં કાંઈ અનુપપત્તિ નથી. આમ હોવાથી જે કાલમાં સર્વ પરસ્પર

કાલના ક્રમવાર આવતા અવયવોમાંથી અમુક અવયવો; તેથી દેશ કાલ વગેરે નિત્ય છે તોપણ અમુક ક્રમવાર એઓનો આવિર્ભાવ થાય છે; તેથી અમારા મતમાં અલ્પ પણ દોષ નથી.

પૂર્વપક્ષી—આવિર્ભાવના લક્ષણમાં હવે તમે ક્રમિક અથવા ક્રમવાર આવતી કાલની ઉપાધિ કહી. ક્રમિક અથવા ક્રમવાર આવતી એટલે તે તે કાલની ઉપાધિમાં આવિર્ભાવ પામતી. અહીં પણ આવિર્ભાવનું લક્ષણ એ જ હોવું જોઈએ. આ પ્રમાણે આવિર્ભાવના લક્ષણમાં 'ક્રમિક' શબ્દ આવ્યો, તેથી આવિર્ભાવનું જ્ઞાન પ્રાપ્ત કરતાં 'ક્રમિક' શું એ જાણવું જોઈએ. એનાથી અન્યોન્યાશ્રય દોષ પ્રાપ્ત થાય છે. વળી, આવિર્ભાવના લક્ષણમાં ક્રમિક અથવા ક્રમવાર થતા આવિર્ભાવનો સમાવેશ કર્યો, તેથી આત્માશ્રય દોષ પણ પ્રાપ્ત થાય છે.

સિદ્ધાન્તી—દેશ અને કાલનો આવિર્ભાવ ભિન્ન છે અને એઓનામાં થતા કાર્યનો આવિર્ભાવ ભિન્ન છે. કાર્યના આવિર્ભાવના જ્ઞાનમાં લક્ષણ પ્રમાણે તે તે દેશ અને કાલના આવિર્ભાવના જ્ઞાનની આવશ્યકતા છે; પરંતુ આ દેશ અને કાલનો આવિર્ભાવ એ કાર્યના આવિર્ભાવથી ભિન્ન છે, તેથી કાર્યના આવિર્ભાવનું જ્ઞાન ન હોય તે સમયે દેશ અને કાલના આવિર્ભાવનું જ્ઞાન હોય એ અસંભવિત નથી. દેશ અને કાલના આવિર્ભાવનું જ્ઞાન હોવાથી પછી કાર્યના આવિર્ભાવનું પણ જ્ઞાન થાય છે, તેથી અમારા લક્ષણમાં અન્યોન્યાશ્રય અથવા આત્માશ્રય દોષ નથી.

અથવા '**बहु स्यां प्रजायेय**' શ્રુતિમાં ભગવાનની ઇચ્છાના બે પ્રકાર કહેલા છે: (૧) '**बहु स्याम्**' હું બહુ થાઉં, (૨) '**प्रजायेय**' પ્રજનન કરું. પ્રથમ ઇચ્છાથી ભિન્ન ભિન્ન રૂપનો આવિર્ભાવ થયો. ભગવાનમાંથી કાલ દેશ પુરુષ વગેરે સર્વનો આવિર્ભાવ થયો. દ્વિતીય ઇચ્છા પ્રજનનની હોવાથી એનાથી જુદી જુદી વસ્તુનો વિવેક થયો. પ્રથમ ઇચ્છાથી સર્વ પદાર્થનો અવિર્ભાવ થયો, પરંતુ એનો અવચ્છેદ કરનારનો વિવેક નહોતો તેથી પ્રથમ ઇચ્છાથી નિરવચ્છિન્ન અર્થાત્ અવચ્છેદ વિના જ આવિર્ભાવ થયો હતો. દેશ અને કાલનો આવિર્ભાવ આ પ્રથમ 'હું બહુ થાઉં' એવી ઇચ્છાથી થયેલો હોવાથી અવચ્છેદ કરનાર રહિત છે તેથી એઓના આવિર્ભાવનું જ્ઞાન થવામાં અન્ય કોઈના આવિર્ભાવની આવશ્યકતા નથી. દેશ અને કાલના આવિર્ભાવનું જ્ઞાન થવાથી અન્ય પદાર્થના આવિર્ભાવનું જ્ઞાન થવામાં કાંઈ અડચણ થતી નથી, તેથી આવિર્ભાવનું લક્ષણ આપ્યું તે યોગ્ય જ છે. તેથી દૂષણ નહિ હોવાથી આવિર્ભાવ નિત્ય જ છે.

પૂર્વપક્ષી—ભલે લક્ષણ ઉચિત હોય, પરંતુ ભિન્ન ભિન્ન પદાર્થનો વિવેક દ્વિતીય ઇચ્છાથી થાય છે તેથી તે તે પદાર્થનો આવિર્ભાવ વિવેક પછી થાય છે એમ અવશ્ય કહેવું જોઈએ. તેથી આવિર્ભાવ વસ્તુની જ શક્તિ છે, ભગવાનની શક્તિ નથી, કારણ કે ભગવાનની શક્તિ હોય તો વસ્તુના વિવેક પછી થાય નહિ.

સિદ્ધાન્તી—સર્વ વસ્તુ બ્રહ્માત્મક જ છે. સર્વ પદાર્થ બ્રહ્મ હોવાથી એઓનો આવિર્ભાવ પણ ભગવાનનો જ આવિર્ભાવ છે; તેથી વસ્તુનો આવિર્ભાવ થાય એ પણ ભગવાનનો જ ધર્મ છે.

અનુભવનો વિષય ન થાય એવી ભગવાનની ઇચ્છા હોય તે કાલ પ્રલયકાલ કહેવાય છે; જે કાલમાં સર્વ પરસ્પર અનુભવનો વિષય થાય એવી ભગવાનની ઇચ્છા હોય તે સૃષ્ટિકાલ કહેવાય છે. સર્વત્ર વિશિષ્ટ ઇચ્છા જ નિમાયક છે; તેથી સર્વ અનવદ્ય છે.

आविर्भूयारविन्दाक्षे भक्तिमाविष्करोति यः ।
सोऽव्यान्नः पितृपद्रेणुस्तिरोधानं च दुर्हृदाम् ।

જે પિતૃપદ્રેણુ આવિર્ભાવ પામી અરવિન્દાક્ષમાં ભક્તિનો આવિર્ભાવ કરે છે તે અમારું રક્ષણ કરો અને દુર્જનોનું તિરોધાન કરો.

— તે તે દેશકાલ પણ નિત્ય હોવાથી (આવિર્ભાવ સમયે) સર્વનો ઉપલંભ થાય અને (તિરોભાવ સમયે) સર્વનો અનુપલંભ થાય—તે તે દેશકાલથી અવચ્છિન્ન તે તે પુરુષ અને તે તે વ્યવહાર પણ છે જ એમાં અનુપપત્તિ

પૂર્વપક્ષી—ઘટ પટ વગેરે પદાર્થ ભિન્ન ભિન્ન છે, તેથી એઓના આવિર્ભાવ પણ ભિન્ન ભિન્ન શક્તિ છે; તેથી એ સર્વ વસ્તુની જ શક્તિ છે એમ સ્વીકારવું જોઈએ.

સિદ્ધાન્તી—વસ્તુઓના આવિર્ભાવ એક જ શક્તિ છે, ભિન્ન ભિન્ન શક્તિ નથી. સર્વ બ્રહ્મરૂપ હોવાથી એઓનો આવિર્ભાવ પણ ભગવાનનો જ આવિર્ભાવ છે, તેથી એ (વસ્તુઓનો) આવિર્ભાવ પણ ભગવાનનો જ આવિર્ભાવ હોવાથી કોઈ અયોગ્યતા નથી. વ્યક્તિઓ (પદાર્થો) જુદી જુદી હોવા છતાં પણ કાંઈ અયોગ્યતા નથી, કારણ કે સર્વ ભગવદ્રૂપ છે, અને ભગવાનની શક્તિ જુદા જુદા પ્રકારની હોવાથી અયોગ્યતા નથી. વાસ્તવિક રીતે તો **'विश्लिष्टशक्तिर्बहुधेव भाति'** 'છૂટી પડેલી શક્તિ બહુ જણાય છે' એ વાક્ય પ્રમાણે એક હોવા છતાં એ ભિન્ન ભિન્ન જણાય છે.

આમ હોવાથી જે કાલમાં સર્વ પરસ્પર અનુભવનો વિષય ન થાય અર્થાત્ સર્વનો પરસ્પર અનુભવ થઈ શકે નહિ તે કાલ પ્રલયકાલ કહેવાય છે. પ્રલયકાલમાં વસ્તુ હોતી નથી એમ નથી, પરંતુ વસ્તુ અનુભવનો વિષય થતી નથી. જે કાલમાં સર્વ પરસ્પર અનુભવનો વિષય થાય અર્થાત્ જે કાલમાં વસ્તુનો અનુભવ થાય તે કાલ સૃષ્ટિકાલ કહેવાય છે. આ પ્રમાણે વસ્તુ અનુભવનો વિષય ન થાય, અથવા અનુભવનો વિષય થાય એ ભગવાનની ઇચ્છાને અધીન છે. સર્વ સ્થલે 'હું બહુ થાઉં, પ્રજનન કરું' એવી ભગવાનની વિશિષ્ટ ઇચ્છા જ નિયામક છે.

વાદની સમાપ્તિ દર્શાવવા મંગલ શ્લોક કહે છે. શ્રીમદાચાર્યચરણના ચરણકમલની રેણુ આવિર્ભાવ પામે ત્યાં અરવિન્દના જેવા નયનવાળા શ્રીકૃષ્ણચંદ્રની ભક્તિનો આવિર્ભાવ કરે છે, તે રેણુ અમારું રક્ષણ કરો અને દુર્જનોનો તિરોભાવ કરો.

આ પ્રમાણે વાદ સમાપ્ત થયો તોપણ પૂર્વપક્ષી ક્રમવાર આવતા દેશ અને કાલનું નિત્યપણું ધ્યાનમાં રાખી શંકા કરે છે.

પૂર્વપક્ષી—વસ્તુ સર્વ નિત્ય છે એમ તમે માનો છો. ભિન્ન ભિન્ન વસ્તુના આવિર્ભાવ અને તિરોભાવવાળા દેશ અને કાલ પણ નિત્ય છે, તેથી સર્વ વસ્તુનો એકસાથે આવિર્ભાવ થવો જોઈએ અથવા સર્વનો એકસાથે તિરોભાવ થવો જોઈએ. દરેક વસ્તુમાં રહેલાં ભાવીપણું ભૂતપણું અને વર્તમાનપણું સર્વનો એક સાથે અનુભવ થવો જોઈએ, અથવા કોઈનો પણ અનુભવ થાય નહિ એમ એકસાથે થવું જોઈએ.

ક્યાં છે ?—ત્યારે એ હાલ પણ ઉપલબ્ધ થાય,—એમ નહિ. અનુપલંભ અવચ્છેદક કાલથી અવચ્છિન્ન હોવાથી એ પુરુષોને (અને આપણને) ઉપલંભ થતો નથી. તે તે કાલ ભિન્ન હોવાથી એઓનાથી અવચ્છિન્ન પુરુષો પણ ભિન્ન હોવાથી અને એ એક જ સમયે હોવાથી, એક જ સમયે એનો ઉપલંભ તેમજ અનુપલંભ હોય એ વિરુદ્ધ નથી. 'હું જેણે પૂર્વે ઘટનો અનુભવ કર્યો તે જ હમણાં અનુભવ કરતો નથી' એવી પ્રત્યભિજ્ઞાની અનુપપત્તિ પણ નથી, કારણ કે

સિદ્ધાન્તી—તે તે દેશ અને કાલના તે તે પુરુષોના તે તે વ્યવહારો પણ છે, એમાં અયોગ્ય શું છે?

પૂર્વપક્ષી—ત્યારે એ વ્યવહારો વર્તમાનકાલમાં પણ થવા જોઈએ. તેથી એક પદાર્થમાં રહેલાં ભાવીપણું ભૂતપણું અને વર્તમાનપણું એ ત્રણેનો હાલ પણ ઉપલંભ થવો જોઈએ.

સિદ્ધાન્તી—ભાવીપણું ભૂતપણું અને વર્તમાનપણું એ ત્રણે ગુણના ઉપલંભ અને અનુપલંભ એકસાથે થાય એમાં કાંઈપણ વિરોધ નથી. આપણને સાધારણ પુરુષોને એ વ્યવહારનો ઉપલંભ થતો નથી, કેમ કે આપણે માટે એનો ઉપલંભ ન થાય તેવો કાલ છે. પરંતુ યોગીઓને એનો ઉપલંભ થાય છે, કારણ કે એમને માટે એનો ઉપલંભ થાય તેવો કાલ છે. કાલ ભિન્ન ભિન્ન છે. દરેક કાલની ઉપાધિ ભિન્ન છે. વળી, એક જ કાલ ઉપાધિમાં રહેલા પુરુષો પણ ભિન્ન ભિન્ન છે, એક જ કાલ ઉપાધિમાં રહેલા આપણા જેવા સામાન્ય પુરુષો અને યોગીઓ ભિન્ન છે, તેથી આ ભિન્ન ભિન્ન પુરુષો એક જ કાલ ઉપાધિમાં સાથે જ રહેલા છે, એમાંથી યોગી પુરુષોને એવા વ્યવહારનો ઉપલંભ થાય અને સામાન્ય પુરુષોને એવા વ્યવહારનો ઉપલંભ ન થાય, એ સર્વ એક જ કાલ ઉપાધિમાંથી થાય છે, અર્થાત્ એક જ કાલમાં કેટલાક પુરુષોને એ વ્યવહાર થાય છે અને કેટલાકને થતો નથી; તેથી એ વ્યવહારના ઉપલંભ અને અનુપલંભ એકસાથે જ થાય છે એમાં કાંઈપણ વિરોધ નથી. જેમ એક જ સમયે કોઈ સ્થલે 'સૂર્ય ઊગશે' એવો વ્યવહાર થાય છે, અન્ય સ્થલે 'સૂર્ય ઊગે છે' એવો વ્યવહાર થાય છે, અને અન્ય સ્થલે 'સૂર્ય ઊગ્યો છે' એવો વ્યવહાર થાય છે, એમાં કોઈપણ વિરોધ નથી, તેમ અહીં પણ એક જ સમયે ભૂતપણા ભાવીપણા અને વર્તમાનપણાના વ્યવહારનો ઉપલંભ થાય અને ઉપલંભ ન થાય એમાં કાંઈપણ વિરોધ નથી.

પૂર્વપક્ષી—ઉપલંભ અને અનુપલંભ એકસાથે થાય છે એમ તમે સિદ્ધ કર્યું, પરંતુ પુરુષભેદથી એમ થાય છે, અર્થાત્ કોઇ પુરુષને જ્યારે ઉપલંભ થતો હોય તે જ સમયે અન્ય પુરુષને અનુપલંભ હોય એમ કહ્યું, પરંતુ એક જ પુરુષને એકસાથે ઉપલંભ અને અનુપલંભ થાય એમ તમે સિદ્ધ કર્યું નથી, અને જ્યાંસુધી એમ સિદ્ધ થાય નહિ ત્યાંસુધી ઉપલંભ અને અનુપલંભ નિત્ય કહેવાય નહિ. એક જ પુરુષને એકસાથે એક પદાર્થના ઉપલંભ અને અનુપલંભ થતા નથી, કારણ કે 'હું જેણે પ્રથમ ઘટનો અનુભવ કર્યો તે હમણાં ઘટનો અનુભવ કરતો નથી' એવું ભાન થાય છે. આ ભાનમાં એક પુરુષને એકસમયે ઉપલંભ અને અનુપલંભ થતા નથી. 'હું જે ઘટનો અનુભવ કરું છું તે ઘટનો અનુભવ કરતો નથી' એવું ભાન થતું નથી ત્યાંસુધી ઉપલંભ અને અનુપલંભ નિત્ય સિદ્ધ થતા નથી.

સિદ્ધાન્તી—સર્વ પુરુષ બ્રહ્મરૂપ છે, સર્વ જગત બ્રહ્મરૂપ છે, તેથી સર્વ પુરુષ

સર્વ બ્રહ્માત્મક હોવાથી અને બ્રહ્મ એક હોવાથી એ ઉપપન્ન છે. એમ અતિ-પ્રસંગ પણ થતો નથી, કારણ કે ઉપલંભ અને અનુપલંભ પણ બ્રહ્માત્મક છે, અને સ્વેચ્છાથી જ્યાં જેના ઉપલંભરૂપથી આવિર્ભાવ પામે છે ત્યાં ઉપલંભ થાય છે અને જ્યાં જેના અનુપલંભરૂપથી આવિર્ભાવ પામે છે ત્યાં અનુપલંભ

બ્રહ્મરૂપ છે. બ્રહ્મ એક જ છે, તેથી એક પુરુષને ઘટનો ઉપલંભ થાય ત્યારે અન્યને અનુપલંભ થાય છે, તોપણ ઉભય પુરુષ બ્રહ્મરૂપ હોવાથી અને બ્રહ્મ એક જ હોવાથી, એક જ બ્રહ્મને એક જ સમયે ઘટનો ઉપલંભ તેમજ અનુપલંભ થાય છે; તેથી ઉપલંભ અને અનુપલંભ નિત્ય છે. તુલ્ય બલવાળા પ્રમાણમાં વિરોધ અને અવિરોધની ચિન્તા રહે છે, અહીં તો પ્રત્યક્ષ અને શ્રુતિ પ્રમાણો છે. દેહમાં આત્માનું અભિમાન રાખનાર પુરુષનું પ્રત્યક્ષ નિર્બલ જ છે. શ્રુતિ આવા અભિમાનરહિત પરમ આપ્ત પુરુષનું વાક્ય હોવાથી પ્રબલ છે. ઉપલંભ અને અનુપલંભનું નિત્યપણું અને એકસાથે હોવાપણું ધર્મિગ્રાહક શ્રુતિપ્રમાણથી સિદ્ધ થાય છે, તેથી એ મૂલનો સ્પર્શ નહિ કરનાર ઉપર ઉપરથી રમણીય દેખાતા સહસ્રાવધિ અનુભવ અને લક્ષાવધિ યુક્તિથી અન્યથા થઈ શકે નહિ.

પૂર્વપક્ષી—એમ હોય તોપણ દૂષણ દૂર થતું નથી. એક પુરુષને ઘટનો ઉપલંભ થાય છે તે બ્રહ્મરૂપ છે તેમ જ અન્ય સર્વ પુરુષો બ્રહ્મરૂપ છે; તેથી સર્વ પુરુષ બ્રહ્મરૂપ હોવાથી એક જ હોય તો જ્યારે એકને ઘટનો ઉપલંભ થાય ત્યારે સર્વને એનો ઉપલંભ થવો જોઈએ. વળી, અલ્પજ્ઞ પુરુષને એક પદાર્થનું જ્ઞાન થાય ત્યારે સર્વ પદાર્થ બ્રહ્મરૂપ હોવાથી એક જ છે તેથી એને સર્વનું જ્ઞાન થવું જોઈએ, અર્થાત્ એ સર્વજ્ઞ થવો જોઈએ. આ પ્રમાણે સર્વ સર્વજ્ઞ હોવા જોઈએ; તેથી તમારા કહ્યા પ્રમાણે માનીએ તો સર્વ સર્વજ્ઞ થવા જોઈએ એમ અતિપ્રસંગ થાય છે.

સિદ્ધાન્તી—એમ નથી, કારણ કે ઉપલંભ અને અનુપલંભ પણ બ્રહ્માત્મક જ છે. ભગવાન જ્યાં નિજ ઇચ્છાથી જેના ઉપલંભરૂપથી આવિર્ભાવ પામે છે તેનો ઉપલંભ થાય છે, અને જ્યાં જેના અનુપલંભરૂપથી આવિર્ભાવ પામે છે ત્યાં તેનો અનુપલંભ થાય છે. એકના જ્ઞાનથી સર્વને જ્ઞાન થાય, અથવા એકના જ્ઞાનથી સર્વજ્ઞ થાય એમ જ્ઞાનનો અતિપ્રસંગ થાય એવો દોષ કહ્યો તે તમારા મતમાં પણ છે. તમે જેમ આત્મામાં સમવાયસંબંધથી રહેલું જ્ઞાન અમુક પ્રદેશમાં જ રહેલું છે એમ માનો છો, તેમ અમે ભગવાનની ઇચ્છાથી જ્ઞાન નિયમમાં રહે છે એમ માનીએ છીએ. તમારા મતમાં આત્મા વિભુ અથવા સર્વવ્યાપક છે તોપણ એને સર્વનું જ્ઞાન થઈ જતું નથી એમ માનો છો, તેમ અમે ભગવાનની ઇચ્છાથી એનું જ્ઞાન નિયત છે એમ માનીએ છીએ. તમારા મતમાં ઘટના પ્રાગભાવ અથવા અત્યંતાભાવમાં ઘટનું જ્ઞાન થતું નથી તેથી ઘટનું જ્ઞાન ન થવાનું કારણ એનો પ્રાગભાવ વગેરે છે, તેમ અમારા મતમાં ભગવાનની ઇચ્છા જ કારણ છે. તમે પ્રાગભાવ વગેરેની કલ્પના ફલના બલથી કરો છો, તેમ અમે પણ ભગવદિચ્છાની કલ્પના ફલના બલથી કરીએ છીએ. અમારા મતને ટેકો આપનાર શ્રુતિ અને પુરાણનાં વાક્યો છે એટલું અમારું આધિક્ય છે.

જ્યાં ભગવાન નિજ ઇચ્છાથી જેના ઉપલંભરૂપે આવિર્ભાવ પામે ત્યાં તેનો ઉપલંભ થાય છે અને જ્યાં નિજ ઇચ્છાથી જેના અનુપલંભરૂપથી આવિર્ભાવ પામે ત્યાં તેનો

થાય છે એમ નિયમ છે; જેમ પૃથિવીમાં જ ગંધરૂપથી આવિર્ભાવ છે, જલાદિમાં નથી.

પ્રપંચ—નામપ્રપંચ પણ નિત્ય છે.

તેથી જ શ્રીમદાચાર્યચરણે 'અથવા (ભગવાન) સર્વરૂપ હોવાથી નામલીલાના વિભેદથી વિરુદ્ધાંશનો ત્યાગ કરવાથી સર્વ જ પ્રમાણ છે' (નિ.–શા - ૧૦) એમ શ્રીભાગવતતત્ત્વદીપમાં કહ્યું છે. બ્રહ્મ સર્વરૂપ હોવાથી અનુષ્ણત્વરૂપ પણ હોવાથી, 'વહ્નિ અનુષ્ણ છે' ઇત્યાદિ વાક્ય પણ પ્રમાણ છે.–કેમ ?–કારણ કે સર્વત્ર અખંડ બ્રહ્મનું ભાન થવાથી વિરોધાંશની સ્ફૂર્તિ ન થવાથી, વિરોધાંશ ત્યક્ત જ છે, એમ વાક્યાર્થ છે. તેથી જ 'વાચારમ્ભણ વિકાર નામમાત્ર છે; મૃત્તિકારૂપે જ સત્ય છે'

અનુપલંભ થાય છે. આનું દૃષ્ટાંત પણ સુલભ છે. ભગવાન પૃથિવીમાં જ ગંધરૂપથી આવિર્ભાવ પામે છે, જલ વગેરેમાં ગંધરૂપથી આવિર્ભાવ પામતા નથી. આ પ્રમાણે બ્રહ્મવાદમાં રૂપપ્રપંચમાં કોઈ પણ પ્રકારની અનુપપત્તિ રહેતી નથી.

પૂર્વપક્ષી—(રૂપપ્રપંચમાં બ્રહ્મવાદમાં અનુપત્તિ ભલે ન હોય, પરંતુ નામપ્રપંચમાં અનુપત્તિ રહે છે. બ્રહ્મ સર્વરૂપ છે તેથી અમુક ધર્મ અને એનો અભાવ ઉભય બ્રહ્મમાં રહેલા છે; તેથી અજ્ઞ પુરુષ બ્રહ્માત્મક હોવાથી સર્વજ્ઞ છે તે જ પ્રમાણે સર્વજ્ઞ અજ્ઞ છે. નિત્ય પદાર્થ કાર્ય છે અને કાર્ય નિત્ય છે. આ પ્રમાણે એક જ પદાર્થ અથવા પુરુષમાં આવા વિપરીત પ્રયોગ કરીએ તોપણ પ્રામાણ્ય દૂર થતું નથી; તેથી વાક્યનાં પ્રામાણ્ય અને અપ્રામાણ્યની વ્યવસ્થાનો ભંગ થઈ જાય છે.)

સિદ્ધાન્તી—એ અનુપપત્તિ ઇષ્ટ જ છે; તેથી શ્રીમદાચાર્યચરણે પણ 'અથવા (ભગવાન) સર્વરૂપ હોવાથી નામલીલાના વિભેદથી વિરુદ્ધ અંશનો ત્યાગ કરવાથી સર્વ જ પ્રમાણ છે' એમ શ્રીભાગવતતત્ત્વદીપમાં નિરૂપણ કરેલું છે. પ્રથમ જ્ઞાન પ્રાપ્ત કરતી વખતે અથવા અજ્ઞાન અવસ્થામાં જે પ્રમાણો છે તેનું નિરૂપણ કરેલું છે. વેદો, શ્રીકૃષ્ણવાક્યો (શ્રીમદ્ભગવદ્ગીતા), વ્યાસસૂત્રો તથા સમાધિભાષા (શ્રીમદ્ભાગવત) એ જ્ઞાન પ્રાપ્ત કરતી વખતે પ્રમાણો છે. જ્ઞાન પ્રાપ્ત થયા પછી વિદ્વાનને સર્વ પ્રમાણ છે. સર્વ પદાર્થમાત્ર બ્રહ્મરૂપ છે. સર્વ પદાર્થ બ્રહ્મનાં રૂપ છે, તેથી વહ્નિ બ્રહ્મનું રૂપ છે, તેમ અનુષ્ણપણું પણ બ્રહ્મરૂપ છે, તેથી વહ્નિ અને અનુષ્ણનું અધિકરણ બ્રહ્મ એક જ છે; તેથી વહ્નિ અનુષ્ણ છે એ વાક્યમાં પણ વિરોધ નથી, કારણ કે જ્ઞાનાવસ્થામાં સર્વ સ્થલે અખંડ બ્રહ્મનું જ ભાન થાય છે; તેથી વિરુદ્ધ અંશની સ્ફૂર્તિ ન થવાથી એનો ત્યાગ થઈ ચૂકયો જ છે; તેથી સર્વત્ર માત્ર અખંડ બ્રહ્મનું ભાન થાય છે. તેથી વાક્યમાત્ર પ્રમાણ છે. **'પૂર્વવદ્વા'** (બ્ર. સૂ. ૩–૨–૨૯) અધિકરણમાં જણાવ્યું તે પ્રમાણે જેમ રૂપલીલામાં નિરાકાર બ્રહ્મ પ્રથમ પુરુષરૂપ થાય છે, પછી શક્તિરૂપ થાય છે, અને ત્યારપછી કાર્યરૂપ થાય છે, તેમ નામ પણ ક્રમવાર ભિન્ન ભિન્ન વાક્યરૂપ થાય છે; તેથી સર્વ વાક્ય બ્રહ્મનો જ બોધ કરે છે, તેથી વિરોધ નથી અને સર્વ વાક્ય પ્રમાણ છે.

સર્વ પદાર્થ બ્રહ્માત્મક છે ને તેથી એકરૂપ છે, પરન્તુ ભિન્ન ભિન્ન કાર્ય હોવાથી ભિન્નરૂપ નથી એવો શ્રુતિનો પણ અભિપ્રાય હોવાથી, છાંદોગ્ય ઉપનિષદમાં પ્રપાઠકના આરંભમાં જ 'વાચારંભણ વિકાર નામમાત્ર છે, મૃત્તિકારૂપે જ સત્ય છે' એમ પ્રથમ નિરૂપણ કરેલું છે. વાચારંભણ અર્થાત્ ઘટ પટ વગેરે વ્યવહાર. વિકાર અર્થાત્ વિકૃતિ. એ નામમાત્ર છે. એ વસ્તુ એ રૂપથી છે એમ નથી, પરંતુ મૃત્તિકા એમ કારણરૂપથી જ સત્ય છે; તેથી

(છાં. ૬-૧-૪) એમ પ્રથમ જ નિરૂપણ કર્યું. પછી પૂર્વોત્તર જડજીવના સદાત્મકત્વનો હેતુ 'એ આત્મા' (છાં. ૬-૮-૭) એમ મધ્યે કહ્યો. એમ જડનું બ્રહ્માત્મકત્વ કહી 'એ તું છે' (છાં. ૬-૮-૭) એમ જીવનું પણ કહ્યું. 'ઉપદેશ હોવાથી, વારંવાર આવૃત્તિ' (બ્ર.સૂ. ૪-૧-૧) એ બ્રહ્મસૂત્ર હોવાથી, આ ઉપદેશ છે તેથી વારંવાર કહ્યું, તેથી સંપૂર્ણ મહાવાકય ઉપદેશ છે. એમાં જેમ 'ઐતદાત્મ્ય' એમાં સદંશમાં ભાગત્યાગલક્ષણા નથી, તેમ 'એ તું છે' એમાં ચિદંશમાં પણ એ નથી એમ જાણવું. તેથી, સર્વ જ બ્રહ્મવાકય હોવાથી, એનો એક ભાગ જ 'એ તું છે' વાકય જ જીવ બ્રહ્મના અભેદનો બોધ કરે છે એમ કહી શકાય નહિ, કારણ કે વાકયભેદ થઈ જાય. વળી ઉપક્રમનો વિરોધ થાય. વળી, તમારા મતમાં જીવ આભાસ હોવાથી અલીક છે, તેથી 'એ આત્મા' ત્યાંસુધી 'તત્' પદાર્થનું નિરૂપણ કરી, 'તું નથી' એમ જ કહે, પરંતુ 'એ તું છે' એમ કહે

અવિદ્વદ્દશામાં વસ્તુ ભિન્ન ભિન્ન છે, પરંતુ વિદ્વદ્દશામાં નથી. પછી પ્રપાઠકમાં પહેલાં અને પછી ક્રમવાર વર્ણવેલાં જડ અને જીવ સત્ય હોવાનું કારણ મધ્યમાં 'એ આત્મા' એમ કહ્યું. એ અર્થાત્ ભગવાન જડ અને જીવના આત્મા છે. આરોપરહિત નૈસર્ગિક સ્વરૂપ ભગવાન જડ અને જીવના આત્મા છે, તેથી જડ અને જીવ સત્ય છે. એ પ્રમાણે જડ બ્રહ્માત્મક છે એમ કહે છે. આ સર્વ ઉપદેશ હોવાથી છાંદોગ્ય ઉપનિષદના આઠમા પ્રપાઠકમાં વારંવાર કહેલું છે, એમ 'ઉપદેશ હોવાથી વારંવાર આવૃત્તિ' એ બ્રહ્મસૂત્રથી સિદ્ધ થાય છે. તેથી '**स य एषोऽणिमैतदात्म्यमिदं सर्वं तत्सत्यं स आत्मा तत्त्वमसि श्वेतकेतो**' (છાં.૬-૮-૭) એ સંપૂર્ણ મહાવાકય ઉપદેશ છે, અને માત્ર **तत्त्वमसि** એટલું જ ઉપદેશ નથી, એમ સિદ્ધ થાય છે.

આ મહાવાકયમાં '**स य एषोऽणिमा**' 'આ જે અણિમા છે તે' શબ્દોથી જગતનું કારણ બનેલ અણિમ(અણુ)રૂપ 'સત્' પદાર્થ કહ્યો, ત્યારપછી 'આ સર્વ ઐતદાત્મ્ય છે' એમ (ઐતદાત્મ્ય શબ્દથી) (અણિમ)નો રૂપગુણ કહ્યો અને 'આ' શબ્દથી પદાર્થરૂપ આકાર કહ્યો. એ બન્ને (અણિમરૂપ ગુણ અને પદાર્થરૂપ આકાર) ન જણાવવાના હોય, અને માત્ર 'આ જે (અણિમા છે) તે' શબ્દોથી માત્ર 'સત્' જણાવવાનું હોય તો ભાગત્યાગલક્ષણા થાય, અને 'ઐતદાત્મ્ય' અને 'સર્વ' શબ્દો વ્યર્થ થવાના ભયથી તમે એ 'સત્' અંશના સંબંધમાં સ્વીકારતા નથી, તેમ 'એ તું છે' એ ચિદ્દશના સંબંધમાં પણ એ સ્વીકારવી જોઈએ નહિ. સર્વ જડ અને જીવ બ્રહ્માત્મક સિદ્ધ થાય છે, તેથી લક્ષણા વિના જ તાદાત્મ્ય સિદ્ધ થાય છે, અને સર્વ બ્રહ્મ ઉપપન્ન થવાથી પ્રતિજ્ઞા સિદ્ધ થાય છે, તેથી સર્વ બ્રહ્મ છે એમ કહેવું યોગ્ય છે, પરંતુ ભાગત્યાગલક્ષણાથી જીવ અને બ્રહ્મ અભિન્ન છે ને જડ અને બ્રહ્મ ભિન્ન છે એમ કહેવું ઉચિત નથી, કારણ કે એમ અર્થભેદ કરવાથી વાકયભેદ થાય છે. રજ્જુમાં સર્પનો આભાસ થાય, એની પેઠે માત્ર સત્ પદાર્થમાંથી ભેદ 'ઐતદાત્મ્ય' શબ્દથી દૂર કરવો અને 'એ તું છે' સ્થલે જીવમાં ભેદબુદ્ધિ થાય તે લક્ષણાથી દૂર કરવી; એમ ઉભય સ્થલે ભિન્ન ભિન્ન અર્થ કરવાથી વાક્યનો ભેદ થઈ જાય છે.

વળી, એ પ્રમાણે અર્થ કરવાથી ઉપક્રમવિરોધ થાય છે. '**सदेव सौम्येदमग्र आसीत्**' 'હે સૌમ્ય, આ પૂર્વે સત્ જ હતું' એમ જડનું અને '**सन्मूलाः सौम्येमाः प्रजाः**' 'હે સૌમ્ય! આ પ્રજાનું મૂલ સત્ છે' એમ જીવનું ઉપાદાનકારણ બ્રહ્મ છે એમ ઉપક્રમ અર્થાત્ આરંભમાં

નહિ. સત્તાવાચક ધાતુનો મધ્યમ પુરુષ સાથે પ્રયોગ સંભવે જ નહિ. વળી, જેમ છીપમાં રજતની પ્રતીતિ થાય છે તેમ અવિદ્યાથી બ્રહ્મમાં આરોપિત જગતની પ્રતીતિ થાય છે એવો તમારો મત છે તે પણ સંભવતો નથી, કારણ કે આરોપમાં અધિષ્ઠાનજ્ઞાન કારણ છે. 'અત્ર પરાઙ્મુખ ઇન્દ્રિયો' (ક-૨-૪-૧) એ શ્રુતિથી બ્રહ્મ અવિષય હોવાથી આરોપ ક્યાં થાય ?

જગત બ્રહ્મે રચેલું સત્ય છે.

(જગત) જ્ઞાનથી નાશ્ય કહેલું છે અને બ્રહ્મજ્ઞાન અજ્ઞાતમાત્રનું નિવર્તક છે તેથી જગતને પણ અજ્ઞાનકાર્ય કહીએ છીએ,— એમ કહેવું પણ યોગ્ય નથી, કારણ કે વિષ્ણુસ્મરણાદિથી અજ્ઞાનકાર્ય સિવાયનાં પાપ પણ નાશ પામે છે.

કહેલું છે; પરંતુ તમે જડ અને જીવને બ્રહ્મના વિવર્ત જ કહો છો, વિવર્ત એ જ ઉપાદાન એમ તમે સ્વીકારતા પણ નથી, તેથી તમારો મત આ ઉપક્રમથી પણ વિરુદ્ધ છે.

વળી, તમારા મતમાં જીવ સત્ય નથી, પરંતુ આભાસ છે; જીવ આભાસ હોવાથી અલીક અર્થાત્ મિથ્યા છે; પરંતુ એમ હોય તો શ્રુતિ **'स य एषोऽणिमैतदात्म्यमिदं सर्वं तत्सत्यं स आत्मा'** સુધી 'તત્' પદાર્થ અર્થાત્ બ્રહ્મનું નિરૂપણ કરી, **'न त्वमसि'** 'એ તું નથી' એમ કહેત, પરંતુ **'तत्त्वमसि'** 'એ તું છે' એમ ન કહેત, **'हेयत्वावचनाच्च'** (બ્ર. સૂ. ૧-૧-૭) સૂત્રમાં સાંખ્યનું જે દૂષણ કહ્યું તે તમારામાં પણ છે. વળી, 'છે' એ સત્તાવાચક 'હો' ધાતુનું રૂપ, તમારા મત પ્રમાણે જીવ અલીક હોય તો મધ્યમ પુરુષ અર્થાત્ બીજા પુરુષને લાગી શકે જ નહિ. જીવ અલીક અર્થાત્ મિથ્યા હોવાથી 'તું છે' એમ કહી શકાય જ નહિ.

વળી, છીપમાં જેમ રજતની પ્રતીતિ થાય છે તેમ બ્રહ્મમાં આરોપેલા જગતની પ્રતીતિ થાય છે એમ તમે માનો છો એ પણ સંભવતું નથી, કારણ કે જ્યાં આરોપથી પ્રતીતિ થતી હોય ત્યાં અધિષ્ઠાન દૃષ્ટિગોચર થવું જોઈએ. શુક્તિ આપણે જોતા જ ન હોઇએ, શુક્તિને આપણી ચક્ષુ ઇંદ્રિય સાથે સંબંધ જ થતો ન હોય તો એમાં રજતની ભ્રાંતિ કેમ થાય ? તેથી જ્યાં આરોપથી પ્રતીતિ થતી હોય ત્યાં અધિષ્ઠાન પ્રત્યક્ષ હોવું જોઈએ. અહીં બ્રહ્મમાં જગતનો આરોપ છે એમ તમે કહો છો એમાં બ્રહ્મ અધિષ્ઠાન છે તો બ્રહ્મ પ્રથમ પ્રત્યક્ષ હોવું જોઈએ. બ્રહ્મ પ્રત્યક્ષ ન હોય તો એમાં જગતની આરોપથી પ્રતીતિ ક્યાંથી થાય ? પરંતુ વસ્તુતઃ બ્રહ્મ પ્રત્યક્ષ નથી. આપણી ચક્ષુ ઇંદ્રિયનો બ્રહ્મ સાથે સંબંધ થતો નથી. **'पराञ्चि खानि व्यतृणत्स्वयंभूः'** 'સ્વયંભૂએ ઇંદ્રિયો પરાઙ્મુખ રચી' એ શ્રુતિ પરથી સ્પષ્ટ થાય છે કે આપણી ઇંદ્રિયને બ્રહ્મ સાથે સંબંધ નથી. તેથી બ્રહ્મ સાથે ચક્ષુ ઇંદ્રિયનો સંનિકર્ષ નહિ હોવાથી, બ્રહ્મમાં આરોપથી જગતની પ્રતીતિ થાય છે એમ કહી શકાય નહિ.

પૂર્વપક્ષી—જગતની પ્રતીતિનો બ્રહ્મના જ્ઞાનથી નાશ થાય છે. બ્રહ્મજ્ઞાન સર્વ અજ્ઞાન તથા એના કાર્યને દૂર કરનાર છે. બ્રહ્મજ્ઞાન અજ્ઞાનકાર્યને દૂર કરે છે, અને એ જગતની પ્રતીતિને પણ દૂર કરે છે, તેથી જગતની પ્રતીતિ અજ્ઞાનનું કાર્ય છે એમ કહીએ છીએ.

સિદ્ધાન્તી—બ્રહ્મજ્ઞાન માત્ર અજ્ઞાનના કાર્યને જ દૂર કરે છે એમ નથી, પરંતુ **'न मां कर्माणि लिम्पन्ति न मे कर्मफले स्पृहा। इति मां योऽभिजानाति कर्मभिर्न स बध्यते'** 'મને કર્મ લેપતાં નથી, મને કર્મના ફ્લની સ્પૃહા નથી એમ જે મને જાણે છે તે કર્મથી બંધાતો નથી' (ભ. ગી. ૪-૧૪) વગેરે સ્મૃતિથી એમ સ્પષ્ટ જણાય છે કે જ્ઞાન અજ્ઞાનનું કાર્ય ન હોય તેવા કર્મના બંધ અથવા પાપની પણ નિવૃત્તિ કરે છે. વિષ્ણુસ્મરણ અને

અથવા બ્રહ્મજ્ઞાન જ અજ્ઞાનમાત્રનું નિવર્તક ભલે હોય, એ અજ્ઞાન સંસારરૂપ જ, પરન્તુ પ્રપંચ નહિ, કારણ કે એ ભગવત્કાર્ય છે. તેથી સ્વરૂપાજ્ઞાન દેહાધ્યાસ ઇન્દ્રિયાધ્યાસ અન્તઃકરણાધ્યાસ અને પ્રાણાધ્યાસરૂપી પંચ પર્વવાળી અવિદ્યાના નાશ વડે એના કાર્યરૂપ અહંતામમતારૂપ સંસારનો નાશ એ જ જ્ઞાનનું કાર્ય છે, પરંતુ પ્રપંચનો પણ નાશ (જ્ઞાનકાર્ય) નથી; નહિ તો બ્રહ્મવિદને સ્વપુત્રાદિનું દર્શન પણ થાય નહિ; પરન્તુ એમ નથી.—ઇત્યાદિ સર્વ પિતૃચરણે ભાગવતતત્ત્વદીપનિબન્ધમાં કહેલું છે, તેથી અહીં વિસ્તાર કરતા નથી. વસ્તુતઃ બ્રહ્મજ્ઞાન અજ્ઞાનનું જ નિવર્તક નથી, કારણ કે (તેથી) 'આના કર્મનો ક્ષય થાય છે' (મું.૨-૨ ૮) એવી શ્રુતિસ્મૃતિના વચનને લીધે પુણ્યપાપની પણ નિવૃત્તિ થાય છે. આના પણ અજ્ઞાનકાર્યત્વનો પ્રથમ નિરાસ કર્યો છે. વળી, અવિદ્યાનો અસત્ તરીકે સ્વીકાર કરેલો હોવાથી અજ્ઞાનનો નાશ પણ કહી શકાય નહિ. તેથી જ બ્રહ્મને એનો સંબંધ છે એમ પણ કહી શકાય નહિ, કારણ કે સંબંધ દ્વિનિષ્ઠ છે.

જ્ઞાન પાપની પણ નિવૃત્તિ કરે છે. પાપ અજ્ઞાનનું કાર્ય નથી. પાપને પણ અજ્ઞાનનું કાર્ય માનો તો વિષ્ણુસ્મરણ અથવા જ્ઞાન થાય ત્યારે પાપ દૂર થાય, તેમ પ્રપંચ વગેરે પણ દૂર થવા જોઈએ અને તેથી જગતની પ્રતીતિ થવી જોઈએ નહિ; પરંતુ વિષ્ણુસ્મરણ અને જ્ઞાન પછી પણ પ્રપંચ અથવા જગતની પ્રતીતિ થાય છે.

પૂર્વપક્ષી—(જ્ઞાન અથવા વિષ્ણુસ્મરણથી અજ્ઞાનનાં સર્વ કાર્ય નિવૃત્ત થતાં નથી; પાપ દૂર થાય છે, પરંતુ જગતની પ્રતીતિ દૂર થતી નથી; પણ બ્રહ્મજ્ઞાનથી અજ્ઞાનનાં સર્વ કાર્ય જગતની પ્રતીતિ વગેરે દૂર થાય છે.)

સિદ્ધાન્તી—ભલે માત્ર બ્રહ્મજ્ઞાન જ અજ્ઞાનને દૂર કરનાર હોય, પરંતુ બ્રહ્મજ્ઞાનથી દૂર થતું અજ્ઞાન એ સંસાર જ છે, પ્રપંચ નહિ. પ્રપંચ અથવા જગત ભગવાનનું કાર્ય છે ને એ બ્રહ્મજ્ઞાનથી દૂર થાય નહિ. તેથી સ્વરૂપાજ્ઞાન દેહાધ્યાસ ઇંદ્રિયાધ્યાસ અન્તઃકરણાધ્યાસ અને પ્રાણાધ્યાસ એ પાંચ પ્રકારની અવિદ્યાનો નાશ થાય ત્યારે એ અવિદ્યાના કાર્ય અહંતામમતાનું નિરૂપણ કરનાર સંસારનો જ નાશ થાય, પરંતુ જગતનો પણ નાશ થાય નહિ. બ્રહ્મજ્ઞાનથી સંસાર દૂર થાય છે, પણ જગતનો નાશ થતો નથી. જગતનો પણ બ્રહ્મજ્ઞાનથી નાશ થતો હોય તો બ્રહ્મજ્ઞાનીઓને પોતાના પુત્ર વગેરેનું દર્શન પણ થાય નહિ, બ્રહ્મજ્ઞાનીઓ પોતાનાં સ્ત્રી પુત્ર ઇત્યાદિને જોઈ પણ શકે નહિ, પરંતુ એમ થતું નથી. બ્રહ્મજ્ઞાનીઓ પોતાનાં સ્ત્રી પુત્ર વગેરેને જોઈ શકે છે, તેથી બ્રહ્મજ્ઞાનથી જગતનો અથવા પ્રપંચનો પણ નાશ થાય છે એમ કહી શકાય નહિ. આ સર્વ ભાગવતતત્ત્વદીપનિબન્ધમાં શ્રીમદાચાર્યચરણે વિસ્તારથી સમજાવેલું છે, તેથી એનો અહીં વિસ્તાર કર્યો નથી.

વસ્તુતઃ બ્રહ્મજ્ઞાન માત્ર અજ્ઞાન અને એનાં કાર્યોને જ દૂર કરતું નથી, પરંતુ '**ક્ષીયન્તે ચાસ્ય કર્માણિ**' 'એના કર્મનો ક્ષય થાય છે' એ શ્રુતિ અનુસાર પુણ્ય પાપનો પણ નાશ કરે છે. પુણ્ય પાપ પણ અજ્ઞાનનાં કાર્ય છે એમ કહી શકાય નહિ, એ પ્રથમ જ સિદ્ધ કરી ગયા છીએ.

વળી, અવિદ્યાને પણ તમે અસત્ય અથવા મિથ્યા માનો છો, તેથી એનો નાશ બ્રહ્મજ્ઞાનથી થાય છે એમ પણ તમે કહી શકો નહિ, કારણ કે જે પદાર્થ છે જ નહિ તેનો નાશ ક્યાંથી થાય? વળી અવિદ્યાને મિથ્યા કહો છો, તેથી જ એને અને બ્રહ્મને કાંઈ સંબંધ

અને પ્રકૃતમાં એનો અસંભવ છે, તેથી કોની કોને શાથી પ્રતીતિ થાય ? વિભાગ કરનારીના જ અભાવને લીધે, વિભાગનો પણ અભાવ જ છે–તેથી જ અસત્‌ની જ પ્રતીતિ થાય છે એમ કહીએ છીએ.—અહો સ્વપ્નપ્રતીત સૂર્યકિરણના તાપથી તપી ગયેલા અને પછી ઊઠી જાગરિત–દશાદષ્ટ મરુમરીચિજલધિના વીચિ-વિભ્રમ વડે એના ઉપશમના અભિમાનથી સુખિતાનું અભિમાન કરનાર મિથ્યા-વાદીની કેવી મૂઢતા ! કારણ કે અસત્‌નો પણ પ્રત્યય કરાવનારી અવિદ્યા, અને એ પણ અસત્‌, ત્યારે પ્રત્યય કોણ કરાવે ? ઇત્યાદિ પૂર્વોક્ત સાંભળીને પણ આમ બોલતાં મૂર્ખતાની સીમા ઉલ્લંઘતો નથી. 'કારણ કાર્યનું અનુરૂપ હોવું જોઈએ, કાર્ય તુચ્છ હોવાથી એનું કારણ એવી જ અવિદ્યા કહીએ છીએ' ઇત્યાદિનો પણ આથી જ નિરાસ થયો. કાર્યનાં તુચ્છત્વ અતુચ્છત્વનો પછી વિચાર કરીશું; હાલ તો તમારી રીતથી જ વિચાર કરીએ છીએ. કલ્પના લોકાનુસારિણી (હોવી જોઈ એ). માયાવી નટ મણિમન્ત્રાદિથી આમ્ર કદમ્બ વૃક્ષ દર્શાવે છે એમાં એમણે દર્શાવેલાં આમ્રાદિ જ તત્ક્ષણ જ દૃષ્ટ થતાં બંધ થાય છે, તેથી અસત્‌ જોયાં એમ

પણ સિદ્ધ કરી શકાય નહિ, કારણ કે સંબંધ બે પદાર્થમાં હોય છે, એક જ પદાર્થમાં સંબંધ સંભવતો નથી. બ્રહ્મ એ પદાર્થ છે, પરંતુ અવિદ્યા અસત્ય અથવા મિથ્યા હોવાથી એ પદાર્થ થતા નથી, તેથી સંબંધ પણ સંભવતો નથી. અવિદ્યાને અને બ્રહ્મને સંબંધ નહિ હોવાથી, 'અવિદ્યાથી બ્રહ્મ અનેક હોય એમ ભાસે છે ને એ ત્રણ વગેરે સંખ્યાવાળું થઈ જીવ કહેવાય છે' એ તમારું જીવનું સ્વરૂપ સંભવતું નથી. જીવનું સ્વરૂપ જ સંભવતું નથી તો પછી કયા પુરુષને કયા પદાર્થની કયા રૂપથી પ્રતીતિ થાય ? વિભાગ કરનારી અવિદ્યા જ મિથ્યા હોવાથી વિભાગ પણ થતો નથી.

પૂર્વપક્ષી– વિભાગ કરનારી અવિદ્યા મિથ્યા છે અને તેથી જ વિભાગ પણ અસત્ય છે. અમે પણ આ જ કારણથી અસત્‌ની જ પ્રતીતિ થાય છે એમ કહીએ છીએ.

સિદ્ધાન્તી—અહો મિથ્યાવાદીની કેવી મૂઢતા ! સ્વપ્નમાં જોયેલા સૂર્યનાં કિરણના તાપથી તપી જઈ, પછી જાગી ઊઠી, જાગતાં દેખાયેલાં ઝાંઝવાનાં જલના સાગરનાં મોજાંઓના વિભ્રમથી સ્વપ્નમાં થયેલા તાપની શાંતિના અભિમાનથી સુખનું કેવું અભિમાન ધરાવે છે ! અસત્ય અથવા મિથ્યા માત્ર આભાસરૂપ જીવનો પ્રત્યય કરાવનારી અવિદ્યા છે, અને એ પોતે પણ મિથ્યા છે ત્યારે પ્રત્યય કોણ કરાવે એમ પ્રથમ કહ્યું, એ સાંભળીને પણ આ પ્રમાણે કહેતાં મૂર્ખતાની હદ બહાર જતો નથી. આથી જ 'કાર્યના જેવું કારણ હોવું જોઈએ, તેથી કાર્ય તુચ્છ હોવાથી એનું કારણ પણ એવી જ અવિદ્યા છે એમ કહીએ છીએ' એનો પણ નિરાસ થાય છે. કાર્ય જગત તુચ્છ છે કે નહિ એ આપણે પછી વિચારીશું, વસ્તુતઃ જગત તુચ્છ નથી એ પછી સિદ્ધ કરીશું; હાલ તો તમારા મત પ્રમાણે જગતને તુચ્છ સ્વીકારીને જ તમારો મત યોગ્ય છે કે નહિ એનો વિચાર કરીએ છીએ. કાર્ય તુચ્છ હોય તો કારણ પણ તુચ્છ જ કલ્પવું જોઈએ એવો નિયમ નથી. જે કલ્પના કરીએ તે લોકને અનુસરીને કરવી જોઈએ. લોકમાં માયાવી નટ વગેરે પુરુષો મણિ અથવા મંત્રથી આંબા કદંબ વગેરે વૃક્ષો અલ્પ સમયમાં દર્શાવે છે, ત્યાં આંબો અથવા કદંબ મિથ્યા છે એમ આપણે કહીએ છીએ, કારણ કે એ જ ક્ષણે એ દેખાતાં બંધ થાય છે; પરંતુ એ વૃક્ષ

જણાય છે, પરન્તુ એ મન્ત્રાદિસામર્થ્ય પણ અસત્ ગણાતાં નથી. એમ હોય તો એનું (આમ્રાદિનું) દર્શન પણ થાત, અને વિશેષ ન હોવાથી સર્વ પણ એમ દર્શાવત. તેથી તમારી માનેલી અવિદ્યાથી જગત્પ્રતીતિ અથવા જીવવિભાગ યુક્તિસહ નથી. તેથી બ્રહ્મમાં કર્તૃત્વનો નિષેધ કહી શકાય નહિ.

પૂર્વપક્ષ : વિભુ જીવ બ્રહ્મથી અભિન્ન હોવાથી સોપાધિક બ્રહ્મ જ જગત્કર્તૃ છે.

પૂ૦—શુદ્ધ બ્રહ્મ જ જગતનું કારણ ભલે હો, એની સાથે જીવના અભેદનો શ્રુતિ કયા પ્રકારે બોધ કરે છે? કારણ કે ઉભય પરસ્પર વિરુદ્ધધર્મવાળા છે, અને પરમાર્થતઃ ભિન્નનો અભેદ સંભવે નહિ.–ભેદ ઔપાધિક હોવાથી એ દૂર થાય ત્યારે અભેદ સંભવે છે– એમ પણ ન કહેવાય, કારણ કે પૂર્વોક્ત ન્યાયથી ઉપાધિ જ કહી શકાય નહિ.- તાત્ત્વિકભેદવાળાં પણ જલ મળે ત્યારે અભેદ પ્રતીય-

---

દર્શાવનાર મંત્રનું સામર્થ્ય મિથ્યા છે એમ આપણે કહેતા નથી. અને કહી શકીએ પણ નહિ, કારણ કે મંત્ર અને એનું સામર્થ્ય મિથ્યા હોય તો આંબો અથવા કદંબ દેખાય જ નહિ, અને માયાવી અને સામાન્ય પુરુષમાં કાંઈ પણ ભેદ નહિ રહેવાથી સર્વ પુરુષો આંબો અને કદંબ દેખાડી શકે; પરંતુ એમ થતું નથી, તેથી મંત્ર અને એનું સામર્થ્ય સત્ય છે, એનું કાર્ય આંબો અને કદંબ મિથ્યા છે; તેથી કાર્ય તુચ્છ હોય તોપણ એનું કારણ સત્ય હોઈ શકે છે. તેથી તમારી માનેલી મિથ્યા અવિદ્યાથી જગતની પ્રતીતિ અથવા જીવનો વિભાગ યુક્તિપૂર્વક નથી; તેથી બ્રહ્મ કર્તૃ નથી એમ પણ કહી શકાય નહિ.

(આ પ્રમાણે અવિદ્યા તુચ્છ સ્વીકારવા છતાં એનાથી જગત્પ્રતીતિ વગેરે એનાં કાર્ય થતાં નથી એમ દર્શાવી 'ઉપાધિ નહિ હોવાથી' એ હેતુ સિદ્ધ કર્યો, એમાં મહાવાકયમાં ભાગત્યાગલક્ષણા નથી, પરંતુ જીવ અને બ્રહ્મનો અભેદ છે એમ કહ્યું, પરંતુ જીવનું સ્વરૂપ વર્ણવ્યું નથી. તેથી જીવ અને બ્રહ્મનો અભેદ ઉચિત નથી એમ માની પોતાનો મત દૃઢ કરવા પુનઃ પૂર્વપક્ષી શંકા કરે છે.)

પૂર્વપક્ષી—શુદ્ધ જ બ્રહ્મ જગતનું કારણ ભલે હોય, પરંતુ શ્રુતિ એનો અને જીવનો અભેદ છે એમ બોધ કરે છે એ સંભવતું નથી. જીવ અને બ્રહ્મ (૧) એકરૂપ છે તેથી એમનો અભેદ છે? અથવા (૨) એમનામાં ભેદ નથી તેથી અભેદ છે? અથવા (૩) આવિર્ભાવરૂપથી અભેદ છે? અથવા (૪) બ્રહ્મનો સંબંધ થાય ત્યારે એમના અભેદની પ્રતીતિ થાય છે તેથી અભેદ છે? અથવા (૫) જીવ અને બ્રહ્મને તાદાત્મ્યસંબંધ છે તેથી અભેદ છે? અથવા (૬) અવિનાભાવથી અભેદ છે? અથવા (૭) ઉપચારથી અભેદ છે? (૮) અથવા જીવ બ્રહ્મનો અંશ હોવાથી અભેદ છે?

આ આઠમાંથી એક પણ પ્રકારનો જીવ અને બ્રહ્મમાં અભેદ નથી. (૧) જીવ અને બ્રહ્મ એકરૂપ નથી, કારણ કે ઉભયના ધર્મ પરસ્પર વિરુદ્ધ છે; તેથી પ્રથમ પ્રકારનો અભેદ નથી. (૨) બીજા પ્રકારનો અભેદ પણ સંભવતો નથી, કારણ કે પરમાર્થ રીતે જે ભિન્ન હોય તેમાં ભેદ ન હોય એ સંભવતું નથી. 'ભેદ ઉપાધિથી થયેલો છે, ને ઉપાધિ દૂર થાય ત્યારે ભેદ રહેતો નહિ તેથી અભેદ છે' એમ પણ કહેવાય નહિ, કારણ કે પ્રથમ તમે કહ્યું તેમ જ ન્યાયથી ઉપાધિ જ સિદ્ધ થઈ શકે નહિ; તેથી ભેદ નહિ હોવાથી અભેદ છે એમ પણ કહેવાય નહિ. (૩) અને (૪) "તાત્ત્વિકભેદવાળાં પણ બે જલ મળે ત્યારે એઓનો અભેદ

કહેલું છે. વળી, એક વિજ્ઞાનથી સર્વવિજ્ઞાનની પ્રતિજ્ઞા અનુપપન્ન છે. આથી જ ચેતનત્વ વગેરે ધર્મથી સારૂપ્ય હોવાથી અભેદ ઔપચારિક કહેલો છે, એનો પણ નિરાસ થયો. બ્રહ્મ વિકારી હોવાથી પ્રતિજ્ઞાની ઉપપત્તિ કહેવાય નહિ, કારણ કે શ્રુતિ એને અવિકારી કહે છે. 'કદાચિત્ જન્મતો નથી અથવા મૃત્યુ પામતો નથી' (ક. ૧-૨-૧૮) ઇત્યાદિ વાકયથી જીવ વિકારી નથી. બ્રહ્મ નિરવયવ હોવાથી જીવ બ્રહ્મનો અંશ પણ કહેવાય નહિ. 'નાનાવ્યપદેશને લીધે (જીવ બ્રહ્મનો) અંશ (છે)' એ તત્ત્વસૂત્રાદિ ઔપચારિક અંશત્વ કહે છે. મુખ્યમાં બાધક કહ્યું જ છે, તેથી બ્રહ્મનો (વિભાગ કરનારી) ઉપાધિ જ જીવ છે, એમ અભેદનો બોધ કરનારી શ્રુતિના અનુરોધથી માનવું જોઈએ.-ઉક્ત ન્યાયથી અવિદ્યાનું ઉપાધિત્વ સંભવતું નથી તેથી એમ કહેવાય નહિ,-એમ ન કહેવાય, કારણ કે શ્રૌતાનુપપત્તિ બલિષ્ઠ છે, તેથી ઉપહિતના જ અભેદનો અસંભવ હોવાથી અભેદસિદ્ધિ માટે ઉપાધિનું

બ્રહ્મને અવિનાભાવસંબંધ હોય, તો 'જેનાથી ન શ્રવણ કરેલનું શ્રવણ થાય છે' શ્રુતિ એ એ જુદા હોવાનું સમજાવે છે, તે એ એક ન હોવાનું દર્શાવે છે, અને તેથી એકના વિજ્ઞાનથી સર્વનું વિજ્ઞાન થાય એ પ્રતિજ્ઞાનો ભંગ થાય. (૭) આ જ કારણને લીધે જીવ અને બ્રહ્મમાં ચેતનપણું વગેરે ધર્મ સમાન હોવાથી એમનામાં ઔપચારિક અભેદ છે એમ પણ કહેવાય નહિ, કારણ કે વસ્તુતઃ જીવ અને બ્રહ્મમાં અભેદ ન હોય, પરંતુ માત્ર સમાન ધર્મને લીધે ઔપચારિક અભેદ જ હોય તો બ્રહ્મના જ્ઞાનથી જીવનું જ્ઞાન થાય નહિ, અને 'એકના વિજ્ઞાનથી સર્વનું વિજ્ઞાન થાય' એ પ્રતિજ્ઞાનો ભંગ થાય. 'જીવ બ્રહ્મનો વિકાર છે ને તેથી એકના વિજ્ઞાનથી સર્વનું વિજ્ઞાન થાય એ પ્રતિજ્ઞા પૂરી પડે છે' એમ પણ કહેવાય નહિ, કારણ કે બ્રહ્મ વિકારી નથી. 'નિષ્કલ, નિષ્ક્રિય, શાંત, નિરવદ્ય, નિરંજન, અમૃતનો પરસેતુ, દગ્ધ ઇંધનવાળા અગ્નિ જેવું' એ શ્રુતિ બ્રહ્મ અવિકારી છે એમ સ્પષ્ટ ઉપદેશ કરે છે. બ્રહ્મમાં વિકાર નથી, એટલું જ નહિ, પરંતુ 'કદાપિ પણ જન્મતો નથી અથવા મૃત્યુ પામતો નથી' વગેરે વાકયોથી જીવમાં પણ વિકાર નથી એમ સિદ્ધ થાય છે. (૮) જીવ બ્રહ્મનો અંશ છે એમ પણ કહેવાય નહિ, કારણ કે બ્રહ્મ અવયવરહિત છે તેથી એને અંશ હોઈ શકે નહિ. 'નાના વ્યપદેશને લીધે જીવ બ્રહ્મનો અંશ છે' (બ્ર. સૂ. ૨-૩-૪૩) એ તત્ત્વસૂત્ર વગેરે જીવને બ્રહ્મનો અંશ કહે છે, પરંતુ એ અંશપણું ઔપચારિક જ છે, કારણ કે વસ્તુતઃ જો જીવ બ્રહ્મનો અંશ હોય, તો બ્રહ્મ અવયવરહિત હોઈ શકે નહિ એમ પ્રથમ કહેલું છે; તેથી આમાંથી કોઈ પણ રીતે જીવ અને બ્રહ્મનો અભેદ સિદ્ધ થતો નથી, તેથી અભેદ સિદ્ધ કરવા જીવ બ્રહ્મનો વિભાગ કરનારી ઉપાધિ જ છે એમ સ્વીકારવું જોઈએ, કારણ કે એમ સ્વીકારીએ નહિ તો અભેદનો બોધ કરનારી શ્રુતિ વ્યર્થ થાય. તમે પ્રથમ કહ્યું તે પ્રમાણે અવિદ્યા ઉપાધિ સંભવતી નથી, પરંતુ શ્રૌતાનુપપત્તિ (શ્રુતિનો અર્થ ઘટે નહિ એ) સર્વથી બલવાન (દોષ) છે. ઉપાધિ સંભવતી ન હોય, પરંતુ શ્રુતિ વ્યર્થ ન થાય તે માટે એની કલ્પના અવશ્ય કરવી જોઈએ. વળી, એ જ કારણથી અર્થાત્ અભેદની અન્યથા સિદ્ધિ થતી નથી અને સિદ્ધિ ન થાય તો શ્રુતિ વ્યર્થ થાય તે માટે, ઉપાધિ પણ પ્રાતીતિક જ છે, સત્ય નથી એમ સ્વીકારવું જોઈએ, કારણ કે ઉપાધિ સત્ય હોય તો ઉપહિત બ્રહ્મ અને જીવનો અભેદ સંભવે નહિ; તેથી અભેદ ઘટાવવા ઉપાધિ પ્રાતીતિક જ સ્વીકારવી જોઇએ. ઉપાધિ

પણ પ્રાતીતિક જ સત્ત્વ સ્વીકારવું, કારણ કે પારમાર્થિક સત્ત્વ હોય તો જ્ઞાનથી નાશ થવાનો સંભવ રહે નહિ. તેથી 'જ્યાં દ્વૈત જેવું હોય ત્યાં એક બીજાને જુએ' (બૃ. ૪-૫-૧૫) ઇત્યાદિથી અવિદ્યાવસ્થામાં જ દ્વૈતદર્શન કહી, એના અભાવની દશામાં 'જ્યાં આનું સર્વ આત્મા જ થયું ત્યાં કોનાથી કોને જુએ ?' (બૃ. ૪ ૫ ૧૫) ઇત્યાદિથી શ્રુતિ એનો નિષેધ કરે છે; તેથી પ્રપંચ પણ આવિદ્યક સિદ્ધ થાય છે, અને 'જેમાંથી આ ભૂતો' ઇત્યાદિથી બ્રહ્મ પ્રપંચનું કર્તૃ છે એમ કહે છે, તેથી ઉભયના સામંજસ્ય માટે અવિદ્યોપહિત જ બ્રહ્મ જગતનું કારણ કહીએ. તેથી જ 'આનાથી અન્ય દ્રષ્ટા નથી' ઇત્યાદિ શ્રુતિ પણ ઉપપન્ન થાય છે.

સિદ્ધાંત: જીવ અણુ અને બ્રહ્મનો અંશ છે.

સિ૦—અહીં કહીએ છીએ:—

श्रुतितस्तत्त्वसूत्रैश्च स्मृतिभ्यश्चांश एव सः ।
स्वार्थे प्रामाण्यतस्तेषां तेभ्य एवाणुरेव च ॥

શ્રુતિથી તત્ત્વસૂત્રોથી અને સ્મૃતિથી જીવ અંશ જ છે, અને એઓનું સ્વાર્થમાં પ્રામાણ્ય હોવાથી એઓનાથી જ (એ) અણુ જ છે.

જીવ આવિદ્યક હોત તો એમ થાત, પરંતુ એમ નથી, પણ પારમાર્થિક છે. અભેદનો બોધ કરનારી શ્રુતિની અનુપપત્તિ પણ નથી, કારણ કે અંશાંશિભાવથી જ એ ઉપપન્ન થાય છે.-નિરવયવત્વ બાધક કહેલું છે.-ખરે, કહેલું

સત્ય હોય તો જ્ઞાનથી એનો નાશ પણ સંભવે નહિ. જ્ઞાનથી નાશ થતી ઉપાધિ અસત્ય હોવાથી એનું કાર્ય પ્રપંચ પણ અસત્ય જ છે. 'જ્યાં દ્વૈત જેવું હોય ત્યાં એક બીજાને જુએ' એ શ્રુતિ માત્ર અવિદ્યાવાળી અવસ્થામાં જ દ્વૈતદર્શન થાય છે એમ કહે છે, અને 'જ્યાં આનું સર્વ આત્મા જ થયું ત્યાં કોનાથી કોને જુએ' એ શ્રુતિ જ્ઞાનવાળી અવસ્થામાં દ્વૈતદર્શન થતું નથી એમ કહે છે; તેથી દ્વૈતદર્શન વસ્તુતઃ મિથ્યા છે અને પ્રપંચ પણ અવિદ્યાથી જ થાય છે એમ સિદ્ધ થાય છે. વળી, 'જ્યાંથી આ ભૂતો' ઇત્યાદિ શ્રુતિ બ્રહ્મ પ્રપંચનું કર્તૃ છે એમ કહે છે, તેથી સર્વ શ્રુતિની ઘટના કરતાં અવિદ્યા ઉપાધિવાળું જ બ્રહ્મ જગતનું કારણ છે એમ માનવું જોઈએ. આ પ્રમાણે માનવાથી 'આનાથી બીજું કોઈ દ્રષ્ટા નથી' વગેરે શ્રુતિની પણ ઉપપત્તિ થાય છે. ઉપાધિવાળા બ્રહ્મ વિના અન્ય કોઈ દ્રષ્ટા નથી એમ એ શ્રુતિ કહે છે, તેથી ઉપાધિવાળું બ્રહ્મ જ દ્રષ્ટૃ જગત્કર્તૃ વગેરે છે એમ સિદ્ધ થાય છે.

સિદ્ધાન્ત: સિદ્ધાન્તી—શ્રુતિ, તત્ત્વસૂત્ર અને સ્મૃતિથી જીવ બ્રહ્મનો અંશ છે, અને એઓનું એઓના અર્થમાં પ્રામાણ્ય હોવાથી એઓનાથી જ જીવ અણુ જ છે એમ સિદ્ધ થાય છે.

તમે કહ્યું તે પ્રમાણે જીવ આવિદ્યક હોત તો ઉપાધિવાળું બ્રહ્મ જગત્કર્તૃ થાત, પણ જીવ આવિદ્યક નથી, પરંતુ સત્ય છે. 'જીવ સત્ય હોય તો અભેદનો બોધ કરનારી શ્રુતિ વ્યર્થ થાય' એમ જે તમે કહ્યું તે પણ નથી, કારણ કે જીવ બ્રહ્મનો અંશ છે, અને જીવ અને બ્રહ્મને અંશાંશિભાવનો સંબંધ છે, એમ સ્વીકારવાથી અભેદ પણ સિદ્ધ થાય છે.

પૂર્વપક્ષી—જીવ બ્રહ્મનો અંશ હોય તો બ્રહ્મ અવયવરહિત કેમ કહેવાય ? બ્રહ્મ અવયવરહિત છે તેથી જીવ એનો અંશ સંભવતો નથી એમ અમે પ્રથમ કહ્યું છે.

છે. ત્યાં જ આ વિચાર કરીએ છીએ. બ્રહ્મસ્વરૂપ અને (જીવસ્વરૂપ) શ્રુતિગમ્ય છે કે લૌકિક પ્રમાણગમ્ય છે? એમાં દ્વિતીય (પક્ષ) નથી, કારણ કે રૂપ ન હોવાથી ચાક્ષુષ તો નથી. સ્પર્શગુણરહિત હોવાથી સ્પાર્શન પણ નથી. ગુણ ન હોવાથી ગન્ધાદિ પેઠે ઘ્રાણેન્દ્રિયાદિથી પ્રત્યક્ષ નથી. અનુમાનગમ્ય પણ નથી. પરિશેષથી જ્ઞાન અને પ્રયત્નના આધાર તરીકે આત્માની સિદ્ધિ કરતાં આવશ્યકતા અને લાઘવને લીધે પ્રાણની જ સિદ્ધિ થવાથી, અર્થાન્તર તરીકે એની

સિદ્ધાન્તી—ખરે, તમે એમ કહેલું છે, પરંતુ એ સંબંધમાં નીચે પ્રમાણે વિચાર કરીએ. બ્રહ્મસ્વરૂપ અને જીવના સ્વરૂપનું જ્ઞાન શ્રુતિથી થાય છે કે પ્રત્યક્ષ, વગેરે લૌકિક પ્રમાણથી? લૌકિક પ્રમાણથી એ જ્ઞાન થતું નથી, કારણ કે ચક્ષુ વગેરે ઇંદ્રિયથી એ જ્ઞાન થતું નથી. ચક્ષુ ઇંદ્રિયથી રૂપવાળા પદાર્થોનું જ જ્ઞાન થાય છે, પરંતુ જીવને રૂપ નથી, તેથી ચક્ષુથી એનું જ્ઞાન થાય નહિ. ત્વક્ ઇંદ્રિયથી અર્થાત્ ત્વચાથી એનું જ્ઞાન થતું નથી, કારણ કે ત્વક્થી સ્પર્શવાળા પદાર્થોનું જ્ઞાન થાય છે, પરંતુ આત્મા (જીવ)માં સ્પર્શગુણ પણ નથી. તેમ જ નાસિકાથી પણ એનું જ્ઞાન થતું નથી, કારણ કે એમાં ગંધ નથી. એ જ પ્રમાણે આત્મા રસ અને શબ્દ નહિ હોવાથી જિહ્વા અથવા કર્ણથી પણ એનું જ્ઞાન થતું નથી; તેથી આત્મા પ્રત્યક્ષ નથી.

જેમ પ્રત્યક્ષ પ્રમાણથી આત્માનું જ્ઞાન થતું નથી તેમ જ અનુમાનથી પણ એનું જ્ઞાન થતું નથી. આત્માની અનુમાનથી સિદ્ધિ કરવી હોય તો જ્ઞાન પ્રયત્ન વગેરેના આધાર તરીકે સિદ્ધિ કરવા યત્ન કરવો જોઈએ. આત્મા નહિ માનનાર બાહ્ય લોકોના મત પ્રમાણે પૃથ્વી જલ વગેરેના સમૂહરૂપી શરીરનો ચેતના ગુણ જ છે. જેમ કાથો ચૂનો તામ્બૂલ અને સોપારી એકલાં ખાઇએ તો મદ અથવા આનંદ ઉત્પન્ન થતો નથી, પરંતુ સર્વ અમુક પ્રમાણમાં લઇને ખાઇએ તો આનન્દ ઉત્પન્ન થાય છે, તે જ પ્રમાણે પૃથ્વી જલ વગેરે ભૂતો એક એક હોય તો એનાથી ચેતના ઉત્પન્ન થતી નથી, પરંતુ સર્વ જ્યારે અમુક પ્રમાણમાં મળે છે ત્યારે ચેતના ઉત્પન્ન થાય છે. એને લોકો આત્માનો ગુણ કહે છે, પણ વસ્તુતઃ આત્મા એવો કોઈ પદાર્થ જ નથી.

આ મતનું કેટલાક નીચે પ્રમાણે ખંડન કરે છે. બહાર દેખાતા પૃથ્વી વગેરેના સમૂહનો ચેતના ધર્મ છે કે દેહની અંદર રહેલાનો? 'બહારનો સમૂહ શરીરરૂપે દેખાય છે તે જ આત્મા છે, કારણ કે એ જ્ઞાન અને પ્રયત્નનો આધાર છે. જે જ્ઞાન અને પ્રયત્નનો આધાર નથી તે આત્મા નથી, ઘટની પેઠે' એ પ્રમાણે બહારના સમૂહ શરીરનો ચેતના ધર્મ છે, અર્થાત્ શરીર જ આત્મા છે એમ સિદ્ધ કરવા માગતા હો, તો તમારો હેતુ સત્પ્રતિપક્ષ છે, અર્થાત્ એનાથી ઊલટું સિદ્ધ કરનાર પણ હેતુ છે. 'શરીર આત્મા નથી, કારણ કે એ જ્ઞાન અને પ્રયત્નનો આધાર નથી. જે જ્ઞાન અને પ્રયત્નનો આધાર નથી તે આત્મા નથી, મરણ પામેલાના શરીર પેઠે' એ પ્રમાણે એનાથી ઊલટું પણ સિદ્ધ થાય છે. તેથી શરીર આત્મા નથી, એ જ પ્રમાણે અંદર રહેલો પૃથ્વી વગેરેનો સમૂહ પણ આત્મા નથી, એમ સિદ્ધ થાય છે; તેથી દેહ આત્મા નથી.

પછી ચક્ષુ વગેરે ઇંદ્રિય આત્મા છે એમ સિદ્ધ કરવા માંડે તોપણ એ સિદ્ધ થઈ શકે નહિ, કારણ કે ચક્ષુ વગેરે ઇંદ્રિય આત્મા છે એમ સિદ્ધ કરવા નીચે પ્રમાણે અનુમાન

સિદ્ધિ થતી નથી. જેમ તેમ સિદ્ધિ થાય, તોપણ ઉપનિષદ્વિચારિત રૂપની સિદ્ધિ થાય નહિ, તેથી સ્વતઃસિદ્ધપ્રામાણ્ય ઉપનિષદના વિરોધથી બાધિત થવાથી અનુમાન એની સિદ્ધિ કરી શકે નહિ. શબ્દગમ્ય પણ નથી. શબ્દ આપ્તના વચનરૂપ

થાય. 'ચક્ષુ આત્મા છે, પ્રાણનો આધાર છે તેથી, અથવા જ્ઞાન અને પ્રયત્નનો આધાર છે તેથી. જે પ્રાણનો અથવા જ્ઞાન અને પ્રયત્નનો આધાર છે તે આત્મા છે, શ્રોત્રની પેઠે.' આ પ્રમાણે દરેક ઇંદ્રિય આત્મા છે એમ સિદ્ધ કરનાર અનુમાન કરીએ તોપણ અનુમાન બરાબર નથી, કારણ કે ગોલકરહિત અર્થાત્ ચક્ષુ ઇંદ્રિય-રહિત પુરુષને પણ ક્ષુધા તૃષા વગેરે લાગે છે ને એનું જ્ઞાન પણ થાય છે. એ જ પ્રમાણે ત્વક્ ઇંદ્રિય પણ પ્રાણ નથી, કારણ કે અમુક અંશે જે પુરુષની ત્વચા નાશ પામેલી હોય તેને પણ ક્ષુધા તૃષા વગેરેનું જ્ઞાન થાય છે. એ પ્રમાણે ઇંદ્રિય આત્મા નથી, એમ સિદ્ધ થાય છે.

મન પણ આત્મા નથી, કારણ કે મન જ્ઞાનનું કારણ છે, પરંતુ જ્ઞાનનો આધાર નથી. પછી માત્ર પ્રાણ અવશિષ્ટ રહે છે. પ્રાણ આત્મા નથી એમ સિદ્ધ કરવું અતિશય કઠિન છે, કારણ કે પ્રાણ હોય ત્યાંસુધી જીવ રહે છે અને પ્રાણ ન હોય ત્યારે જીવ પણ હોતો નથી એમ આપણે અનુભવીએ છીએ. તેથી પ્રાણ જ જ્ઞાન અને પ્રયત્નનો આધાર છે એમ નિર્ણય પણ થઈ શકે છે.—"સુષુપ્તિમાં જ્ઞાન હોતું નથી, પરંતુ પ્રાણ હોય છે એમ શ્વાસોચ્છ્વાસ પરથી સિદ્ધ થાય છે, તેથી પ્રાણ પણ જ્ઞાન વગેરેનો આધાર નથી એમ નિશ્ચય થાય છે. તેથી 'પ્રાણ આત્મા નથી, જ્ઞાન અને પ્રયત્નનો આધાર નથી, તેથી દેહની પેઠે' એ પ્રમાણે પ્રાણ આત્મા નથી એમ સિદ્ધ થાય છે"—એમ પણ કહેવાય નહિ, કારણ કે સુષુપ્તિમાં પણ શ્વાસોચ્છ્વાસ છે અને તેથી પ્રાણ એ સમયે પણ પ્રયત્નનો આધાર છે. સુષુપ્તિમાં જ્ઞાન નથી એ માત્ર જ્ઞાનના કરણ મન અને આત્માનો સંયોગ ન હોવાથી જ; તેથી કાંઈ પ્રાણ જ્ઞાનનો આધાર હોવાની યોગ્યતાવાળો નથી એમ સિદ્ધ થતું નથી. તેથી જ્ઞાન વગેરેનો આધાર પ્રાણ હોવાથી, પ્રાણ જ આત્મા અનુમાનથી સિદ્ધ થાય. અનુમાનથી પ્રાણથી ભિન્ન આત્મા સિદ્ધ થઈ શકે નહિ. દેહ અને પ્રાણનો વિયોગ જ મૃત્યુ છે, તેથી જીવતાં પ્રાણીના દેહમાં અવશ્ય પ્રાણ રહેલો છે; તેથી પ્રાણથી ભિન્ન આત્મા પદાર્થ માનવાનું કાંઈ કારણ રહેતું નથી, અને પ્રાણને જ આત્મા માનવામાં લાઘવ રહેલું છે, તેથી અનુમાનથી આત્મા સિદ્ધ કરવા માગીએ તો આત્માને બદલે પ્રાણની સિદ્ધિ થાય અને એ પ્રમાણે હેત્વાભાસ થાય. યોગીઓ પ્રાણનો નિરોધ કરે છે તોપણ એમને જ્ઞાન હોય છે અને એઓ જીવે છે એ ખરું, પરંતુ એ સમયે નિરોધ પામેલો પણ પ્રાણ એમના દેહમાં રહેલો છે તેથી એઓ જીવે છે ને એમને જ્ઞાન થાય છે. કદાપિ નિરોધને ઉત્પન્ન કરનાર કોઈ પ્રાણથી વ્યતિરિક્ત હોવો જોઈએ એમ વિભાવના કરવામાં આવે, તોપણ એનાથી માત્ર ચેતનાધર્મવાળો જ આત્મા સિદ્ધ થાય, પરંતુ ઉપનિષદમાં વર્ણવેલો ચિદ્રૂપ આત્મા સિદ્ધ થાય નહિ. તેથી જે આત્માના સ્વરૂપની સિદ્ધિ અનુમાનથી થાય તે સ્વરૂપનો સ્વતઃસિદ્ધપ્રામાણ્યવાળા ઉપનિષદથી બાધ થાય; તેથી અનુમાનથી પણ આત્માની સિદ્ધિ થતી નથી.

એ જ પ્રમાણે આત્માનું શબ્દપ્રમાણથી પણ જ્ઞાન થતું નથી, કારણ કે શબ્દ એટલે આપ્તનું વાક્ય. આપ્ત એટલે જેવું જોયું હોય તેવું જ કહેનાર. અનુભવથી જ વસ્તુના તત્ત્વનો

હોવાથી, આપ્ત યથાદૃષ્ટાર્થવાદી હોવાથી અને આત્મા અદૃશ્ય હોવાથી એ અનુપપન્નં છે, તેથી ઉપમાનગમ્ય પણ નથી; પરન્તુ 'એ ઔપનિષદ પુરુષ વિશે પૂછું છું'. એ શ્રુતિથી 'સર્વ વેદ જેના પદનું મનન કરે છે' 'સર્વ વેદથી હું જ વેદ્ય છું' (ભ.ગી.-૧૫-૧૫) ઇત્યાદિ સ્મૃતિથી માત્ર શ્રુતિગમ્ય છે. એના અર્થનો લૌકિક રીતથી નિર્ણય કરી શકાય નહિ, કારણ કે અલૌકિક છે અને એ લોકોથી વિલક્ષણ છે; પરન્તુ પોતે જ વેદનો વિભાગ કરી પ્રતિજ્ઞાપૂર્વક એની મીમાંસા કરનાર વેદવ્યાસના સૂત્રથી (એના અર્થનો નિર્ણય કરી શકાય), કારણ કે એ એના અર્થ જાણનાર છે. એમાં જીવ બ્રહ્મના સંબંધના વિચારમાં જીવ બ્રહ્મનો અંશ જ છે એમ 'નાનાવ્યપદેશને લીધે (જીવ બ્રહ્મનો) અંશ (છે)' (બ્ર.સૂ.૨-૩ ૪૩) સૂત્રમાં નિર્ણય કરેલો છે. આનો અર્થ (નીચે પ્રમાણે છે). જીવ બ્રહ્મનો અંશ જ છે.–કેમ ?–નાનાવ્યપદેશને લીધે. ક્વચિત્ બ્રહ્મ તરીકે, ક્વચિત્ ઉત્પન્ન તરીકે, ક્વચિત્ અજ્ઞ તરીકે, ક્વચિત્ ચિદ્રૂપ તરીકે,

---

પૂરેપૂરો નિશ્ચય કરે, અને રાગ વગેરે કારણથી પણ અનુભવથી વિરુદ્ધ કહે નહિ તે આપ્ત, એ પ્રમાણે પતંજલિ આપ્તનું લક્ષણ કહે છે. આપ્તને પણ પ્રથમ અનુભવ થવો જોઇએ. અનુભવ થયા વિના આપ્તનું વાક્ય સંભવે નહિ; પરંતુ આત્મા અદૃશ્ય છે, તેથી આપ્તને આત્માનો અનુભવ થતો નથી; તેથી આપ્તવાક્યથી પણ આત્માનું જ્ઞાન થઈ શકે નહિ.

આત્માનું પ્રત્યક્ષ અનુમાન અને શબ્દથી જ્ઞાન થતું નથી, તેથી જ એનું ઉપમાનથી પણ જ્ઞાન થાય નહિ, કારણ કે ઉપમાન પ્રત્યક્ષ વગેરે પ્રમાણ પર આધાર રાખે છે.

તેથી આત્માનું જ્ઞાન માત્ર શ્રુતિથી જ થાય છે. 'એ ઔપનિષદ પુરુષ વિશે પૂછું છું' 'સર્વે વેદ જેના પદનું મનન કરે છે' 'સર્વ વેદથી હું જ વેદ્ય છું' ઇત્યાદિ શ્રુતિ અને સ્મૃતિ પણ એમ જ કહે છે.

આત્માનું જ્ઞાન માત્ર ઉપનિષદ અર્થાત્ વેદથી જ થાય છે. વેદ અલૌકિક છે તેથી એનો અર્થ લૌકિક રીતે કરવો ઉચિત નથી. વેદ લૌકિકથી વિલક્ષણ પ્રકારના અર્થાત્ અલૌકિક હોવાથી એઓનો અર્થ લૌકિક રીતિથી કરવો ન જોઇએ, પરંતુ વેદના વિભાગ કરનાર અને પ્રતિજ્ઞાપૂર્વક બ્રહ્મમીમાંસા રચનાર વેદવ્યાસજીના સૂત્રથી જ વેદનો અર્થ કરવો જોઇએ, કારણ કે વ્યાસજી જ વેદના અર્થ જાણનાર છે. માત્ર વ્યાસજી જ વેદના અર્થ જાણનાર હોવાથી વેદના અર્થ કરવાની કૂંચી અર્થાત્ બ્રહ્મસૂત્ર એમણે રચ્યાં છે તે પ્રમાણે જ વેદનો અર્થ કરવો જોઈએ.

આત્માનું જ્ઞાન વેદમાંથી જ થાય છે, અને વેદનો અર્થ બ્રહ્મસૂત્ર પ્રમાણે જ કરવો જોઇએ એમ સિદ્ધ થયું; તેથી જીવ અને બ્રહ્મનો અર્થાત્ જીવાત્મા અને પરમાત્માનો સંબંધ કેવા પ્રકારનો છે અને એમનો અભેદ કેમ સંભવે છે એનો પણ આપણે બ્રહ્મસૂત્રથી જ નિર્ણય કરવો જોઇએ. બ્રહ્મસૂત્રમાં જીવ અને બ્રહ્મના સંબંધનો વિચાર કરતાં વ્યાસજી નીચે પ્રમાણે સૂત્ર યોજે છે: 'નાના વ્યપદેશને લીધે (જીવ બ્રહ્મનો) અંશ (છે).' તેથી જીવ બ્રહ્મનો અંશ છે એમ જ વ્યાસજીએ નિર્ણય કરેલો છે. આ સૂત્રનો અર્થ નીચે પ્રમાણે થાય છે: 'જીવ બ્રહ્મનો અંશ છે.–જીવ બ્રહ્મનો અંશ હોવાનું શું કારણ ?–નાના વ્યપદેશને લીધે, કારણ કે જીવનું ભિન્ન ભિન્ન પ્રકારનું વર્ણન કરેલું છે. (૧) કોઈ સ્થલે જીવને બ્રહ્મ કહેલો છે; જેમકે

ક્વચિત્ ઈશિતવ્ય તરીકે, અણુ તરીકે અને વ્યાપક તરીકે નિરૂપણ કરેલું હોવાથી નાનાવ્યપદેશ (છે). (આમ) બ્રહ્મવ્યતિરિક્ત એક જ વિરુદ્ધ ધર્મનો આશ્રય સંભવે નહિ તેથી જીવ બ્રહ્માંશ જ છે, આવો અર્થ છે. અથવા નાનાવ્યપદેશ અર્થાત્ ભેદથી વ્યપદેશ, તેથી અંશ, એવો અર્થ (છે). જેમ અગ્નિમાંથી ક્ષુદ્ર વિસ્ફુલિંગ વ્યુચ્ચરે છે તેમ જ આ આત્મામાંથી સર્વ પ્રાણો' એમ ઉપક્રમ કરી, 'સર્વે આત્માઓ વ્યુચ્ચરે છે' (બૃ. ૨-૧-૨૦) એવી, અને 'કપૂયચરણ રમણીયચરણ' (છાં. ૫–૧૦–૭)એ શ્રુતિ (છે).'જીવનો બોધ બ્રહ્મોપાધિ તરીકે અંગીકાર કરી, વિસ્ફુલિંગના ઔષ્ણ્યની પેઠે જીવ અને ઈશ્વરમાં ચેતનપણું એ સાધારણ ધર્મ છે તેથી ઔપચારિક અંશત્વ કહી, 'જેમ અગ્નિમાંથી ક્ષુદ્ર વિસ્ફુલિંગ' 'જે આત્મામાં રહી, આત્માનું

'આ આત્મા સર્વાનુભૂ બ્રહ્મ છે'. (૨) કોઈ સ્થલે ઉત્પન્ન થયેલો કહેલો છે; જેમકે 'સર્વ આત્માઓ વ્યુચ્ચરણ પામે છે'. (૩) કોઈ સ્થલે એને અજ્ઞ કહેલો છે; જેમકે 'બે જ્ઞ અને અજ્ઞ, ઈશ અને અનીશ'. (૪) કોઈ સ્થલે એને ચિદ્રૂપ કહેલો છે; જેમકે 'આ ભૂતોમાંથી વિજ્ઞાનઘન જ'. (૫) કોઇ સ્થલે એને ઈશિતવ્ય અર્થાત્ નિયમ્ય કહેલો છે; જેમકે 'એક દેવ ક્ષર આત્માઓને નિયમમાં રાખે છે'. (૬) કોઇ સ્થલે એને અણુ કહેલો છે; જેમકે 'આ આત્મા મનથી અણુ જાણવો'. (૭) કોઈ સ્થલે એને વ્યાપક પણ કહેલો છે; જેમકે 'આ જે વિજ્ઞાનમય છે તે મહાન અજ આત્મા છે.' આ પ્રમાણે જીવને વિરુદ્ધ ધર્મવાળો કહેલો છે. બ્રહ્મ વિના કોઈ પણ એક જ પદાર્થ વિરુદ્ધ ધર્મવાળો સંભવતો નથી, પરંતુ જીવને પણ વેદમાં વિરુદ્ધ ધર્મવાળો કહેલો છે; તેથી જીવ બ્રહ્મનો અંશ જ છે'.

અથવા નીચે પ્રમાણે પણ અર્થ થાય છે. જીવ બ્રહ્મનો અંશ જ છે, કારણ કે એનો નાનાવ્યપદેશ વેદમાં કરેલો છે; અર્થાત્ વેદમાં એનું ભેદથી નિરૂપણ કરેલું છે. શ્રુતિ પણ 'જેમ અગ્નિમાંથી ક્ષુદ્ર વિસ્ફુલિંગ વ્યુચ્ચરે છે તેમ જ આ આત્મામાંથી સર્વે પ્રાણો' એમ આરંભ કરી 'સર્વે આત્માઓ વ્યુચ્ચરે છે' એમ કહે છે. તેથી જ 'કપૂયચરણ રમણીયચરણ' એવી પણ શ્રુતિ છે. 'વ્યુચ્ચરે છે' અર્થાત્ વ્યુચ્ચરણ પામે છે, બહાર નીકળે છે અથવા આવિર્ભાવ પામે છે. 'કપૂયચરણ' અર્થાત્ અસત્ આચરણવાળા. 'રમણીયચરણ' એટલે સદાચરણવાળા. આ શ્રુતિ જીવો પરમાત્મામાંથી વ્યુચ્ચરે છે એમ કહે છે. 'આત્માઓ' એમ બહુવચનનો પ્રયોગ કર્યો છે તેથી જીવાત્મા પરસ્પર ભિન્ન છે એમ આ શ્રુતિ કહે છે. વળી, જીવાત્માઓ પરમાત્મામાંથી વ્યુચ્ચરે છે એમ ઉપદેશ કરે છે, તેથી જીવાત્માઓ પરમાત્માથી ભિન્ન છે એવો એનો ભાવાર્થ છે; તેથી આ શ્રુતિ જીવાત્માઓ પરમાત્માથી અને પરસ્પર ભિન્ન છે એમ કહે છે. વળી, વિસ્ફુલિંગની પેઠે જીવોનો બ્રહ્મમાંથી વિભાગ થયો છે એમ શ્રુતિ નિરૂપણ કરે છે, તેથી જીવાત્માઓ પરમાત્માના અંશો જ છે એવો શ્રુતિનો બોધ છે.

પૂર્વપક્ષી—જીવ બ્રહ્મની ઉપાધિ છે એમ સ્વીકારવું જોઈએ. એ પ્રમાણે સ્વીકારવાથી પણ આ શ્રુતિઓનો અર્થ કરી શકાય છે. જેમ અગ્નિ અને વિસ્ફુલિંગ ઉભયમાં ઔષ્ણ્ય અર્થાત્ ઉષ્ણતા રહેલ છે તેમ જ બ્રહ્મ અને જીવ ઉભયમાં ચેતનપણું રહેલું છે. ચેતનપણું જીવ અને ઈશ્વરનો સામાન્ય ધર્મ હોવાથી

અંતરથી યમન કરે છે' ઇત્યાદિ શ્રુતિથી નાનાવ્યપદેશનું દર્શન થાય છે એમ કહેવું એ પૂર્વાપરવિરોધને લીધે વિદ્વાનોએ ઉપેક્ષા કરવા યોગ્ય છે, કારણ કે આભાસ હોવાથી અથવા પ્રતિબંબ હોવાથી એના મતના અલીક જીવનું નિયમન અને એમાં સ્થિતિ જ્ઞાનૈકઘન પરમાત્માનાં સંભવતાં નથી. એ જ કારણને લીધે વિસ્ફુલિંગ આણયના દૃષ્ટાંતથી ચેતનત્વ સાધારણ ધર્મ લઇ ઔપચારિક અંશત્વ પણ કહી શકાય નહિ. ''જેમ અગ્નિમાંથી ક્ષુદ્ર'' ઇત્યાદિ શ્રુતિએ અંશત્વાવગમપ્રકાર કહેલો છે.

જીવ બ્રહ્મને તાદાત્મ્યસંબંધ છે.

અહીં આ ધ્યાનમાં રાખવાનું છે.બ્રહ્મનું નિરંશત્વ અથવા સાંશત્વ લોકસિદ્ધ નથી કે એના અનુરોધે કાંઇ કહી શકાય, પરન્તુ માત્ર વેદથી જ અધિગમ્ય છે. એમ હોવાથી, જેમ એ નિરૂપણ કરે તેમ જ એ માનવું જોઈએ. તેથી જ 'આ મતિ તર્કથી હરવી નહિ' (ક. ૧-૨-૯) 'જે અલૌકિક ભાવ છે તેને તર્કથી સાધવા નહિ' ઇત્યાદિ શ્રુતિ લૌકિક યુક્તિને અનુસરનાર અર્થમાં જ શ્રુતિનું તાત્પર્ય હોય તો 'આ મતિ'

અંશપણું ઔપચારિક હોવાથી 'જેમ અગ્નિમાંથી ક્ષુદ્ર વિસ્ફુલિંગ' 'જે આત્મામાં રહી આત્માનું અંતરથી નિયમન કરે છે' ઇત્યાદિ શ્રુતિઓ નાના અર્થાત્ ભેદથી વ્યપદેશ કરે છે. વસ્તુતઃ જીવ અને બ્રહ્મમાં અભેદ છે, અને અભેદ શ્રુતિ વિશેષ બલવતી હોવાથી આ પ્રમાણે અર્થ કરવો ઉચિત છે.

સિદ્ધાન્તી—આ વિદ્વાનોએ ઉપેક્ષા કરવા જેવું છે, કારણ કે એમાં પૂર્વાપર વિરોધ આવે છે, કારણ કે તમારા પ્રમાણે જીવ માત્ર આભાસ અથવા પ્રતિબિંબ છે અને તેથી મિથ્યા છે. કેવલ જ્ઞાનઘન પરમાત્મા મિથ્યા જીવનું નિયમન કરે અથવા મિથ્યા જીવમાં સ્થિતિ કરે એ સંભવતું નથી. વળી, જીવ અલીક અર્થાત્ મિથ્યા હોવાથી એને વસ્તુતઃ ચેતનપણું ગુણ હોઈ શકે નહિ, તેથી ચેતનપણું જીવ અને ઈશ્વરનો સામાન્ય ગુણ હોવાથી જીવમાં ઔપચારિક અંશપણું રહેલું છે એમ પણ કહેવાય નહિ. જીવનું અંશપણું કેવા પ્રકારનું છે એ 'જેમ અગ્નિમાંથી ક્ષુદ્ર વિસ્ફુલિંગ' એ શ્રુતિ જ કહે છે.

પૂર્વપક્ષી—(પણ બ્રહ્મ અવયવરહિત હોવાથી જીવ અંશ વસ્તુતઃ હોઈ શકે નહિ, તેથી જીવનું અંશપણું ઔપચારિક જ સ્વીકારવું જોઇએ.)

સિદ્ધાન્તી—બ્રહ્મ અવયવરહિત છે કે અવયવવાળું છે એ લોકથી સિદ્ધ થતું નથી, કારણ કે બ્રહ્મનું માત્ર વેદથી જ જ્ઞાન થાય છે. લોકથી અર્થાત્ લૌકિક પ્રત્યક્ષ વગેરે પ્રમાણથી બ્રહ્મનું જ્ઞાન થતું નથી, તેથી લૌકિક પ્રમાણથી બ્રહ્મના સ્વરૂપ વિશે કાંઇ પણ કહી શકાય નહિ. બ્રહ્મનું જ્ઞાન માત્ર વેદથી જ થાય છે; તેથી જે સ્વરૂપવાળા બ્રહ્મનું વેદ નિરૂપણ કરે તેવા જ સ્વરૂપવાળું બ્રહ્મ છે એમ માનવું જોઇએ. લૌકિક પ્રમાણથી વેદે વર્ણવેલા બ્રહ્મના સ્વરૂપમાં કાંઈ પણ ફેરફાર કરી શકાય નહિ. 'આ મતિ તર્કથી હરવી નહિ' 'જે અલૌકિક ભાવ છે તેને તર્કથી સાધવા નહિ' વગેરે શ્રુતિઓ પણ એ જ ઉપદેશ કરે છે; તેથી લૌકિક પ્રમાણ અથવા યુક્તિથી વેદે વર્ણવેલા સ્વરૂપનો બાધ કરવો ઉચિત નથી. જો લૌકિક યુક્તિથી બ્રહ્મના સ્વરૂપનો નિર્ણય થતો હોય, અને વેદનું પણ તાત્પર્ય એ જ અર્થમાં હોય, તો 'આ મતિ તર્કથી હરવી નહિ' વગેરે શ્રુતિઓ વ્યર્થ થઈ જાય. અરે, વ્યર્થ, એટલું જ નહિ, પણ વિરુદ્ધ

ઇત્યાદિ શ્રુતિ વ્યર્થ અને વિરુદ્ધાર્થ થાય. લોકમાં પણ અયઃકાંતની સન્નિધિમાં લોહનું પરિભ્રમણ ઇત્યાદિ સ્થલે જ્યાં વસ્તુસ્વભાવ જ કાર્યહેતુ છે ત્યાં યુક્તિની સંભાવના નથી.—ત્યાં મણિનિષ્ઠ દેવતા આકર્ષિકા છે,–એમ કહેવાય નહિ, કારણ કે દેવતા પણ લોહને જ આકર્ષે એના હેતુની અપેક્ષામાં દેવતાનો સ્વભાવ જ હેતુ કહેવો પડે, તેથી આવશ્યકતા અને લાઘવને લીધે મણિનો સ્વભાવ જ હેતુ કહેવો ઉચિત છે. એમ જ અહીં પણ શ્રુતિબલથી વસ્તુસ્વભાવ જ એવો છે એમ માનવું, યુક્તિની અપેક્ષા કરવી નહિ. તેથી શ્રુતિ જ 'નિષ્કલ નિષ્ક્રિય' ઇત્યાદિથી સાંશત્વનો નિરાસ કરી, 'જેમ અગ્નિમાંથી' ઇત્યાદિથી જીવને બ્રહ્મનો અંશ કહે છે; તેથી જ વ્યાસે પણ આ જ અર્થને દૃઢ કરવા, 'મન્ત્રવર્ણને લીધે' (બ્ર.સૂ.૨-૩-૪૪) 'અને સ્મૃતિ છે' (બ્ર. સૂ.૨-૩-૪૫) એમ અન્ય હેતુ કહ્યા. મન્ત્રવર્ણ 'સર્વ ભૂત આનો પાદ છે' એમ એ ભૂત જીવોને પાદ હોવાથી અંશ જ કહે છે. 'જીવલોકમાં જીવ થયેલ મારો

અર્થવાળી થાય, કારણ કે એ શ્રુતિઓ એનાથી વિરુદ્ધ જ કહે છે. લોકમાં પણ જ્યાં વસ્તુ-સ્વભાવથી જ કાર્યની સિદ્ધિ થાય છે ત્યાં યુક્તિની સંભાવના કરવામાં આવતી નથી; જેમકે લોહચુંબકની તરફ લોઢું ખેંચાય છે ત્યાં લોઢાનું આકર્ષણ કરવું એ લોહચુંબકનો સ્વભાવ જ છે એમ આપણે માનીએ છીએ, પરંતુ લોઢાનું આકર્ષણ કરનાર અન્ય કોઈ હોવું જોઈએ એવી કોઈ પણ પ્રકારની યુક્તિની સંભાવના કરતા નથી.–'ત્યાં પણ લોહચુંબકમાં રહેલી દેવતા લોઢાનું આકર્ષણ કરે છે એવી યુક્તિ કરી શકાય'–એમ કહેવાય નહિ, કારણ કે લોહચુંબકમાં રહેલો માત્ર દેવતાનો સ્વભાવ જ છે એમ કહો ત્યારે આખરે સ્વભાવની સત્તા સ્વીકાર્યા વિના ચાલ્યું નહિ, તો લોહચુંબકનો જ એવો સ્વભાવ છે એમ સ્વીકારીએ તો દેવતા અને દેવતાનો સ્વભાવ એ બે પદાર્થ ઓછા સ્વીકારવા પડે. તેથી લાઘવને લીધે, અને સ્વભાવની અવશ્ય સત્તા સ્વીકારવી પડે તેથી, લોહચુંબકનો જ લોઢાનું આકર્ષણ કરવાનો સ્વભાવ છે એમ સ્વીકારવું ઉચિત છે. એમ જ અહીં પણ શ્રુતિના બલથી બ્રહ્મ જ એવા પ્રકારનું છે, અર્થાત્ બ્રહ્મ અવ-યવરહિત છે અને જીવ અંશ છે એમ સ્વીકારવું ઉચિત છે અને યુક્તિની સંભાવના કરવાની આવશ્યકતા નથી, કારણ કે શ્રુતિ જ 'નિષ્કલ નિષ્ક્રિય' વગેરેથી બ્રહ્મના અંશીપણાનો નિરાસ કરે છે, અર્થાત્ બ્રહ્મ અવયવવાળું નથી એમ કહે છે, અને 'જેમ અગ્નિમાંથી' વગેરેથી જીવને બ્રહ્મનો અંશ પણ કહે છે; તેથી જ વ્યાસજીએ પણ જીવ બ્રહ્મનો અંશ છે એ અર્થ દૃઢ કરવા 'મન્ત્રવર્ણને લીધે' 'અને સ્મૃતિ છે' એ બે સૂત્ર કહ્યાં છે. '**पादोऽस्य विश्वा भूतानि**' 'સર્વ ભૂત આનો પાદ છે' એ મન્ત્રવર્ણ છે. 'પાદ' અર્થાત્ ભાગ. 'ભાગ' એટલે અંશ. 'સર્વ ભૂત' અર્થાત્ સર્વ જીવો આ બ્રહ્મનો અંશ છે એવો એ મન્ત્રનો અર્થ છે. પાદ, ભાગ, અંશ એ સર્વ પર્યાય છે અર્થાત્ એઓનો અર્થ એક જ છે. '**ममैवांशो जीवलोके जीवभूतः सनातनः**' 'જીવ લોકમાં જીવ થયેલો મારો જ સનાતન અંશ છે' એવી સ્મૃતિ છે તે પણ 'જીવ પરમાત્માનો અંશ જ છે' એમ કહે છે. આ પ્રમાણે જીવ બ્રહ્મનો અંશ હોવાથી જીવને અને બ્રહ્મને તાદાત્મ્યસંબંધ છે અને એમને તાદાત્મ્યસંબંધ હોવાથી અભેદશ્રુતિની પણ ઉપપત્તિ થાય છે. જેવો સંબંધ વિસ્ફુલિંગને અગ્નિ સાથે છે તેવો જ

જ સનાતન અંશ છે' (ભ. ગી. ૧૫-૭) એ સ્મૃતિ પણ જીવને બ્રહ્મનો અંશ જ કહે છે. આથી જ અભેદશ્રુતિ ઉપપન્ન છે, કારણ કે વિસ્ફુલિંગ અગ્નિ નથી એમ નથી. એમ જીવ પણ બ્રહ્મનો અંશ હોવાથી બ્રહ્મ જ છે.

પૂ૦—ત્યારે અસર્વજ્ઞતાની અનુપપત્તિ થાય છે, કારણ કે વિસ્ફુલિંગ દાહક અથવા પ્રકાશક નથી એમ નથી. (વિસ્ફુલિંગના) અલ્પપ્રકાશ પેઠે અલ્પજ્ઞત્વની ઉપપત્તિ થાય તોપણ ભ્રમની ઉપપત્તિ કદાપિ થાય જ નહિ.—'અનીશત્વ આદિ દેહસંબંધથી થયેલા છે'—એમ પણ કહેવાય નહિ, કારણ કે દેહ પણ જીવભાવથી ઉત્તરકાલીન છે; તેથી ઈશ્વરથી ભિન્ન અનીશત્વાદિથી વિશિષ્ટ નિત્યબદ્ધ જ (જીવ) ઈશ્વરપ્રસાદથી થતા જ્ઞાનથી મુક્ત થાય છે; તેથી અંશ થઈ શકે નહિ. શ્રુતિ પણ વિસ્ફુલિંગદૃષ્ટાન્તથી પ્રલયસમયે ભગવાનના ઉદરમાં રહેલા જીવોનો સર્ગસમયે પુનઃ એમાંથી જ નિર્ગમનપ્રકાર જ કહે છે. 'આનાથી અન્ય દ્રષ્ટા

સંબંધ જીવને બ્રહ્મ સાથે છે. વિસ્ફુલિંગ અગ્નિ નથી એમ કહી શકાય નહિ. એ જ પ્રમાણે જીવ પણ બ્રહ્મ જ છે, કારણ કે એ બ્રહ્મનો અંશ છે. જીવને અને બ્રહ્મને તાદાત્મ્યસંબંધ છે. તાદાત્મ્ય એટલે ભેદસહિષ્ણુ અભેદ અથવા ભેદ સહી શકે તેવો અભેદ; તેથી જીવ બ્રહ્મનો અંશ છે અને જીવને અને બ્રહ્મને અભેદ પણ છે.

(જીવ અને બ્રહ્મનો તાદાત્મ્યસંબંધ નહિ સ્વીકારનાર અને એઓમાં વાસ્તવિક ભેદ છે એમ માનનાર વાદી મધ્વાચાર્ય શંકા કરે છે.)

પૂર્વપક્ષી—જીવ અને બ્રહ્મમાં વસ્તુતઃ અભેદ હોય તો જીવ બ્રહ્મ જ છે એમ સિદ્ધ થાય; તેથી બ્રહ્મ સર્વજ્ઞ જ હોવાથી, જીવ પણ સર્વજ્ઞ જ હોવો જોઇએ. તેથી જીવ અને બ્રહ્મમાં કર અને શરીર પેઠે અભેદ હોય તો જીવ અજ્ઞ હોઈ શકે નહિ. તમે વિસ્ફુલિંગ અને અગ્નિનું ઉદાહરણ આપ્યું એમાં પણ વિસ્ફુલિંગનાં દાહ અને પ્રકાશ થતાં નથી એમ કહેવાય નહિ. વિસ્ફુલિંગનાં દાહ અને પ્રકાશ અગ્નિ કરતાં ન્યૂન છે એમ કહો તો કદાચ એ પ્રમાણે જીવનું જ્ઞાન બ્રહ્મના જ્ઞાન કરતાં ન્યૂન સંભવે, અર્થાત્ જીવ અલ્પજ્ઞ સંભવે, પરંતુ જીવને ભ્રમ થાય છે એ કદાપિ સંભવે નહિ. તેથી ભાસ્કરાચાર્યના મત પ્રમાણે જીવ બ્રહ્મથી ભિન્નાભિન્ન છે એમ કહો તો, ઉપર કહ્યું તેમ, જીવનું અજ્ઞત્વ સંભવે, પરંતુ ભ્રમ સંભવે નહિ. 'જીવનાં અનીશપણું ભ્રમ વગેરે દેહના સંબંધથી થાય છે' એમ પણ કહી શકાય નહિ, કારણ કે દેહનો સંબંધ જીવભાવ થયા પછી થાય છે. પ્રથમ જીવભાવ થાય છે, પછી એને દેહનો સંબંધ થાય છે, તેથી જીવના ગુણ દેહના સંબંધને લીધે છે એમ કહી શકાય નહિ. તેથી અનીશપણું ભ્રમ વગેરે ગુણવાળો જીવ નિત્યબદ્ધ જ છે, અને ભગવાનના પ્રસાદથી જ્ઞાન પ્રાપ્ત કરી મુક્ત થાય છે એમ સ્વીકારવું જોઇએ. તેથી જીવ ઈશ્વરનો અંશ હોઈ શકે નહિ. વિસ્ફુલિંગના દૃષ્ટાંતથી શ્રુતિ જીવ અને બ્રહ્મના સંબંધનું નિરૂપણ કરતી નથી, પરંતુ પ્રલય-સમયે ભગવાનના ઉદરમાં રહેલા જીવો સર્ગસમયે એમાંથી કેવા પ્રકારથી બહાર નીકળે છે એ કહે છે, અર્થાત્ સર્ગસમયે જીવનો ભગવાનના ઉદરમાંથી બહાર નીકળવાનો પ્રકાર જ કહે છે. 'આનાથી અન્ય દ્રષ્ટા નથી' એ શ્રુતિ પણ જીવ જડ વગેરે સર્વના દ્રષ્ટા ઈશ્વરથી

નથી' (બૃ. ૩-૭-૨૩) ઇત્યાદિ શ્રુતિ પણ જીવ આદિ સર્વ પદાર્થના દર્શન આદિનો સર્વદા અન્યમાં નિષેધ કરે છે, પરંતુ પરિચ્છિન્ન દર્શન આદિનો (નિષેધ કરતી) નથી. જેમ 'પાર્થ જ ધનુર્ધર છે' એમાં પાર્થથી અન્ય ધનુર્ધર નથી એમ નહિ, પરન્તુ જેવો પાર્થ ધનુર્ધર છે તેવો અન્ય નથી, તેમ અહીં પણ છે.

સિ૦—ભલે, જો તમારું કહેલું 'નાનાવ્યપદેશને લીધે (જીવ બ્રહ્મનો) અંશ (છે)' ઇત્યાદિ વેદાર્થતામરસતરણિ ભગવાન બાદરાયણનાં સૂત્ર અને સપ્રમાણ નિદર્શનથી વિરુદ્ધ ન હોય તો અમે અંગીકાર કરીએ, પરન્તુ એમ નથી. વળી, વિસ્ફુલિંગદષ્ટાંતથી જો આત્માની જ ઉત્પત્તિ કહેત તો તમારો કહેલો પ્રકાર ઉપપન્ન પણ થાત, પરંતુ એમ નથી. વળી, સર્વે પ્રાણ લોક દેવ અને ભૂતની પણ સૃષ્ટિ કહી, સર્વ જ આત્મામાંથી વ્યુચ્ચરે છે એમ કહ્યું. તમે પ્રાણ આદિનું નિત્યત્વ અથવા એવા પ્રકારની સૃષ્ટિ માનતા નથી કે એ પ્રક્રમમાં પઠિત આત્માઓને એવા કહ્યા.—'આત્માઓનો નિર્ગમનપ્રકાર જ કહ્યો, અને પ્રાણઆદિની જ ઉત્પત્તિ કહી' —એમ પણ કહી શકાય નહિ, કારણ કે વાક્યભેદ થઈ જાય,

---

અન્ય કોઇ નથી એમ કહે છે, પરંતુ અલ્પદ્રષ્ટા પણ ઈશ્વરથી અન્ય નથી એમ કહેતી નથી. જીવ દ્રષ્ટા છે, પરંતુ અલ્પદ્રષ્ટા છે. જીવથી સર્વનું દર્શન થતું નથી, તેથી જીવ ભગવાનની પેઠે સર્વદ્રષ્ટા નથી, તેથી જ શ્રુતિ ભગવાનથી અન્ય સર્વદ્રષ્ટા કોઈ નથી એમ કહે છે. જેમ 'પાર્થ જ ધનુર્ધર છે' એ વાક્યનો, પાર્થ વિના અન્ય કોઇ ધનુર્ધર નથી એવો અર્થ થતો નથી, પરંતુ જેવો પાર્થ ધનુર્ધર છે તેવો અન્ય કોઈ ધનુર્ધર નથી, એવો અર્થ થાય છે, તેમ જ 'આનાથી અન્ય દ્રષ્ટા નથી' એ શ્રુતિ ભગવાનના જેવો સર્વદ્રષ્ટા અન્ય કોઇ નથી એવો અર્થ થાય છે, તેથી જીવ બ્રહ્મનો વસ્તુતઃ અંશ નથી, પરંતુ જેમ પુત્ર પિતાના અંશ છે તેમ જીવો બ્રહ્મના ભિન્ન ભિન્ન અંશ છે અથવા ઉપચારથી જીવને અંશ કહેલા છે.

સિદ્ધાન્તી—ભલે, તમે કહ્યું તે 'નાનાવ્યપદેશને લીધે (જીવ બ્રહ્મનો) અંશ (છે)' (બ્ર. સૂ. ૨-૩-૪૩) વગેરે વેદાર્થના કનકસૂર્ય ભગવાન બાદરાયણના સૂત્રથી વિરુદ્ધ ન હોય તો અમે સ્વીકારત, પરંતુ એ સર્વ સૂત્રથી વિરુદ્ધ છે. વેદના નિઃસંદિગ્ધ અર્થનો પ્રકાશ કરનાર કનકના સૂર્યરૂપી ભગવાન બાદરાયણ-પ્રણીત સૂત્રથી વિરુદ્ધ કાંઈ સ્વીકારવું ઉચિત નથી. જો શ્રુતિ વિસ્ફુલિંગ-દષ્ટાંતથી માત્ર આત્માની જ ઉત્પત્તિનું વર્ણન કરતી હોત તો તમે કહ્યું તે કદાચ ઉચિત ગણાત, પરંતુ શ્રુતિ સર્વ પ્રાણ લોક દેવ અને ભૂતોની ઉત્પત્તિ કહે છે અને પછી 'સર્વે આત્માઓ વ્યુચ્ચરે છે' એમ કહે છે. પ્રાણ ભૂત લોક વગેરેને કાંઈ તમે નિત્ય માનતા નથી, તેમજ આત્માના જેવી એઓની ઉત્પત્તિ પણ માનતા નથી, તો એ જ પ્રકરણમાં વર્ણ-વેલા આત્માને નિત્ય માનવાનું અને એની વિશેષ પ્રકારની સૃષ્ટિ માનવાનું કાંઈ કારણ નથી. વળી, 'શ્રુતિ પ્રાણ લોક ભૂત વગેરેની ઉત્પત્તિ કહે છે અને આત્માની ઉત્પત્તિ કહેતી નથી, પરંતુ એના બહાર નીકળવાનો પ્રકરણમાં વર્ણવેલો પ્રકાર તમારાથી કહી શકાય નહિ,' કારણ કે એનાથી એક જ પ્રકાર માત્ર કહે છે, એમ પણ લોક વગેરે અને આત્માના સંબંધમાં ભિન્ન ભિન્ન અર્થ કરવાથી વાક્યભેદ થાય છે. વળી, પ્રાણ વગેરેની ઉત્પત્તિ કહી, અને આત્માના

ભાવ છે. આ સચ્ચિત્‌નો પણ તિરોભાવ હોય તો સ્વરૂપહાનિ જ થાય. તિરોહિત થયેલું તો ભગશબ્દવાચ્ય ધર્મરૂપ જ્ઞાન છે, તેથી સર્વ અનવદ્ય છે. અત્ર ભગવદિચ્છા જ નિયામિકા છે એમ માનવું. આનો (જડ જીવનો) ભેદાભેદવિચાર અગ્રે કહીશું.

પ્રાપ્ત થયેલની હાનિ અને ન કરેલાંની પ્રાપ્તિ કરાવવારૂપ દોષ ભગવાનમાં નથી.

'બ્રહ્મરૂપ જ જીવના સહજ ગુણ તિરોહિત કરી મિથ્યાજ્ઞાન આદિ દોષયુક્ત કરવાથી ઉપસ્થિતહાનિ અને અકૃતઅભ્યાગમ થશે'—એમ નહિ. એ જીવકૃતમાં જ અને જીવમાં જ દૂષણ થાય. એમાં પણ લોકમાં પણ અસ્વતન્ત્ર જીવની કૃતિમાં જ, કારણ કે લોકમાં પણ સ્વતન્ત્ર રાજાઓ સ્વવિહારાર્થ પ્રાચીન વિચિત્ર ભવન પ્રાકાર ગોપુર આદિનો ભંગ કરી ત્યાં જ અજિરોદ્યાનાદિ કરે છે,

---

છે. જો જીવોમાં આ બ્રહ્મના સ્વરૂપભૂત સત્ અંશ અને ચિત્ અંશનો પણ તિરોભાવ હોય તો જીવના સ્વરૂપની જ હાનિ થાય; તેથી જીવમાં બ્રહ્મના સ્વરૂપભૂત ચિત્ અંશનો તિરોભાવ નથી, પરંતુ ભગવાનના ધર્મ જ્ઞાનનો તિરોભાવ ભગવદિચ્છાથી થયેલો છે, અને આ ભગવાનના ધર્મ જ્ઞાનનો તિરોભાવ થવાથી જ એને દેહ વગેરેમાં અહંબુદ્ધિ વગેરે દોષ પ્રાપ્ત થયા છે, પરંતુ બ્રહ્મના સ્વરૂપભૂત ચિત્ અંશનો તિરોભાવ જીવમાંથી થયો નથી; તેથી આ સિદ્ધાન્તમાં કાંઈ પણ દોષ નથી. આ સર્વ તિરોભાવ વગેરેની નિયામક ભગવાનની ઈચ્છા જ છે એમ જાણવું. જડ અને જીવના ભેદાભેદનો વિચાર આગળ લીલાના નિત્યપણાનો વિચાર કરતી વખતે કરીશું.

(જીવ બ્રહ્મનો અંશ છે અને જીવને અને બ્રહ્મને તાદાત્મ્યસંબંધ છે એમ સ્વીકારી, ભગવાનની ઈચ્છાથી જીવમાં ભગવદ્‌ગુણનો તિરોભાવ થાય છે એમાં પૂર્વપક્ષી શંકા કરે છે.)

પૂર્વપક્ષી—બ્રહ્મસ્વરૂપ જીવોના સહજ ગુણ ઐશ્વર્ય વીર્ય વગેરેનો ભગવાન તિરોભાવ કરે અને જીવોમાં મિથ્યાજ્ઞાન અનીશતા વગેરે દુર્ગુણ સ્થાપન કરે તો ઉપસ્થિતહાનિ અને અકૃતાભ્યાગમ દોષ પ્રાપ્ત થાય. ઐશ્વર્ય વીર્ય વગેરે ભગવાનના છ ગુણ જીવમાં ઉપસ્થિત થયા હતા અથવા જીવને પ્રાપ્ત થયા હતા તેની કાંઈ પણ કારણ વિના જીવને હાનિ થાય છે, અને જીવે પૂર્વે કાંઈ પણ દોષ કર્યા નહોતા તોપણ દોષના દંડરૂપ મિથ્યાજ્ઞાન અનીશતા વગેરેનો એને અભ્યાગમ થાય છે, અર્થાત્ મિથ્યાજ્ઞાન વગેરેની કાંઈ પણ કારણ વિના એને પ્રાપ્તિ થાય છે; તેથી ભગવાન પોતાની ઈચ્છાથી જીવના ભગવદ્‌ગુણનો તિરોભાવ કરે એ સંભવતું નથી.

સિદ્ધાન્તી—ઉપસ્થિતહાનિ અને અકૃતાભ્યાગમ કૃતિના વિષયમાં દૂષણ છે, અથવા કૃતિમાં દોષ આણનાર હોઈ દૂષણ છે, અથવા કર્તામાં દોષ આણનાર હોઈ દૂષણ છે ? અર્થાત્ એ જીવના દોષ છે કે ભગવાનની કૃતિના દોષ છે કે ભગવાનના દોષ છે ? જીવના દોષ નથી, કારણ કે કૃતિના વિષય જીવના દોષ ગણીએ તો લૂંટારા સજ્જનને લૂંટે એમાં સજ્જનનો દોષ ગણાય. કૃતિના અથવા કર્તાના દોષ છે એમ કહો તો એ જીવની કૃતિ હોય તો જ, અથવા જીવ એઓનો કર્તા હોય તો જ એ દોષ છે. એમાં પણ અસ્વતંત્ર જીવની કૃતિ હોય તો જ એ દોષરૂપ છે, સ્વતંત્ર જીવની કૃતિમાં દોષ નથી. લોકમાં પણ આપણે જોઈએ છીએ કે સ્વતંત્ર રાજાઓ પોતાના વિહાર માટે પ્રાચીન વિચિત્ર ભવન પ્રાકાર ગોપુર વગેરેનો ભંગ કરે છે અને ત્યાં આંગણાં અથવા ઉદ્યાન કરે છે. આ પ્રમાણે સ્વતંત્ર રાજાઓ માત્ર

અને નિજસેવકમાં પણ કદાચિત્ સ્થિતનાં પણ ઐશ્વર્યઆદિ હરે છે અને સેવાથી સંતોષ પામી પુનર્દાન કરે છે એમ જોઈએ છીએ; તો પછી સકલલોકનિયામક સકલજગત્કારણના કારણ ભગવાન સ્વદાસ જીવનાં (ઐશ્વર્યાદિ) અન્યથા કરે એમાં શંકા પણ કેવી? વળી, સર્ગસ્થિતિસંહારમાં પણ ભગવાન જ કર્તા હોવાથી સ્થિતનો સંહાર કરી, પુનઃ એમ કરવામાં પણ આ દોષો થશે. કર્તા ન હોય તો જગત નિત્ય થાય, અથવા એનો અસંભવ જ થાય. ભગવાન પોતે જ 'જે સાત્ત્વિક ભાવો છે અને જે રાજસ અને તામસ છે તે મારામાંથી છે એમ એઓને જાણ. હું એઓનામાં નથી, એઓ મારામાં છે. એ ત્રણ ગુણમય ભાવથી મોહિત થયેલું આ સર્વ જગત મને એઓનાથી પર અવ્યય જાણતું નથી.' (ભ. ગી. ૭-૧૨, ૧૩) એમ માયાના મોહથી સ્વાજ્ઞાન કહી માયા સ્વેચ્છાથી જ મોહ કરે છે એમ કહેવા 'આ ગુણમયી દૈવી માયા મારી છે' (ભ. ગી. ૭-૧૪) એમ માયામાં સ્વાધીનતાનું નિરૂપણ કરે છે, તેથી પણ બન્ધ પણ ભગવદિચ્છાને જ અધીન છે. આમ હોવાથી જે જીવ વિશે જેવી ઇચ્છા તેને અનુરૂપ જ અવિદ્યા આદિ શક્તિઓ સત્ત્વઆદિ

જડ પદાર્થનો જ ભંગ કરે છે, એટલું જ નહિ, પણ પોતાના સેવકોનાં પણ ઐશ્વર્ય વગેરેનું કોઈ સમયે હરણ કરે છે અને નિરપેક્ષ સેવાથી સંતોષ પામી પાછું એનું દાન પણ કરે છે. જ્યારે રાજાઓ આ પ્રમાણે કરી શકે છે તો પછી સકલ લોકને નિયમમાં રાખનાર, સકલ જગતના કારણ પિતામહ વગેરેના પણ કારણ એવા ભગવાન પોતાના દાસ જીવના સંબંધમાં ઉપસ્થિતહાનિ અને અકૃતાભ્યાગમ કરે એમાં દોષ ક્યાં જ સંભવે?

વળી, ઉપસ્થિતહાનિ અને અકૃતાભ્યાગમ જો ભગવાનમાં પણ દોષરૂપ હોય તો ભગવાન જગતનાં સર્ગ સ્થિતિ અને લયના કર્તા હોવાથી ભગવાન સર્ગ કરે ત્યારે જીવોને અમુક સ્થિતિમાં મૂકે તેથી જીવોને અકૃતનો અભ્યાગમ અર્થાત્ પ્રાપ્તિ થાય છે અને લય કરે ત્યારે એમની સ્થિતિનો નાશ થાય છે, અર્થાત્ એમને ઉપસ્થિતની હાનિ થાય છે. એ પ્રમાણે સર્ગ અને લય કરવામાં પણ ભગવાનને એ જ દોષ પ્રાપ્ત થાય. સર્ગ અને લય કરવામાં ભગવાનને એ દોષ પ્રાપ્ત ન થાય એ માટે ભગવાન સર્ગ અને લયના કર્તા નથી એમ કહીએ તો અન્ય કોઈ એઓનો કર્તા ન હોવાથી, લય ન થવાથી જગત નિત્ય જ સિદ્ધ થાય. અથવા જગતના સર્ગનો કોઈ કર્તા ન હોવાથી જગત સંભવે જ નહિ, પરંતુ આપણને જગતનો અનુભવ થાય છે તેથી એ પ્રત્યક્ષથી બાધિત છે; તેથી ભગવાનમાં ઉપસ્થિતહાનિ અને અકૃતાભ્યાગમ દોષ નથી; તેથી મોક્ષ પણ ભગવાનને જ અધીન છે. એ જ પ્રમાણે જીવોનો બંધ પણ ભગવાનની જ ઇચ્છાને આધીન છે, કારણ કે ભગવાન પોતે જ 'જે સાત્ત્વિક ભાવો છે અને જે રાજસ અને તામસ છે તે મારામાંથી જ છે એમ એઓને જાણ. હું એઓનામાં નથી, એ મારામાં છે. એ ત્રણ ગુણમય ભાવથી મોહિત થયેલું આ સર્વ જગત મને એઓનાથી પર અવ્યય જાણતું નથી.' એ પ્રમાણે સર્વ જગત માયાના મોહથી જ ભગવાનને જાણતું નથી એમ કહે છે. ભગવાનની ઇચ્છા પ્રમાણે જ માયા મોહ કરે છે એમ દર્શાવવા 'આ ગુણમયી દૈવી માયા મારી છે' એમ પોતાને અધીન છે એમ કહે છે. માયા ભગવાનને અધીન છે, અને માયાથી સર્વ જગત મોહ પામી ભગવાનના સ્વરૂપને જાણતું નથી અને બદ્ધ થાય છે તેથી બંધનું કારણ માયા ભગવાનને અધીન હોવાથી, બંધ પણ ભગવાનની

ભેદથી એને વ્યાપે છે એ ભગવાનનું મહત્ ઐશ્વર્ય છે. તેથી જ 'હે પાર્થ, દૈવી પ્રકૃતિનો આશ્રય કરેલા મહાત્માઓ તો મને અવ્યય ભૂતાદિ જાણી, અનન્યમન થઇ ભજે છે' (ભ. ગી. ૯-૧૩) 'ભૂતોના પૃથગ્વિધ ભાવો મારામાંથી જ થાય છે' (ભ. ગી. ૯–૫) 'મારામાંથી સ્મૃતિ જ્ઞાન અને અપોહન થાય છે' (ભ. ગી. ૧૫-૧૫) એમ પણ ભગવાને કહ્યું છે. વળી, સ્વયૌક્તિક અર્થમાં આ દૂષણ ઉદ્ભવે જેથી એમ કલ્પના કરે, પરંતુ શ્રુતિસિદ્ધ (અર્થમાં) નહિ, કારણ કે રાજાની આજ્ઞા આક્ષેપયોગ્ય નથી. 'આ જ જેનો આ લોકમાંથી ઉદ્ધાર કરવા ઇચ્છે તેની પાસે સારાં કર્મ કરાવે છે, આ જ જેનો અધઃપાત કરવા ઇચ્છે તેની પાસે દુષ્ટ કર્મ કરાવે છે' (કૌ. ૩-૯) એ શ્રુતિ અને 'જે આત્મામાં રહી આત્માનું અંતરથી યમન કરે છે' એ શ્રુતિ પણ અમે કહ્યો તે જ અર્થ કહે છે. તેથી જ 'આનાથી અન્ય દ્રષ્ટા નથી' (બૃ. ૩-૭-૨૩) ઇત્યાદિની પણ સંગતિ થાય છે, કારણ કે અન્ય સ્વતંત્ર કર્તા નથી. તેથી જ સૂત્રકાર પણ જીવના કર્તૃત્વનું નિરૂપણ કરી, એ સ્વતઃ અથવા ઇશ્વરથી છે એમ આશંકા કરી,

---

ઇચ્છાને જ અધીન છે. તેથી જે જીવને જેવી સ્થિતિમાં મૂકવાની ભગવાનની ઇચ્છા હોય તે જીવને તેવી સ્થિતિમાં મુકાવનારી અવિદ્યા વગેરે શક્તિઓ સત્ત્વ રજ વગેરે ભેદથી વ્યાપે છે. સર્વ જીવને ભિન્ન ભિન્ન શક્તિઓ ભગવાનની ઇચ્છા પ્રમાણે વ્યાપે છે, એ ભગવાનનું ઘણું ઐશ્વર્ય છે! તેથી જ ભગવાન પણ 'હે પાર્થ, દૈવી પ્રકૃતિનો આશ્રય કરેલા મહાત્માઓ તો મને અવ્યય ભૂતાદિ જાણી અનન્યમન થઈ ભજે છે' 'ભૂતોના પૃથગ્વિધ ભાવો મારામાંથી જ થાય છે' 'મારામાંથી સ્મૃતિ જ્ઞાન અને અપોહન થાય છે' એમ કહે છે. 'અનન્યમન થઈ ભજે છે અર્થાત્ મારી અનન્ય ભક્તિ કરે છે. મારા સિવાય અન્યને ભજતા નથી.' 'પૃથગ્વિધ' અર્થાત્ ભિન્ન ભિન્ન પ્રકારના. 'અપોહન' અર્થાત્ નિવૃત્તિ, દૂર થવું એ.

વળી, આપણી પોતાની યુક્તિથી કલ્પેલા અર્થમાં ઉપસ્થિતહાનિ અને અકૃતાભ્યાગમ દોષની કલ્પના કરી શકાય, જે યુક્તિનો આશ્રય કરવાથી દોષ આવે તે યુક્તિનો ત્યાગ કરવા પોતાની યુક્તિથી કલ્પેલા અર્થમાં એ દોષની કલ્પના કરી શકાય; પરંતુ શ્રુતિએ કહેલા અર્થમાં એ દોષની કલ્પના કરવી ઉચિત નથી, કારણ કે રાજાની આજ્ઞામાં કાંઇ પ્રશ્ન કરી શકાય એમ નથી. રાજાની આજ્ઞા આજ્ઞા જ છે અને એ પ્રમાણે વર્તન કરવું જ જોઇએ; એમાં કાંઈ પણ દોષ સંભવતો નથી. એ જ પ્રમાણે શ્રુતિ ભગવાનનું વાક્ય અથવા ભગવાનની આજ્ઞા હોવાથી એણે કહેલા અર્થમાં કાંઈ દૂષણ સંભવતું નથી. અમે કહ્યો તે અર્થ શ્રુતિ પણ કહે છે. "આ જ જેનો આ લોકમાંથી ઉદ્ધાર કરવા ઇચ્છે તેની પાસે સારાં કર્મ કરાવે છે, આ જ જેનો અધઃપાત કરવા ઇચ્છે તેની પાસે દુષ્ટ કર્મ કરાવે છે' 'જે આત્મામાં રહી આત્માનું અંતરથી યમન કરે છે' એ શ્રુતિઓ પણ ભગવાનની ઇચ્છાને અધીન જ જીવોના બંધ અને મોક્ષ છે એમ કહે છે. આમ હોવાથી 'આનાથી અન્ય દ્રષ્ટા નથી' વગેરે શ્રુતિઓની સંગતિ થાય છે, કારણ કે માત્ર ભગવાન જ સ્વતંત્ર કર્તા છે. ભગવાન વિના અન્ય કોઈ સ્વતંત્ર કર્તા નથી તેથી સ્વતંત્ર દ્રષ્ટા પણ ભગવાન જ છે. ભગવાન જ સ્વતંત્ર કર્તા છે એમ સિદ્ધ કરવા, સૂત્રકાર પ્રથમ જીવના કર્તૃત્વનું વર્ણન કરે છે.

'એ પરથી છે, શ્રુતિને લીધે' (બ્ર. સૂ. ૨-૩-૪૧) એમ સિદ્ધાન્ત કહે છે. તેથી જીવ સર્વથા પરતન્ત્ર હોવાથી અકૃતાભ્યાગમ એમાં દોષરૂપ નથી.

જીવની પ્રવૃત્તિ નિવૃત્તિ પણ અદૃષ્ટને નહિ, પણ ભગવાનની ઇચ્છાને જ અધીન છે.

જે (લોકો) આ શંકાનો પરિહાર કરવા-જીવે પૂર્વે કરેલા ધર્માધર્મસાપેક્ષ જ ઈશ્વર (કર્મ) કરાવે છે, અન્યથા ઈશ્વર જ પ્રવર્તક અને નિવર્તક હોવાથી સ્વર્ગની 'કામનાવાળાએ યજ્ઞ કરવો' 'બ્રાહ્મણને હણવો નહિ' ઇત્યાદિ વિધિનિષેધ અનર્થક થાય. તેથી વિધિનિષેધથી જ પ્રવર્તમાન અથવા નિવર્તમાનની પ્રવૃત્તિ અથવા નિવૃત્તિ ઈશ્વર કરાવે છે. કોઈની વિહિતમાં પ્રવૃત્તિ હોય છે, કોઈની હોતી નથી, કોઈની નિષિદ્ધમાંથી નિવૃત્તિ હોય છે, કોઈની હોતી નથી, એમાં પણ પૂર્વ પૂર્વ એવા પ્રકારનું કર્મ જ નિમિત્ત છે, કારણ કે પ્રવાહ અનાદિ છે. તેથી જીવમાં અકૃતાભ્યાગમ નથી-એમ કહે છે, તેમનો અનીશ્વરવાદ જ થાય છે.-'કર્મ જડ હોવાથી ફલસમર્પક હોઈ શકે

પછી જીવ સ્વતઃ કર્તા છે કે એનું કર્તૃત્વ ભગવાનને અધીન છે એવી શંકા કરી, 'એ પરથી, શ્રુતિને લીધે' એમ સૂત્ર યોજે છે. 'એ' અર્થાત્ જીવનું કર્તૃત્વ. 'પરથી' એટલે જીવથી પર ભગવાનથી. જીવનું કર્તૃત્વ ભગવાનથી છે, અથવા જીવનું કર્તૃપણું ભગવાનને અધીન છે, કારણ કે 'આ જ જેનો આ લોકમાંથી ઉદ્ધાર કરવા ઈચ્છે' વગેરે શ્રુતિ છે; તેથી જીવ સ્વતંત્ર કર્તા નથી. જીવ પરતંત્ર હોવાથી જીવોને ઉપસ્થિતહાનિ અને અકૃતાભ્યાગમ થાય એ દોષ નથી.

(અહીં પૂર્વમીમાંસાવાળા પૂર્વપક્ષ કરે છે.)

પૂર્વપક્ષી—પૂર્વે જીવે કરેલા ધર્મ અને અધર્મ અથવા પુણ્ય અને પાપ ધ્યાનમાં લઈ ઈશ્વર જીવ પાસે સુકૃત અથવા દુષ્કૃત કરાવે છે. ઈશ્વર સ્વતંત્રતાથી માત્ર પોતાની ઈચ્છાને જ અનુસરી જીવ પાસે કર્મ કરાવતા નથી, પરંતુ જીવનાં પૂર્વનાં કર્મને અનુસરી એમની પાસે કર્મ કરાવે છે. જો ઈશ્વર એ પ્રમાણે જીવ પાસે કર્મ કરાવતા ન હોય, પરંતુ પોતાની ઇચ્છા પ્રમાણે સ્વતંત્રતાથી કર્મ કરાવતા હોય તો 'સ્વર્ગની કામનાવાળાએ યજ્ઞ કરવો' 'બ્રાહ્મણને હણવો નહિ' વગેરે વિધિ અને નિષેધ નિરર્થક થઈ જાય, કારણ કે જીવ પોતાની ઇચ્છા પ્રમાણે સ્વતંત્રતાથી કર્મ કરી શકતો નથી તો પછી, 'સ્વર્ગની કામનાવાળાએ યજ્ઞ કરવો' 'બ્રાહ્મણને હણવો નહિ' વગેરે ઉપદેશ એને નિરર્થક જ છે. તેથી જીવ વિધિ અને નિષેધ ધ્યાનમાં લઇ કર્મ કરવા પ્રવૃત્ત થાય છે અથવા નિવૃત્ત થાય છે, અને ઈશ્વર એની પાસે એ પ્રમાણે કર્મ કરાવે છે અથવા એની કર્મમાંથી નિવૃત્તિ કરાવે છે. કોઈ જીવની વિહિત કર્મમાં પ્રવૃત્તિ થાય છે, કોઈની થતી નથી, કોઈ જીવ નિષિદ્ધ કર્મમાંથી નિવૃત્ત થાય છે, કોઈ નિવૃત્ત થતો નથી, એનું કારણ તે તે જીવનાં પૂર્વે કરેલાં કર્મ જ છે. પૂર્વે કરેલાં કર્મને અનુસાર પ્રવૃત્તિ અથવા નિવૃત્તિ થાય છે અથવા થતી નથી. પ્રવાહ અનાદિ હોવાથી પૂર્વ પૂર્વનાં કર્મ પ્રવૃત્તિ અને નિવૃત્તિ વગેરેનાં કારણ સુખેથી કલ્પી શકાય છે, તેથી જીવને અકૃતાભ્યાગમ થતો નથી અથવા નહિ કરેલા કર્મનાં ફલ ભોગવવાં પડતાં નથી, તેમજ એને ઉપસ્થિતહાનિ પણ નથી, કારણ કે પૂર્વ કરેલાં કર્મ પ્રમાણે એની પ્રવૃત્તિ નિવૃત્તિ થયા કરે છે, અને કરેલાં કર્મ નિષ્ફલ થતાં નથી.

સિદ્ધાન્તી—એમ માને તે અનીશ્વરવાદી સિદ્ધ થાય છે. તમારા મત પ્રમાણે ઇશ્વરની

નહિ, તેથી ફલસમર્પક તરીકે ઈશ્વરની સિદ્ધિ થાય'–એમ નથી. અન્યથાનુપપત્તિથી કલ્પ્યમાન કર્મ એવા જ પ્રકારનું કલ્પી શકાય.–"(ઈશ્વર) કૃતપ્રયત્નની અપેક્ષાવાળા છે. વિહિત પ્રતિષિદ્ધના અવૈયર્થ્યને લીધે' (બ્ર. સૂ. ૨-૩-૪૨) એ તત્ત્વસૂત્રને લીધે એમ કહીએ છીએ" એમ નથી. એનો અર્થ તમે જાણતા નથી, કારણ કે પૂર્વોક્ત ન્યાયથી 'એ પરથી (છે), શ્રુતિને લીધે' (બ્ર.સૂ ૨-૩-૪૧) પૂર્વસૂત્રથી ઈશ્વરમાંથી જ કર્તૃત્વનું નિરૂપણ થયું, એટલે પ્રવર્તક અથવા નિવર્તક તરીકે અભિમત વિધિ અને નિષેધનું વૈયર્થ્ય થયું. ત્યાં–'ઈશ્વર સાક્ષાત્ કોઈની પ્રવૃત્તિ અથવા નિવૃત્તિ કરતા નથી તેથી વિધિનિષેધ દ્વારા જ એમ કરે છે'–એ સમાધાન યોગ્ય નથી, કારણ કે (એમ હોય તો) સર્વ જ સન્માર્ગમાં જ રહે. તેથી વિધિનિષેધ હોવા છતાં અપ્રવૃત્તિ અને અનિવૃત્તિ છે, એની ઉપપત્તિ માટે પૂર્વ પૂર્વ કર્મની કલ્પના પણ અયુક્ત છે, કારણ કે પ્રવાહ અનાદિ હોવાથી પૂર્વ પૂર્વ કર્મથી જ પ્રવૃત્તિ નિવૃત્તિની ઉપપત્તિ થવાથી વિધિનિષેધ વ્યર્થ થાય. આમ હોવાથી પ્રામાણિકત્વના અભાવથી યાગાદિ-

---

કોઈ આવશ્યતા રહેતી નથી.–'કર્મ જડ હોવાથી પોતાનાં ફલ આપી શકે નહિ, અને તેથી ફલના આપનાર ઈશ્વરની સિદ્ધિ થાય છે',-એમ પણ કહેવાય નહિ, કારણ કે અન્યથાનુપપત્તિથી તમે કર્મની કલ્પના કરો છો, તે કર્મ જ ફલ આપી શકે એવું કલ્પવું જોઈએ. કર્મની કલ્પના કરવી જ પડે છે તો પછી પોતાનાં ફલ આપવાની શક્તિવાળું જ કર્મ કલ્પવું જોઈએ.

પૂર્વપક્ષી—'ઈશ્વર કૃતપ્રયત્નની અપેક્ષાવાળા છે, વિહિત પ્રતિષિદ્ધના અવૈયર્થ્યને લીધે' એ તત્ત્વસૂત્રને અનુસરી, ભગવાન પૂર્વનાં કર્મની અપેક્ષાથી અથવા પૂર્વનાં કર્મને અનુસરી કર્મ કરાવે છે, વગેરે અમે કહીએ છીએ.

સિદ્ધાન્તી—એમ નથી. તમે એ સૂત્રનો અર્થ જાણતા નથી તેથી એમ કહો છો, કારણ કે અમે પ્રથમ સિદ્ધ કર્યું તેમ 'એ પરથી છે, શ્રુતિને લીધે' એ તત્ત્વસૂત્રથી ભગવાન જ જીવ પાસે કર્મ કરાવે છે એમ સિદ્ધ થાય છે. ભગવાન જ જીવની કર્મમાં પ્રવૃત્તિ અથવા નિવૃત્તિ કરાવે તેથી વિધિ અને નિષેધ વ્યર્થ થાય. વિધિ અને નિષેધ વ્યર્થ ન થાય તે માટે "ભગવાન સાક્ષાત્ કોઈ જીવની પ્રવૃત્તિ અથવા નિવૃત્તિ કરતા નથી, પરંતુ વિધિ અને નિષેધ દ્વારા જ વિધિ અને નિષેધની અપેક્ષાથી જ પ્રવૃત્તિ અને નિવૃત્તિ કરાવે છે; અર્થાત્ વિધિ અને નિષેધને લીધે જ જીવની પ્રવૃત્તિ અને નિવૃત્તિ થાય છે અને ભગવાન એ પ્રમાણે પ્રવૃત્તિ અને નિવૃત્તિ કરાવે છે" એમ માનવું ઉચિત નથી, કારણ કે વિધિ અને નિષેધ જ જીવની પ્રવૃત્તિ અને નિવૃત્તિ કરાવતાં હોય તો સર્વ જીવો સન્માર્ગમાં જ વર્તન કરત, સર્વ જીવો વિહિત કર્મમાં પ્રવૃત્ત થાત અને નિષિદ્ધ કર્મમાંથી નિવૃત્તિ પામત; પરંતુ એવો અનુભવ થતો નથી. ઘણા જીવોની વિહિત કર્મમાં પ્રવૃત્તિ થતી નથી અને નિષિદ્ધ કર્મમાંથી નિવૃત્તિ થતી નથી.-'વિધિ અને નિષેધ હોવા છતાં ઘણા જીવોની વિહિત કર્મમાં અપ્રવૃત્તિ અને નિષિદ્ધ કર્મમાંથી અનિવૃત્તિ જોવામાં આવે છે; તેથી પ્રવૃત્તિ અને નિવૃત્તિ વિધિ અને નિષેધથી થતી નથી, પરંતુ પૂર્વે કરેલાં કર્મથી થાય છે'–એમ પણ કહી શકાય નહિ, કારણ કે (૧) કર્મનો પ્રવાહ અનાદિ છે તેથી કર્મથી જ પ્રવૃત્તિ અને નિવૃત્તિ થાય છે એમ માનીએ તો વિધિ અને વિષેધ નિરર્થક થઈ જાય. જીવોની કર્મમાં પ્રવૃત્તિ અથવા નિવૃત્તિ એમણે પૂર્વે કરેલાં કર્મથી જ થતી હોય, તો 'સ્વર્ગની કામનાવાળાએ યજ્ઞ કરવો' 'બ્રાહ્મણને હણવો

કરણુ અંધપરંપરા થઇ જાય, અને ધર્મત્વની હાનિ થાય. ફલોદ્દેશના અભાવને લીધે, ફલજનકત્વના નિર્વાહક અપૂર્વની કલ્પના કરવામાં પ્રયોજન ન રહેવાથી, અને આ કર્મ નષ્ટ થવાથી અગ્રિમ કર્મની પ્રવૃત્તિના નિમિત્તનું પણ નિરૂપણ થઇ શકે નહિ. આના સમાધાન માટે વિધ્યાદિ જ પ્રવર્તક તથા નિવર્તક છે, અને એઓને જાણનારની પણ અપ્રવૃત્તિ તથા અનિવૃત્તિ વિચિત્ર ઇશ્વરેચ્છાથી છે એમ કહેવું જોઇશે. એમ હોવા છતાં પણ આવશ્યકતા અને લાઘવને લીધે ઇશ્વરેચ્છા જ એવી હો, એમનું પ્રયોજન નથી; અને એમ માનવાથી અંધપરંપરાનો પણ સંભવ નથી, કારણ કે (પ્રવૃત્તિ નિવૃત્તિ) ઇશ્વરેચ્છાજન્ય છે. વિધિ ન જાણનાર બાલની પણ નૈસર્ગિક ધર્મપ્રવૃત્તિ દેખાય પણ છે,–"એમ પણ નિસ્તાર નથી, કારણુ કે ઇશ્વર સ્વતંત્ર પુરુષાર્થ તરીકે કર્મ કરાવતા નથી,

---

નહિ' વગેરે વિધિ અને નિષેધની કાંઈ પણ આવશ્યકતા રહેતી નથી. (૨) વળી, વિધિ અને નિષેધ નિરર્થક હોવાથી, યજ્ઞ વગેરે જે સારા પુરુષો કરે છે તે માત્ર અંધપરંપરા જ કહેવાય. અને (૩) ધર્મની હાનિ થઈ જાય, કારણુ કે વિહિત કર્મ કરે તે ધર્મ, પરંતુ વિધિ જ નિરર્થક હોય તો ધર્મ ક્યાં રહે? એ પ્રમાણે અધર્મની પણ હાનિ થાય, કારણ કે નિષિદ્ધ કર્મમાંથી નિવૃત્ત ન રહે એ અધર્મ, પરંતુ નિષેધ જ નિરર્થક હોય તો અધર્મ ક્યાં રહે? વળી, (૪) વિધિ અને નિષેધ નિરર્થક હોવાથી, જીવ કર્મ કરે ત્યારે એ ફલની ઇચ્છા કરી શકે નહિ. ફલની ઇચ્છા વિના કર્મ કરવામાં આવે ત્યારે કર્મનું ફલ આપનાર 'અપૂર્વ'ની કલ્પના કરવાની આવશ્યકતા રહે નહિ; તેથી 'અપૂર્વ' સંભવે જ નહિ. એ કર્મ તો નાશ પામ્યું. કર્મ થયું કે તરત નાશ પામે છે, તેથી કર્મનો નાશ થયો. 'અપૂર્વ' છે જ નહિ તો આવતા કર્મમાં અર્થાત્ ભાવી કર્મમાં પ્રવૃત્તિ કોણ કરાવે? ભાવી કર્મમાં પ્રવૃત્તિ કરાવનાર કોઈ રહેતું નથી. એનું સમાધાન કરવા એમ માનવું જોઇએ કે વિધિ અને નિષેધ જ કર્મમાં પ્રવૃત્તિ અથવા નિવૃત્તિ કરાવે છે, અને વિધિ અને નિષેધનું જ્ઞાન હોવા છતાં પણ કોઈની વિહિત કર્મમાં પ્રવૃત્તિ થતી નથી અને કોઈની નિષિદ્ધ કર્મમાંથી નિવૃત્તિ થતી નથી, એ સર્વ ભગવાનની વિચિત્ર ઇચ્છાને લીધે જ થાય છે એમ માનો અને વિધિ નિષેધ અને ભગવાનની ઇચ્છા એ ત્રણનો સ્વીકાર કરો એ કરતાં ઇશ્વરની ઇચ્છા જ પ્રવૃત્તિ નિવૃત્તિ વગેરે કરાવે છે એમ માનવું વધારે સારું છે, કારણ કે ઇશ્વરની ઇચ્છા માન્યા વિના તો ગતિ જ નથી. ઇશ્વરની ઇચ્છા સ્વીકાર્યા વિના ચાલે એમ નથી, તો વિધિ અને નિષેધ નિરર્થક સ્વીકારવાનું કાંઈ પ્રયોજન નથી. વિધિ નિષેધ અને ઇશ્વરેચ્છા એ ત્રણ પ્રવૃત્તિ અને નિવૃત્તિનાં કારણ કહેવા કરતાં ઇશ્વરની ઇચ્છા એક જ કારણ માનવામાં લાઘવ પણ છે. પ્રવૃત્તિ અને નિવૃત્તિ ઇશ્વરની ઇચ્છાથી જ થાય છે એમ માનવાથી યજ્ઞ વગેરે કરવામાં અંધપરંપરા પણ સંભવતી નથી, કારણ કે ઇશ્વરની ઇચ્છાથી જ સર્વ થાય છે. વિધિને ન જાણનાર બાલકની પણ વિહિત કર્મમાં નિસર્ગથી જ પ્રવૃત્તિ જોવામાં આવે છે. એ સ્થલે પ્રવૃત્તિનું કારણ ઇશ્વરની ઇચ્છા જ માનવું જોઇએ, કારણ કે વિધિનું તો એને જ્ઞાન પણ નથી.

પૂર્વપક્ષી—એમ માનવાથી પણ નિસ્તાર નથી, અર્થાત્ એમ માનવાથી પણ જે દૂષણુ આવે છે તે દૂર થઈ શકતાં નથી, કારણ કે ઇશ્વર જીવને કર્મ કરાવે છે અથવા જીવની કર્મમાં

પરન્તુ સ્વર્ગ આદિ સધાવવા (કરાવે છે). એમ હોવાથી પોતે જ એનું દાન કરવા સમર્થ હોવાથી વિહિત નિષિદ્ધનાં ફલ એઓનાથી પ્રાપ્ત થાય છે, તેથી વિધિ યાગ અને નિષેધ બ્રાહ્મણહનન વ્યર્થ થાય છે. અકૃતાભ્યાગમદોષના પરિહારાર્થ એમ કરે છે એમ પણ કહેવાય નહિ, કારણ કે જીવ સ્વતઃકર્તા હોય તો કર્મફલના નિરૂપણમાં એ દોષ (ન*) રહે, પરંતુ તાદૃશ ફલનું દાન કરવા (ઈશ્વર) તાદૃશ કર્મ કરાવે ત્યાં (એમ) નથી. જીવ સ્વતઃ સર્વથા અસમર્થ હોવાથી એણે કરેલું પણ ન કર્યા જેવું છે, તેથી એ દોષનો પરિહાર થતો નથી; તેથી ઈશ્વરાધીન જીવકર્તૃત્વ ઉત્પન્ન નથી". અત્ર (સૂત્રકાર) 'કૃતપ્રયત્નની અપેક્ષાવાળા' (બ્ર. સૂ. ૨-૩-૪૨) ઇત્યાદિ કહે છે. આનો અર્થ નીચે પ્રમાણે છે: 'એક હું બહુ થાઉં' એમ પ્રપંચમાં રમણ કરવાની ઇચ્છાથી ભગવાને ક્રીડાર્થ ઉદ્યમ કર્યો, તેથી ક્રીડા જ મુખ્ય છે, અન્ય સર્વ ઉપસર્જનીભૂત છે; તેથી એની અપેક્ષાવાળા ભગવાને પોતે જ વિચિત્ર રસના અનુભવ માટે 'જે આમ કરશે તેને આમ કરીશ' એમ મર્યાદા કરી. 'સ્વકૃત સેતુની પરીપ્સાથી'

પ્રવૃત્તિ કરે છે તે માત્ર કર્મને જ સ્વતંત્ર પુરુષાર્થ ગણીને કરાવતા નથી, પરંતુ સ્વર્ગ વગેરે ફલ આપવાને કર્મ કરાવે છે. કર્મ કરાવવાં એ જ હેતુ નથી, પરંતુ સ્વર્ગ વગેરે કર્મના ફલનું દાન કરવું એ હેતુ છે. પરંતુ ભગવાન પોતે જ વિધિ અને નિષેધનાં ફલ આપવાને સમર્થ છે. કર્મ કરાવ્યા વિના જ ભગવાન પોતે વિહિત અને નિષિદ્ધ કર્મનાં ફલ જીવોને આપવાને શક્તિમાન છે. એમ હોવાથી 'યજ્ઞ કરવો' 'બ્રાહ્મણને ન હણવો' વગેરે વિધિ અને નિષેધ વ્યર્થ થાય છે. 'અકૃતાભ્યાગમ અથવા જીવે નહિ કરેલા કર્મનાં ફલ જીવને પ્રાપ્ત થાય, એ દોષ દૂર કરવા ભગવાન જીવે કરેલાં પ્રયત્ન કર્મ વગેરેની અપેક્ષા રાખી એ પ્રમાણે ફલ આપે છે' એમ પણ કહેવાય નહિ, કારણ કે જીવ સ્વતઃ કર્તા હોય તો જીવે નહિ કરેલા કર્મનાં ફલ ભોગવે તો અકૃતાભ્યાગમ દોષ પ્રાપ્ત થાય. પરંતુ જીવ સ્વતઃ કર્તા નથી. ભગવાન જેવા ફલનું એને દાન કરવું હોય તેવાં કર્મ એની પાસે કરાવે છે એમાં ભગવાનને કે જીવને અકૃતાભ્યાગમ દોષ ક્યાંથી પ્રાપ્ત થાય? જીવ સ્વતઃ કર્તા નહિ હોવાથી એણે કરેલું નહિ કરેલા જેવું જ છે, તેથી જીવનું કરેલું જ વસ્તુતઃ કાંઈ નથી તો અકૃતાભ્યાગમ દોષની સંભાવના જ શી? 'તેથી અકૃતાભ્યાગમ દોષ જ નહિ હોવાથી, અકૃતાભ્યાગમ દોષનું નિવારણ કરવા વિધિ નિષેધની આવશ્યકતા છે' એમ પણ કહેવાય નહિ; તેથી વિધિ અને નિષેધ વ્યર્થ થાય છે, તેથી જીવનું કર્તૃત્વ ભગવાનને અધીન નથી એમ માનવું જોઈએ.

સિદ્ધાન્તી—એવી શંકા થાય તેનું સમાધાન કરવા 'કૃતપ્રયત્નની અપેક્ષાવાળા' વગેરે સૂત્ર ભગવાન બાદરાયણ યોજે છે. એનો અર્થ નીચે પ્રમાણે છે: 'એક હું બહુ થાઉં' વગેરે શ્રુતિથી એમ સિદ્ધ થાય છે કે ભગવાનને પ્રપંચમાં રમણ કરવાની ઇચ્છા થઈ. પ્રપંચમાં રમણ કરવાની ઇચ્છાથી ભગવાને ક્રીડા માટે ઉદ્યમ કર્યો. એમાં ભગવાનની ક્રીડા જ મુખ્ય છે, અન્ય સર્વ ગૌણ છે. તેથી ક્રીડાની અપેક્ષાવાળા ભગવાને ક્રીડામાં વિચિત્ર રસનો અનુભવ થાય એ માટે, 'જે કોઈ આ પ્રમાણે કરશે તેને આ પ્રમાણે ફલ આપીશ' એવી મર્યાદા પોતાની મેળે રચી. 'સ્વકૃત સેતુની પરીપ્સાથી' 'ધર્મસેતુના વક્તા કર્તા અભિરક્ષિતા'

---

* મૂલમાં '**ન**' છે, પરંતુ એ અધિક હોય તો.

(ભા. ૧૦–૫૫–૩૭) 'ધર્મસેતુના વક્તા અભિરક્ષિતા' (ભા. ૧૦–૩૦–૨૮) ઇત્યાદિ વાકયશ્રવણથી એમ નિશ્ચય થાય છે. પછી સ્વકૃતમર્યાદાના રક્ષણ માટે અને એ જણાવવા વેદ કર્યા, અને જીવના ઉત્પાદન સમયે જ 'આ જીવને આ દેશમાં આ કાલમાં એણે કરેલી પ્રવૃત્તિ નિવૃત્તિવાળો કરી આ આ ફલ આપીશ' એમ મોક્ષપર્યન્ત પ્રત્યેક જીવ વિશે વિચાર કર્યો, એને અનુસરીને જ એ એમ થાય છે; તેથી એવા પ્રકારથી જીવઆદિમાં વૈચિત્ર્યઆદિ કરવામાં જે પ્રયત્ન અર્થાત્ ઉદ્યમ કર્યો તેની અપેક્ષાવાળા અર્થાત્ તેને અધીન જ ભગવાન (કર્મ) કરાવે છે.—એમ કેમ ? —કારણ કે યાગઆદિ વિહિત (અને) વિપ્રહનનઆદિ પ્રતિષિદ્ધનું અવૈયર્થ્ય આમ જ થાય; અન્યથા ઈશ્વર જ કારયિતા અને ફલદાતા હોય તો ઉક્ત ન્યાયથી એ વ્યર્થ થાય. 'આદિ' પદથી કર્મ વિના તેથી જ ફલદાન પણ નથી, તેથી શ્રુતિ પણ 'જેનો ઉદ્ધાર કરવાની ઇચ્છા હોય' 'જેનો અધઃપાત કરવાની ઇચ્છા હોય' (કૌ. ૩–૯) એમ કર્મ કરાવવામાં ફલદાનેચ્છાનો જ હેતુ તરીકે અનુવાદ કરે છે. 'જેમ પુત્ર અથવા યત્ન કરતા બાલ પાસે પદાર્થના ગુણદોષનું વર્ણન કરતાં પણ જે પ્રયત્નાભિનિવેશ (એનો) જુએ છે તેમ જ કરાવે છે, તેમ ફલદાનાર્થ શ્રુતિમાં કર્મની અપેક્ષાનું'

વગેરે વાકયોથી પણ એમ જ સિદ્ધ થાય છે. પછી પોતાની કરેલી મર્યાદાનું રક્ષણ કરવા અને જીવોને એ જણાવવા ભગવાને વેદ રચ્યા. તેથી જીવની ઉત્પત્તિ કરતી વખતે જ 'આ જીવને અમુક દેશમાં અમુક કાલમાં અમુક અમુક કર્મમાં પ્રવૃત્ત કરી, અમુક અમુક કર્મમાંથી નિવૃત્ત રાખી અમુક અમુક ફલનું દાન કરીશ' એ પ્રમાણે પ્રત્યેક જીવ વિશે મોક્ષ સુધી ભગવાને વિચાર કરેલો છે; અને એ ભગવાને કરેલા વિચાર પ્રમાણે જ જીવ કર્મ કરે છે અને એને ફલ પ્રાપ્ત થાય છે. તેથી એ પ્રકારે ભગવાને ક્રીડામાં વિચિત્ર રસનો અનુભવ થાય એ માટે જે ઉદ્યમ કર્યો છે તેની અપેક્ષાથી અથવા તેને અધીન રહીને જ કર્મ વગેરે કરાવે છે, કારણ કે એ પ્રમાણે માનીએ તો જ 'યજ્ઞ કરવો' 'બ્રાહ્મણ ન હણવો' વગેરે વિધિ અને નિષેધ સ્વર્ગ અને નરકની પ્રાપ્તિ કરાવનારાં હોઈ નિરર્થક થતાં નથી. ઈશ્વર જ જો અન્ય રીતે જીવ પાસે કર્મ કરાવતા હોય અને ફલનું દાન કરતા હોય તો વિધિ અને નિષેધ વ્યર્થ થઈ જાય. સૂત્રમાં 'વગેરે' શબ્દ છે તેનાથી આ જ કારણને લીધે કર્મ કરાવ્યા વિના ઇશ્વરફલનું દાન કરતા નથી એમ સિદ્ધ થાય છે; તેથી 'જેનો ઉદ્ધાર કરવાની ઇચ્છા હોય' 'જેનો અધઃપાત કરવાની ઇચ્છા હોય' વગેરે શ્રુતિ પણ કહે છે કે ભગવાનને જીવ પાસે કર્મ કરાવવામાં ફલદાન કરાવવાની ઇચ્છા જ હેતુ છે.

આ સૂત્ર પર અણુભાષ્યમાં શ્રીમદાચાર્યચરણ કહે છે કે 'પુત્રને અથવા કોઈ પદાર્થ પ્રાપ્ત કરવા યત્ન કરતા બાલકને પદાર્થના ગુણ અને દોષ વર્ણવવા છતાં જે પદાર્થ માટે એની અતિશય દૃઢ ઇચ્છા હોય તે એને પ્રાપ્ત થાય એમ કરાવે છે. પિતા પુત્રને દરેક પદાર્થના ગુણ અથવા દોષ કહે છે, તથાપિ જે પદાર્થ માટે પુત્રને દૃઢ ઇચ્છા થાય તે એને પ્રાપ્ત કરાવે છે. એ જ પ્રમાણે ભગવાન પણ વિધિ અને નિષેધથી સારા અને દુષ્ટ કર્મનું ભાન કરાવે છે. શ્રુતિમાં ફલદાન કરવામાં જીવના કર્મની અપેક્ષા કહેલી હોવાથી ભગવાન ફલદાન કરવામાં

કથન હોવાથી ફલદાનમાં કર્માપેક્ષ, કર્મ કરાવવામાં જીવકૃત પ્રયત્નાપેક્ષ, પ્રયત્નમાં જીવકામાપેક્ષ, સ્વર્ગઆદિ કામમાં લોકપ્રવાહાપેક્ષ (ભગવાન) કરાવે છે; તેથી બ્રહ્મને દોષની ગન્ધ પણ નથી. આમ અનીશ્વરત્તા પણ થતી નથી, કારણ કે મર્યાદામાર્ગ એમ જ નિર્માણ કરેલો છે; પરન્તુ જ્યાં અન્યથા હોય ત્યાં પુષ્ટિમાર્ગનો અંગીકાર છે' એમ આચાર્યચરણ કહે છે. ઈશ્વરકૃત મર્યાદા જ હેતુ કહેલી હોવાથી અને મર્યાદા કરવામાં ક્રીડાની ઈચ્છા સિવાય અન્ય હેતુનો અસમ્ભવ જ હોવાથી, આ પણ માર્ગ અમારા કહેલા (માર્ગથી) ભિન્ન નથી; તેથી અમે કહેલો જ માર્ગ છે, તમે કહેલો નહિ. વળી, ક્રિયાપૂર્વકાલીન આત્મધર્મ જ 'પ્રયત્ન' શબ્દનો અર્થ કહેવો ઉચિત હોવાથી, એ શબ્દથી ધર્માધર્મ વાચ્ય નથી. વળી, તમારો કરેલો પ્રકાર હોય તો 'વિધિનિષેધ અવૈયર્થ્યને લીધે' એમ જ લખે, પરન્તુ 'વિહિત' ઈત્યાદિ ન લખે, એમ જાણવું.

જીવના કર્મની અપેક્ષા રાખે છે, જીવ પાસે કર્મ કરાવવામાં એના કરેલા પ્રયત્નની અપેક્ષા રાખે છે, જીવ પાસે પ્રયત્ન કરાવવામાં એના કામ અર્થાત્ એની ઈચ્છાની અપેક્ષા રાખે છે, અને એને સ્વર્ગ વગેરે પ્રાપ્ત કરવાની ઇચ્છા કરાવવામાં પ્રવાહની અપેક્ષા રાખે છે. એ પ્રમાણે ભગવાન જીવનાં જ ઇચ્છા પ્રયત્ન કર્મ વગેરેની અપેક્ષાથી ફલદાન કરે છે, તેથી એમનામાં દોષની ગંધ પણ નથી. આ પ્રમાણે ભગવાન જીવનાં ઇચ્છા પ્રયત્ન કર્મ વગેરેની અપેક્ષા રાખી ફલદાન કરે તો એમનું ઐશ્વર્ય નષ્ટ થાય એવી શંકા રાખવી નહિ, કારણ કે એમણે એવો જ મર્યાદામાર્ગ કરેલો છે. જ્યાં એ પ્રમાણે જીવનાં ઇચ્છા પ્રયત્ન કર્મ વગેરેની અપેક્ષા રાખ્યા વિના જ ભગવાન જીવને ફલદાન કરે છે ત્યાં પુષ્ટિમાર્ગનો અંગીકાર કર્યો છે' વગેરે. અહીં પણ ભગવાનને જીવનાં કર્મ વગેરેની અપેક્ષા રાખવાનું કારણ પોતાની કરેલી મર્યાદા જ છે એમ શ્રીમદાચાર્યચરણ કહે છે, અને મર્યાદા કરવામાં ક્રીડા વિના અન્ય કોઈ પણ હેતુ નથી, તેથી અમે એ સૂત્રનું વ્યાખ્યાન કર્યું તેનાથી આ ભિન્ન નથી, પરન્તુ એક જ છે. તેથી અમે કહ્યું તે જ સત્ય સિદ્ધાન્ત છે, તમારું કહેવું સત્ય નથી.

વળી, જીવે કરેલા ધર્મ અને અધર્મની અપેક્ષાથી ભગવાન એની પાસે કર્મ કરાવે છે એમ તમે કહ્યું, પરંતુ સૂત્રમાં 'પ્રયત્ન' શબ્દ છે તેનો અર્થ ધર્મ અને અધર્મ સંભવતો નથી, કારણ કે ક્રિયાથી પૂર્વના કાલમાં થયેલો આત્માનો ધર્મ પ્રયત્ન છે. પ્રયત્ન પ્રથમ થાય છે, પછી ક્રિયા થાય છે. ધર્મ અને અધર્મ એ શબ્દ ક્રિયાને જ માટે યોજાય છે; પરંતુ પ્રયત્ન તો ક્રિયાની પૂર્વે થયેલો હોય છે તેથી 'પ્રયત્ન' શબ્દનો અર્થ ધર્મ અને અધર્મ થાય નહિ.

વળી, તમે 'વિધિ અને નિષેધથી જ પ્રવૃત્તિ અને નિવૃત્તિ થાય છે એમ કહ્યું છે. વિધિ અને નિષેધથી પ્રવૃત્તિ અને નિવૃત્તિ ન થતી હોય તો એ નિરર્થક થાય' એમ કહ્યું, પરંતુ એ પ્રમાણે હોય તો સૂત્ર '**कृतप्रयत्नापेक्षस्तु विधिनिषेधावैयर्थ्यादिभ्यः**' એ પ્રમાણે હોત. પરંતુ ભગવાન બાદરાયણે સૂત્રમાં 'વિધિ' 'નિષેધ' શબ્દો ન યોજતાં 'વિહિત' 'પ્રતિષિદ્ધ' શબ્દ યોજ્યા છે અને '**कृतप्रयत्नापेक्षस्तु विहितप्रतिषिद्धावैयर्थ्यादिभ्यः**' એમ સૂત્ર યોજ્યું છે.

પૂ૦ – નિત્યભિન્ન જ જીવ ચેતન હોવાથી, અને અણુ હોઇ એકદેશસ્થાયી
હોવાથી અંશત્વ ઔપચારિક જ છે.

સિ૦ — એમ નથી, કારણ કે મુખ્ય સંભવે ત્યાં ગૌણ અન્યાય્ય છે. સૂત્રકૃત
અંશત્વપ્રસક્ત દૂષણોનો પરિહાર અનુપપન્ન થઈ જાય, અને જીવ સ્વતંત્ર અને

(મધ્વ અને પ્રભાકરના મતથી પૂર્વપક્ષ કરે છે)

પૂર્વપક્ષી—જીવો પરમાત્માથી નિત્ય ભિન્ન જ છે, પરંતુ એ ચેતન અણુ અને એક સ્થલે
માત્ર હૃદયમાં જ રહેનાર હોવાથી એમને પરમાત્માના અંશ કહ્યા છે. તેથી જીવનું અંશપણું
મુખ્ય નથી, પરંતુ ઔપચારિક જ છે.

સિદ્ધાન્તી—એમ નથી. જ્યાંસુધી મુખ્ય અંશપણું સંભવતું હોય ત્યાંસુધી ગૌણ માનવું
ઉચિત નથી. 'હું બહુ થાઉં' અને 'આનો પાદ સર્વ ભૂતો છે' વગેરે શ્રુતિઓથી જીવ બ્રહ્મનો
અંશ મુખ્ય રીતે છે એમ જણાય છે; તેથી અંશપણું ગૌણ સ્વીકારવું ઉચિત નથી.

વળી, જો જીવ પરમાત્માનો મુખ્ય રીતે અંશ ન હોય તો વસ્તુતઃ અંશ હોવાથી જે
દૂષણ ઉદ્‌ભવે તેનો સૂત્રમાં નિરાસ અથવા પરિહાર કર્યો છે તે પણ સંભવે નહિ. આ
દૂષણનો પરિહાર કરવા સૂત્રો યોજેલાં છે : (૧) **प्रकाशादिवन्नैवं परः** (બ્ર. સૂ. ૨-૩-૪૬).
જીવ વસ્તુતઃ ભગવાનનો અંશ હોય, તો 'જેમ પગમાં દુઃખ હોય ત્યારે પુરુષને દુઃખ લાગે છે
તેમ અંશ જીવમાં દુઃખ હોવાથી ભગવાન પણ દુઃખી થાય' એવી શંકાનો નિરાસ કરવા આ
સૂત્ર યોજેલું છે. **परः** અર્થાત્ ભગવાન **एवं** અર્થાત્ એ પ્રકારના એટલે જીવના જેવા પ્રકારના
ભેદબુદ્ધિવાળા **न** નથી. ભગવાનમાં ભેદબુદ્ધિ નથી તેથી ભગવાનને દુઃખ લાગે નહિ. ભેદબુદ્ધિ
હોય ત્યાં જ દુઃખ સંભવે. (૨) **'अनुज्ञापरिहारौ देहसम्बन्धाज्ज्योतिरादिवत्'** (બ્ર.
સૂ. ૨-૩-૪૮). 'ઋતુમાં ભાર્યાગમન કરવું' એ અનુજ્ઞા અથવા રજા, 'ગુરુપત્નીગમન ન કરવું'
એ પરિહાર, એ અનુજ્ઞા અને પરિહાર જીવને દેહના સંબંધથી છે. અગ્નિ ઉદક વગેરેનું
આપણે ગ્રહણ કરીએ છીએ, પરંતુ શબનો અગ્નિ, ચંડાલનું ઉદક વગેરે ગ્રહણ કરતા નથી.
અગ્નિ ઉદક વગેરે અંશીમાં કાંઈ પણ દોષ નથી, પરંતુ શવાગ્નિ, ચંડાલનું ઉદક એમાં શબ અને
ચંડાલના સંબંધથી દોષ છે, તેથી અંશમાં દોષ હોવા છતાં અંશી દોષરહિત છે. એ પ્રમાણે
જીવને દેહના સંબંધથી અનુજ્ઞા પરિહાર વગેરે છે. જીવ દેહના સંબંધથી દોષિત છે, પરંતુ
અંશી ભગવાનમાં દોષ નથી.

કેટલાક આ સૂત્રનું બીજી રીતે વ્યાખ્યાન કરે છે : 'જેમ તેજના અંશો કાલાગ્નિ અને
ખદ્યોત, પૃથ્વીના અંશો મેરુ અને પુરીષ, જલના અંશો અમૃતસમુદ્ર અને મૂત્ર અંશી અને
અંશ છે, પરંતુ એક પ્રકારના નથી, કારણ કે એક દોષરહિત છે અને બીજો દોષવાન છે,
તે જ પ્રમાણે મત્સ્ય વગેરે ભગવાનના સ્વરૂપાંશ છે અને જીવ ભિન્નાંશ છે. મત્સ્ય વગેરે
દોષવાળા નથી, પરંતુ જીવ દોષવાન છે. સ્વરૂપાંશ મત્સ્ય વગેરે, ભિન્નાંશ જીવો, અને ભૂતો
પણ વસ્તુતઃ ભિન્ન છે તોપણ અભિમાની દેવતાના ઐક્યથી એઓનું ઐક્ય છે' વગેરે. પરંતુ
આ વ્યાખ્યાન બરાબર નથી, કારણ કે પૃથ્વી સહન કરનાર હોવાથી દોષના સંબંધવાળી છે.
એ પ્રમાણે એ દૃષ્ટાન્તો વિરુદ્ધ છે. વળી, પૃથ્વી વગેરે અભિમાની દેવતા હોવાથી એઓના
અંશ સાથે એઓને ઐક્ય છે એમ કહ્યું. એ ન્યાયે ભગવાનમાં પણ જીવોની રાશિનું અભિમાનપણું

ભિન્ન હોવાથી તો એક વિજ્ઞાનથી સર્વવિજ્ઞાનપ્રતિજ્ઞા અનુપપન્ન થાય.—'યોગ જ ધર્મ અને પ્રત્યાસત્તિ પેઠે તત્ત્વજ્ઞાનજનિત અલૌકિક ધર્મથી જ સર્વજ્ઞતાની ઉપપત્તિ થશે'—એમ પણ કહેવાય નહિ, કારણ કે 'સૌમ્ય, જેમ એક મૃત્પિંડના (જ્ઞાનથી) સર્વ મૃણ્મયનું જ્ઞાન થાય' (છાં. ૬-૧-૪) ઇત્યાદિ શ્રૌત દૃષ્ટાંત અનુપપન્ન થાય, અને 'સૌમ્ય, અગ્રે આ સત્ જ હતું' (છાં. ૬-૨-૧) એ શ્રુતિનો વિરોધ થાય.

સિદ્ધ થશે, અર્થાત્ ભગવાન પણ જીવોના અભિમાની દેવતા સિદ્ધ થશે. આ સિવાય અન્ય પણ ઘણા દોષ હોવાથી આ વ્યાખ્યાન યોગ્ય નથી.

તેથી જીવ વસ્તુતઃ ઈશ્વરનો અંશ ન હોત તો એવો અંશ હોવાથી જે દૂષણ કલ્પાય તેનો પરિહાર સૂત્રમાં હોત નહિ. વળી, જીવ સ્વતંત્ર ભિન્ન હોય, જીવ ઈશ્વરથી નિત્ય ભિન્ન હોય, તો 'એકના વિજ્ઞાનથી સર્વનું વિજ્ઞાન થાય છે' એ પ્રતિજ્ઞા સિદ્ધ થાય નહિ; જીવ વસ્તુતઃ બ્રહ્મના અંશ હોય તો જ એ પ્રતિજ્ઞા સિદ્ધ થાય.

પૂર્વપક્ષી—જેમ નૈયાયિકો જ્ઞાનપ્રત્યાસત્તિ, સામાન્યપ્રત્યાસત્તિ અને યોગજ ધર્મ એ પ્રમાણે ત્રણ પ્રત્યાસત્તિને જ્ઞાન કરાવનારી માને છે તે પ્રમાણે તત્ત્વજ્ઞાનથી ઉત્પન્ન થતા અલૌકિક ધર્મથી જ સર્વનું જ્ઞાન થાય છે, તેથી યોગજ ધર્મની પેઠે તત્ત્વજ્ઞાનથી ઉત્પન્ન થતી અલૌકિક પ્રત્યાસત્તિ માનવી. એ પ્રત્યાસત્તિથી સર્વનું જ્ઞાન થાય છે અને એ પ્રતિજ્ઞા સિદ્ધ થાય છે.

સિદ્ધાન્તી—ભલે એમ તત્ત્વજ્ઞાનથી ઉત્પન્ન થતી પ્રત્યાસત્તિ માનો, પરંતુ શ્રુતિ 'સૌમ્ય, જેમ એક મૃત્પિંડના જ્ઞાનથી સર્વ મૃણ્મયનું જ્ઞાન થાય' એ પ્રમાણે દૃષ્ટાંત પણ કહે છે. એક મૃત્પિંડના જ્ઞાનથી સર્વ મૃદ્નાં પરિણામોનું જ્ઞાન થાય છે એમ દૃષ્ટાન્તે કહેલું છે. તેથી એ જ પ્રમાણે એકના જ્ઞાનથી સર્વનું જ્ઞાન થવું જોઇએ. અલૌકિક પ્રત્યાસત્તિથી સર્વનું જ્ઞાન થાય તોપણ ઉપર કહેલા દૃષ્ટાન્તની રીતે સર્વનું જ્ઞાન એનાથી થાય નહિ અને દૃષ્ટાન્ત નિરર્થક થઈ જાય.

વળી, 'હે સૌમ્ય, અગ્રે આ સત્ જ હતું' એ શ્રુતિનો પણ વિરોધ થાય છે. આ શ્રુતિ સુબાલ ઉપનિષદમાં પ્રલય પ્રકરણમાં છે. ત્યાં 'અવ્યક્તનો અક્ષરમાં લય થાય છે, અક્ષરનો તમમાં લય છે' ત્યાંસુધી સર્વનો લય કહી, 'તમ પરદેવ સાથે એક થાય છે' એમ કહ્યું છે. 'લય' એટલે શ્લેષ અર્થાત્ વિભાગનો અભાવ. 'તમ પરદેવ સાથે એક થાય છે' અર્થાત્ એઓનો એકીભાવ થાય છે. એઓના સ્વરૂપનું ઐક્ય થાય ત્યારે જ એકીભાવ સંભવે, માત્ર નામ અને રૂપનો વિભાગ થઈ શકે નહિ એવી સ્થિતિને એકીભાવ કહેવાય નહિ; તેથી સર્વનો બ્રહ્મ સાથે એકીભાવ થાય છે, અર્થાત્ સર્વના સ્વરૂપનું ઐક્ય થાય છે. સૃષ્ટિપૂર્વના કાલમાં 'હે સૌમ્ય, અગ્રે આ સત્ જ હતું' એમ કહ્યું છે એમાં પણ 'જ' શબ્દથી બ્રહ્મથી અન્ય સર્વનો નિષેધ કર્યો છે. એ સર્વના સ્વરૂપનું બ્રહ્મ સાથે ઐક્ય હોય, અર્થાત્ સર્વ માત્ર બ્રહ્મ જ હોય તો જ સંભવે. તમારા મતમાં જીવ પરમેશ્વરથી નિત્યભિન્ન હોવાથી એમ સંભવે નહિ, અને શ્રુતિનો વિરોધ થાય.

(ઉપર બ્રહ્મમાંથી જીવનું વ્યુચ્ચરણ થાય છે એમ કહ્યું. વ્યુચ્ચરણને જ ઉત્પત્તિ માની, જીવની ઉત્પત્તિ હોવાથી જીવ નિત્ય હોઈ શકે નહિ અને એના નિત્યત્વનો બાધ થાય એવી શંકા કરે છે.)

જીવનું બ્રહ્મમાંથી વ્યુચ્ચરણ ઉત્પત્તિ નથી.

પૂ૦—'આત્મા નહિ, અશ્રુતિને લીધે; એઓથી નિત્ય છે તેથી' (બ્ર. સૂ. ૨-૩-૧૭) એ તત્ત્વસૂત્રનો વિરોધ થાય છે. આનો અર્થ (નીચે પ્રમાણે છે): આત્મા જીવ ઉત્પન્ન થતો નથી. કેમ? અશ્રુતિથી. 'દેવદત્ત જન્મ્યો' એમ દેહની જ ઉત્પત્તિનું શ્રવણ થાય છે, આત્માની નહિ. વળી, નિત્ય હોવાથી પણ જીવની ઉત્પત્તિ સંભવતી નથી. આનું નિત્યત્વ ક્યાંથી? ત્યાં કહે છે: એમનાથી અર્થાત્ શ્રુતિથી. [તેથી જીવનું વ્યુચ્ચરણ—ઉત્પત્તિ સંભવે નહિ.]

સિ૦—અત્ર એમ જણાય છે. 'જેમ અગ્નિમાંથી ક્ષુદ્ર' (બૃ. ૨-૧-૨૦) ઇત્યાદિ શ્રુતિઓનો વિચાર કરતાં સૂત્રકાર પોતે જ જીવને અંશ કહી પછી ઉત્પત્તિનો નિષેધ કરે છે, તેથી વિસ્ફુલિંગન્યાયથી જીવના વ્યુચ્ચરણને સૂત્રકાર ઉત્પત્તિ તરીકે માનતા નથી, કારણ કે એ સમયે પરિચ્છિન્ન શરીરના અભાવથી, એમાં જીવના આગમનનો પણ અભાવ હોવાથી, એમાં ઉત્પત્તિસ્વરૂપનો પણ અભાવ છે. 'અનિત્યમાં જનન, નિત્ય અને પરિચ્છિન્નમાં સમાગમ, અને નિત્ય અપરિચ્છિન્ન તનુમાં પ્રાકટ્ય એમ એ ત્રણ પ્રકારની છે' (સુ. ૨-૬-૦) એમ કહેલું છે, તેથી અનિત્ય પ્રાણઆદિનો પ્રાદુર્ભાવ જ ઉત્પત્તિ છે તેથી એમની જ ઉત્પત્તિ કહેલી છે. જીવનો બ્રહ્મમાંથી

પૂર્વપક્ષી—'**નાત્માશ્રુતેર્નિત્યત્વાચ્ચ તાભ્યઃ**' 'આત્મા નહિ, અશ્રુતિને લીધે. એઓથી નિત્ય છે' એ સૂત્રનો વિરોધ થાય છે. આ સૂત્રનો અર્થ નીચે પ્રમાણે છે: 'આત્મા' અર્થાત્ જીવ ઉત્પન્ન થતો નથી.–કેમ?–અશ્રુતિને લીધે. જીવ ઉત્પન્ન થાય છે એમ કોઈ શ્રુતિ કહેતી નથી. 'દેવદત્ત જન્મ્યો' વગેરે વાક્યમાં આત્માની અથવા જીવની ઉત્પત્તિ કહી નથી, પરંતુ દેહની ઉત્પત્તિ જ કહેલી છે. વળી નિત્ય હોવાથી એની ઉત્પત્તિ સંભવતી નથી. શ્રુતિઓ આત્મા નિત્ય છે એમ કહે છે. 'નિત્યોના નિત્ય' વગેરે શ્રુતિઓ આત્માને નિત્ય જ કહે છે. આત્મા નિત્ય હોવાથી એની ઉત્પત્તિ સંભવતી નથી; તેથી તમે વ્યુચ્ચરણ કહ્યું તે સંભવતું નથી.

સિદ્ધાન્તી—અહીં સત્ય નીચે પ્રમાણે જણાય છે. સૂત્રકાર 'જેમ અગ્નિમાંથી ક્ષુદ્ર' વગેરે શ્રુતિનો વિચાર કરતાં જીવ બ્રહ્મનો અંશ છે એમ કહે છે, અને પછી '**નાત્માશ્રુતેઃ**' વગેરે સૂત્રથી જીવની ઉત્પત્તિ નથી એમ કહે છે, તેથી વિસ્ફુલિંગની પેઠે જીવનું બ્રહ્મમાંથી વ્યુચ્ચરણ થાય છે તે ઉત્પત્તિ નથી એમ સૂત્રકાર માને છે. વ્યુચ્ચરણ ઉત્પત્તિ હોઈ શકે નહિ, કારણ કે વ્યુચ્ચરણસમયે પરિચ્છિન્ન અર્થાત્ અમુક હદવાળા કદવાળું શરીર ન હતું. વળી, એ સમયે એવા શરીરમાં જીવનું આગમન પણ થતું નથી, તેથી શરીરમાં જીવનું આગમન નહિ હોવાથી, ઉત્પત્તિ થઈ એમ કહી શકાય નહિ. પ્રાચીનોનો પણ જીવના વ્યુચ્ચરણને ઉત્પત્તિ કહેવાય નહિ એવો મત છે. 'અનિત્યમાં જનન, નિત્ય અને પરિચ્છિન્નમાં સમાગમ, અને નિત્ય અપરિચ્છિન્ન તનુમાં પ્રાકટ્ય એમ એ ત્રણ પ્રકારની છે' એમ પ્રાચીનો કહે છે. અનિત્ય પ્રાણ વગેરેનો પ્રાદુર્ભાવ 'સમાગમ' અથવા 'ઉત્પત્તિ' કહેવાય છે. નિત્ય અને પરિચ્છિન્ન પદાર્થ જેવા કે જીવ વગેરેનો પ્રાદુર્ભાવ 'સમાગમ' કહેવાય. સમાગમ અર્થાત્ સમ્યક્ આગમ, સમ્યક્ આગમન. નિત્ય અને અપરિચ્છિન્ન પદાર્થ, જેવા કે બ્રહ્મ, એઓનો પ્રાદુર્ભાવ 'પ્રાકટ્ય' કહેવાય છે. એ માત્ર ઇચ્છાથી થાય છે. જીવોનો બ્રહ્મમાંથી વ્યુચ્ચરણથી વિભાગ થાય છે ત્યારે પણ એમનાં સ્વરૂપ અને ધર્મનો અન્યથાભાવ થયેલો નહિ હોવાથી,

વિભાગ અને બ્રહ્માંશત્વ વાચ્ય હોવાથી, ઉભયની દુર્બોધતા જાણનાર શ્રુતિ,—અંશત્વ, અંશીમાંથી વિભાગવત્ત્વ, અણુત્વ, અંશીનું અંશથી મહત્ત્વ, અંશની પુનઃ અંશીમાં પ્રવેશયોગ્યતા, પ્રવેશ થયા પછી અભેદપ્રતીતિવિષયતા, અને પુનઃ નિર્ગમનયોગ્યતા અગ્નિવિસ્ફુલિંગમાં પ્રસિદ્ધ છે, તેથી સર્વ ધર્મના બોધના સૌકર્યાર્થ અગ્નિવિસ્ફુલિંગના દૃષ્ટાંતથી એ (ધર્મ) કહે છે. પ્રકૃતમાં પણ એમ દૃશ્યમાન થાય છે. બ્રહ્મનું જીવથી મહત્ત્વ એ 'પરન્તુ ભેદનિર્દેશને લીધે અધિક' (બ્ર. સૂ. ૨-૧-૨૨) એમ કહેલું છે. 'બ્રહ્મ જ થઇ બ્રહ્મ પ્રાપ્ત કરે છે' (બૃ. ૪-૪-૬) એમ પુનઃ પ્રવેશ પણ કહેલો છે. ભગવાને કહેલાં સાધન કરવાથી સંતુષ્ટ ભગવાનથી આનંદનું પ્રાકટ્ય થવાથી, સ્વગુણસ્વરૂપૈશ્વર્યઆદિનું પ્રાકટ્ય થવાથી બ્રહ્મભાવ થાય છે. 'આમાં આના તદ્યોગનું શાસન કરે છે' (બ્ર. સૂ. ૧-૧-૧૮) એ સૂત્રથી આ જ કહેલું છે. આમાં આનંદમય બ્રહ્મમાં આનો જીવનો તદ્યોગ, તદ્રૂપનો યોગ બ્રહ્મભાવ આપન્નની પ્રાપ્તિ ફલ તરીકે કહે છે એવો આનો અર્થ છે. 'બ્રહ્મભૂત શાંતઆત્માવાળો સર્વ ભૂતમાં સમ શોક કરતો નથી, આકાંક્ષા રાખતો નથી' (ભ. ગી. ૧૮-૫૪) ઈત્યાદિ કહી ભક્તિનો લાભ થયા પછી 'પછી એમાં પ્રવેશ કરે છે' (ભ. ગી. ૧૮-૫૫)

એમની ઉત્પત્તિ થઈ એમ કહેવાય નહિ. જીવો બ્રહ્મમાંથી વ્યુચ્ચરે છે, અને બ્રહ્મના અંશ છે એમ કહેવાનો વ્યુચ્ચરણશ્રુતિનો અભિપ્રાય છે. જીવોનાં વ્યુચ્ચરણ અને અંશપણું ઉભયનો બોધ કરવો અતિ કઠિન છે એમ પણ શ્રુતિ જાણે છે, તેથી (૧) અંશપણું, (૨) અંશીમાંથી અંશનો વિભાગ થાય છે એ, (૩) અંશપણું, (૪) અંશી અંશથી મહાન હોય છે એ, (૫) અંશ પુનઃ અંશીમાં પ્રવેશ કરવા યોગ્ય છે એ, (૬) અંશ અંશીમાં પ્રવેશ કરે ત્યાર પછી એમના અભેદની પ્રતીતિ થાય છે એ, (૭) અંશ અંશીમાં પ્રવેશ કર્યા પછી, પુનઃ નિર્ગમન કરવા યોગ્ય છે, એ સર્વ ધર્મ અગ્નિ અને વિસ્ફુલિંગમાં પ્રસિદ્ધ છે; તેથી સર્વ ધર્મનો બોધ સહેલથી થાય તે માટે શ્રુતિ અગ્નિ અને વિસ્ફુલિંગનું દૃષ્ટાન્ત કહે છે. આ સર્વ ધર્મ જીવમાં પણ છે. અગ્નિ અંશી છે ને વિસ્ફુલિંગ અંશ છે તેમ બ્રહ્મ અંશી છે ને જીવ અંશ છે. ઉપર કહેલા સાતે ધર્મ જીવમાં રહેલા છે: (૧) જીવ બ્રહ્મનો અંશ છે અને (૨) અંશી બ્રહ્મમાંથી અંશ જીવનો વિભાગ વ્યુચ્ચરણથી થાય છે એમ પ્રથમ સિદ્ધ કર્યું છે; (૩) જીવ અણુ છે એમ આગળ સિદ્ધ કરીશું; (૪) અંશી બ્રહ્મ અંશ જીવ કરતાં મહત્ છે. 'પરંતુ ભેદનિર્દેશને લીધે અધિક' એ બ્રહ્મસૂત્ર પણ બ્રહ્મ જીવથી અધિક અથવા મહત્ છે એમ કહે છે (૫) અંશી બ્રહ્મમાં અંશ જીવ પુનઃ પ્રવેશ કરવા યોગ્ય છે. 'બ્રહ્મ જ થઈ બ્રહ્મ પ્રાપ્ત કરે છે' એ શ્રુતિ પણ જીવ બ્રહ્મમાં પુનઃ પ્રવેશ કરે છે એમ કહે છે. જીવ ભગવાને શ્રીમદ્‌ભગવદ્‌ગીતા તથા શ્રીમદ્‌ભાગવતના એકાદશ સ્કંધમાં કહેલાં સાધનો કરે ત્યારે ભગવાન સંતુષ્ટ થાય છે અને જીવમાં ભગવદ્‌ગુણ સ્વરૂપૈશ્વર્ય વીર્ય વગેરેનું પ્રાકટ્ય કરે છે, તેથી જીવ બ્રહ્મભાવ પામે છે એમ જાણવું. આ પણ 'આમાં આના તદ્યોગનું શાસન કરે છે' એ બ્રહ્મસૂત્રમાં કહેલું છે. 'આમાં' અર્થાત્ આનંદમય બ્રહ્મમાં. 'આનો' અર્થાત્ જીવનો. 'તદ્યોગ' અર્થાત્ તદ્રૂપનો યોગ અથવા બ્રહ્મભાવની પ્રાપ્તિ. 'શાસન કરે છે' અર્થાત્ ફલરૂપે કહે છે. તેથી જીવને બ્રહ્મભાવ ફલ તરીકે પ્રાપ્ત થાય છે. તેથી જીવ બ્રહ્મભાવ પામે છે. વિજયરથકુટુંબ શ્રીદેવકીપુત્ર પણ શ્રીમદ્‌ભગવદ્‌ગીતામાં 'બ્રહ્મભૂત શાંતઆત્માવાળો સર્વભૂતમાં સમ શોક કરતો નથી, આકાંક્ષા રાખતો નથી' એમ

એમ વિજયરથકુટુંબ શ્રીદેવકીપુત્રે આ જ કહ્યું છે. પ્રવેશ પછી અભેદપ્રતીતિ પણ શ્રુતિ જ કહે છે, કારણ કે સર્વનો સાક્ષાત્ અથવા પરમ્પરાભેદથી ભગવાનમાં જ લય છે તેથી મોક્ષસ્થાન જ છે એમ નિરૂપણ કરવા, 'જેમ સર્વ જલનું એક અયન સમુદ્ર જ છે' (બૃ. ૨-૪-૧૧) એમ ઉપક્રમ કરી, 'વાણી એક અયન છે' ત્યાંસુધી દૃષ્ટાંત માટે નિરૂપણ કરી, 'જેમ જલમાં નાખેલો સૈન્ધવનો કટકો જલમાં જ લય પામે છે' ઇત્યાદિથી લયદૃષ્ટાન્તનું નિરૂપણ કરી, 'વિજ્ઞાનઘન આ ભૂતોમાંથી ભોક્તૃભાવ પ્રાપ્ત કરી, એઓના વિનાશ પછી ભોક્તૃભાવનો ત્યાગ કરે છે' 'મુક્તિ પછી સંજ્ઞા નથી' (બૃ. ૨-૪ ૧૨) એમ લયનું નિરૂપણ કરી, એનું નિરૂપણ કરવા 'જ્યાં દ્વૈત જેવું હોય ત્યાં એકબીજાને જુએ' એમ ઉપક્રમ કરી 'વિજ્ઞાતાને અરે કોનાથી જાણે' (બૃ. ૨-૪-૧૪) ત્યાંસુધી લયાવસ્થામાં લીન (જીવની) પોતામાં ભગવાનથી ભિન્ન તરીકે પ્રતીતિ નથી, એમ (શ્રુતિએ) નિરૂપણ કર્યું છે.' ગતિસામાન્યને લીધે' (બ્ર. સૂ. ૧-૧-૯) એમ સૂત્રકાર પણ આ જ અર્થ કહે છે. 'ગતિ' અર્થાત્ મોક્ષ. સમાનનો ભાવ સામાન્ય તેથી, મોક્ષમાં જીવ અને બ્રહ્મ અભિન્ન છે તેથી, અભિન્ન તરીકે જ (એમનું) નિરૂપણ છે તેથી, એવો અર્થ છે; તેથી આદિ મધ્ય અને અવસાનમાં શુદ્ધ બ્રહ્મ જ ઉપાદાન હોવાથી સર્વ વેદનો બ્રહ્મમાં સમન્વય છે, એમ ફલિત થાય છે. સ્વકીય અવતારસમયે ક્રીડા માટે સાક્ષાત્ યોગ્ય એ જ હોય છે તથા એમનો પણ અવતાર કરાવે છે, એ પુનર્નિગમનયોગ્યતા. આ જ 'મુક્તોપસૃપ્યવ્યપદેશના લીધે' (બ્ર. સૂ. ૧ ૩-૨)

કહી ભક્તિ પ્રાપ્ત કર્યા પછી 'પછી એમાં પ્રવેશ કરે છે' એમ કહે છે. તેથી જીવ પુનઃ બ્રહ્મમાં પ્રવેશ કરવા યોગ્ય છે. (૬) જીવનો બ્રહ્મમાં પ્રવેશ થયા પછી જીવ અને બ્રહ્મના અભેદની પ્રતીતિ થાય છે એમ શ્રુતિ પણ કહે છે. 'જેમ સર્વ જલનું એક અયન સમુદ્ર જ છે' એમ આરંભ કરી, 'વાણી એક અયન છે' ત્યાંસુધી દૃષ્ટાંત માટે નિરૂપણ કરી, 'જેમ જલમાં નાખેલો સૈન્ધવનો કટકો જલમાં લય પામે છે' વગેરેથી લયનું દૃષ્ટાન્ત કહે છે અને 'મુક્તિ પછી સંજ્ઞા (ભોગ કરવા માટે અમુક જ્ઞાન) નથી' એમ લયનું નિરૂપણ કરે છે. ત્યાર પછી 'વિજ્ઞાતાને અરે કોનાથી જાણે?' એમ શ્રુતિ ભગવાનમાં લય પામેલા જીવની પોતામાં ભગવાનથી ભિન્ન તરીકે પ્રતીતિ નથી એમ નિરૂપણ કરે છે; તેથી સમસ્ત શ્રુતિનો એવો અભિપ્રાય જણાય છે કે સાક્ષાત્ અથવા પરંપરાના ભેદથી સર્વનો ભગવાનમાં જ લય થાય છે, અને તેથી મોક્ષનું સ્થાન ભગવાન જ છે. '**गतिसामान्यात्**' એ સૂત્રમાં સૂત્રકાર પણ આ જ અર્થનું નિરૂપણ કરે છે. **गतिः** અર્થાત્ મોક્ષ. સમાનનો ભાવ એ 'સામાન્ય.' અર્થાત્ મોક્ષ સમયે જીવ અને બ્રહ્મમાં સમાનનો ભાવ છે. જીવને મોક્ષ પ્રાપ્ત થાય ત્યારે બ્રહ્મ અને જીવ અભિન્ન છે. મોક્ષાવસ્થામાં જીવનું બ્રહ્મથી અભિન્ન તરીકે જ નિરૂપણ કરેલું છે, તેથી આદિ મધ્ય અને અંત સર્વેમાં શુદ્ધ બ્રહ્મ જ ઉપાદાનકારણ છે; તેથી સર્વેવેદનો બ્રહ્મમાં જ સમન્વય છે એમ સિદ્ધ થાય છે. આ પ્રમાણે મોક્ષાવસ્થામાં જીવ બ્રહ્મથી અભિન્ન છે. (૭) પરંતુ ભગવાન જ્યારે અવતાર ધારણ કરે ત્યારે ભગવાનની ક્રીડામાં સાક્ષાત્ યોગ્ય જીવ એ જ હોવાથી એમને પણ ભગવાન અવતાર ધારણ કરાવે છે. ભગવાન અવતાર ધારણ કરે ત્યારે એમની સાથે સાક્ષાત્ ક્રીડા કરવા મોક્ષ પ્રાપ્ત

એ સૂત્રથી કહેલું છે. 'એ પુનઃ આવતો નથી' 'અનાવૃત્તિ, શબ્દને લીધે' એ (બ્ર. સૂ. ૪-૪-૨૨) શ્રુતિઓ ન્યાયનો વિરોધ પણ નથી, કારણ કે એ પ્રમાણમાર્ગનાં છે, અને પુષ્ટિમાર્ગમાં અંગીકાર કરેલાને ભગવાન આ (પુનઃ આવૃત્તિ) કરે છે; નહિતો, મર્યાદામાં પ્રવેશપર્યન્ત જ (છે), કારણ કે એ અતિશય અનુગ્રહવિશેષથી જ સાધ્ય હોવાથી અતિદુર્લભ છે. 'ભગવાન મુકુંદ ભજન કરનારને કદાચ મુકિતનું દાન કરે છે, પણ ભકિતયોગનું નહિ' (ભા. ૫-૬-૧૮) એમાં આ કહેલું છે. વળી, શ્રુતિ સંસારમાં પુનઃ અનાવૃત્તિ કહે છે, કારણ કે પછી એમને સંસાર નથી. વળી, મુકતો પણ લીલાવિગ્રહ (ધારણ) કરી ભજે છે' એવું વાકય છે. ચિરકાલથી વાવેલા અને સમુદિત થયેલા પ્રાચીન નિરતિશય કૃપાફલના સારભૂત નિજ ચરણકમલાનુરાગના વિલાસની અભિલાષારૂપ બીજવાળી, પછી નિજપરિજનના નિરોધથી પ્રિયાવલોકનના નિમિત્ત માટે પ્રતિક્ષણ કરેલાં વિવિધ વ્યાજથી જનિત ગતાગતથી કર્ષિત થયેલી, પછી દિવસે પ્રિયના વનગમનથી જનિત વિરહરૂપી તરણિતાપથી

કર્યા પછી પણ જીવ અવતાર ધારણ કરે છે, અને તેથી જ એ ભગવાનમાંથી પુનઃ નિર્ગમન કરવા યોગ્ય છે. આ જ અર્થનું **'मुक्तोपसृप्यव्यपदेशात्'** સૂત્રમાં પ્રતિપાદન કરેલું છે. 'એ પુનઃ આવતો નથી' એ શ્રુતિ અને 'અનાવૃત્તિ, શબ્દને લીધે' એ બ્રહ્મસૂત્રનો વિરોધ થશે એવી શંકા કરવી નહિ, કારણ કે એ શ્રુતિ અને બ્રહ્મસૂત્ર પ્રમાણમાર્ગ માટે છે, પરંતુ આ ભગવાનમાંથી પુનર્નિર્ગમન યોગ્ય થવું એ સાતમો પુષ્ટિભક્તિનો જ ગુણ છે. પુષ્ટિમાર્ગમાં જે જીવોનો અંગીકાર કર્યો હોય તેમને જ ભગવાન પુનઃ સાક્ષાત્ક્રીડા માટે નિર્ગમનયોગ્ય કરે છે. મર્યાદામાર્ગમાં પ્રવેશ પર્યંત પ્રથમના છ ગુણો જ છે. સાતમો પુનર્નિર્ગમનયોગ્ય હોવાનો ગુણ ભગવાનના અતિશય અનુગ્રહથી જ સાધ્ય છે, અન્ય કોઈ પણ ઉપાયથી એ પ્રાપ્ત થતો નથી. 'ભગવાન મુકુંદ ભજન કરનારને કદાચ મુક્તિનું દાન કરે છે, પણ ભક્તિયોગનું નહિ' એમ શ્રીમદ્ભાગવતમાં પણ આ જ અર્થનું નિરૂપણ કરેલું છે. વળી, 'એ પુનઃ આવતો નથી' એ શ્રુતિ મુક્ત જીવ પુનઃ સંસારમાં આવતો નથી એમ જ કહે છે, કારણ કે જીવને મુક્તિ પ્રાપ્ત થયા પછી પુનઃ સંસાર પ્રાપ્ત થતો નથી. ભક્તો ભગવાનમાંથી પુનઃ નિર્ગમન કરે છે, પરંતુ સંસારમાં આવતા નથી. 'મુકતો પણ લીલાવિગ્રહ ધારણ કરી ભજે છે' એવું વાકય હોવાથી મુકતોનું ભગવાનમાંથી નિર્ગમન થાય છે, પરંતુ એ સંસારમાં આવતા નથી; સ્વેચ્છાથી ભગવાનનું ભજન કરવા માટે જ એ શરીર ધારણ કરે છે. આ ભગવાનમાંથી નિર્ગમનયોગ્ય હોવાનો સાતમો ગુણ ભગવાનની અતિશય કૃપાથી જ સાધ્ય છે. નવજલદ અર્થાત્ નવા વાદળાંરૂપી શ્રીમન્નંદરાજકુમાર શ્રીકૃષ્ણચંદ્રે ગોપિકાઓરૂપી ભૂમિમાં નિજ આનન્દની સુધાનો વરસાદ વરસાવ્યો તેથી એ સર્વત્ર એવો વરસાદ વરસાવશે એમ કહી શકાય નહિ, અર્થાત્ ગોપિકાઓ પર શ્રીકૃષ્ણ ચંદ્રે અતિશય અનુગ્રહ કર્યો તેવો અનુગ્રહ સર્વ પર કરશે એમ કહી શકાય નહિ. ગોપિકારૂપી ભૂમિમાં ઘણા લાંબા સમયથી વાવેલાં અને એકત્ર થયેલાં પ્રાચીન અતિશય કૃપાના સાર જેવાં ભગવાનનાં ચરણકમલમાં અનુરાગના વિલાસરૂપી અભિલાષા એ બીજ હતાં. એ ભૂમિ પોતાના શ્વસુર વગેરે પરિજનના નિરોધથી પ્રિય ભગવાનના દર્શનના નિમિત્ત માટે ક્ષણે ક્ષણે કરેલાં વ્યાજ(બહાનાં)થી ઉત્પન્ન થયેલાં ગમન

તપતાં અંતઃકરણરૂપી કેદારવાળી, પછી નિશામુખે પ્રિયના આગમનથી સંપન્ન થયેલાં ઇષ્ટાવલોકનરૂપી સેચનથી ઉત્પન્ન થયેલાં હસિતથી વલિત થયેલાં વિવશ અને તરલતાથી રુચિર વિલોચનયુગલથી વિદિત થયેલા, વિવિધ નિરવધિ રસભાવરૂપી અંકુરોવાળી, અને પછી અતિવિપુલ કલિંદજાના પુલિનરૂપી નભોવલયમાં થતા નિજ મુરલિકાના કલનિનદરૂપી ગર્જિતથી આનંદિત થયેલી કોઈ ભૂમિમાં જ શ્રીમન્નન્દરાજકુમારરૂપી નવજલદે નિજાનંદરૂપી સુધાની વૃષ્ટિ કરી, તેથી સર્વત્ર એવી જ રીતે વૃષ્ટિ કરશે એમ જાણી શકાય નહિ. મર્યાદાથી એનું ભજન એ જ સર્વનું કર્તવ્ય સિદ્ધ છે. એનાથી જ સર્વ (થાય છે) એમ જાણવું. દશમસ્કંધના વિવરણમાં[1] મૃત્સ્નાભક્ષણ વરદાનાર્થ આગમન આદિ સ્થલે પિતૃચરણે જ આનું સ્ફુટ નિરૂપણ કરેલું હોવાથી વિસ્તારની શી જરૂર? અથવા જીવત્વ વગેરે પેઠે અંશત્વ પણ શ્રુતિએ નિરૂપણ કરેલો જીવનો એક પૃથક્

અને આગમનથી કર્ષિત થયેલી હતી. વળી, એ ભૂમિમાં દિવસે પ્રિય ભગવાનના વન પ્રતિ ગમનથી ઉત્પન્ન થયેલા વિરહરૂપી સૂર્યના તાપથી તપતા અંતઃકરણરૂપી કેદારો હતા. વળી, ત્યારપછી સંધ્યા સમયે પ્રિય ભગવાન વનમાંથી આવતા તેથી ઇષ્ટનાં થતાં દર્શનરૂપી સેચનથી ઉત્પન્ન થયેલાં હસિતથી વલિત થયેલાં, વિવશ, તરલ અને તેથી રુચિ ઉત્પન્ન કરે તેવાં વિલોચન અથવા નયનના યુગલથી જણાયેલા વિવિધ નિરવધિ રસભાવરૂપી અંકુરો એ ભૂમિમાં હતા. ત્યારપછી અતિવિપુલ શ્રીયમુનાજીના પુલિનના નભોવલયમાં થતી ભગવાનની મુરલિકાના મધુર નાદરૂપી ગર્જનાથી એ ભૂમિને આનંદ થતો હતો. એવી કોઈ અલ્પ ભૂમિમાં શ્રીમન્નંદરાજકુમારે નિજ આનંદની સુધાનો વરસાદ વરસાવ્યો, તેથી એ સર્વ ભૂમિમાં એવો વરસાદ વરસાવે એમ કહી શકાય નહિ. જ્યાં અતિશય અનુગ્રહ હોય ત્યાં જ એ સંભવે છે.

પૂર્વપક્ષી—(ભગવાનના અનુગ્રહથી જ આ ફલની પ્રાપ્તિ થતી હોય, એ પ્રાપ્ત કરવાનાં સાધન કાંઈપણ ન હોય, 'નિઃસાધન અર્થાત્ સાધનરહિતના ફલરૂપ ભગવાન ગોકુલમાં પ્રાદુર્ભાવ પામ્યા' એ નિબંધવાક્ય પ્રમાણે સાધન વિના ફલની પ્રાપ્તિ થતી હોય, તો સાધન માટે યત્ન કરવો જોઈએ નહિ એમ સિદ્ધ થાય.)

સિદ્ધાન્તી—મર્યાદાથી ભગવાનનું ભજન કરવું એ સર્વે જીવોનું કર્તવ્ય છે એમ સર્વત્ર બ્રહ્મસૂત્રભાષ્યમાં પણ કહેલું છે. ભગવાન કેવલ અનુગ્રહથી ફલ આપે છે, પરંતુ મર્યાદાથી ભગવાનનું ભજન કરવું એ સર્વ જીવોનું કર્તવ્ય છે. ભગવાનના ભજન વિના જીવોનું અન્ય કર્તવ્ય નથી. ભજનથી ભક્તના સર્વ મનોરથ સિદ્ધ થાય છે. મુક્ત જીવનું પણ ભગવાનની ક્રીડા માટે ભગવાનમાંથી નિર્ગમન થાય છે અને વિશેષ અનુગ્રહ હોય તેનું જ આ પ્રમાણે નિર્ગમન થાય છે, એ સર્વનું દશમસ્કંધની સુબોધિનીજીમાં મૃત્સ્નાભક્ષણ વરદાનાર્થ—આગમન વગેરે પ્રસંગે શ્રીમદાચાર્યચરણે નિરૂપણ કરેલું છે, તેથી અહીં વિશેષ વિસ્તાર કરતા નથી.

અથવા, શ્રુતિ જેમ જીવમાં જીવત્વ ધર્મનું પ્રતિપાદન કરે છે તેમ અંશત્વ એ પૃથગ્ધર્મનું પ્રતિપાદન કરે છે, તેથી જ સ્મૃતિ અને સૂત્રમાં જીવને 'અંશ' કહેલો છે. શ્રુતિમાં 'પાદ' કહેલો છે, પરંતુ 'અંશ' અને 'પાદ' ઉભય શબ્દમાં સંદેહ રહે છે. પુત્ર, પત્ની, ખંડ અથવા અવયવ, શિષ્ટ વસ્તુનો એકદેશ, અને રાશિનો એકદેશ એ સર્વને માટે

૧. સુબોધિનીજીની ટીકામાં.

ધર્મ છે, તેથી કાંઇ અનુપપત્તિ નથી.

પૂ૦—પૂર્ણ પુરુષોત્તમમાં જીવના પ્રવેશનું નિરૂપણ થઇ શકે નહિ, કારણ કે પ્રવેશ બહિઃસ્થના અન્તર્ગમનરૂપ છે, અને પ્રવેશ અને નિર્ગમન પરિચ્છિન્ન પદાર્થમાં જ સંભવે, તેથી બ્રહ્મ અપરિચ્છિન્ન હોવાથી એનો સંભવ નથી.

બ્રહ્મ અપરિચ્છિન્ન હોવા છતાં એમાં જીવનો પ્રવેશ અને એમાંથી નિર્ગમન થાય છે.

સિ૦—હંત, એમ જીવનાં વિભાગ અંશત્વ આદિનું પણ નિરૂપણ કરી

'અંશ' શબ્દ યોજાય છે. પત્ની માટે પ્રસિદ્ધ રીતે 'અંશ' શબ્દ યોજાતો નથી, પરંતુ 'જે પત્ની છે તે આત્માનો અર્ધ છે' 'એણે આત્માને દ્વિધા કર્યો તેથી પતિ અને પત્ની થયાં' એ શ્રુતિઓથી પત્ની માટે પણ 'અંશ' શબ્દ યોજાય છે એમ સિદ્ધ થાય છે. 'પાદ' શબ્દ પણ અવયવ અને એક દેશ માટે યોજાય છે, તેથી શ્રુતિમાં 'પાદ' અને સ્મૃતિ તથા સૂત્રમાં જીવ માટે 'અંશ' શબ્દ કયા અર્થમાં યોજ્યા છે એમ સંદેહ થાય છે. એક દેશ અને અવયવ એ એમાંથી ગમે તે અર્થનું ગ્રહણ કરીએ તોપણ લક્ષણાદોષ પ્રાપ્ત થતો નથી, પરંતુ શ્રુતિમાં 'ઊર્ણનાભિ તંતુથી વ્યુચ્ચરે છે' 'જેમ અગ્નિમાંથી ક્ષુદ્ર વિસ્ફુલિંગ વ્યુચ્ચરે છે' એમ એ દૃષ્ટાન્તથી જીવ બ્રહ્મમાંથી વ્યુચ્ચરે છે એમ કહ્યું છે. શ્રીમદ્‌ભાગવતમાં પણ દ્વિતીયસ્કંધમાં સૃષ્ટિપ્રકરણમાં ઊર્ણનાભિનું જ દૃષ્ટાન્ત આપેલું છે, તેથી 'અંશ' શબ્દનો અર્થ વ્યુચ્ચરણયોગ્ય જ છે એમ માનવું જોઇએ. વળી, જીવને શ્રુતિ નિત્ય કહે છે, તેથી એને અનુસરી આ અંશ અવિકૃતસ્વરૂપવાળો જ છે એમ માનવું જોઈએ. આ પ્રમાણે વ્યુચ્ચરણયોગ્ય અને અવિકૃતસ્વરૂપવાળો અંશ ખંડ અથવા અવયવરૂપ જ છે, નિત્યભિન્ન હોઈ શકે નહિ. 'હું બહુ થાઉં' એવી ઇચ્છાથી ભગવાન બહુ થયા, અને 'પ્રજનન કરું' એવી ઇચ્છાથી પૂર્વે જણાવ્યું તેમ વૈચિત્ર્ય થયું. આ વૈચિત્ર્ય સંપાદન કરવા ભગવાને જેમ જીવમાં જીવત્વ અણુત્વ વગેરે ધર્મો મૂક્યા છે તે જ પ્રમાણે 'અંશત્વ' એ પણ પૃથક્ ધર્મ મૂકેલો છે.

ઉપર પ્રમાણે હોવાથી, અભેદ વાસ્તવિક છે અને ભેદ ઔપાધિક છે એવા ભાસ્કરાચાર્યના મતનું પણ ખંડન થઈ જાય છે, કારણ કે ભેદ પણ સ્વાભાવિક સિદ્ધ થાય છે તો એને ઔપાધિક કહેવાનું કાંઈ કારણ નથી. આ પ્રમાણે જીવ બ્રહ્મનો અંશ છે એમ સમર્થન કરવાથી જીવ અને બ્રહ્મનું તાદાત્મ્ય પણ દૃઢ થાય છે; તેથી આ મતમાં કાંઈ પણ અનુપપત્તિ નથી.

(પુનઃ માયાવાદી અને ભટ્ટના મતથી શંકા કરે છે.)

પૂર્વપક્ષી—પૂર્ણપુરુષોત્તમમાં જીવના પ્રવેશનું નિરૂપણ કરી શકાય નહિ. જીવ પૂર્ણ પુરુષોત્તમમાં પ્રવેશ કરે છે એમ કહી શકાય નહિ, કારણ કે બહારના પદાર્થનું અંદર જવું એને પ્રવેશ કહે છે. ઉભય પદાર્થ અર્થાત્ પ્રવેશ કરનાર અને એ જેની અંદર પ્રવેશ કરે છે તે પરિચ્છિન્ન અથવા હદવાળા હોય તો જ પ્રવેશ સંભવે. પ્રવેશ પહેલાં પ્રવેશ કરનાર જેની અંદર એ પ્રવેશ કરનાર છે તેની બહાર હોવો જોઈએ, તેથી જીવ બ્રહ્મની બહાર હોવો જોઈએ; પરંતુ બ્રહ્મ વિભુ હોવાથી સર્વત્ર છે, તેથી જીવ એની બહાર હોઈ શકે નહિ. બ્રહ્મ અપરિચ્છિન્ન અથવા હદવિનાનું હોવાથી જીવ બ્રહ્મની બહાર હોઈ શકે નહિ; તેથી જીવનો બ્રહ્મમાં પ્રવેશ પણ સંભવતો નથી.

શકાય નહિ--'એનો તો શ્રુતિન્યાયથી નિર્ણય થયો છે'--(એ) તુલ્ય (છે). વસ્તુતઃ જેમ સર્વતઃ પાણિ પાદ અને અંતનું શ્રુતિ બ્રહ્મમાં નિરૂપણ કરે છે તેમ પ્રવેશ અને નિર્ગમ કહેલા હોવાથી અન્તસ્ત્વ અને બહિષ્ટ્વ પણ ત્યાં છે એમ માનવું. એમ હોવાથી જેમ આ તેમ પ્રવેશ નિર્ગમન પણ (છે) તેથી ઉક્ત અનુપપત્તિ નથી. વળી, ઉપાધિપક્ષમાં પ્રવેશ વધારે અસંગત છે. એ સમયે ઉપાધિના નાશનો અંગીકાર કરેલો હોવાથી પ્રવેશ કોનો થાય? 'શ્રુતિ પ્રવેશનું નિરૂપણ કરે છે એ સત્ય, પરન્તુ અયોગ્યતાજ્ઞાનને લીધે, આ વાકયના અર્થનો બોધ જ સંભવતો નથી'--અત્ર આ વિચારવાનું છે. દોષ શબ્દગત અથવા શ્રોતૃગત હોય.

સિદ્ધાન્તી—અરે, એ જ પ્રમાણે જીવનો બ્રહ્મમાંથી વિભાગ થાય છે, જીવ બ્રહ્મનો અંશ છે, એ વગેરે અન્ય ગુણ પણ જીવમાં છે એમ કહી શકાય નહિ.

પૂર્વપક્ષી—એ ગુણો જીવમાં છે એમ શ્રુતિથી નિર્ણય કર્યો છે, તેથી એમાં શંકા કરવાનું કારણ નથી; પરંતુ જીવ બ્રહ્મમાં પ્રવેશ કરે એ સંભવતું નથી.

સિદ્ધાન્તી—જેમ એ ગુણો જીવમાં છે એમ શ્રુતિથી નિર્ણય થાય છે, તેમ જ જીવ બ્રહ્મમાં પ્રવેશ કરે છે એમ પણ શ્રુતિથી જ નિર્ણય થાય છે. તેથી 'જ્યાં ઉભયનો દોષ સમાન હોય, અથવા ઉભયના દોષનો પરિહાર સમાન હોય, ત્યાં એવા અર્થનો વિચાર કરવામાં કોઈ નિંદાપાત્ર નથી' એ ન્યાયથી જીવ બ્રહ્મમાં પ્રવેશ કરે છે એમ સ્વીકારવામાં કાંઈ ક્ષતિ નથી.

વસ્તુતઃ જેમ બ્રહ્મને સર્વતઃ પાણિ પાદો અને અંતો છે એમ શ્રુતિને લીધે સ્વીકારીએ છીએ, તેમ જ એને અંતસ્ત્વ અને બહિષ્ટ્વ પણ છે એમ, શ્રુતિ પ્રવેશ અને નિર્ગમનું વર્ણન કરે છે તેથી, સ્વીકારવું જોઇએ. તેથી જેમ બ્રહ્મમાં અંતસ્ત્વ અર્થાત્ અંદરપણું અને બહિષ્ટ્વ અર્થાત્ બહારપણું એમાં પ્રવેશ અને નિર્ગમ પણ હોવાથી છે. આ પ્રમાણે માનવાથી કાંઈ અનુપપત્તિ રહેતી નથી.

વળી, જીવ બ્રહ્મની ઉપાધિ છે એમ તમે માનો છો. મોક્ષાવસ્થામાં ઉપાધિનો નાશ થાય છે એવો તમારો મત છે. એ તમારા મતમાં તો પ્રવેશ જરા પણ સંભવતો નથી, કારણ કે મોક્ષ પ્રાપ્ત થાય ત્યારે ઉપાધિનો નાશ થવાથી બ્રહ્મમાં કોણ પ્રવેશ કરે? તેથી તમારા મતમાં પ્રવેશ સંભવતો જ નથી, અને પ્રવેશનું નિરૂપણ કરનારી શ્રુતિનો વિરોધ થાય છે. એ શ્રુતિનો અર્થ કરતાં તમારે લક્ષણાનો આશ્રય લેવો પડે છે. એમાંનો એક પણ દોષ અમારા મતમાં નથી.

પૂર્વપક્ષી—શ્રુતિ પ્રવેશનું નિરૂપણ કરે છે એ ખરું, પરંતુ એ વાકયમાં યોગ્યતા નહિ હોવાથી એનો બોધ થઈ શકે નહિ. અર્થનો બાધ થાય એ અયોગ્યતા કહેવાય. બ્રહ્મ અપરિચ્છિન્ન છે તેથી એમાં પ્રવેશ સંભવે નહિ; પરંતુ અહીં જીવનો એમાં પ્રવેશ થાય છે એમ કહેલું છે તેથી એ વાકયના અર્થનો બાધ થાય છે, અર્થાત્ એ વાકયમાં અયોગ્યતા છે; તેથી એનો અર્થ જ સંભવતો નથી.

સિદ્ધાન્તી—અહીં નીચે પ્રમાણે વિચાર કરીએ. એ વાકયમાં દોષ છે એમ તમે કહ્યું. દોષ શબ્દમાં હોય, અથવા શ્રોતામાં હોય. અહીં શબ્દ વેદવાક્ય છે. વેદમાં દોષ નથી.

અત્ર શબ્દ અદુષ્ટ હોવાથી જ એ શ્રોતૃગત જ કહેવો જોઇએ; તેથી અપગતવિદ્યાવાળા બ્રહ્મવિદની જ અનુભૂતિના વિષય ઉપદેશથી જ સમધિગમ્ય બ્રહ્મનું નિરૂપણ કરનારી શ્રુતિ, અવિદ્યાથી અલ્પબુદ્ધિઓના ગ્રહણાસામર્થ્ય અયોગ્યતાજ્ઞાનથી અન્યથા કરી શકાય નહિ, કારણ કે ઉપદેશથી જ ગમ્ય મણિમન્ત્રાદિનું માહાત્મ્ય સાધારણ જનના અનુભવનો વિષય નથી તેથી એના ગુરુઓની ઉપાસના જેણે કરી હોય તેનો પણ વિષય નથી એમ નથી. વળી, પિત્તથી દુષ્ટ થયેલી રસનેંદ્રિયવાળા પ્રથમ જ સાકર ભક્ષણ કરનારનું 'સાકર મીઠી છે' એ વાક્યમાં અયોગ્યતાજ્ઞાન વાક્યાર્થને અન્યથા કરી શકે નહિ. વળી, એનો જ દોષ દૂર થાય ત્યારે (એમાં) યોગ્યતાજ્ઞાનનો સંભવ નથી એમ પણ નથી; તેથી જ 'આચાર્યવાન પુરુષ જાણે છે' (છાં. ૬-૧૪-૨) એ શ્રુતિ પણ છે; તેથી જે શ્રુતિમાં હોય તે જ માનવું; તેથી જ સૂત્રકારે પણ બ્રહ્મ જગતનું ઉપાદાન હોવાથી (થતી) કૃત્સ્નપ્રસક્તિ આદિ શંકા દૂર કરવા, 'શ્રુતિને લીધે, (બ્રહ્મ) શબ્દમૂલ હોવાથી' એમ જ કહ્યું.

વેદવાક્ય શ્રુતિમાં દોષ નથી, તેથી અહીં શ્રોતામાં જ દોષ હોવો જોઈએ. જેમની અવિદ્યા દૂર થઈ છે તેવા બ્રહ્મને જાણનાર ઋષિઓની અનુભૂતિના વિષય, અને જેનું માત્ર ઉપદેશથી જ જ્ઞાન થઈ શકે તેવા બ્રહ્મનું શ્રુતિ નિરૂપણ કરે છે. એવી શ્રુતિનું ગ્રહણ કરવાનું સામર્થ્ય અવિદ્યાથી લેપાયેલી અલ્પબુદ્ધિવાળા સામાન્ય પુરુષોમાં ન હોય તેથી એમને એમાં અયોગ્યતા ભાસે, પરંતુ તેથી જ શ્રુતિ અન્યથા થતી નથી. માત્ર ઉપદેશથી જ જેનું જ્ઞાન થાય તેવા મણિ મંત્ર વગેરેના માહાત્મ્યનું જ્ઞાન સાધારણ પુરુષોને થતું નથી, તેથી કાંઈ એ માહાત્મ્યનું જ્ઞાન આપનાર ગુરુઓની જેમણે ઉપાસના કરી હોય તેમને પણ એ જ્ઞાન નથી એમ કહેવાય નહિ. જેની રસનેંદ્રિય અથવા જિહ્વા પિત્તથી દુષ્ટ થઈ હોય તે પુરુષ સાકર ખાય તો એને તીખી લાગે છે, તેથી એવી પિત્તથી દુષ્ટ થયેલી રસનેંદ્રિયવાળો પુરુષ પ્રથમ જ સાકર ખાય અને એને એ તીખી લાગે તેથી 'સાકર મીઠી છે' એ વાક્ય અન્ય કોઈ ઉચ્ચારે તો એમાં એને અયોગ્યતા લાગે, પરંતુ એના અયોગ્યતાના જ્ઞાનથી એ વાક્યનો અર્થ અન્યથા થતો નથી. વળી, એ જ પુરુષને પિત્ત મટી જાય ત્યારે પણ સાકર ખાવાથી એ વાક્યમાં યોગ્યતાનું જ્ઞાન ન થાય એવું નથી, પરંતુ પિત્ત મટી ગયા પછી સાકર ખાવાથી એ વાક્યમાં યોગ્યતાનું જ્ઞાન થાય છે. એ જ પ્રમાણે સાધારણ પુરુષોની અવિદ્યા દૂર થાય ત્યારે બ્રહ્મમાં જીવનો પ્રવેશ થાય છે એવો બોધ કરનારી શ્રુતિમાં એમને યોગ્યતાનું જ્ઞાન થશે. ત્યાર પહેલાં એ શ્રુતિમાં એમને અયોગ્યતા લાગે તોપણ તેથી શ્રુતિ અન્યથા થતી નથી; તેથી જ શ્રુતિ પણ 'આચાર્યવાન પુરુષ જાણે છે' એમ કહે છે; તેથી જેવા પ્રકારના બ્રહ્મનું શ્રુતિ વર્ણન કરે છે તેવા જ પ્રકારનું બ્રહ્મ છે એમ માનવું.

તેથી જ 'બ્રહ્મ જ જો જગતનું ઉપાદાનકારણ હોય તો કૃત્સ્ન અર્થાત્ સર્વ બ્રહ્મ માત્ર એક જ કાર્ય થઈ શકે. અંશના ભેદથી બ્રહ્મ જગત થઈ શકે નહિ, કારણ કે એ અવયવરહિત છે' એ શંકાઓ દૂર કરવા, **'શ્રુતેસ્તુ શબ્દમૂલત્વાત્'** (બ્ર. સૂ. ૨-૧-૨૭) સૂત્ર સૂત્રકાર યોજે છે. બ્રહ્મ જગતનું કારણ છે અને અવયવરહિત છે એમ શ્રુતિ જ કહે છે. ઉભય બ્રહ્મના ધર્મનું શ્રુતિ જ પ્રતિપાદન કરે છે, તેથી એમાં કાંઈ શંકા કરવા જેવું નથી, કારણ કે બ્રહ્મનું

પૂર્વપક્ષઃ જીવ વ્યાપક છે.

પૂ૦—પ્રવેશ કહેવાથી જીવના વ્યાપકત્વની હાનિ થશે.

સિ૦—હંત, એમ શશનો પણ નિજશૃંગના ભંગની ભીતિથી તનૂદર કન્દરામાં પ્રવેશ થશે નહિ, કારણ કે જીવ અણુ જ છે.–'એમ કયાંથી ? –શ્રુતિથી જ, કારણ કે 'આરાના અગ્ર જેટલો જ અપર પણ દૃષ્ટ છે'(શ્વે ૫–૭) 'શત કટકા કરેલા બાલાગ્રના શતભાગનો ભાગ જીવ જાણવો. એ આનન્ત્ય માટે કલ્પેલો છે' (શ્વે. ૫–૮) 'આ આત્માને મનથી અણુ જાણવો, એમાં પ્રાણે પંચધા પ્રવેશ કર્યો' ઈત્યાદિ શ્રુતિઓથી (એવો નિર્ણય થાય છે.)

પૂ૦—આમ પણ હોય. શ્રુતિ સ્મૃતિ અને પુરાણના વિરોધને લીધે જીવને અણુ કહેવો યોગ્ય નથી, કારણ કે 'આ તે મહાન અજ આત્મા, જે પ્રાણોમાં વિજ્ઞાનમય, આકાશ પેઠે સર્વગત અને નિત્ય છે' (બૃ. ૪-૪-૨૨) 'નિત્ય સર્વગત સ્થાણુ' (ભ. ગી. ૨–૨૪) ઇત્યાદિ સ્થલે (એના) વ્યાપકત્વનું શ્રવણ થાય છે અને 'એ તું છે' ઈત્યાદિથી (એના) બ્રહ્મથી અભેદનું નિરૂપણ થાય છે. તત્ત્વતઃ અણુનો

જ્ઞાન માત્ર શ્રુતિથી જ થાય છે. એ પ્રમાણે આ સૂત્રનો અર્થ છે. તેથી જે પ્રકારના બ્રહ્મનું શ્રુતિ પ્રતિપાદન કરે તેવા જ પ્રકારનું બ્રહ્મ છે એમ માનવું જોઈએ.

પૂર્વપક્ષી—જીવ બ્રહ્મમાં પ્રવેશ કરે છે એમ કહીએ તો જીવ પણ વિભુ અથવા વ્યાપક હોઈ શકે નહિ, કારણ કે સર્વવ્યાપક અર્થાત્ સર્વત્ર વિદ્યમાન પદાર્થ કોઈ પણ પદાર્થમાં પ્રવેશ કરી શકે નહિ; તેથી જીવ બ્રહ્મમાં પ્રવેશ કરે છે એમ સ્વીકારવાથી જીવના વ્યાપકપણાની પણ ક્ષતિ થાય છે.

સિદ્ધાન્તી—ખરે, એ જ પ્રમાણે સસલું પોતાના શૃંગનો ભંગ થવાની ભીતિથી સાંકડા મોઢાની ગુફામાં પ્રવેશ નહિ કરે ! જેમ જીવના વ્યાપકપણાની ક્ષતિની ભીતિથી બ્રહ્મમાં જીવનો પ્રવેશ સંભવતો નથી, તેમ જ સસલાના શૃંગનો ભંગ થવાની ભીતિથી સાંકડા મોઢાની ગુફામાં એનો પ્રવેશ સંભવતો નથી.

વસ્તુતઃ સસલાને શૃંગ જ નથી, તેથી એને શૃંગનો ભંગ થવાની ભીતિ નથી, અને એ સાંકડા મોઢાની ગુફામાં પ્રવેશ કરે છે. એ જ પ્રમાણે જીવ પણ વિભુ અથવા સર્વવ્યાપક નથી, પરંતુ અણુ જ છે, તેથી એનો બ્રહ્મમાં પ્રવેશ સંભવે છે.

પૂર્વપક્ષી—જીવ અણુ છે એમ કેમ જાણ્યું ?

સિદ્ધાન્તી—શ્રુતિથી જ. 'આરાના અગ્ર જેટલો જ અપર પણ દૃષ્ટ છે' 'શત કટકા કરેલા બાલાગ્રના શતભાગનો ભાગ જીવ જાણવો. એ આનન્ત્ય માટે કલ્પેલો છે' 'આ આત્માને અણુ જાણવો' વગેરે શ્રુતિઓ જીવ અણુ છે એમ કહે છે.

પૂર્વપક્ષી—જીવનું વ્યાપકપણું નીચે પ્રમાણે સિદ્ધ થાય છે. જીવને અણુ કહી શકાય નહિ, કારણ કે શ્રુતિ સ્મૃતિ અને પુરાણોમાં એને 'વિભુ' અથવા 'વ્યાપક' કહેલો છે. જીવને અણુ માનીએ તો એ સર્વનો વિરોધ થાય. 'આ તે મહાન અજ આત્મા, જે પ્રાણોમાં વિજ્ઞાનમય આકાશ પેઠે સર્વગત, અને નિત્ય છે' 'નિત્ય, સર્વગત, સ્થાણુ' વગેરે શ્રુતિ સ્મૃતિ જીવ વિભુ છે એમ કહે છે. 'એ તું છે' એ શ્રુતિ જીવ અને બ્રહ્મને અભેદ છે એમ કહે છે. બ્રહ્મ વ્યાપક હોવાથી જીવ વ્યાપક જ હોવો જોઈએ. જીવ અણુ હોય તો અણુ

વ્યાપકથી અભેદ સંભવે નહિ. વળી, જીવ અણુ હોય તો સર્વશરીરમાં ચૈતન્ય ઉપલબ્ધ થાય નહિ.–'જેમ એકદેશસ્થ ચંદનબિંદુના શૈત્યની ઉપલબ્ધિ સકલ શરીરના વ્યાપક તરીકે થાય છે, તેમ એકદેશસ્થ જીવના ચૈતન્યની પણ ઉપલબ્ધિ થાય'–એમ ન કહેવાય, કારણ કે દૃષ્ટાંતમાં એકદેશસ્થાયિત્વ પ્રત્યક્ષ નિશ્ચિત થયેલું છે અને દાર્ષ્ટાંતિકમાં સંદિગ્ધ છે, તેથી ઉભયમાં વૈષમ્ય છે. સર્વ શરીરમાં વ્યાપનાર ચૈતન્ય સ્વધર્મીથી અધિક દેશમાં રહે છે, કારણ કે એ વિસર્પિગુણ છે, શરીરના એક દેશમાં રહેનાર ચંદનથી ઉત્પન્ન થયેલા સર્વશરીરમાં વ્યાપનાર શૈત્યની પેઠે, એમ અનુમાનથી પણ અણુત્વ સાધી શકાય નહિ, કારણ કે હેતુ અસિદ્ધ છે અને સાધ્યસમ છે. જીવનું એકદેશવૃત્તિત્વ સિદ્ધ થાય ત્યારે ચૈતન્યનું વિસર્પિગુણત્વ સિદ્ધ થાય, અને આ સિદ્ધ થાય ત્યારે એ સિદ્ધ થાય, એમ અન્યોન્યાશ્રય પણ છે. ચંદનના સૂક્ષ્મ અવયવો સર્વદેહમાં પ્રસરવાથી પણ શૈત્યની ઉપલબ્ધિ સંભવે,

---

જીવનો વ્યાપક બ્રહ્મ સાથે અભેદ સંભવે નહિ; તેથી જીવ વિભુ જ હોવો જોઇએ.

વળી, જીવ અણુ હોય તો જીવના ગુણ ચૈતન્યની સર્વ શરીરમાં ઉપલબ્ધિ થાય નહિ. દ્રવ્ય હોય ત્યાં જ એનો ગુણ રહે. દ્રવ્ય ન હોય ત્યાં એનો ગુણ હોઈ શકે નહિ. જીવ વ્યાપક ન હોય, પરંતુ અણુ હોય તો સર્વ શરીરમાં જીવ છે એમ કહેવાય નહિ. જીવ સર્વ શરીરમાં નહિ હોવાથી એનો ગુણ ચૈતન્ય પણ સર્વ શરીરમાં હોઈ શકે નહિ; પરંતુ ચૈતન્યની સર્વ શરીરમાં ઉપલબ્ધિ થાય છે તેથી પણ જીવ અણુ હોઈ શકે નહિ, પરંતુ વિભુ જ હોવો જોઇએ.–'જેમ શરીરના એક ભાગમાં ચંદનનો લેપ કર્યો હોય તોપણ સર્વ શરીરમાં એના શૈત્યની ઉપલબ્ધિ થાય છે, તેમ જ જીવ અણુ હોવાથી શરીરના એક ભાગમાં જ રહે છે તોપણ એના ચૈતન્ય ગુણની સર્વ શરીરમાં ઉપલબ્ધિ થાય છે'–એમ પણ કહેવાય નહિ, કારણ કે ચંદનના દૃષ્ટાંતમાં ચંદન શરીરના એક દેશમાં છે એ આપણે પ્રત્યક્ષથી નિશ્ચય કરીએ છીએ, પરંતુ જીવ શરીરના એક જ દેશમાં છે એવો નિશ્ચય થતો નથી. જીવને કોઈ તમારી પેઠે 'અણુ' કહે છે, કોઈ અમારી પેઠે 'વિભુ' કહે છે તેથી જીવ શરીરના એક ભાગમાં જ છે એવો નિશ્ચય થતો નથી, પરંતુ એમાં અતિશય સંદેહ રહે છે; તેથી ચંદનનું દૃષ્ટાંત વિષમતાને લીધે અહીં લાગુ પડતું નથી. જીવ અણુ છે એમ નીચે પ્રમાણે અનુમાન કરવાથી પણ સિદ્ધ થતું નથી:—'સર્વ શરીરમાં વ્યાપી રહેલું ચૈતન્ય પોતાના ધર્મીથી અધિક દેશમાં રહેનાર છે, કારણ કે એ વિસર્પી અર્થાત્ પ્રસરે તેવો ગુણ છે. જે જે વિસર્પિગુણ છે તે પોતાના ધર્મીથી અધિક દેશમાં રહેનાર છે, શરીરના એક ભાગમાં રહેલા ચંદનથી ઉત્પન્ન થતા સર્વ શરીરમાં વ્યાપી રહેલા શૈત્યની પેઠે, વગેરે; કારણ કે હેતુ સિદ્ધ થતો નથી. ચૈતન્ય વિસર્પી અર્થાત્ પ્રસરે તેવો ગુણ છે એમ સિદ્ધ થતું નથી. વળી, હેતુ સાધ્યની સમાન જ છે, અર્થાત્ વિસર્પી એટલે જ અધિક દેશમાં રહેનાર. સાધ્યને જ હેતુ કહેલો છે. સાધ્યમાં અને હેતુમાં કાંઈ પણ ભેદ નથી. વળી, જીવ શરીરના એક ભાગમાં રહે છે એમ સિદ્ધ થાય ત્યારે ચૈતન્ય વિસર્પિગુણ છે એમ સિદ્ધ થાય છે, અને ચૈતન્ય વિસર્પિગુણ છે એમ સિદ્ધ થાય ત્યારે જીવ શરીરના એક ભાગમાં રહે છે એમ સિદ્ધ થાય છે, તેથી એ એનો અન્યોન્યાશ્રય થાય છે. વળી, ચંદનનું દૃષ્ટાંત પણ સિદ્ધ થતું નથી, કારણ કે ચંદનનો શરીરના એક ભાગમાં જ

તેથી દૃષ્ટાંન્ત પણ અસિદ્ધ છે. આથી જ ચંપકગંધની પણ પ્રત્યુક્તિ થઇ, કારણ કે અતિ પ્રસંગને લીધે ગુણી વિના ગુણમાં ક્રિયા સંભવતી નથી. ચંપકદેશથી અધિકદેશમાં ગન્ધગ્રહ વાયુથી ઉપનીત એના અવયવોના પણ એ સ્થલે સત્ત્વથી થાય છે.-- 'એમ એનો નાશ થવો જોઇએ'–એમ પણ નહિ, કારણ કે ભોગ્યાદૃષ્ટથી એના અવયવો પુરાય એમ પણ સંભવે છે, કારણ કે અન્યથાનુપપત્તિ બલિષ્ઠ છે. દૃષ્ટનો અસંભવ હોય ત્યાં અદૃષ્ટની કલ્પના ન્યાય્ય છે. મણિપ્રભાની પેઠે પણ એની ઉપપત્તિ થાય નહિ, કારણ કે પ્રભા મણિજનિત વિરલ સજાતીય દ્રવ્યાન્તર છે. આથી જ પ્રદીપ સૂર્ય આદિની પ્રત્યુક્તિ થઇ. શ્રુતિમાં

લેપ કર્યો હોય તોપણ એના સૂક્ષ્મ અવયવો સર્વ શરીરમાં પ્રસરે છે, અને તેથી જ સર્વ શરીરમાં શૈત્યની ઉપલબ્ધિ થાય છે એમ સંભવે છે, પરંતુ જીવને અણુ માનો છો તેથી એને અવયવ જ હોઈ શકે નહિ. વળી, જીવના અવયવ સર્વ શરીરમાં પ્રસરવાથી સર્વ શરીરમાં ચૈતન્યની ઉપલબ્ધિ થાય છે એમ કહી શકાય નહિ. આ પ્રમાણે ચંદનના દૃષ્ટાંતનો નિરાસ થવાથી ચંપકગંધના દૃષ્ટાંતનો પણ નિરાસ થાય છે, કારણ કે ચંપકથી એની ગંધ અધિક દેશમાં રહે છે એમ કહી શકાય નહિ. ચંપકમાંથી સૂક્ષ્મ અવયવો દૂર દેશમાં વાયુથી પ્રસરે છે અને તેથી જ ચંપકની ગંધ દૂર આવે છે, પરંતુ ત્યાં ચંપકના અવયવ છે તેથી જ ગંધ છે; તેથી ગંધ પણ ચંપકથી અધિક દેશમાં રહે છે એમ કહી શકાય નહિ. ગુણી અર્થાત્ દ્રવ્ય વિના કેવલ એના ગુણમાં ક્રિયા સંભવતી નથી. ચંપકનો ત્યાગ કરી કેવલ ગંધ દૂર જાય છે એમ સ્વીકારીએ, તો જ્યાં ચંપક અથવા પૃથ્વી ન હોય ત્યાં પણ ગંધ આવે છે એમ સિદ્ધ થાય અને 'ગંધવાળી પૃથ્વી' એ પૃથ્વીના લક્ષણનો નિરાસ થાય, તેથી દૂર દેશમાં ચંપકની ગંધ આવે છે એનું કારણ ચંપકના અવયવો વાયુથી ત્યાં આવેલા છે એ જ છે. ચંપકના અવયવ હોવાથી જ ગંધની ઉપલબ્ધિ થાય છે. 'ચંપકના અવયવ આ પ્રમાણે વાયુથી દૂર જતા હોય તો સર્વ અવયવ જવાથી ચંપકનો નાશ થવો જોઈએ' એમ પણ કહેવાય નહિ, કારણ કે જેમ અવયવ વાયુથી દૂર જાય છે તેમ જ અદૃષ્ટ ચંપકમાં અવયવ પૂરે છે. અદૃષ્ટ ચંપકના અવયવ પૂરે છે એમ પણ સંભવે છે, કારણ કે અદૃષ્ટથી અવયવ પુરાતા ન હોય તો ચંપકનો નાશ થવો જોઇએ; પરંતુ ચંપકનો નાશ થતો નથી, તેથી ચંપકની સ્થિતિની અન્યથાનુપપત્તિ બલવતી હોવાથી અદૃષ્ટ એના અવયવો પૂરે છે, એમ કલ્પના કરવી જોઇએ. દૃષ્ટથી ચંપકની સ્થિતિ સંભવતી નથી, તેથી દૃષ્ટાર્થનો અસંભવ થાય ત્યારે અદૃષ્ટની કલ્પના કરીએ એ ઉચિત જ છે.

વળી, મણિ જ્યાં હોય ત્યાંથી અધિક દેશમાં એની પ્રભાની ઉપલબ્ધિ થાય છે તેથી દ્રવ્યથી અધિક દેશમાં એનો ગુણ રહે છે એમ કહેવાય નહિ, કારણ કે પ્રભા કાંઈ ગુણ નથી, પરંતુ મણિથી જ ઉત્પન્ન થતું એના જેવું અન્ય વિરલ દ્રવ્ય છે. મણિ વિરલ નથી, પરંતુ પ્રભા વિરલ છે, એ જ એમાં ભેદ છે. અન્ય રીતે પ્રભા મણિના જેવું જ અન્ય દ્રવ્ય છે. એ જ પ્રમાણે દીપ અને એના પ્રકાશનું, સૂર્ય અને એના પ્રકાશનું સમજવું. દીપ અને સૂર્યના પ્રકાશ દ્રવ્ય છે, પરંતુ ગુણ નથી, તેથી એઓના દૃષ્ટાંતથી દ્રવ્યથી અધિક દેશમાં એનો ગુણ રહે છે એમ કહી શકાય નહિ. ચૈતન્ય જીવનો ગુણ છે ને એ સર્વ શરીરમાં ઉપલબ્ધ

અણુત્વનું નિરૂપણ દુર્જ્ઞેયત્વના અભિપ્રાયથી છે, તેથી જીવ અણુ નથી.

સિદ્ધાંત : જીવ અણુ છે.

સિ૦—અત્ર કહે છે:

तत्त्वसूत्रानुसारेण वेदार्थस्य निरूपणे ।
जीवोऽणुरेव संसिध्यत्यन्यथा त्वन्यथैव हि ॥

તત્ત્વસૂત્રને અનુસરી વેદાર્થનું નિરૂપણ કરવામાં આવે તો જીવ અણુ જ સિદ્ધ થાય છે, અન્યથા તો અન્યથા જ (થાય).

જો 'આ એ મહાન આત્મા' ઇત્યાદિથી જીવનું નિરૂપણ થતું હોય તો આ એમ થાય; પણ એ જ સંભવતું નથી, કારણ કે એ બ્રહ્મપ્રકરણમાં પઠિત છે, કેમકે બાદરાયણ પણ 'વ્યાપક શ્રુતિને લીધે અણુ નહિ એમ નહિ, ઇતરના અધિકારને લીધે' (બ્ર. સૂ. ૨-૩-૨૧) એમ કહે છે. એમ સકલ શરીરમાં રહેલા ચૈતન્યની પણ અનુપપત્તિ નહિ થાય, કારણ કે ચંપકગંધની પેઠે જ એની ઉપપત્તિ થશે.

થાય છે તેથી જીવ પણ સર્વ શરીરમાં રહેલો હોવો જોઈએ, તેથી એ અણુ સંભવતો નથી. મધ્યમ પરિમાણવાળો જીવ છે એમ પણ કહેવાય નહિ, કારણ કે શરીર વગેરે મધ્યમ પરિમાણવાળા પદાર્થનો નાશ થાય છે, પરંતુ જીવ નિત્ય હોવાથી એનો નાશ સંભવે નહિ; તેથી જીવ વિભુ અથવા સર્વવ્યાપક જ છે. શ્રુતિમાં જીવને અણુ કહ્યો છે એ માત્ર જીવ દુર્જ્ઞેય છે અથવા એનું જ્ઞાન થવું અતિ કઠિન છે એવા અભિપ્રાયથી જ કહેલું છે; તેથી જીવ અણુ નથી, પરંતુ વિભુ છે.

સિદ્ધાન્તી—આવી શંકા થાય ત્યારે પ્રાચીનો કહે છે કે તત્ત્વસૂત્રને અનુસરી વેદના અર્થનું નિરૂપણ કરવામાં આવે તો જીવ અણુ જ સિદ્ધ થાય છે, અન્યથા તત્ત્વસૂત્રને અનુસર્યા વિના પોતાની ઇચ્છા પ્રમાણે વેદના અર્થ કરો તો જીવ સિદ્ધ ન થાય, અને વિભુ પણ સિદ્ધ થાય.

'આ એ મહાન આત્મા' વગેરે શ્રુતિઓ જીવને વ્યાપક કહે છે એમ તમે કહ્યું. એ શ્રુતિઓ જો જીવનું નિરૂપણ કરતી હોત તો તમે કહ્યું તેમ જીવને વ્યાપક કહેત, પરંતુ એ શ્રુતિઓ જીવનું નિરૂપણ કરતી નથી. એ શ્રુતિઓ બ્રહ્મપ્રકરણમાં આવેલી છે તેથી એ જીવનું નિરૂપણ કરે છે એમ કહેવાય નહિ. વસ્તુતઃ એ બ્રહ્મનું જ નિરૂપણ કરે છે. **'नाणुरतच्छ्रुतेरिति चेन्नेतराधिकारात्'** સૂત્રથી ભગવાન બાદરાયણ પણ એ જ ઉપદેશ કરે છે. જીવ અણુ નથી, કારણ કે એ વ્યાપક છે એમ કહેતા હો તો એ સત્ય નથી, કારણ કે એ શ્રુતિ બ્રહ્મનું નિરૂપણ કરે છે, એવો આ સૂત્રનો અર્થ છે.

'જીવ અણુ હોય તો સકલ શરીરમાં એના ચૈતન્ય ગુણની ઉપલબ્ધિ થાય છે એ સંભવે નહિ' એમ પણ કહી શકાય નહિ, કારણ કે જેમ ચંપકની ગંધની ચંપકથી દૂર દેશમાં ઉપલબ્ધિ થાય છે તે જ પ્રમાણે જીવ અણુ હોવાથી શરીરના એક ભાગમાં જ રહે તોપણ એના ચૈતન્ય ગુણની સકલ શરીરમાં ઉપલબ્ધિ થાય એ સંભવે છે. 'ગુણીના વિના ગુણ રહી શકે નહિ તેથી જીવ ન હોય ત્યાં ચૈતન્ય સંભવે નહિ' એમ પણ કહી શકાય નહિ, કારણ કે ઘટરૂપમાં ઘટનો સમવાયસંબંધ છે એમ નૈયાયિકો માને છે. ઘટરૂપ સંબંધી નથી, તોપણ એમાં સમવાયસંબંધ છે એમ એઓ માને છે; તેથી જેમ સંબંધી વિના એમ-